હોરી, ચોરી, દાન લીલાઓનો તો એજ અધિકારી છે. જેના અન્ત:કરણમાં ગોપીભાવનો આવિર્ભાવ થઈ ગયો છે. ગોવર્ધનવાસી પુણ્ય આત્મા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ શ્રી ઘાસીરામજીએ કહ્યું છે, ‘‘या रसु कूं बे रसिकहिं जाने, याकूं क्रूर कहा पहिचाने’’ રસનું સ્થાપન (ઠરવું) તો એજ પાત્રમાં ટકી સકે જે ભગવદ્ વિરહ તાપથી તપેલો હોય.

શ્રી શુકદેવજી દ્વારા જ્યારે આ લીલાઓનું વર્ણન રાજા પરીક્ષીતને નથી સંભળાવવામાં આવ્યું ત્યારે ‘‘ધર્મ સંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે’’ની અનુસાર શ્રી આચાર્ય ચરણ અને ગુસાંઈજી શ્રી વિઠ્ઠલનાથજીની દ્વારા આપના શ્રીમુખથી વર્ણન કરાવી રસિકજન સુધી પહોંચાડવામાં આવ્યું.

राग - गौरी : (धमार - मुकुट के पद)

रसभरी श्याम मचाई रास मंडल में होरी ।
गोपी बहुत एक मोहन पें जहां तहां लखिये जोरी ।।१।।
एकपकरदृग कों आंजत है एकन मुख लपटावत रोरी ।
एक करतें पिचकाई लेत हें एकनकी कंचुकी टकटोरी ।।२।।
केसर रंग गुलाल भरेपट करत हें झकझोरा झकझोरी ।
कृष्णजीवन लछीराम हरि नांचत नवलकिशोर अरुनवल किशोरी ।।३।।

રસ શાસ્ત્રમાં શ્રૃંગાર રસને રસો નો રાજા માનવામાં આવે છે. હિન્દી સાહિત્યમાં શ્રૃંગાર રસના નવ અંગ કહ્યા છે.

દોહા : नवहिं अंग श्रृङ्गार के होरी चोरी दान । छलहि करन, वन, रति गमन, विरह, मिलन अस मान ।।

એટલા માટે ગોસ્વામી શ્રી વિઠ્ઠલનાથજી મહારાજ દ્વારા સ્થાપિત અષ્ટછાપના પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ ભક્ત કવિઓએ નવ પ્રકારની રસાત્મક લીલાઓનું જ વર્ણન મુખ્યરીતે કહ્યું છે.



## ॥ વસંતોત્સવના ૪૦ દિવસની વ્યાખ્યા ॥

ચાલીસ દિવસની સેવામાં વસંત દસ દિવસ - દસ દિવસ ધમાર - દસ દિવસ ફાગ - દસ દિવસ હોરી.

**॥ વસંત ખેલ – શ્રીગોવર્ધન પર્વત ॥** આ વસંત ખેલ શ્રીગોવર્ધન પર્વતના સ્વરૂપમાંથી પ્રગટ થયો છે. કારણ કે સંપ્રદાયના આચાર્યોએ શ્રીકૃષ્ણના સ્વરૂપમાં ખટ્ઋતુ માની છે. ભગવાન કૃષ્ણ એ પોતાના સ્વરૂપ ગોવર્ધન ગિરિરાજમાં પધરાવ્યું હતુ એટલા માટે તે ખટ્ઋતુ ગિરિરાજજીના સ્વરૂપમાં નિત્ય નિવાસ કરે છે. અહીં વસંતઋતુ 'ચરણપહાડી'થી લઈને 'દંડવતી શીલા' સુધી છે. जहां गोवर्धन पर्वत मणिमय सधन कंदरासार । गोपिनमंडल मध्य बिराज निसदिन कर बिहार ।।४।। (सारावली) આ લીલાનું જન્મ સ્થાન છે, અત: આ લીલા અલૌકિક છે.

**॥ ધમાર – ખેલાડી ॥** ધમારના સારા ખેલાડી (ગાનકરનારા)ને સમસ્ત મંડલી લેવા માટે જાય અને ઘરમાં ઘુસિને જે રૂપમાં (જે હાલતમાં) હોય - ખાતો હોય, ન્હાતો હોય, ઉભો હોય, સૂતો હોય અથવા સંતાઈને ક્યાંય પણ બેઠો હોય, અગર પુરૂષ હોય કે સ્ત્રી (લલના), તેમને તે લલના અને ગ્વાલ પકડીને પોતાની કટોળીમાં લાવે અને પોતાની સાથે લઈ જાય. આ દશ દિવસ ચન્દ્રાવલીજી જે સમાનાધિકારિણીને ઝકઝોરી કરી શકે તથા પ્રાણ પ્રિયા-પ્રાણ પ્યારેથી પોતાને (બધાને) રસમત્ત બનાવે. ફાગણ સુદ-૧થી ધમારનો આરંભ થાય. ફાગણ સુદ-૧૦ સુધીના દશ દિવસ વ્રજ ભક્ત કન્હૈયાને પકડવાનો પ્રયત્ન કરે.

"પકરિ પાનિ ગહિ માર પોરિયા જસુમતિ પકરિ નચાઈ ।
હરિ ભાગે હલધરહૂ ભાગે નન્દનન્દન હૂ હેરે । તબ હી મોહન નિકસી દ્વાર હૈ સખા નામ લૈ ટેરે ।
દ્વાર પુકાર સુનત નહી કોઉ તબ હરિ ચઢે અટારી । આઓ રે આઓ સંગી સબ ઘર ઘેર્યો બ્રજનારી ।
સુનત ટેર સંગી સબ દૌરે જબ અપને અપને ધામ । અર્જુન તોક કૃષ્ણ મધુમંગલ સુબલ સુબાહુ શ્રીદામ ।
ગ્વાલન દૌરી પૌરી જબ રોકી આન ન પાયે નેરે । ચન્દ્રાવલી લલિતાદિ આદિ દૈ શ્યામ મનોહર ઘેરે ।
કિત જૈહો બસ પરે હમારે ભજિ ન સકો નન્દ લાલા । ફગુવા મેં મુરલી લૈહૈં પીતામ્બર વનમાલા ।
કેશર ડારી સીસતે મુખ રોરી માઁડત રાધે । વિષ્ણુદાસ ભુજ ગહિ ગાઢે મન વાંછિત ફલ સાધે ।

**॥ ફાગ ॥** 'ફાગ'માં નાચતા-ગાતા-બજાવતા પોત પોતાની ટોલીની સાથે ગલી ગલી મહોલ્લામાં જાય. કોઈ ઉભા હોય કે રસ્તે મળે તેની સાથે લઈને ગુલાલ-અબીર ઉડાવતા-પિચકારી ચલાવતા ગાતા રસ વર્ષા કરતા ફાગનો ખેલ દિવસ ભર થાય. એનું વર્ણન ઘણી બધી રીતે ભગવદીયોએ વર્ણન કર્યુ છે. ફક્ત એક જ પદ અહીં આપ્યું છે.

"છૈલ છબીલો ઢોટા રસ ભર્યો બાકી ચિતવન મોહ મરોર ।"
"ખેલન બહુ છન્જ ફન્દ કર લે જુ ગયો ચિત્તચોર ।"
"શ્રી વિઠ્ઠલ ગિરિધરન ગયે મેરે હિયરે ચટક લગાય ।"

આ પ્રકારે પ્રાણનાથ શ્રીકૃષ્ણ રસ ભર્યા થઈને 'ફાગ' ખેલતા વ્રજભક્તોને સનાથ કરતા પધાર્યા. ગોકુલની ગલીઓમાં, બરસાનાની ગલીઓમાં ધૂમધામ મસ્તીથી ગાતા-બજાવતા-નાચતા પધાર્યા.

**॥ હોરી ॥** હોરીમાં બે દલ (પક્ષ ટોળી) બને અને ગામની બહાર ચોકમાં ખેલ થાય. તેમાં એક દલ બીજા દલના ખેલૈયાને પોતાના દલમાં લઈ જાય - મુરલી ઝુંટવીને સાડી પહેરાવી સખી બનાવે અને પોતાની ટોળી (દલ)માંથી બહાર ના જવા દે. જ્યારે હા... હા... ખાય ત્યારે છોડે.

(૧) અરી ચલ નવલ કિસોકી ગોરી હોરી ખેલન જાય નન્દ ।
(૨) યા ગોકુલ કે ચૌહરે રંગ રાચી ગ્વાલ ।

ગહવર વન, બંસીવટ, યમુનાતીર, વૃન્દાવન, સખી કુંજનના બરસાના, નન્દગામ, સાંકરીખોર, વ્રજ ગોવર્ધન, ગોકુલ, પનઘટ વગેરે સ્થળોનું વર્ણન જોવા મળે છે.

# ||વસંત ખેલમાં વ્રજભક્તોનું ભાવ દર્શન||

ચાલીસ દિવસની સેવામાં વસંત દસ દિવસ - દસ દિવસ ધમાર - દસ દિવસ ફાગ - દસ દિવસ હોરી.
આ દિવસોમાં પ્રિયા-પ્રીતમને બેસાડીને શાન્ત ભાવથી સૂક્ષ્મ ખેલ કરાવીને પ્રકૃતિ સૌંદર્યના દર્શન કરવા. જેવી રીતે પદમાં ગાયુ છે -

રાગ - વસંત :

તેરી નવલ તરુણતા નવ વસંત | નવ નવ વિલાશ ઉપજત અનંત || (ધ્રુ૦)
નવઅરુણ અધર પલ્લવ રસાલ | ફૂલે વિમલ કમલ લોચન વિશાલ ||
ચલિ ભૃકુટી ભૃંગ ભૃંગનકી પાંતિ | મૃદુ હસન દસન કુસમન કી ભાંતિ ||૧||
ભઈ પ્રગટ અલ્પ રોમાવલિ મોર | સ્વાસ સૌરભ મલય પવન ઝકોર ||
ચલ ફલઉરોજ સુંદર સુઠાન | બોલે મધુરમધુર કોકિલા ગાન ||૨||
દુરિ દેખત વ્રજ કુંવરરાય | બાઢ્યો મનમથ મન ચોગનોં ચાય ||
તોહિ મિલિ વિલસ્યો ચાહત હૈં શ્યામ | જાહિ દેખત લજ્જિત કોટિકામ ||૩||
તબ ચલી ચરન મંથન વિહાર | બાજે રુનન ઝુનન નૂપુર ઝંકાર ||
સુનિ પુલકિત ગોકુલ પતિ કુમાર | મિલિ ભયો ગદાધર સુખ અપાર ||૪||



આ પ્રકારે સૌન્દર્ય મૂર્તિ શ્યામ વ્રજશ્યામનું સુખદ વસંત સ્વરૂપનું વર્ણન ભક્ત ગાય ગાય રિઝાવે અને શ્રીયમુનાજીની ભાવથી જ સેવા થાય.



# वसंत पंचमी - प्रथम दिवस पीछवाई खेलावन की रीत

વસંતોત્સવ માનાએ જાઈવે કી પુષ્ટિમાર્ગમેં વિશેષ વિધિ હૈ. ધવલ (સફેદ) વસ્ત્ર કી પિછવાઈ લગાય કે શ્રી ઠાકુરજી કી ધવલ ચૌકી પૈ ધવલ વસ્ત્રાભૂસન પહિરાયે કેં વિરાજમાન કિયૌ જાવૈ. વસંત પંચમી કે દિન પિછવાઈ પ્રાયઃ ધવલ વસ્ત્ર કી આતી હૈ ઔર ઉસ પર લાલ ગુલાલ સે જો શ્રીનાથજી કે મંદિર (કી આકૃતિ) ચિત્રિત કિયા જાતા હૈ ઉસસે હૃદય મેં શ્રીનાથજી માનોં મંદિર મેં સાક્ષાત્ બિરાજ રહે હૈ એસી લીલા કા અનુભવ હોને લગતા હૈ ।

# ॥ વસંત ઉત્સવ ॥

जा घट विरह अवा अनल, परिपक भये शुभाय ।
ताही घट मध नाद हो, प्रेम अमी ठहराय ।।



ત્રિભૂવન નાયક શ્રીકૃષ્ણને વસંત ઉત્સવકા આનંદ જીસ ભાવ પૂર્ણ સૌરભ સે પ્રગટકીયા હૈ, વહ સભી તુલનાઓમેં અતુલ્યનીય હૈ । ઐસા નહીં હૈકી વ્રજ કે કૃષ્ણસે પહેલે ત્રિભૂવન મેં કભી વસંત ન આઈ હો । દેવ લોક કી સંપૂર્ણ સરસતા વસન્ત પર હી ટીકી હુઈ હૈ । ઈસી લીયે જગહ જગહ સુંદરતા દેવલોકકી અપ્સરાઓં પર ખરી ઉતરતી હૈ । (તેમને જોવાથી સમજવામાં આવે) પરંતુ વ્રજમેં શ્રીકૃષ્ણને કૈસા લાલિત્ય પ્રગટકીયા કી રમાવૈકુંઠ ઔર સૂર લોક વાસી સભી વ્રજકી લીલાઓમેં મગ્ન હો ગયે । સંપૂર્ણ વ્રજ ચોર્યાસી કોષ કા શૃંગાર શ્રીકૃષ્ણકે દ્વારા અથવા વૃજ ગોપીઓંકે દ્વારા વસંત મેંહી કીયા ગયા હૈ । ક્યોંકી વ્રજ મેં કૃષ્ણ ઔર ગોપીઓકી લીલાઓમેં ઉદ્દીપન ભાવ અધિક હૈ, ઓર વહ વસંતમેંહી પ્રગટ હોતા હૈ ।

શ્રીમદ્‌ભાગવત મેં ઔર લીલા ઓંકી તરહ વસંતકી લીલા યા હોરી ખેલ અન્ય લીલાઓંકી તરહ સ્પષ્ટ નહીં હૈ । ઈસ પર વિવિધ મતાંતર હૈ । સાંપ્રદાયક પુષ્ટિમાર્ગીય વિચાર શૈલી કે અનુસાર શ્રી શુકદેવજીને જો લીલા શ્રીમુખસે વર્ણન કી હૈ, વહ લીલા સ્થલ મેં આત્મ પ્રવેશ **કરકે** (સમાધીવત) ઔર રાજા પરીક્ષીત કો લીલા મેં સાથ લે જાકર, લીલા સુનાઈ હૈ, ઔર લીલા દીખાઈ હૈ । (કુછ હી લીલાએં)

યહ સબ જો પરીક્ષીતને સુના હૈ ઔર દેખા હૈ, ઉસમેં શ્રીહરીકા મૂલ સ્વરૂપ શ્રીસુદર્શનજી કે દ્વારામાં કે ગર્ભ મેં સુરક્ષાકી ભાવના સે હી જો (સુદર્શનજી કા) અંગ સંગ ગર્ભ મેં મીલાથા ઉસી પુષ્ટિ પુરૂષોત્તમકી કુછ પુષ્ટિ કૃપાસે આત્મભાવ સહિત, સુનતે સુનતે વ્રજ કી લીલાએ દેખને કો મીલી । લેકીન હોરી, દાન, માન કી લીલાએં રાજા પરીક્ષીત કો ન સુનને કો મીલી, ન દેખનો કો મીલી । ઈસ કે કુછ કારણ હૈ, જૈસે કી રાજા પરીક્ષીત કે પિતા અભીમન્યુ કો ગર્ભ મેં ચક્રવ્યુહ તોડને કી શીક્ષા કુછ મીલી, કુછ નહીં મિલી, ઈસી તરહસે સંવતકમણી કી ખોજ કે સમય પર જાંબુવંત કે ગુફામેં પ્રવેશ કરને પર જો યાદવ દ્વારકા લીલામેં સર્વદૈ સંગ રહતે થે વે હી યાદવ જાંબવંત કી ગુફામેં પ્રવેશ નહીં પા સકે । ઔર પુરા વૃતાંત દેખને ઔર સુનને કે અધિકાર સે વંચીત રહે ગયે ।

જીસ સમય વ્રજ મેં શ્રીઠાકુરજીને બ્રહ્મા કે દ્વાર બત્સ (વછરા) હરણ લીલા કરી, ઉસ લીલા કોભી શ્રીકૃષ્ણકે

અનન્ય વ્રજવાસી, ઉસી લીલા કો સુનને સે વંચીત રહ ગયે | કેવલ અધાસૂર કે વધ કી હી બાત સુની | (अद्यानेन महाव्यलोहतो)

યદી ઉપરોક્ત તીનો બાતે સમઝ મેં આતી હૈ, તો યે ભી સમઝમેં આજાના ચાહી યે કી હોલી કી લીલા નિકુંજ કી લીલા હૈ | સુકદેવજીને લીલા દેખ દેખ કર સુનાઈ હૈ | સુકદેવજી તો કીસીભી પ્રકારસે નિકુંજ મેં પ્રવેશ કર ગયે, ઔર રાજા પરીક્ષીત પીછે રહ ગયે | ઈસી લીયે હોરી-દાન-માન કી લીલાએ પરીક્ષીત કે શ્રવણ ધર્મ કે હાથ નહીં લગી, ઔર શ્રી ભાગવત્‌મેં ઈસ પ્રકારે બહોંતસી લીલા પ્રસંગોકા ખુલાસા નહીં હુઆ | યહ સબ અબ જો પ્રગટ મીલતા હૈ વહ સબ શ્રીસ્વામિનીજી કી કૃપા સે પુષ્ટિમાર્ગ કી દેન હૈ | વે શ્રીસુકદેવજી જબ નિકુંજ સે બહાર નંદલાય મેં પ્રગટ હુએ તબ શ્રી સ્વામિનીજી કે માધ્યમ સે યહ લીલાએ પ્રગટ હુઈ | ઈસી લીયે પુષ્ટિમાર્ગ મેં ‘રાધાષ્ટમી’ કે દિન નિજમંદિર કે દ્વાર પર શ્રીસુકદેવજી (પોપટ કે રૂપ મેં) બિરાજમાન હોતે હૈ | નિકુંજ કી યહ ગુપ્તલીલાએં રાધા સહચરી અત્યાદિકોં કો સુનાઈ ગઈ હૈ | વહી લીલા પુરે વ્રજમેં ફેલી હૈ | રસો મેં નવ રસ પ્રમુખ હોતે હૈ | નવ રસો મેં શૃંગાર રસ મૂખ્ય હૈ | અલૌકિક શૃંગાર કા પ્રારંભ અપ્રાકૃત વસંત સે હૈ | ઈસી લીયે ભગવાનને વિભૂતીયોગ મેં ભગવાન ને કહા હૈ કી, ‘‘ઋતુનામ કુસુમાકર’’ (મેં વસંત કા સ્વરૂપ હું)

વસંત મેં ‘કામ’ કા જન્મ હોતા હૈ , વહ અલૌકિક કામ હૈ | ઉસ અલૌકિક કામ મેં રાસાદીક કી રચના હોતી હૈ | ઉસી રાસાદીક મેં કામ કો આમંત્રિત કરને સે શ્રીઠાકુરજી કે હૃદય સે અલૌકિક ભક્તિમાર્ગીય સૃષ્ટિ પ્રગટ હોતી હૈ | જીસ સે ભક્તિ માર્ગ સુરક્ષીત રહેતા હૈ | ઈસ વસંત કે પુષ્ટિમાર્ગ મેં ૪૦ દિન માને હૈ, ‘‘યહ ૪૦ દિન કી ભાવ-ભાવના તો યમુના પુલિન સ્થિત નિકુંજ સે આઈ હૈ | ઔર વહ ફલ નિકુંજ હૈ |’’ ઈસી લીયે શ્રી ભાગવત્ મેં રાસપંચાધ્યાયી કો ફલ પ્રકરણ મેં સ્થાન મીલા હૈ | શેષ ૪૦ દિનકી સેવા ક્રમ મેં ખેલ કે નિયમ, કુછ રીત, રાગ, સામગ્રી, ભોગ, શૃંગાર પધ્ધતી ઔર ક્રમ તથા ઉત્સવ યહ શ્રીગોવર્ધન પર્વત કી શિખર કી કંદરા મેં સે ઈનકા પ્રાગટ્ય હૈ | જીસ કંદરાકી મુખ્ય માલિક શ્રીરાધિકાજી હૈ, સાત ધજાઓં મેં ઈનકી સ્વેત વર્ણ ધ્વજા હૈ | ઓધ્ધવ કુંડ કે બાદ રાધા-કૃષ્ણ કુંડ, અષ્ટ સખીઓં કે આઠ કુંડ, આખિર મેં નારદ કુંડ તક ઉસકી સીમા હૈ | ઈસમેં એક સામ્પ્રદાયીક ગુપ્ત ઈતિહાસ હૈ | સો ઈસ પ્રકાર :

એક બાર શ્રીનારદજીને વ્રજ મેં કહીં શ્રીઠાકુરજી કે દર્શન કીયે, યહ પ્રસંગ શ્રીગોવર્ધન કે તરહટી કા હી હૈ | નારદજીને શ્રીઠાકુરજીસે વિનતી કી, ‘‘આપ કી રહસ્યમય પરમ ગોપ્ય લીલાઓંકા દર્શન કરા દીજીએ.’’ શ્રીઠાકુરજીને શ્રીનારદજી કો શ્રીસ્વામિનીજી કે પાસ ભેજ દીયા, ‘‘કી હમારી આજ્ઞા હૈ, ઈન કો ગોપ્ય લીલા સ્થલ કે દર્શન કરા દિજીએ શ્રીસ્વામિનીજીને અપની અંતરંગ સખી કો આજ્ઞા દી ઉસ અંતરંગ સખીને નારદજી કો કૃષ્ણ કુંડમેં સ્નાન કરનેકી અનુમતી દી | પશ્ચાત રાધાકુંડ મેં સ્નાન કરાકે વહીં સે કહીં ગુપ્ત માર્ગો સેં લે જાકર દિવ્ય ધામ મેં પહોંચાયા | ઔર થોડી દેર, ક્ષણીક વહાં જો કુછ હો રહા થા, ઉસકા નારદજીને રસાસ્વાદન કીયા | યથા સમય વહ ગોપી નારદજી કો બહાર લે આઈ | યહ સબ ઘટના કુછ હી ક્ષણોં મેં ઘટ ગઈ | નારદજીને શ્રીરાધિકાજી કી સખીસે કહા કી મેં અતૃપ્ત હું, મુઝે ઈસ લીલા કે દર્શન ઔર કરને હૈ | તબ ઉસ સખીને નારદજી કો સમઝાયા કી સાક્ષાત પ્રભુકી આજ્ઞાથી, ઈસી લીયે આપકો યહ લીલા દીખા દી, અન્યથા ઈસ લીલા મેં પ્રવેશ કા કીસીકા અધિકાર નહીં હૈ | મૂલ રૂપ સે શ્રીગિરીરાજજી મેં ષડ્ઋતુ કા યહ પ્રમુખ દ્વાર હૈ, જોકી વસંત સે આરંભ હોતી હૈ, ઉસી કા સ્થલ શ્રીરાધાકુન્ડ માના ગયા હૈ | યહીં પર રસકી અભીવૃદ્ધિ કે લીયે શ્રીસ્વામિનીજી માન આદિ કરતી હૈ, સ્વયં શ્રીઠાકુરજી યહાં પર ‘‘માનની-માન હરણં’’ હૈ | યહ વસંત કા હી પ્રભાવ હૈ |

યહ લીલા પ્રવેશકા દ્વારા હૈ, ઈસી લીયે કેવલ પુષ્ટિભક્તિમાર્ગીય આચાર્યોં કી લીલા પ્રવેશ કે લીયે યહાં ગોવર્ધન તરહટી મેં સમાધિ હૈ | અન્યોકી સમાધિયાં ચાહે કિતના ભી શિખર કોટીકા ભક્ત હો વહ યહાં વ્યવધાન હૈ | કુછ પ્રમુખ કારણ ઔર ઘટના ઐસી હૈ, કી શ્રીનાથજી કા પ્રાગટ્ય અષાઢ માસ મેં માના ગયા | ઔર પાટોત્સવ વસંત કે કારણ ફાલ્ગુન મેં માના ગયા | ઈસ મેં રસ વૃદ્ધિ હી મુખ્ય અભિપ્રાય હૈ |



# ॥ હોરીનો – પ્રારંભ અને આશય ॥

આ હોરીખેલની પૂર્વ પિઠીકા અને તેની આખી ભૂમિકા નંદનંદન શ્યામ સુંદર દ્વારા રચિત છે. એની ભાવના

तृदोडुराजः ककुभः करैर्मुखं प्राच्या विलिम्पन्तरुणेन शन्तमैः ।
स चर्षणीनामुदगाच्छुयो मृजन प्रियः प्रियाया इव दीर्धदर्शनः ।।२।।
दृष्ट्वा कुमुद्वन्तमखड मण्डलं रमाननाभं नवकुङ्कुमारुणम् ।
वनं च तत्कोमलगोभिरज्जितं जगौ कलं वामद्दशां मनोहरम् ।।३।।
निशम्य गीतं तदनङ्गवर्धनं व्रजस्त्रियः कृष्णगृहीतमानसाः ।
आजग्मुरन्योन्यमलक्षितोद्यमाः स यत्र कान्तो जवलोलकुण्डलाः ।।४।।

(ભાગવત ૧૦ સ્કંધ, પૂ.અ. ૨૯, શ્લોક ૨ થી ૪) સુધી સૂરક્ષિત છે.

બ્રહ્મસંબંધ મંત્રની અનુસાર હજારો પરિવત્સરના કૃષ્ણ મિલનનું વિયોગનું જે દુ:ખ છે તે હોરી ખેલમાં જ શ્રીઠાકુરજીએ નિવારણ કર્યું છે. ''રાસપંચાધ્યાયી અ. ૨૯ શ્લોક ૨'' प्रियः प्रियाया इव दीर्घदर्शनः આ દર્શનનો સમય અત્યંત દિર્ઘ લાંબા અવધિવાળો છે. આ ઘણાં લાંબા સમયની અવધિ પછીના મિલનના અવસરમાં જે ઉમંગ ઉત્સાહ અને આનંદની નિશ્ચિંતતાની જે જરૂર છે, આ બધું હોરી ખેલમાં ઉપસ્થિત છે. આ બધી વાતો વ્રજભક્તોના જીવનમાં નંદાલયની સેવાની અંદર ચોખ્ખી જોવામાં આવે છે. જેવી રીતે અહીંઆ બોલવા-ચાલવાની ભાષામાં નિશ્ચિંતતા છે. કોઈ કોઈને કંઈપણ બોલી નાખે છે. સંબંધ-સંબંધ વગર ઊંચા અવાજે બોલવું. 'ગારી' આપીને બોલવું. લટપટી પાઘ; કમરમાં ફેંટ, અસ્તવ્યસ્ત પહેરવેશ જેવી વેષભુષા, આનંદમગ્ન જીવનનો પહેરવેશ છે. પુરુષોની સાથે સ્ત્રીઓની ભાષામાં પણ 'ગારી' અને 'સ્વાભિમાન'નો પ્રયોગ, ધન-દોલતના માટે ના કોઈ ગરીબ છે કે ના કોઈ અમીર છે. અભ્યાસના માટે કોઈએ પણ વેદ પુરાણ ઉપનિષદની જાણકારીનો આશ્રય લીધો નથી. જેણે પણ લીધો, એણે શ્રીકૃષ્ણ અને શ્રીરાધા શ્રીયમુનાજી - વ્રજરજ - લીલાભૂમિ - વૃક્ષ - પર્વત - પશુ - પક્ષી

એમની સહાયતાથી શ્રીકૃષ્ણ અને શ્રીરાધાજીની વિજયશ્રી અને ઉત્કર્ષનું અધ્યયન કર્યું છે. આ બધુ હજારો જન્મની પછી મળવાવાળા આપણા પ્રભુ પ્રિયાજી સહિત પ્રિતમના સંયોગરસના આનંદ અને ઉત્સાહનું જીવન છે.

અત: આ હોરીમાં ઘણું બધું અટપટું અને અદ્વિતીય અને અનોખું છે, પરંતુ બધું મળીને એ ઘણું જ પ્રમાણીત અને સટીક છે. અહીં વ્રજભૂમિનો લોક વ્યવહાર - બોલવા - ચાલવાની ભાષા અને કામ કરવાની રીત એને સમજવાને માટે બીજો લેખ લખવો પડશે.

હોરીના ખેલમાં વેણૂજીની સહિત જેટલા પણ વાદ્યયંત્ર છે એઓએ પોતાની ઘનઘોર ધ્વનિ એકબીજા સાથે એકલયમાં પ્રગટ કરી છે. આ બાજુ શ્રીવેણુની ઘનઘોર ધ્વનિ બીજી બાજુ વાદ્યયંત્રોની સમવેત ધ્વનિ, બીજબાજુ શ્રીકૃષ્ણની ભાવભંગિમાથી વિપરીત નૃત્યની લયમાં વ્રજગોપીઓના નુપુર અને પાયલની ધ્વનિ સહીત ‘‘પગવિન્યાસ’’. બીજીબાજુ ગુલાલના ઉડવાથી જુદી જુદી જાતની અંધિયારી - વચ્ચે વચ્ચે ચંગ, ઉપંગ અને માદીરલા વી. વાદ્યોના ધ્વનિની વચ્ચે હો... હો... હો...ના ઉચ્ચ સ્વરોમાં નિકળેલા બોલ. વ્રજગોપ બાલકોની અકડ ભરેલી સજ-ધજને ઠાઠમાઠનો આનંદ, આકાશ માર્ગમાં દેવતાઓને જોવાને માટે વિવસ કરી નાખે છે. આવા આનંદ સાગરમાં આવવા માટે ત્રિવિધ વૈકુંઠની લક્ષ્મી અહિંના લતા-વૃક્ષોમાં પત્ર-પુષ્પ-ફલ બનીને આવે છે. મુક્તિ આ લીલાને જોવાને માટે અહિંના વૃક્ષોની ઉપર સુકી છાલ બનીને ઉભરે છે. ભક્તિ અહિં ફૂલોની સુગંધ બનીને આવે છે. જ્ઞાન-વૈરાગ્ય વ્રજના દરવાજાની ઉપર હંમેશા અંદર આવવા માટે હાથ જોડીને ઊભા છે.

હોરીના ખેલમાં બધુ જ સહન કરવાવાળો ધર્મ ‘‘ઢાલ’’ બનીને ઊભા રહે છે. શ્રીરાધા અને શ્રીકૃષ્ણના હૃદયની સાથે જોડાયેલુ જે પ્રેમકમલ છે તેની પરાગ અહીંની રજ છે (વ્રજધુલ - વ્રજરજ)

હોરી ખેલના સમાપનમાં એકબીજાને આશીર્વાદ આપતા પોતાના ઘરે જાય છે. નંદાલયમાં જઈને જ્યારે શ્રીયશોદાજીને આ ખેલની ખબર પડે છે ત્યારે બાલ સખાઓને બોલાવીને શ્રીયશોદાજી પોતાના હસ્તથી એમના દ્વારા બધી સખીઓને ત્યાં ફગુઆ અને આશીષ પહોંચાડે છે. શ્રીયશોદાજીના મોકલાવેલ ફગુઆને બહાને આશીર્વાદ વ્રજાંગનાઓ પોતાનાં આચળને ઝોળી બનાવીને લે છે. એનો આશય છે કે શ્રીકૃષ્ણ મિલનના આનંદનું સુખ જીવન ભર અને દરેક જન્મમાં મળતો રહે એવું જાણીને શ્રીયશોદાજીનો આશીર્વાદ લે છે. આ આશીર્વાદથી આગલો જન્મ વૈષ્ણવતાની માટે મળે છે. આ વૈષ્ણવરૂપ જન્મના વૃક્ષને સિંચન કરવાને માટે આચાર્યશ્રી વલ્લભાચાર્યજીની અને પુષ્ટિમાર્ગની કૃપા દષ્ટિ આવશ્યક છે.

એટલા માટે પુષ્ટિ સંપ્રદાયમાં ગાવામાં આવે છે કે, ‘‘ધન્ય શ્રીયમુના કૃપા કરી શ્રીગોકુલ વ્રજ સુખ આપજો.’’, ‘‘યા ગોકુલ કે ચોહટે હો રંગ રાચી ગ્વાલ હોરી રંગ રચ રહ્યો’’.

આ શ્રીગોકુલનું વ્રજ સુખ છે.



# ॥ લીલા અને ખેલ ॥

આપણા પુષ્ટિમાર્ગમાં વૃજને કમલાકાર કહેવામાં આવે છે. કમલાકારના બે અર્થ છે. પ્રથમ કમલના આકારવાળુ વ્રજ. જે શ્રીઠાકુરજીની ભીતર-સ્વરૂપમાં બિરાજમાન છે. એ વ્રજમાં ભાવાત્મક લીલા છે. લોક, વૈદિક અને ધર્મનો ત્યાગ કરવાવાળી ગોપીઓ આ વ્રજમાં રહે છે. આ જે વ્રજ છે એમાં કંદરા અને નિકુંજ છે. જેમાં ખટઋતુ (છ) ભાવથી અને સ્વરૂપથી નિત્ય નિવાસ કરે છે. બીજો અર્થ કમલા-આકાર વ્રજ. કમલા એ જે નિયમને આકાર-આકૃતિ આપી છે તે પણ કમલા-આકાર વ્રજ છે. એટલા માટે ભગવદ્ સેવામાં પ્રત્યેક વસ્તુની આકૃતિ અને આકાર એવા જ હોવા જોઈએ એ સુનિશ્ચિત છે. ‘‘લક્ષ્મી સહસ્રલીલાભી:’’ ‘‘સહસ્રવિધ આકૃતિ અને સ્વરૂપ પ્રદાન કરવાવાળી લક્ષ્મીની દ્વારા ભાવ સંપન્નતાથી સેવ્યમાન કલાનિધિ શ્રીહરિ:’’.

હવે આપણે પ્રથમ કમલના આકારવાળુ વ્રજનો વિચાર કરીએ. કમલની ખીલેલી પાંખડીઓને છોડીને મધ્યભાગમાં જે પુ. કેશર હોય છે. એના આગળના ભાગમાં પરાગ હોય છે એના મધ્યમાં પીળા રંગની આભા હોય છે. ત્યાં શ્રી ઠાકોરજીનું જે સ્વરૂપ બિરાજમાન છે. તે સ્વરૂપ ‘‘કોટી કંદર્પ લાવણ્ય સ્વરૂપ’’ ત્યાં બિરાજે છે. આ શ્રી નવનીતલાલજીનું સ્વરૂપ છે. જેવી રીતે નવનીત (માખણ) પોતાનું સ્વરૂપ તૈયાર કરીને તેની કોઈપણ આકૃતિ બનાવી શકાય છે. એ નવનીતમાંથી પુષ્ટિમાર્ગના બધા જ સ્વરૂપોનો આવીર્ભાવ છે (પ્રાકટ્ય) છે. જેવી રીતે શીશુ અવસ્થામાંથી બાલ્યાવસ્થા - કુમારાવસ્થા - કિશોરાવસ્થા - પોખંડાવસ્થ - યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા આ અવસ્થા પ્રગટ થાય છે. તેવી જ રીતે પુષ્ટિમાર્ગની લીલાની અનુસાર બધા જ સ્વરૂપ યથા સમય પ્રગટ થતા રહે છે. આ પૂર્ણ



બ્રહ્મનું સ્વરૂપ છે. આચાર્યશ્રીની અનુસાર યશોદાજીને ત્યાં આ પૂર્ણ બ્રહ્મ પહેલાથી જ પ્રગટ થઈ ગયા હતા. વસુદેવજી પોતાના પુત્રને જ્યારે યશોદાજીને ત્યાં લઈને પહોંચ્યા ત્યારે વાસુદેવ સ્વરૂપ આ પૂર્ણ બ્રહ્મ સ્વરૂપમાં પ્રવેશી ગયા હતા અને યોગમાયારૂપી કન્યા આ જ પૂર્ણબ્રહ્મમાંથી નીકળીને વસુદેવજીના હાથમાં આવી.

આ પૂર્ણબ્રહ્મ જ્યારે કમલાકાર વ્રજ (પોતાના સ્વરૂપમાં) યાને નિજધામ અથવા ગોલોકધામમાં બિરાજે છે. ત્યારે ત્યાં અષ્ટ સખીઓ પોતાની સખી - અંતરંગ સખી - સહચારી-દાસી-નાગરી-નાયકા-શ્રીમંતીની-મંજરીની સાથે નિત્ય લીલાનું રસપાન કરે છે. એ નિત્ય લીલા જ્યાં થાય છે તે નિત્ય નવીન પ્રકારની રચનાવાળી હોય છે. એને નિકુંજ કહે છે. એક એક નિકુંજમાં નવરસ સદા રહે છે. આ શૃંગાર રસના જ અલગ-અલગ ભાગને નવ-રસ કહેવામાં આવે છે. શાંત, રૌદ્ર, બિભત્સ, આદી નવરસોની અહીં કોઈ આવશ્યક્તા (કામ) નથી.

''નવહી અંગ શ્રૃંગાર કે હોરી ચોરી દાન । છલય કરન વનઋતુ ગમન વિરહ મિલન અરૂ માન ।।''

નિકુંજમાં નવરસ બિરાજે છે એને નવનિકુંજ કહેવાય છે. પુષ્ટિમાર્ગમાં નવનિકુંજની સંખ્યા ૧૨ (બાર) છે. એમાં નિત્ય લીલાની જે તૈયારી થાય છે, એમાં સખી-સહચરી, ગોપીઓના છ યુથ નિકુંજમાં ભિતર રહે છે. અહિં આ ગોપીઓ આઠ-આઠની સંખ્યામાં છે. જે એક એક પ્રહરની (૩ કલાક) સેવાની માલિક છે. આઠને, છ થી ગુણાકાર કરવાથી ૪૮ થાય છે. ભાગવત દશમ સ્કંધ પૂર્વાર્ધનાં ૪૯ અધ્યાય છે. એમાં પરિક્ષીતની પ્રશ્નાવલીનો એક અધ્યાય છે. શેષ ૪૮ અધ્યાય આ વ્રજકમલની લીલા છે. એક એક અધ્યાયની અલગ-અલગ નામાવલી, અલગ-અલગ અધિકૃત ગોપીઓ છે. મંજરી અને શ્રીમંતીની નામની જે યુથેશ્વર છે એમને પૂર્વ વર્ણીત છ યુથેશ્વરીઓની આજ્ઞા છે. કે, ''આ અંતરંગ લીલામાં કોઈ પ્રવેશ કરશે નહીં.'' જ્યારે તે લીલા પરીપૂર્ણ થઈ જાય છે ત્યારે નિકુંજનો પ્રવેશ માર્ગ ખૂલી જાય છે. ત્યારે નિકુંજની અંદર બિરાજમાન ગોપીઓ દ્વારા બહારની મંજરી અને શ્રીમંતીની પૂછે છે કે, ''નિકુંજમાં કઈ લીલા થઈ ?'' એમાં નિકુંજના ભીતરના છ દલો (પાંદડી)માંથી બે દલ એમને કથા સંભળાવે છે. તેની ઉપરના બીજા બે દલ એમને ત્યાંનું સંગીત અને ગાન સંભળાવે છે. ત્યારે શ્રોતા ગોપીજન મંજરી અને શ્રીમંતીની દેહાનુસંધાન ભૂલી જાય છે ત્યારે નિકુંજની ઉપરના બાકી રહેલા બે દલ આ ગોપીઓના શ્રીઅંગની ઉપર પોતાના કરકમલોનો સ્પર્શ કરે છે અને કૃપા દૃષ્ટિ દાન કરે છે. જેથી બંને સખી જાગૃત થાય છે. ત્યારે પ્રથમ દલની પૂર્ણમાલિક શ્રીસ્વામિનીજી, શ્રીચંદ્રાવલીજી, શ્રીયમુનાજીની આજ્ઞા થાય છે કે, ''જે લીલા અમારી નિકુંજમાં થઈ છે તે લીલાના એમને દર્શન કરાવો.'' ત્યારે ખટદલની માલિક ગોપીઓ મંજરી અને શ્રીમંતીની ઓમાંથી કોઈને પણ શ્રીકૃષ્ણનો વેશ ધારણ કરાવી શ્રીકૃષ્ણ બનાવે છે અને બીજીને શ્રીરાધિકાજીનો વેશ ધારણ કરાવી



શ્રીરાધિકાજી બનાવે છે. વાદ્ય વગાડવામાં અને સંગીત ગાવામાં એમને કૃપા દૃષ્ટિમાત્રથી અભ્યસ્થ (કૂશળ) કરી દે છે. એ સમયે નિકુંજ ભીતરની લીલા જે બહાર કરાવવામાં આવે છે તેને ખેલ કહેવામાં આવે છે. આ ખેલ જોવા માટે બધા જ અધિકારી છે આ ખેલમાં શ્રીઠાકુરજી સહિત બધી નિકુંજ નાયિકાઓની કૃપા હોય છે. આ કૃપાને કારણ એવો આભાસ નથી થતો કે ખેલના સ્વરૂપો અને નિકુંજના સ્વરૂપોમાં કોઈ ભેદ છે. અગર ત્યાં કોઈ ભેદ હોય તો પણ લીલારસ ભેદ છે. આ રસભેદનું રસાત્મક સ્વરૂપ શુદ્ધાદ્વૈત છે. જે અંતરંગ લીલા સેવાના અંગો સહીત નિકુંજમાં છે.

એ પૂર્ણ અધિકાર ખેલના શ્રીઠાકોરજી બનીને વૈષ્ણવોના ઘરે સેવા કરાવવા બિરાજીને આપે છે. આ ખેલમાં શ્રીઠાકુરજી સહિત સમસ્ત સ્વામિનીઓની કૃપા છે અને એ કૃપાના આધારે ખેલની ગોપીઓના જગતમાં એ વાસ્તવિક નિકુંજની સૃષ્ટિથી અલગ નથી. ||**યહ વહી હૈ (નિકુંજ કી સૃષ્ટિ) વહ (નિકુંજ કી સૃષ્ટિ) ઉસી મેં હૈ** ||

**આ પ્રભુની લીલા છે. આ શ્રીવલ્લભાચાર્યજીનો શુદ્ધાદ્વૈત છે.**

જે ગોપીઓને આ આજ્ઞા છે કે આમાં કોઈ પ્રવેશ ના કરે. અહીં કોઈનો અર્થ અસમર્પીત સ્વરૂપ છે. અવિક્ષીત અને અસમર્પીત જીવનવાળા જીવ આ લીલાને જોવાનો અધિકારી નથી. અનધિકારી અંધકારનું સ્વરૂપ છે. જેવી રીતે ઘી નો દીવો એવી જગ્યાએ રાખો જ્યાં યોગ્ય વાતાવરણ હોય. ત્યાં તે પ્રકાશીત કરશે અને જે સ્થાનમાં વાયુનો પ્રવેશ નહી થતો હોય ત્યાં તે દીવો રાખવાથી પ્રકાશ આપતો બંધ થશે અને અંધારૂ થઈ જશે. આ વાત દીવાની નથી - દિક્ષીત અને સમર્પણવાળા જીવ પર લાગુ પડતી નથી. આ તો અદિક્ષીત અને અસમર્પીત જીવની ઉપર લાગુ છે. એવા જ જીવોને અનધિકારી માનવામાં આવે છે. જેમનો સેવામાં અને લીલા કથા રસમાં પ્રવેશ નિષેધ છે. એ સ્વયં કાંઈ જોઈ નહી શકે અને સ્વયં કોઈ સાંભળીને સમજી નહીં શકે અને જેમને આ લીલાનો અધિકાર છે. તેમના માટે બાધક બનશે, કારણ કે તે અનધિકારી છે.

વ્રજમાં ફાગ ખેલ પણ છે અને ફાગ લીલા પણ છે.

જે સમયે શ્રી આચાર્યજીએ સ્વામિ ઘમંડ દેવજીને રાસ કરવાની આજ્ઞા આપી ત્યારે રાસમાં સ્વરૂપ બનવા વાળા બાળક અંતરધ્યાન થઈ ગયા. આ વ્યવસ્થા જોઈને રાસમાં સ્વરૂપ બનવા માટે વ્રજવાસીઓએ પોતાના બાળકો આપવાનું બંધ કર્યું ત્યારે આચાર્યશ્રીએ શ્રીનાથજીનો મુકુટ ઘમંડદેવજીને આપ્યો અને આજ્ઞા કરી કે આ મુકુટ ધરાવીને રાસ કરો. પછી કોઈ પણ બાલક અંતરધ્યાન નથી થયું. તેનો આસય છે કે ભીતરની લીલા બહાર પ્રગટ થઈ છે. જે લીલા આજે પણ રાસધારીઓમાં જોવા મળે છે. અગર આપણે સાચું સમજીએ તો આ લીલા એની જગ્યાએ સાચી છે.

# ॥ ટિપ્પણી ॥



॥ श्रीहरिः ॥

जगद्गुरु श्रीमद्वल्लभाचार्य के सम्प्रदाय प्रमाण

उत्सव तथा व्रतन की टीप

विक्रम संवत् २०६९ विश्वावसु नाम संवत्सरे

श्री वल्लभाब्द ५३४ - ५३५ शालिवाहन शके १९३४ नन्दन नाम संवत्सरे

जगद्गुरु श्रीमद्वल्लभाचार्य प्रधानपीठस्थित

आचार्यवर्य्य गोस्वामि तिलकायित

श्री १०८ श्री इन्द्रदमनजी (श्री राकेशजी) महाराज श्री की आज्ञासूं प्रकाशित

प्रकाशक : विद्याविभागाध्यक्ष, मन्दिर मण्डल, श्री नाथद्वारा

શ્રી પુષ્ટિમાર્ગના ભગવદ્ ધર્મની અનુસાર જ્યોતિષનું સ્વરૂપ શ્રીઠાકુરજીના સ્વરૂપમાં જ બિરાજમાન રહે છે. સૂર્ય-ચંદ્ર-નક્ષત્ર-વાર-તિથીના ગર્ભમાં કેટલાક ઉત્સવ રહેલા છે એ ઉત્સવ નિર્ધારીત સમયે શ્રી ઠાકુરજીમાં અને આપના સ્વરૂપમાં પ્રગટ થાય છે. ઉત્સવમાં પ્રગટ થવાવાળી તિથીમાં શ્રીઠાકુરજીને ઉત્સવ મનાવવામાં ન આવે ત્યારે આપ સુખનો અનુભવ કરતા નથી. ભલે સેવક તે ઉત્સવને એક દિવસ પહેલા કે એક દિવસ પછી મનાવે. પરંતુ વાસ્તવિક સમયમાં ઉત્સવ નથી માનવામાં આવ્યો ત્યારે પ્રભુસેવામાં આ સુખ આપનારો વિચાર નથી.

ઉજ્જેનમાં શ્રીકૃષ્ણભટ્ટથી કંઈક આવી જ ઘટના ઘટી. જે એમણે દામોદરદાસજીના પ્રાકટ્ય મહા સુદ-૪ના દિવસે સમયથી પહેલા વસંત ઉત્સવ માન્યો. એથી શ્રીઠાકુરજી પરીપૂર્ણ પ્રસન્ન થયા નથી કારણ કે પાંચમ બીજા દીવસે હતી. શ્રીઠાકુરજીને યથા સમયે ઉત્સવ જોવા નથી મળ્યો ત્યારે આપ ઉદાસ થશે. શ્રીઠાકોરજીની ભક્તોની પ્રત્યે ઉદાસીનતાને જોઈને ઉત્સવ નિર્ણય પૂર્વક જ્યોતિષ માર્ગમાં ટિપ્પણીજીનું પ્રાકટ્ય શ્રીગુસાંઈજીએ કરાવ્યું છે.

વર્તમાન સમયમાં ઘણી જગ્યાએથી ટિપ્પણીના પ્રકાશનનું પ્રચલન છે. વાસ્તવમાં જે દિવસોમાં શ્રીમદ્ પ્રભુચરણ એ ટિપ્પણીના પ્રાગટ્યનો નિશ્ચય કર્યો હતો. તે દિવસોમાં શ્રીગુસાંઈજીના સેવ્ય સ્વરૂપ શ્રીનાથજી અને શ્રીનવનીતપ્રિયજી હતા. જે ઉત્સવને જે દિવસે જે સમયે શ્રીનાથજી સ્વીકાર કરતા હોય. વૈષ્ણવના ઘરમાં પણ ઉત્સવ એ પ્રમાણે એ દિવસે હોવા જોઈએ. દેશકાલ અને સૂર્યોદય સંબંધી નિર્ણય પોતાની જગ્યાએ બરાબર છે. પરંતુ શ્રીનાથજી જે દિવસે, જે ઉત્સવ મનાવતા હોય એ દિવસે શ્રીનાથજીના ઘરની પરીપાટી પ્રમાણે ઉત્સવ મનાવવા જોઈએ. એનાથી વિપરીત સ્વતંત્ર વિવેક છે. એને ભગવદ્ પ્રસન્નતા કહેવામાં આવતી નથી.

# ॥ વેદના રંગ – હોરીના રંગ ॥


ऋग्वेद
यजुर्वेद
सामवेद
अथर्ववेद
शिक्षा
ऋग्वेदः श्वेतवर्णः स्यात् द्विभुजो रासभाननः ॥ अक्षमालायुतः सौम्यः प्रीतश्चाध्ययनोद्यतः ॥१॥
अजास्यः पीतवर्णः स्यात् यजुर्वेदोऽक्षसूत्रधृक् ॥ वामे कुलिशपाणिस्तु भूतिदो मंगलप्रदः ॥२॥
नीलोत्पलदलाभासः सामवेदो हयाननः ॥ अक्षमालान्वितो दक्षे वामे कंबुधरः स्मृतः ॥३॥
अथर्वणाभिधो वेदो धवलो मर्कटाननः ॥ अक्षसूत्रं च खट्वाङ्ग विभाणो यजनप्रियः ॥४॥
शिक्षा शुभ्रा भयकरा ज्ञानमुद्रान्विता शुभा ॥ अक्षसूत्रा स्वकुंडिका द्विभुजा दंड पंकजा ॥५॥

શ્રીદ્વારકાનાથની લીલાઓમાં લૌકિક ઉદ્ધારની જ્યારે જ્યારે ચર્ચા થતી હતી ત્યારે શ્રીદ્વારકાનાથને ત્યાં ઋષિ મહર્ષિ અને દેવર્ષિ આવતા હતા. દશમ સ્કંધ ઉત્તરાર્ધમાં આ ઋષિઓ પાસેથી શ્રીદ્વારકાનાથજીને ઉપદેશ અને ચર્ચા કરતા બતાવ્યા છે. આ પ્રસંગોમાં કોઈ ખાસ સ્પષ્ટિકરણ બતાવ્યું નથી. છતાં પણ ભક્તિમાર્ગના વિદ્વાન એવું માને છે કે, ''અધમથી અધમ જીવોનો ઉદ્ધાર શ્રીદ્વારકાનાથજી દ્વારા કેવી રીતે થઈ શકે.'' ત્યારે તે સમયે જ્યારે શ્રીદ્વારકાનાથજી જગતોદ્ધારકનું કામ કરતા હતા ત્યારે તે સમયે એ ઋષિઓની ત્યાં ઉપસ્થિતી - હાજર નથી રહ્યા. પરંતુ એમના ઉપદેશ અને વિચારોના સ્વરૂપ અવિચલ સ્થિર રહેતા હતા. ઋષિઓની પરામર્શ (સલાહ) વેદ સંમત અને આત્મધર્મની સ્પષ્ટીકરણ કરવાવાળા શાસ્ત્રોની અંતરગત હતા.

ઉપરોક્ત પ્રસંગ અહીં હોરી ખેલમાં સમજવાને માટે બહુ જ ઉપયોગી છે. હોરી ખેલ ભગવાન શ્રીકૃષ્ણના વ્રજાંગનાઓની સાથે આત્મરમણ નથી પણ સાક્ષાત રમણ છે. એમા દેહ, ઈન્દ્રીઓ અને મનના પરસ્પર વિચારોનું સાક્ષાત સ્વરૂપાનંદનું આદાન-પ્રદાન છે. આવા પ્રસંગોમાં દર્શન કરવાવાળાઓનું શુદ્ધચિત્તના અભાવમાં દોષ દૃષ્ટિ મુખ્ય-આગળ આવે છે. એનું નિવારણ કરવાને માટે હોરી ખેલમાં ઉપયોગી ગુલાલના રંગ ઋષિઓની દ્વારા સ્વીકાર કરવામાં આવેલ વૈદિક - ઉપનિષદ - ષડદર્શનના વિચારોના રંગો અહીં ગુલાલનો રંગ છે. જેવી રીતે શ્રી દ્વારકાનાથજીની કાર્યપ્રણાલીના સમયે ઋષિઓ નથી હોતા પણ ઋષિઓના વિચાર હોય છે. ઠીક આવીજ રીતે હોરીના સેવામાર્ગમાં વેદ-ઉપનિષદ અને ષડદર્શનનો અહિં પ્રવેશ નથી. પરંતુ એમના વિચાર, ગુલાલના રંગના રૂપમાં ઉપસ્થિત છે. આ રંગ દોષ દૃષ્ટિ નિવારણની માટે છે. જેવી રીતે

''વેદ''ના રંગ : ઋગવેદ : શ્વેતવર્ણ (ગાયના દૂધ જેવો)
યજુર્વેદ : પીત વર્ણ
સામવેદ : નીલકમલ વર્ણ
અથર્વવેદ : ધવલ શ્વેત વર્ણ (મધ્યાનના સૂર્ય જેવો તેજસ્વી રંગ)
શિક્ષાશાસ્ત્ર (દર્શનશાસ્ત્ર) : શ્વેત વર્ણ (ગાયના દૂધ જેવો, જે ગાય એ બાલકને જન્મ આપ્યાને ઘણો સમય થઈ ગયો છે.)

ઉપરોક્ત આધારે હોરી ખેલ શુદ્ધ ભક્તિરસ દાનની લીલા છે. આ ખેલમાં લૌકિક ચિંતનનો અવકાશ નથી. અગર આપણી સમજવામાં એક વાત આવતી હોય કે, ''સ્ત્રી-પુરૂષોના મધ્યમાં કામ પરક ચર્ચા અને ક્રિયા જ્યાં થતી હોય ત્યાં સ્ત્રી અને પુરૂષની બંનેની મુખાકૃતિ તેજહીન અને મલીન થઈ જાય છે. આ સિવાય હોરીખેલમાં વ્રજાંગનાઓની વચ્ચે હોરી ખેલના ચિત્ર સખાઓની સહીત શ્રીકૃષ્ણના વ્રજાંગનાઓની સાથે ગોપીઓના મુખ દર્શનમાં અતિશય સુંદરતા પરિપૂર્ણ ઓજ, પૂર્ણ ચંદ્રવત સૌમ્યતા જોવામાં આવે છે. આથી સિદ્ધ થાય છે કે લીલા દોષ રહિત છે.

અત: વિવિધ રંગોનો ઉપયોગ શાસ્ત્ર સંમતિની ઉપસ્થિતિ છે.

## ॥ રંગોનો જન્મ ॥

આ ખેલમાં હવેલી સંગીતના ઉપયોગમાં આવતા રાગોના રંગમાં અને હોરીના ઉપયોગમાં આવવાવાળા રંગોમાં અંતર છે. રાગોમાં જે રંગ આવે છે તે વૈકુંઠ આદી ધામોથી ઉતરીને સ્વર્ગના રસ્તાથી ભૂતલની ઉપર પધાર્યા છે.

હોરીના ગુલાલમાં જે રંગ છે તે વૈદિક રંગ છે. એ રંગોનું પ્રાગટ્યા અને પ્રાદુર્ભાવ ભગવદ્ નિશ્વાસથી (પ્રભુના શ્વાસથી) થયું છે. ગુલાલનો રંગ અનાદી કાલીન છે. (જ્યારે કાળનો જન્મ નહોતો થયો ત્યાર પહેલા રંગનો જન્મ છે) રાગોનો રંગ જ્યારે સૃષ્ટિની ઉત્પત્તિ થઈ તે સમયનો છે. ત્યારે કાલ (સમય)નો જન્મ થયો હતો.

## ॥ રંગોની અંધિયારી ॥

આપણે ત્યાં જેટલા પણ રંગોના ગુલાલ ઉડાવવામાં અથવા તેનાથી ખેલાવવામાં આવે છે એનો આશય એવો છે કે પરસ્પર એક બીજાની નજરથી બચવાને માટે અંધિયારી કરવાની રીત છે. જ્યારે ગોપીઓના આખા સમૂહનો આક્રોશ (ઉત્સાહ-ઉમંગ) ગોપોની તરફ આગળ વધે છે ત્યારે તે ઝોળીઓમાં ભરીને ગુલાલ ફેંકે (ઉડાવે) છે. જેના કારણે આ ગોપબાલક ઘણી વખત ગોપીઓની પકડથી બચી જાય છે.

ક્યારેક ગોપબાલક કોઈ ગોપીઓની ઉપર નજર રાખીને તેને ખાસ પ્રકારે ઘેરી લે છે અને તે ગોપીને બચાવવાને માટે અન્ય ગોપીઓ પોતાની મુટ્ઠીઓમાં ફેંટ ભરેલા ગુલાલને ફેંકીને પોતાનો બચાવ કરે છે.



સૌજન્ય : લલ્લુજીનું મંદિર, સુરત

# ॥ કુમકુમ – અબિર – ગુલાલ – ચોવા – ચંદન ॥

**કુમકુમ** : આ ગોપીઓના પરમ સૌભાગ્ય નંદગોપકુમાર જ છે. અત: અહીં સૌભાગ્ય સૂચક ''કુમકુમ''નો પ્રયોગ (ઉપયોગ) છે. અનુગ્રહમાર્ગની સેવા પદ્ધતિમાં કોઈ લક્ષ્મીઓનો નિવાસ છે. એમાં કોઈ એક લક્ષ્મી વ્યાપીવૈકુંઠ - રમાવૈકુંઠ અને બીજા વૈકુંઠની છે. આચાર્યશ્રીએ રાસપંચાધ્યાયીના અંતરધ્યાન પ્રસંગમાં રાસબિહારીજીના વિલંબથી પ્રગટ થવાથી શ્રીસુબોધિનીજીમાં કારણ બતાવ્યું છે કે આપ વૈકુંઠની લક્ષ્મીઓની પાસે પૂજા કરાવીને પધાર્યા છે એટલા માટે વિલંબ થયો છે. એથી પ્રમાણીત થાય છે કે વૈકુંઠની લક્ષ્મીઓ વ્રજગોપીઓની કૃપાપાત્ર છે. કારણ કે જેની ઉપર ગોપીજનોની કૃપા નથી થતી, શ્રીરાસબિહારજી એમને જોતા નથી. હોરી ખેલની વ્રજલીલાની શોભા આ ત્રિવિધ લક્ષ્મીઓને સમજવા નો અધિકાર છે. એટલા માટે રમા રમણ પ્રભુએ લીલા રસદાનની કૃપા કરી છે. અત: શ્રીસ્વામિનીજી સ્વરૂપ શ્રીમહાપ્રભુજી એવં શ્રી પ્રભુચરણ શ્રીચંદ્રાવલીજી અને વિવિધ રસભાવ સંપન્ન વર્તમાન ગોપીજનોના સ્વરૂપ ગોસ્વામી બાલકોએ કુમકુમના છાંટા કરીને લીલામાં આનંદ લેવાનો અખંડ સૌભાગ્યના આશીર્વાદ આપ્યા.

**અબિર** : આ નિકુંજોમાં દેહ રહીત જે ગોપી (અંતર ગ્રહગતા) રાસમાં ગઈ હતી એની કોઈ સખી સહેલી ન હતી. સખી-સહેલીઓને વ્રજમાં 'બીર' કહેવામાં આવે છે જેવી રીતે એકસખી બીજી સખીને ''અરી બીર'', કહીને સંબોધન કરે છે. આ સખી આત્મરૂપથી દેહવગરની શ્રીઠાકુરજીને ત્યાં રાસમાં પહોંચી હતી. એની જે શોભા અને જે ઝલક છે. તે 'અબીર' છે.

**ગુલાલ** : હોરીના ખેલમાં આવતો ગુલાલ શ્રી યમુનાજીની આરાધના કરવાવાળી અને આશીર્વાદ લેવાવાળી સખીઓની અંતરંગ વૃત્તિનું સ્વરૂપ છે. ભક્તિમાર્ગમાં સાધના-સારુ શરીર અથવા સારો જન્મ આપી શકે છે. એ સારા દેહમાં પણ સાધકને ભગવદ્ સેવા પરક ભાવસુખ પ્રાપ્ત નથી થતું. જ્યાં સુધી સેવકની મનોવૃત્તિ અને અંદરનો આસય ભગવદ્ પરક ના હોય. હોરી ખેલમાં શ્યામ - લાલ - હરા - પીલે (નીબુઆ) - નારંગી - બેંગની - ગુલાબી - સફેદ - નીલા - આ બધા રંગ એમાંથી જ સાત રંગોની કટોરીઓ હોય છે. સાથે ચંદન - અરગજા - કેસર - કુમકુમ - કમલ અને કેવડાની પરાગ - આ બધી સામગ્રી નિકુંજની સેવામાં તલ્લીન (એકાગ્રત) વ્રજભક્તોની મનોવૃત્તિઓનું સરસ સ્વરૂપ છે. જેવી રીતે સ્વાતિ નક્ષત્રમાં બરસવાવાળી બુંદ શીપીમાં (છીપમાં) મોતી બની જાય છે. મદવાળા હાથીના મસ્તકમાં ગજમુક્તા (ગજમોતી), બાંસમાં બંસ લોચન (બાંસકપૂર) અને ગર્ભવતી ગાયના

પેટમાં સ્વાતિ નક્ષત્રની બુંદ પહોંચવાથી ગોરોચન બની જાય છે. ઠીક આવી જ રીતે નિકુંજમાં જ્યાં અષ્ટયામ સેવા થાય છે એ સેવાના ભાવથી જે નિકુંજમાં પવન ફેલાય છે અને એ પવનનો સ્પર્શ નિકુંજની લતા-પતાઓને થાય છે તેમાંથી જે રસ સુષ્ક (સુકાઈને) થઈને ભૂમિ ઉપર આવે છે એને ગુલાલ કહેવાય છે. આ ગોપીઓની પાસે અને નંદનંદન શ્રીકૃષ્ણની પાસે જે ગુલાલ છે. એ આ નિકુંજોનું સૌભાગ્યમદ છે. જ્યારે ગોપીજન નિકુંજોમાં એને શોધવા માટે પહોંચી ત્યારે એ ગોપીઓને જે જે પક્ષીઓએ બતાવ્યું (જતાવ્યું) કે આ ગુલાલથી જે-જે પક્ષીઓનું સ્વરૂપ સિદ્ધ કરવામાં આવે છે.

પિછવાઈમાં જે પક્ષી અંકીત કરવામાં આવે છે. એની રચના સીધી-સાદી હોતી નથી. તે વાંકી-ચૂકી, તિરછી અને વિશેષ ભાવ ભંગમાવાળી હોય છે. સહજ સીધા સ્વભાવવાળી નથી હોતી. જેવી ભાવ ભંગમાં ઓમાં જે પક્ષીઓની જેવી સૂચના આપી છે. અહીં પિછવાઈમાં એવા પક્ષીઓની આકૃતિ સિદ્ધ કરવામાં આવે છે. અહીં તેમનો આકૃતિ દોષ નથી. વાસ્તવમાં તેમની (પક્ષીઓની) રસની પરીપકવતા છે.

જેવી રીતે સત્યુગમાં નામ સંકીર્તન કરવાવાળા એકલા એક પ્રહલ્લાદની ભક્તિથી એકવીશ પેઢીઓનો ઉદ્ધાર થયો. જ્યાં તેમની એકવીશ પેઢીઓમાં ભક્તિ ન હતી. એમના સંબંધથી ઉદ્ધાર થયો. ઠીક આવી જ રીતે જ્યારે ગુલાલનો ઉપયોગ હોરી ખેલ પછી પૂરો થઈ ગયો છે ત્યારે સર્વોદ્ધારક પ્રભુએ એને (ગુલાલને) વિદાય આપી છે. હવે ફરીથી આ ગુલાલને પોતાના કૃત્ય અને ધર્મ પાલનમાં પાછા ફરવાની આશ્યક્તા નથી. એટલા માટે એ ગુલાલને શ્રીઠાકોરજીએ કૃપા દષ્ટિથી ''છૂ કર'' વિદાઈ આપી છે અને તે ગુલાલ ભાવાત્મક વસંત સ્વરૂપ શ્રીહરિના વિભૂતિરૂપમાં લીન થઈ ગઈ. જેવી રીતે સેવા અને ભાવપરક ગોપીઓ શ્રીઠાકુરજીના આનંદરૂપમાં લીન થઈ ગઈ. અહીં સુધીની વાતોથી ગુલાલનું અલૌકિક સ્વરૂપ થયું.

**ચોવા :** પુષ્ટિ સંપ્રદાયના સેવાભાવી પૂર્વાચાર્યો શ્રીસ્વામિનીજીની આંખોના અંજનને ''ચોવા'' માન્યા છે. આ અંજનની સુંદરતા અને ચટકમાં કાંઈક વિશેષ કલાકારીગીરી હોય છે. આ રસકેલીકલાની નિધાન શ્રીયમુના મહારાણીજી છે. એટલા માટે કોઈ ભાવુકજન શ્રીયમુનાજીથી સંબંધિત બતાવે છે. આજના (કોઈપણ દિવસના) હોરી ખેલમાં જ્યારે શ્રીસ્વામિનીજીની વિજય થાય છે ત્યારે શ્રી સ્વામિનીજી શ્રી ઠાકુરજીના વસ્ત્રોથી પોતાનું અંજન પોંછે (લુંછે) છે. એટલા માટે ચોવાની વિશેષ કોઈ આકૃતિ (પીછવાઈ) વસ્ત્રો ઉપર બનાવવામાં આવતી નથી ફક્ત ટીપકી કરવામાં આવે છે. એથી સિદ્ધ થાય છે કે શ્રીસ્વામિનીજીનો હોરી ખેલમાં વિજય થયો છે. આ ચોવા શ્રીસ્વામિનીજીના અંજનનું સ્વરૂપ છે. શ્રીસ્વામિનીજી જે કોઈને પણ શ્રીઠાકુરજીનો પૂર્ણ આશ્રય પ્રદાન કરે છે, એમને જ શ્રી ઠાકુરજી વિશેષ રસ દાન કરે છે.

**ચંદન :** ફાલ્ગુન વસંતના પહેલાની જે સેવાઓ છે તે પૂર્ણ કામ ગોપીઓની છે. જેમને શ્રીસ્વામિનીજીના સિવાય કોઈપણ ગોપીને શ્રીઠાકોરજીના અંગસ્પર્શનું સુખ નથી મળ્યું. સયનમાં શૈયાજીની રચના પછી શ્રીસ્વામિનીજીને અંગ સંગ પ્રાપ્ત કરતા જોયા ત્યારે એ સુખનો વિરહ નિવૃત્ત કરવાને માટે અહીં ''ચંદન''નો ઉપયોગ છે. ચંદન પોતાની જગ્યાએ શિતલ હોય છે. વસંત ઋતુમાં પણ શિતલતા હોય છે. એટલા માટે ચંદનમાં મૃગમદ (કસ્તુરી) અને કેસરનો ઉપયોગ કરવામાં આવે છે. જેથી એ ચંદન સુહાવનો થઈ જાય. હોરી ખેલના સમાપન સમયે વ્રજગોપીઓને શ્રીઠાકુરજી પોતાના શ્રીઅંગ કેલીકલા રસ (આલિંગન) દાન કરીને વિદાય આપે છે. આથી નિત્ય સેવામાં દેહથી દૂર રહેવાનો વિપ્રયોગ યાદ ના આવે. એટલા માટે હોરી ખેલમાં ચંદનનો ઉપયોગ છે.

બધા પ્રકારના ગુલાલ - અબીર - ચંદન સજાવીને રાખવા માટે જે પાત્ર હોય છે તે પોતાની આકૃતિમાં અંદરની તરફ ઝૂકેલા હોય છે. વળેલા હોય છે. અને બારે માસની સેવામાં કટોરી, ડબરા વગેરે આવી જ આવૃતિના હોય છે. એનો મૂળ વિચાર એ છે કે સેવામાં જીવની અંતરમુખિવૃત્તિ હોવી જોઈએ. બહીરમુખિ વૃત્તિ નહીં. અંતરમુખિવૃત્તિવાળા જીવ પ્રભુની માટે બીજુ શું કરવું એવું વિચારતો રહે છે. બહીરમુખિ વૃત્તિવાળા જીવ એવું કહેતા રહે છે કે અમે આવું કર્યું અને તેવું કર્યું. અંતરમુખી જીવ ભગવદ્ સુખથી પ્રસન્ન રહે છે. બહીર્મુખિ પોતાના સ્વાભિમાનના સુખથી સુખી રહે છે. કોઈપણ પ્રકારના જીવે આ સમજવા જેવું છે. —

# ।। કેસુડો - વૃક્ષ ।।

શ્રીમદ્ ભાગરત દશમ સ્કંધ પૂર્વાર્ધ પંદ્રહ મેં અધ્યાય મેં શ્રીકૃષ્ણ બલરામને વૃન્દાવન પ્રવેશ કીયા ઔર અપને શ્રીમુખસે વૃન્દાવન કી શોભા કે સાથ વહાં કે વૃક્ષોં કે જન્મ કી પ્રશંસા કરી । ઈધર શ્રૃતિો મેં ''વૈષ્ણવાહી વનસ્પતય:'' ઐસા લીખા હુઆ મીલતા હૈ । વૃક્ષોં કા જન્મ દુ:સહ, ક્લેશ સહન કરતે હુએ અનન્ય તપસ્યા, અદીન જીવન, નિતાંત પરોપકાર, અન્યો કે લીએ સુખદ્, દાન કરને કી સતત ચેષ્ટા, પ્રપંચ રહીત જીવન, શુદ્ધ પ્રાકૃત બ્રહ્મ કે આધિન જીવીત રહેને કી કલા, યહ વૃક્ષં કા સ્વભાવ હોતા હૈ । ઔર યહી સેવા પરાયણ ભગવદીય કા સ્વભાવ રહેતા હૈ । વૃક્ષોં કે પુષ્પ-ફલ-પત્ર-જડ ઔર એવમ્ અન્ય સ્વરૂપ ઉસ કે મન ઔર મન કે ભાવ સ્વરૂપ હોતે હૈ । મરણોપરાંત ઉપરોક્ત લક્ષણ કીસી ભગવદીય કે જન્મ કે સાથ ઉદય હોતે હૈ । નિષકર્ષ યહ હૈ કી જબ તક પરોપકારી વૃક્ષકા જન્મ પુરા ન હો જાય તબ તક ભગવદીય વૈષ્ણવ કા જન્મ મીલના મુશ્કીલ હૈ । ક્યોં કી કીસી ભી યોની મેં કર્મ ફલ સમાપ્ત નહીં હોતે ઔર ઉસકા ફલ ભગવદ્ વિમુખ હોકર ભોગના હી પડતા હૈ । વૃક્ષ કે જીવન મેં કર્મ સમાપ્ત હો જાતે હૈ । ગીતા મેં ઐસી હી નિષ્કામ કર્મ કે લીયે અર્જુન કે પ્રતિ શ્રીકૃષ્ણ કા ઈશારા હૈ । સેવા પરાયણ ભગવદીયકા જન્મ વૃક્ષ કે જન્મ કે બાદ હોતા હૈ । ઈસી લીયે પુષ્ટિમાર્ગ કી શૈલી મેં શ્રી ઠાકુરજી કાષ્ઠ કે સિંહાસન પર બિરાજતે હૈ । યહ કાષ્ઠ કા સિંહાસન સેવા કરને વાલે કે પુર્વ જન્મ કા સ્વરૂપ હૈ । પુષ્ટિ પુરુષોત્તમ ઉપસ્થિત સેવક કે પૂર્વ જન્મ - વર્તમાન જન્મ - દોનોં કા એક સાથ ભોગ કરતે હૈ । ઈસ કે બાદ ભવિષ્ય યાને અગલા જન્મ વૈષ્ણવકા સ્વયં શ્રીઠાકુરજી હી ફલ બનતે હૈ ।

ભારતીય સંસ્કૃતિ કે મૂલ સિદ્ધાંતો મેં મૌન એક વ્રત બતાયા ગયા હૈ । ઉસ મૌન કા નામ હૈ કાષ્ઠ મૌન - કાષ્ઠ મૌન કા મતલબ હોતા હૈ અપને પૂર્વ જન્મ કા પુનરાવલોકન ઔર વર્તમાન જન્મમેં વૃક્ષ કા જીવન જૈસા જીવન જીના ।

યું તો ઉત્સવો મેં વૃક્ષો કે પત્તોં કે બંધનવાર (તોરણ) બનતે હૈ । ઔર નીત્ય માલાજી કી થાક મેં કીન્હી વૃક્ષોં કે પત્તે કામ આતે હૈ । ફૂલોં કી માલાજી સિદ્ધ હોતી હૈ । ફલ નીત્ય સેવા-ઉત્સવ ઔર મનોરથોં મેં કામ આતે હૈ । જડ ઔર છાલકા પ્રયોગ ઔષધિ મેં કામ આતા હૈ । સ્નાન યાત્રા મેં ઈન્હી વૃક્ષોં કે વિવિધ પુષ્પ-કેશર-લવંગ-એલાયચી અધીવાશન મેં કામ આતે હૈ । મગર યે સબ અપની અપની સેવા કરકે બીદા હો જાતે હૈ । અમુક વૃક્ષોં કા કાષ્ઠ (યજ્ઞો વૈ વિષ્ણુ) યજ્ઞ મેં અગ્નિ વર્ધન મેં કામ આતા હૈ । મંદિરો મેં ઈસ કાષ્ઠ સે ઉત્પન્ન અગ્નિ હી અન્ન રૂપ હરિ મેં રસ સિદ્ધ કરને મેં સહાયક હોતી હૈ । વહી સિદ્ધરસ રૂપ અન્ન પ્રાણોં મેં રસકા સંચાર કરતા હૈ । ઈન્હી વૃક્ષોં મેં સે એક વૃક્ષ જીસ મેં ફલ નહીં હોતે - કેવલ ફૂલ હોતે હૈ । ઔર સુખને પર ભી વે ફૂલ અપના સ્વભાવ નહીં ત્યાગ તે, જૈસે અચ્છે ભગવદ્દીય દુ:ખો મેં ભી ભગવદ્ આશ્રય નહીં છોડતેં । વહ ટેસૂ (કેસુડો) વૃક્ષ કે ફૂલ હોતે હૈ । ઉન કો ઉબાલ કરકે (ગરમ કરકે) કેશરીયા રંગ હોલી કે દિનોં મેં બનાતે હૈ । ઔર યહ ફૂલ કા કેશરી રંગ પક્કી છાપ છોડ જાતે હૈં । વૃક્ષ પ્રભુ કી અંતરંગ લીલાઓ મેં વિશેષ મહત્ત્વ રખતે હૈ । ઈસકા જીતના ખુલાસા કરે ઉતના હી થોડા હોતા હુઆ ચલા જાયેગા । ''અતી રહસ્ય નિકુંજ કી લીલા'', યદી યહ નિકુંજ કે વૃક્ષ ન હોતે તો હમલોગ કીસ રસાવેશ કા ચિંતન કરતે ।

યહ ''હોરી'' ખેલ ભક્તિમાર્ગ કી ઉન્માદ દશા હૈ ।

# ॥ રાર ઉડાવવાની ભાવના ॥



બાર માસના ઉત્સવ સહિત જેટલા પણ ખેલ છે એનું પ્રાકટ્ય સ્થલ ભાગવત દશમ સ્કંધમાં છે અને જે લીલાઓ રસવિશેષ છે એનું પ્રમાણ રાસ પંચાધ્યાયીમાં છે. શ્રીઠાકુરજીના અંતરધ્યાન થયા પછી ગોપીઓએ પોતાના પ્રભુને બધી જગ્યાએ શોધ્યા. એક નિકુંજ એવી હતી જેમાં અડધી જગ્યાએ પ્રકાશ હતો અને તેના પછી અંધારૂ હતું. એ અંધકારવાળી નિકુંજમાં જ્યારે ગોપીઓ પધારી છે ત્યારે તેઓને પ્રકાશની જરૂરત હતી.

तमः प्रविष्टमालक्ष्य ततो निवबृतुः स्त्रियः ।।४३।। (રાસપંચાધ્યયી અધ્યાય ૩૦, શ્લોક ૪૩)

આ અંધકારવાળી નિકુંજમાં પ્રકાશને માટે ગોપીઓએ રારથી પ્રગટ જ્યોતિ (પ્રકાશ)નો આશ્રય લીધો.

જ્યારે હોરી ખેલ ખેલતા ખેલતા સૂર્ય અસ્ત થઈ જાય છે. ત્યારે શ્રીઠાકુરજી ક્યાંય સંતાઈના જાય તે જોવાને માટે રારથી જ્યોતિ પ્રગટ કરે છે. આ જ્યોતિની સુંદરતાનો આભાસ પૂર્ણચંદ્રની આકૃતિમાં હોય છે. એથી એનો ઉપયોગ કરવામાં આવે છે.

હોરી ખેલમાં ફૂલફાગ જેવી ક્રિયા સુધારવાદી વ્યક્તિઓનો વિચાર છે. જે વાસ્તવિક રંગોનું મહાત્મ્ય નથી જાણતા તેઓ ફૂલની હોળી-ફાગ ખેલે છે. વ્રજગોપીઓએ તો રંગની હોરી ખેલી છે.

‘રાર’ ઉડાડવાની જ્યોતિમાં શ્રીઠાકુરજીના મુખચંદ્રની આભાનું દર્શન થાય છે. અહીં સંયોગ રસની લીલા છે એને વિરહ અથવા વિપ્રયોગ માનવામાં આવતો નથી. કારણ કે સંયોગમાં વિપ્રયોગના લક્ષણ આવતા નથી અને હોરી રોમ રોમથી સંયોગ-રસનું સ્વરૂપ છે.

# ॥ ધોયેલા વસ્ત્ર ॥



હોરીના દિવસમાં પીછવાઈ, ખંડપાટ કે વસ્ત્ર શ્રીઅંગના વસ્ત્ર કોરા નથી હોતા પણ ધોયેલા વસ્ત્ર આવે છે. હોરીના દિવસની લીલા નિર્ગુણ ભક્તોની લીલા છે. નિર્ગુણ ભક્તોના માલિક શ્રી સ્વામિનીજી અને શ્રીયમુનાજી છે. એટલા માટે ફાલ્ગુનના મહિનામાં શ્વેત વસ્ત્ર આવે છે. અહીં શ્રીસ્વામિનીજી નિર્ગુણ યુથની અધિકારીણી છે અને ગરમીના દિવસમાં જ્યારે ઝીણા સફેદ વસ્ત્ર આવે છે ત્યાં શ્રીયમુનાજી નિર્ગુણ યુથની અધિકારીણી છે. આ બન્નેના યુથમાં જે સખી સહચરી છે એમાં એમની ઉંમર (વય)નો ફર્ક છે. શ્રીસ્વામિનીજીને ત્યાં જે ગોપીજન છે તે ઉંમરમાં થોડી મોટી છે. પ્રાય: કરીને બધાની ઉંમર તેર વર્ષની ઉપર છે. એટલા માટે ફાલ્ગુન માસમાં અંગીકાર થવાવાળા વસ્ત્ર કંઈક મોટા હોય છે અને ગ્રીષ્મ કાળમાં જ્યારે નિર્ગુણ યુથની માલિક શ્રીયમુનાજી હોય છે ત્યાંની સખી સહચરી ઉંમરમાં નાની હોય છે. કોઈની પણ ઉંમર ૯ થી નીચે અને ૧૧ વર્ષથી મોટી નથી. એટલા માટે ગ્રીષ્મકાળના વસ્ત્ર અતીશય ઝીણાં અને બારીક (પાતલા) હોય છે. શ્રીસ્વામિનીજીની યુથની સખીઓ જ્યારે હોરી ખેલવા માટેની તૈયારી કરે છે ત્યારે શ્રી યમુનાજીના યુથની નિર્ગુણ ભાવ પરક ગોપીઓ પણ શ્રીઠાકોરજીને ત્યાં હોરી ખેલવાની આજ્ઞા માંગે છે. અહીંથી જે આજ્ઞા લઈને ખેલમાં જવાવાળી ગોપીઓના કારણને લઈને શ્રીઠાકોરજી યમુનાજલ ભાવ સંપન્ન ધોયેલા વસ્ત્ર અંગીકાર કરીને પધારે છે. એટલા માટે અપરસમાં ધોયેલા વસ્ત્રની પ્રણાલીકા છે.

સાધારણ રીતે સમજમાં આવે છે કે ધોયેલા વસ્ત્ર ઉપર ગુલાલની છાપ સારી પડે છે. પરંતુ અહીં ભક્તિમાર્ગ છે લૌકિકમાર્ગ નથી. મૂળવાત એવી છે કે શ્રીયમુનાજીના અંતરંગ સંબંધ વગર કૃષ્ણ ભક્તિમાં લીલાના રંગની છાપ નથી પડતી. એટલા માટે પુષ્ટિ સંપ્રદાયમાં શ્રીયમુનાજીનો ભાવ વિશેષ માનવામાં આવે છે.

# ॥ અબીર – ગુલાલની ચોલી ॥



**।।अबीर की चोली ।।** खेलति बल मनमोहना ।। ए तरेह ।। नख सिख भेख कीयौ मन मोहन अंग अंग सोभा बरनी न जाई । जाई मिले वृषभानु कुंवरि सों मन में श्याम बहुत सुख पाई ।।१ ।। अबीर की चोली फबि बहु मोली निरखति मनमथ गयो लजाई ।
'छीतस्वामी' गिरिधरन श्री विठ्ठल अद्भुत छबि कौन पै कही जाई ।।२ ।।

વ્રજમાં શ્રીઠાકુરજી અને શ્રીસ્વામિનીજીના યૂથ જ્યારે પરસ્પર મળીને એકબીજા સાથે હોરી ખેલ ખેલે છે. ત્યારે તેમાં યુથના હિસાબે અલગ-અલગ રંગોમાં ફાગ ખેલ થાય છે. શ્રીઠાકુરજીના સખા જ્યારે વધારે ઉત્સાહમાં શ્રીસ્વામિનીજીને 'ઘેરી'ને સન્મુખમાં રંગ ફેંકે છે ત્યારે તે રંગની અધીકતાથી શ્રીસ્વામિનીજીના અંગના શ્રીવસ્ત્ર એ રંગમાં શોભીત થઈ જાય છે. પરંતુ દર્શન કરવાવાળાને દર્શનીયતામાં (જોવામાં) (દર્શન કરવામાં) જ્યારે ચોલી ઉપર જ દ્રષ્ટિ અટકે છે ત્યારે તેની અસર કોને રીઝવવા માટે પરવસ કરી રહ્યા છે. કવી પોતાના પદમાં એજ લક્ષનો ખુલાસો કરે છે.

ક્યારેક ક્યારેક બહારથી ત્રણે પ્રકારથી ચોલીના જે રંગ છે એ એ રંગોના વસ્ત્ર હોય છે. જ્યારે અબીરની ચોલી કહેવું છે. ત્યારે એક 'ઝીલમીલ'નું કપડું આવે છે. જેમાં સિતારા (તારા) પાસે-પાસે હોય છે જેમાં અબીરની શોભા હોય છે. જ્યાં આછો ગુલાબી વસ્ત્ર હોય છે ત્યાં ચૈત્રી ગુલાબના અત્તરની સુગંધી અન્ય અત્તરમાં મીશ્રીત કરીને ગુલાલ ફેંકવામાં આવે છે ત્યાં ગુલાલની ચોલી શોભાયમાન છે. જ્યાં ધુમ્રશ્યામ રંગના વસ્ત્ર હોય છે ત્યાં ચોવા શોભાયમાન હોય છે. તેને ચોવાભરી ચોલી કહેવામાં આવે છે. આવી રીતે અન્ય પણ સમજવું જોઈએ.

**।।गुलाल की चोली ।।** आजु माई खेलति फागु हरी । सब सखियन सिंगार कीयो मिलि सुंदर माँग भरी ।।१ ।।
गुलाल की चोली अबीर की झोरी चहुं दिस लागी भरी । 'कृष्ण जीवन लछीराम' के प्रभु राधा कों अंक भरी ।।२ ।।

(૧) જ્યારે અબીરની ભરમાર થાય છે ત્યારે તે અબીરની ચોલી કહેવાય છે. (૨) જ્યારે ગુલાલની ભરમાર થાય છે ત્યારે તે ગુલાલની ચોલી કહેવાય છે. (૩) જ્યારે ચોવાની ભરમાર વધુ થાય છે ત્યારે તે ચોવાની ચોલી કહેવાય છે.

દૂરથી રંગના અબીર - ગુલાલ - ચોવા ફેંકવાથી તે અબીર ગુલાલ - ચોવા ચોલીમાં ઉલઝી જાય છે. એનો અર્થ એપણ સમજવો જોઈએ કે અબીર ભરી ચોલી, ગુલાલ ભરે ચોલી અથવા ચોવા સની હુઈ ચોલી.

# ।। મોજાજી ।।



એક સમય શ્રીઠાકોરજીએ નાગદમન લીલા કરી એ સમયે શ્રીઠાકોરજીનું કાલીયનાગ સાથે જલમાં વિરોધ ચાલી રહ્યો હતો. પછી શ્રીઠાકોરજી કાલીયનાગની વૃત્તીઓનું દમન કરવાનેમાટે એના મસ્તકની ઉપર નૃત્ય કરી રહ્યા હતા. આ લીલામાં શ્રીબલરામજી પધાર્યા ન હતા. અહીં વ્રજમાં બધાને નંદરાયજી-યશોદાજી અન્ય ગોપીઓના ચિત્તમાં અશાંતિ થવા લાગી, ''આજે એકલા છે અને ક્યાં છે ?'' એ વખતે શ્રીબલરામજી સહીત નંદ-યશોદા અને ગોપીજન ઘર છોડીને વનમાં ગયા, અને એ ત્યાં પહોંચી ગયા જ્યાં શ્રીઠાકોરજી નાગદમન લીલા કરી રહ્યા હતા.

तेऽन्वेषमाणा दयितं कृष्णं सूचितया पदैः । भगवल्लक्षणैर्जग्मुः पदव्या यमुनातटम् ।।૧૭।।
ते तत्र तत्राब्जयवाङ्कुशाशनि ध्वजोपपन्नानि पदानि विश्पतेः ।।૧૮½।। (ભા. સ્કં. ૧૦, અ. ૧૬, શ્લો. ૧૭/૧૮½)

આ બધા વ્રજભક્તો આપશ્રીના ચરણ ચિન્હોને જોતાજોતા ત્યાં પહોંચી ગયા જ્યાં શ્રીઠાકોરજી છે. એના પછી શ્રીઠાકોરજીએ વેણુનાદ કરીને પોતાની સાથેની ગોપીઓને આશક્તિનું દાન કર્યું. આસક્ત ભક્ત ક્યારેપણ શ્રીઠાકોરજીથી દૂર રહેતા નથી. તે પોતાના પ્રભુની વિવિધ વાર્તા પ્રસંગોથી ઉત્સુક થઈને તેમની નજદીક-પાસે પહોંચી જાય છે.

ઉપરોક્ત બંને પ્રકારની લીલાઓની આગળ હેમંતઋતુની લીલા ઉપસ્થિત થઈ. જેમાં કુમારીકાઓએ કાત્યાયની વ્રત કર્યું. જ્યારે શ્રીઠાકોરજી નાગદમન-લીલા કરે છે. ત્યારે વ્રજભક્તોના હૃદયમાં સંકેત થાય છે કે કાંઈક થઈ રહ્યું છે. જ્યારે કુમારીકાઓ કોઈ લીલા કરે છે ત્યારે શ્રીઠાકોરજીના હૃદયમાં પણ એની સુચના કે સંકેત કેમ ન પહોંચે ? ''અવશ્ય મળશેજ,'' બંને લીલાઓ શ્રીયમુનાજીના કિનારે થઈ છે. લીલા કરીને શ્રીઠાકોરજી પાછા પધાર્યા છે ત્યારે નંદ ભવનની સેવામાં શ્રીચંદ્રાવલીજીની ઉપસ્થિતિ છે. શ્રીચંદ્રાવલીજીના પૂછવાથી, ''આપ ક્યાંથી પધાર્યા છો.'' ત્યારે શ્રીઠાકોરજી કોઈ ચોક્કસ જવાબ આપતા નથી. શ્રીઠાકોરજીની આ માનસીક ચોરી શ્રીયમુનાજી અને શ્રીચંદ્રાવલીજીની ચર્ચામાં - વાતોમાં આપના પધાર્યાની જાણકારી મળી જાય છે.

એક દિવસ રોજની રીત પ્રમાણે શ્રીઠાકોરજી કુમારીકાઓનું પૂજન જોવાને માટે પધાર્યા ત્યારે કુમારીકાઓ ઠંડીથી કાંપી રહી હતી. અને ગોપીઓ એકબીજાને કહેતી હતી, ''શીત લગત તન ભારી'' આ પંકતી દરરોજની છે. એની પુરતી ચીરહરણના દીવસે પૂરી થશે. ત્યારે પછી શ્રીઠાકોરજીએ શ્રીયશોદાજીને આ વાત કહી, ''શીત લગત તન ભારી''.

આ વાત સાંભળને શ્રીયશોદાજીએ શ્રીઠાકોરજીને મોજા સિદ્ધ કરીને ધરાવ્યા. આ મોજા શીતકાલમાં કઈ પ્રકારના હોય છે. એના વસ્ત્ર ઘણા પ્રકારના હોય, શ્યામ-પીત-અરૂણ - તોતઈ-ગુલાબી આદી-આદી. પરંતુ શ્રીયશોદાજીએ એવું કહ્યું હતું કે શ્રીનંદરાયજીને કહીને સુંદર વસ્ત્ર મંગાવીને મોજા સિદ્ધ કરીશું. ત્યારે શ્રીઠાકોરજીએ કહ્યું કે ''સુંદર વસ્ત્ર તો મારી પાસે છે.'' એવું કહીને શ્રીજીએ કેટલાક વસ્ત્ર શ્રીયશોદાજીને આપ્યા. એમાંથી જ મોજાજી સિદ્ધ થયા હતા. પહેલા જણાવ્યું કે, કુમારીકાઓનું કાત્યાયની પૂજન જોવાને માટે આપ નીત્ય પધારતા હતા. ત્યાંથી આપ રોજ નીત્ય એક એક વસ્ત્ર ગોપીઓનું ચોરીને લાવતા હતા. જે ચોરી કરીને વસ્ત્ર લાવ્યા હતા તે મુખવસ્ત્ર અને કંચુકીના છે. મોજાજીમાં નીચેનું વસ્ત્ર મુખવસ્ત્ર છે, અને ઉપરનું મોજાજીનું વસ્ત્ર કંચુકીનું છે. મોજાજીની 'નોક'માં કંચુકીની કસની જરૂર આવે છે.

ધર્નુર માસમાં ચાર દિવસ તારગાણની છાયામાં રાજભોગ આવે છે. તે સમયે શ્રીઠાકોરજી મોજા પહેરીને પધાર્યા છે, એટલા માટે કે ચરણ ચિન્હ જોઈને કોઈ પાછળ-પાછળ આવે નહીં.

तासां विज्ञाय भगवान् स्वपादस्पर्शकाम्यया ।।૨૪।। (ભા. ૧૦ સ્કં., ૨૨ અ., ૨૪ શ્લોક)

આ શ્લોકની ભાવનાથી શ્રીઠાકોરજીએ ગોપીઓને વરદાન આપ્યુ છે.

આ લીલાની શ્રીયમુનાજી અને શ્રીચંદ્રાવલીજીને ખબર પડી કે ચરણ ચિન્હ પ્રગટાવ્યા વગર આપ વરદાન આપીને આવ્યા છો. ફાગણ માસમાં રાજભોગમાં-હોરી ખેલમાં આ કારણે વસ્ત્રથી ઢાંકીને હોરી ખેલાવવામાં આવે છે. આજે શ્રીઠાકોરજી ક્યાં-કોની ત્યાં પધાર્યા, જે ગોપીઓને સુર્યોદયની પછી ચરણચિન્હ જોવામાં આવ્યા નથી અને તેમને શ્રીચંદ્રાવલીજીથી શ્રીયમુનાજીની સાક્ષીમાં જ્યારે આ કપટની જાણ થઈ ત્યારે તેજ ગોપીઓની મારફતે (દ્વારા) રાજભોગમાં 'ગારી' ગાવામાં આવે છે. વ્રજની લીલામાં શ્રીયમુનાજી 'ગારી' ગાવાના સમયે 'કાલીન્દી' રૂપ હોય છે જેના કારણે 'ગારી' ગાવાવાળી ગોપીઓને દોષ લાગતો નથી. દોષ નિવારણ કરવાવાળા સ્વરૂપને 'કાલીન્દી' કહેવાય છે. જે-જે ગોપીઓના મુખવસ્ત્ર અને કંચુકી ચોર્યા છે એમના જ ભાવ રૂપ રંગના મોજાજી આપ અંગીકાર કરો છે. કુમારીઓના હૃદયમાં શ્રીઠાકોરજીના મિલનનો તાપ છે. એટલા માટે શીતકાલની સન્મુખ આવેલી અંગેઠીમાં હલ્કા-નેવાયા (સાધારણ-ગરમ) કરીને મોજાજી ધરાવાય છે.

ચીરહરણ લીલામાં કુમારીકાઓની ઓઢણી પણ ચોરીને રાખી હતી. એ ઓઢણીમાં પણ જે-જે ગોપીઓના તાપ યુક્ત મિલન જોડાયેલા હતા એ વસ્ત્રનું આપ તન-સુખ અંગીકાર કરે છે. તન-સુખની ઓળખાણ સ્ત્રીભાવાપન્ન રંગોમાં થાય છે. તાપ ભાવના રંગને લીધે સુગંધીમાં સોંધા વસ્ત્રોના માધ્યમથી અંગીકાર કરાવવાની રીત છે.

શ્રીકૃષ્ણ મિલનના તાપ-ભાવ યુક્ત વ્રજશ્રીમંતીઓની અંગની સુગંધી - સોંધો છે. આ શીતકાલથી અલગ ચૈત્રમાસમાં પણ આવે છે. આનો પ્રયોગ (ઉપયોગ) ચાહે કોઈ પણ રીતે કરે પરંતુ સોંધાનો ઉપયોગ ફક્ત શૈયામંદિરમાં જ રહે છે. પુષ્ટિમાર્ગમાં સન્મુખમાં વિપ્રયોગ નથી. શીતકાલમાં ખંડીતા લક્ષણ ધરાવતી (જેનું ધૈર્ય તુટી ગયું છે.) નાયીકા જે કાંઈપણ કહે છે તે ખંડીતાના પદોમાં જોવા મળે છે - સમઝાય છે. એમાં પોતાની વિરહભાવના ખંડ ખંડ રૂપમાં વર્ણન કરે છે. શ્રીયમુનાજીની સન્મુખ ચરણચિન્હોના દર્શન મોજાજીના કારણે જ ગુપ્ત રહ્યા એના ખુલાસામાં શ્રીચંદ્રાવલીજી સાક્ષી (ગવાહ) છે. અતઃ શ્રીચંદ્રાવલીજી સ્વરૂપ શ્રીવિઠ્ઠલેશ પ્રભુ ચરણના પ્રાગટ્ય દિવસથી મોજાજી ધરાવવાની ભાવના છે.

આ પ્રકરણને લઈને કોઈને રસદાનની આજ્ઞા થઈ છે અને કોઈને નથી થઈ. એટલા માટે આ ધર્નુમાસમાં આજ્ઞા પ્રાપ્ત કુમારીકાઓની તરફથી નીત્ય નવીન એક સામગ્રી આરોગાવવાની વિધી છે. આ વિધીમાં શ્રીઠાકોરજીને રસકલામાં પોતાને લાયક નિપુણ બનાવવાને માટે વિશેષ સામગ્રી શુભગસુંઠ (સૌભાગ્યસુંઠ) આરોગાવવાનો પ્રારંભ કરે છે.

શ્રીચંદ્રાવલીજીના અંતરગત યુથમાં જેટલી ગોપીજનો છે તે બધાની કામ નિવૃત્તિને માટે એક-એક સામગ્રી મળીને શુભગસુંઠ (સૌભાગ્યસુંઠ) સિદ્ધ થાય છે.

આયુર્વેદ પ્રવર્તક ધન્વન્તરીના મત પ્રમાણે કામકલામાં કોઈ મૂળ ઔવસધિ યોગનું સેવન અનુમાનીત ૪૦ અથવા ૪૧ દિવસનું છે. શ્રીગુસાંઈજી પ્રભુચરણના પ્રાગટ્ય ઉત્સવ થી વસંત પંચમી સુધી આટલા જ (૪૦) દિવસ થાય છે. પુષ્ટિમાર્ગમાં કોઈપણ ઘરમાં વસંત પછી સૌભાગ્યસુંઠ ધરાવવામાં આવતી નથી. (અપવાદ છોડીને) આ કારણે, ''કરણીગણવ્રત વારણ એવ રતિપતિમાન ભંગ'' એવું અષ્ટપદીમાં કહ્યું છે.

અષ્ટપદી રાજભોગમાં (વસંતના ૪૦ દિવસમાં) પ્રતિદિન ગાવામાં આવે છે. આ ૪૦ દિવસની આઠ-આઠ નીત્ય નવીન ગોપીઓની ઉપસ્થિતિ છે. એટલા માટે આઠ-આઠ ગોપીઓના ચાલીશ (૪૦) દિવસના (૪૦) યુથ છે. એમની સાથે શ્રીઠાકોરજીનો ખેલ છે. આ ખેલનું નામ ફાગ-ખેલ છે. 'ફલગુ' શબ્દથી 'ફાગ' બન્યો છે. ''ફલગુ''નો અર્થ થાય છે ''બહુ જ ઓછું'', ''ઘણું થોડું'', શ્રીઠાકોરજીએ બહુ જ ઓછો સમય આપીને ગોપીજનોની ઉત્કંઠા વધારી છે. આ ઉત્કંઠાને પૂરી કરવાને માટે શ્રીમદ્ પ્રભુચરણે વર્ષોત્સવની માન્યતા આપી છે. ''આવું સુખ પ્રતિવર્ષ મળ્યા જ કરશે.''

શ્રીનાથજીનો પાટોત્સવ - આજે ૧૦૮ દિવસ પછી પ્રભુના ચરણારવિંદના દર્શન થાય છે (મોજાજી વડા થઈ જાય છે.)



# ॥ ફગુવા ॥

ભગવાન શ્રીકૃષ્ણએ 'વસંતઋતુ'ને પોતાનું સ્વરૂપ બતાવ્યું છે. રસાત્મક સ્વરૂપની સ્થિતી સ્વરૂપમાં જ હોય છે સ્વરૂપની બહાર નથી હોતી. એટલા માટે આ રસાત્મક વસંત ખેલનું જે સ્વરૂપ છે. તે બધા નિકુંજમાં જ છે. કોઈનું (ભાવનાકારનું) કહેવું છે કે નિકુંજમાં શ્રીઠાકોરજીના વામ (ડાબા) અંગથી શ્રી યમુનાજીનું પ્રાકટ્ય થયું. કોઈ ભાવનાકારનું એવુ કહેવું છે કે, ''નિકુંજમાં જ અતિસય સંયોગાવસ્થાથી રસમાં નિમગ્ન થવાથી શ્રીસ્વામિનીજીનું પ્રાકટ્ય થયું.'' પુષ્ટિમાર્ગની નિધિ સેવાઓમાં જ્યાં શ્રી યમુનાજીનું પ્રાકટ્ય પ્રથમ અને મુખ્ય (પ્રમુખ) માન્યું છે. ત્યાં પ્રથમ શ્યામ રંગ ના ગુલાલનો પ્રયોગ થાય છે. અહીં લીલાના રસાવેશની પ્રાથમીક્તા છે. જ્યાં નિકુંજની ભાવનાકારોએ શ્રીસ્વામિનીજીનું પ્રાકટ્ય માન્યું છે. ત્યાં પીત અથવા કેશરીયા ગુલાલથી ખેલ પ્રારંભ થાય છે. આ પણ સંજોગરસની અતિસય રસાવેશ દશા છે.

રાજા પરિક્ષીતને શ્રી સુકદેવજીએ વ્રજલીલાના અધિકારી માન્યા હતા. નિકુંજના અધિકારી માન્યા નથી. એટલા માટે પરિક્ષીતની સમક્ષ આ નિકુંજ વિશીષ્ટ લીલા ગુઢ રસમાં માનવામાં આવે છે. વાસ્તવમાં આ લીલાનું ગુપ્ત સ્વરૂપ રાસ લીલામાં જ છે. જો આવું ન થાય ત્યારે વ્રજમાં સારસ્વત કલ્પના રાસસ્થલ ચંદ્રસરોવરનું નામ ન હોત. નંદરાયજીના સમયે વર્તમાનમાં રાસસ્થલ વૃન્દાવનનું નામ ન હોત. શ્રીમહાપ્રભુજીના સમયે રાસસ્થલ કરહલા અને રાસોલીનું નામ ન હોત. આ કારણે હોરી ખેલનો રસ સ્વરૂપાત્મક ભાવનાવાળા છે. હોરીમાં ગાવામાં આવતા જેટલા પણ રાગ છે તે બધા પ્રાય: ઉત્તેજક છે. જેના ગાવાથી શુદ્ધજીવના દેહસ્થ રસ કામમય થઈ જાય છે. હોરી ખેલની ખેલવાવાળી ગોપીઓનાં રોમરોમમાં ભગવદ્કામની રસાવેશ દસા પ્રગટ થાય છે. કારણ કે જે પોતાની જગ્યાએ ઊંચાઈ ઉપર છે, તે નીચે નહીં ઉતરે. જેવી રીતે વેદની શ્રુતિઓ અને વેદ ધર્મમાં નિમગ્ન (લીન) ઋષિ અને વેદધર્મથી પ્રમાણીત શાસ્ત્ર (કુમારીકા) અને તેના આધારથી યજ્ઞમાં આવાહીત (આવાહન કરેલા) દેવ ક્યારે પણ લૌકિક કામદેવના રસાવેશમાં હોતા નથી. તે હંમેશા પોતાનાથી ઉપર ભગવદ્ કામ રૂપી રસાવેશમાં લીન હોય છે. વ્રજગોપીઓ જે પ્રભુની ઈચ્છા રાખે છે અને જે પ્રભુને ઈન્દ્રીય ધર્મ સમર્પણ કર્યા વગર નથી રહી શકતી. એ ગોપીઓના 'વસંત ઉત્સવ'માં કામરૂપ શ્રીહરિ છે. જે ફક્ત લોક અને વેદથી ઉપર ઉઠીને નિકુંજની ભાવાત્મક પૃથ્વી ઉપર લીલા રસદાન આપે છે. એના અધિકારી ગોપીજન

શ્રીશુકદેવજી, શ્રીઆચાર્યચરણ અને શ્રીપ્રભુચરણનો પુષ્ટિમાર્ગીય સહિત વંશ છે. આ વંશમાં ૮૪-૨૫૨ વૈષ્ણવ પણ આવે છે. આ ભાવ લીલા એવી ને એવી ઉત્તમોત્તમ ધર્મમાં શૃંગાર રસ મણી ના જેવી લીલા-પુરુષોત્તમને ત્યાં નિત્ય બિરાજે છે. આ રસમાં અથવા આ ખેલમાં જે વિશેષ રૂપથી ગોપીજન નિમગ્ન થઈ જાય છે. એમને પુનઃ જાગૃતિ અવસ્થામાં અથવા ચેતન અવસ્થામાં લાવવા માટે શ્રીઠાકુરજી ખેલ થઈ ગયા પછી આ ગોપીઓને ફગુવા આપે છે. ફગુવાની થાળમાં ૮-૧૬-૨૪-૩૨ના ક્રમમાં વિવિધ રસોથી પરિપૂર્ણ કટોરીઓ હોય છે. આ જેટલી પણ સામગ્રી છે એને શ્રીઠાકુરજીના કરકમલો દ્વારા સ્વીકાર કરીને ગોપીઓ ફરીથી બીજા દિવસના ખેલ માટે જાગૃત અને સચેત થાય છે. અન્યથા ભગવદ્ કામની દશામાં નિમગ્ન થવાથી સ્વરૂપ વિસ્મૃતિ થઈ જાય છે. ત્યારે બીજા દિવસનો ખેલ કેવી રીતે શરૂ થાય ? આ સ્વરૂપ વિસ્મૃતિમાંથી પાછા લાવવા માટે ખેલ થઈ ગયા પછી શ્રી ઠાકુરજી ફગુવા આપે છે અને બીજા દિવસના ખેલનું સામર્થ દાન કરે છે.

જેવી રીતે સમાધીકાર ઋષિ એક વખત પણ સમાધીમાં ઉતરી જાય છે ત્યારે તેમને આત્મજ્યોતિ બ્રહ્મસાક્ષાત્કાર જ્ઞાનોપલ્બ્ધી અને અમૃતોપલ્બ્ધી, એક જ વખત મળે છે. પરંતુ શૃંગારરસની રસ વિશેષ કામવિશેષ, નિકુંજનાયકની છબીરૂપ સુધાનું રસપાન કરવાને માટે નીત્ય મુર્છીત થવું અથવા એ લીલારસમાં ડૂબવું અને ફગુવા લઈને ફરીથી ચેતના અવસ્થામાં પાછા ફરીને પુનઃ નિત્ય નૂતન લીલારસ વિષેશની સુખદ્ સમાધીમાં લીન થવું અને તેના આનંદનું પરસ્પર વર્ણન કરવું એ જ ગોપીઓનો ફાગ ખેલ છે.

આ વસંતખેલ શ્રીકૃષ્ણ ભક્તિની 'પ્યાસ' વધારવાવાળો ખેલ છે. વ્રજગોપીઓની વાત ક્યાં સુધી કરીએ, સામાન્ય રૂપથી વ્રજમાં જન્મ લેવાવાળા વ્રજવાસી હોરીના છેલ્લા દિવસોમાં ગાય છે. ''હોરી લેબઉવા યાર ફગુના જાય મત રે''

આ ભક્તિ ગાન આ સીધા અને ભોળા વ્રજવાસીઓની પ્યાસ-તરસનું સૂચક છે.

આપણી વ્રજશ્રીમંતીની લોકોત્સવ સ્વરૂપ શ્રી ઠાકુરજી પાસે નિત્ય ખેલ પછી ફગુઆ માંગવા માટે જાય છે. ''ફગુવા દે મોહન મતવારે, ફગુવા દે''.

# ॥ હોળીના રંગ – ખિલૌના – વસ્ત્રો તૈયાર કરવાની રીત ॥

## હોળીના રંગ

એક થાળીમાં આલા લોટ લઈ તેમાં થોડું જળ પધરાવી તેમાં ખાવાના જે મીઠા રંગ આવે છે તે પૈકીનો લીલો રંગ આ લોટમાં ઉમેરી બન્નેનું બરાબર મિશ્રણ કરવું. આથી એનો ગાંઠા (ગઠ્ઠા) બની જશે. આ ગાંઠાને બે-ત્રણ દિવસ છાંયડામાં સૂકાવા દો. પછી તેને ખાંડી નાખો અને કાપડથી ગાળી નાખો આ રીતે લીલો રંગ બનશે. તેમાં સુગંધી ઈત્ર અને અબરખ પાવડર ઉમેરો. શ્રીઠાકોરજી માટે કેમીકલ વગરનો રંગ તૈયાર. આ રીતે અલગ અલગ રંગ તૈયાર કરી શકાય છે.

## શેરડીના ખિલૌના

**સામગ્રી :** (૧) છોડા કાઢેલી અને બન્ને બાજુથી ગાંઠા કાપેલી શેરડી, (૨) ચપ્પુ, (૩) ખીલી (ચાંદીની), (૪) સુડી વગેરે. દરેક ખિલૌના શેરડીમાંથી જેવા કે ઘુઘરા, જાંબુડી, ઝાડ, બંટાજી, ગેંદ, બેટ, પિચકારી, ચકરડી, ઝારીજી, ચકડોળ, ગીલ્લી-દંડા વગેરે આપણી કલ્પનાથી બનાવી શકાય. ક્યારેય સ્વરૂપ પશુ, પંખીઓના ખિલૌના બનાવવા નહીં. કારણ આ ખિલૌના શ્રીઠાકોરજી સ્વયં આરોગે છે.

**ઘુઘરા :** સૌ પ્રથમ બન્ને બાજુથી ગાંઠા કાઢી નાખેલ શેરડીનો એક ટુકડો લઈ બન્ને બાજુના નાકા પર, મધ્યમાં ખીલીથી (ચાંદીની) એક ઈંચ જેટલા કાણા પાડો. બીજો શેરડીનો ટુકડો લઈ તેના ત્રણ સરખા ભાગ કાપો. એક ભાગ લઈ સુડીની મદદથી ગોળ બનાવો. બીજા એક ભાગને પણ ગોળ બનાવો. એક ટુકડામાંની ખીલી જેટલો અને એક ઈંચ ભાગ કોતરી કાણા પાડેલી શેરડીના ટુકડામાં બન્ને બાજુ ઘોંચો. ગોળ બનાવેલાને વચ્ચે ખીલીથી કાણાં પાડી ગોળ ભાગને શેરડીમાં જે બે એક ઈંચના ભાગ ઘોંચ્યા હોય તેમા ભેરવી દો જેથી ઘુઘરા બની જશે.

**જાંબુડી :** તે જ પ્રમાણે શેરડીના ટુકડાને પાતળો બનાવી ઉપર બાજુમાં બે બાજુ કાણાં પાડી, શેરડીના ખીલી જેવા ભાગને ઘોંચો. જેથી જાંબુડી તૈયાર થઈ જશે.

**ઝાડ :** શેરડીના ટુકડાને લઈને તેને ફરતે થોડે થોડે અંતરે ખીલીથી કાણાં પાડો. એ કાણાંમાં ખીલી જેવા શેરડીના ભાગને ઘોંચો. પછી તેના પર કાળી કે લીલી દરાખ ઘોંચો જેથી ઝાડ તૈયાર.

**ગેંદ :** શેરડીનો એક ભાગ લઈ તેના ત્રણ સરખા સરખા ભાગ કરો અને સુડીની મદદથી તેને ગોળ બનાવો. જેથી ગેંદ તૈયાર થઈ જશે.

**બેટ :** શેરડીના ટુકડાને બરાબર વચ્ચેથી ઊભા બે ભાગ પાડો અને તેને બેટ આકાર આપો. કોઈ એક ભાગ પર શેરડીના એક ટુકડાને થોડો જાડો ભાગ લઈ તેને ગોળ બનાવો. પછી શેરડીના ઊભા ભાગ પર ઘોંચી દો. બેટ તૈયાર.

આ પ્રમાણે જાત જાતના ખિલૌના તમારી કલ્પનાથી બનાવો. પ્રત્યેક ખિલૌના નંગ ૨ (બે)ની સંખ્યામાં બનાવો. પછી તે ખિલૌનાને પાણીથી ધોઈ એક રકાબીમાં સજાવટ કરી શ્રી...જીને પધરાવો.

## ખાંડના ખિલૌના

**સામગ્રી :** ખાંડ, તપેલું, બીબાં, રંગ, ચપ્પુ, તવેથો.

એક તપેલીમાં ખાંડ લઈ તેમાં પાણી એટલું ઉમેરો કે જેથી ખાંડ ડુબી જાય. અગ્નિ પર તપેલું મૂકી હલાવતા જાવ. પછી બે તારની ચાસણી તૈયાર થાય એટલે નીચે ઉતારી બરાબર હલાવો. આ તૈયાર ચાસણીને જે

બીબું હોય તેના બે ભાગોને ભેગા કરી દોરી વિંટાળીને ગાંઠ મારો. ચાસણી બીબામાં ભરો. ૧૦-૧૫ મિનિટ પછી તે બીબાંને ખોલી નાંખો. જેનું બીબુ હશે તેવા ખિલૌના તૈયાર. ખિલૌના પરની વધારાની ચાસણી દૂર કરો. રંગીન ખિલૌના બનાવવા માટે ચાસણીમાં રંગ ઉમેરવામાં આવે છે. ખિલૌના નંગ ૨ (બે)ની સંખ્યામાં બનાવો. એ રકીબીમાં સજાવટ કરો. આ ખિલૌના અન્નકૂડમાં પણ બે છાબની વચ્ચેના ભાગમાં મૂકવામાં આવે છે. કમરક, અનન્નાસ, કેળું, કુંડળ વગેરે જાત-જાતના બીબાં હોય છે.

### હોળીના વસ્ત્ર

સામગ્રી : એક સુતરાઉ કાપડ, રંગ, નવું ટૂથ બ્રશ, મીઠું, જાડા રબર બેન્ડ, દોરો.

સૌ પ્રથમ પિછવાઈ માપનું સુતરાઉ કપડું કાપી લો. એક તપેલીમાં મીઠું પાણી લઈ તેમાં મીઠું નાંખી અગ્નિ પર ઉકાળો. પછી તે પાણીને એક વાટકીમાં લો અને તેમાં જે રંગ લેવો હોય તે ઉમેરો અને હલાવો. રંગ બહુ જાડો કે પાતળો થઈ જવો જોઈએ નહીં, મીડીયમ રાખવો.

નવા (ફ્રેશ) ટૂથ બ્રશને રંગમાં બોળી કપડા પર લઈ તમારી આંગળી ફેરવશો જેથી ઝીણાં ઝીણા છાંટા પડશે. આવી રીતે એ કાપડ પર બે ત્રણ રંગના છાંટા પાડી શકાય છે. કાગળના ફૂલ, ગાય, મોર વગેરેના બીબાં કપડા પર મૂકી તેની ફરતે ટૂથબ્રશથી છાંટા પાડશો ને બીબાંવાળા ભાગ પર છાંટા નહીં પાડતા. જે બીબાં હશે તેરો આકાર આવી જશે.

બીજું એક સુતરાઈ કપડું લો. તેને વચ્ચેથી વાળી તેમાં થોડો ભાગ છોડી દો અને રબર બેન્ડને ટાઈટ વીંટાળીને તેની ઉપર દોરી બાંધી રંગની વાટકીમાં બોળો. પછી થોડો વખત નીતારો. થોડી વાર પછી ફરીથી કાપડનો થોડ ભાગ છોડી ઉપર મુજબ રબર બેન્ડ વીંટાળો ને રંગમાં ડુબાડો અને નીતારો. થોડી વાર પછી બન્ને રબર બેન્ડ છોડો અને છાંયડામાં સૂકવો. બહુ ભાતની ડીઝાઈન પડી જશે.

એક થાળીમાં ઘસેલું ચંદન લો. તેમાં કેસર કે અષ્ટગંધ ઉમેરીને બરાબર હલાવો. પછી જે બીબું છાપવુ હોય તે બીબાંને થાળીમાં બરાબર ગોળ ગોળ ફેરવો. વધારાના રંગને બીબામાંથી ખંખેરી કાઢી કાપડ પર મૂકી મુઠ્ઠી બીબાં પર ઠોકો. જેથી બીબાંની ડીઝાઈન પડી જશે.

**- સાભાર ''આશ્રય''**

## હોરી ખેલના થાળ

# ॥ શ્રી હરિને “હોરી” ખેલવવાનો ક્રમ ॥






- પિછવાઈ વસ્ત્ર વિગેરે ધોયેલી આવે, કપડું (વસ્ત્ર) પોતાની કડકાઈ છોડી - અંગડાઈ કરીને - છોડીને રંગમાં રંગાવું (રંગ પકડમાં આવે અને રંગ છૂટે નહીં)
- વસંત પંચમીના દિવસે કુમકુમમાં જલ નાખીને હલકો છંટકા પિછવાઈ ઉપર કરવો.
- વસંત પછી છઠથી પૂનમ ‘હોળાષ્ટક’ સુધી ચંદનના છીટકા પિછવાઈ ઉપર આવે.
- પૂનમ પછી પડવાથી કેસુડો આવે, ઉત્સવ પ્રસંગે કુમકુમ ના છીટકા આવે.
- ઉત્સવમાં કુમકુમના છીટકા પિછવાઈ ઉપર આવે. નીત્યમાં કેસુડો.
- પિચકારીમાં કેસુડો કુંજ એકાદશીથી આવે. મહાસુદ ૧૫ના દિવસે પિચકારી શ્રીજી સન્મુખ આવે પણ ઉડે નહીં.
- શ્રીનાથજીના પાટોત્સવથી પિચકારી આવે. પિચકારીમાં ચંદનનું જલ ઉડે.
- પિછવાઈ ઉપર બંગલા-બંગલી-ત્રણ તીબારીનો બંગલો-કેળના પાન-ફૂલ ઝાડ આવે. પિછવાઈ ઉપર પ્રથમ ચંદનના જલનો છીટકાવ કરી તેની ઉપર ગુલાલથી સિદ્ધ થાય છે. પીઠીકા ઉપર કુમકુમ ચોંટાડી વેલની ભાત બને.
- પિછવાઈ ઉપર પક્ષીઓનો (ચકલી) કલરવ, શરૂઆતમાં ચકલીઓ થોડા પ્રમાણમાં આવે. ખેલ જેમ વધે તેમ ચકલી (પક્ષીઓ)ની સંખ્યા વધે. હોરી ખેલની ઉન્માદકતા વધતાં ચકલી-ચકલાના જોડાઓ સામ-સામે બનાવવામાં આવે. ફક્ત ગુલાલથી ચકલીઓ બને.
- હોરીમાં કેસરી, પિછવાઈ શ્રીનાથજીના પાટોત્સવ ફાગણ સુદ-૭ દિવસે આવે, અને તે દિવસે સાતે રંગ આવે (૧) સફેદ, (૨) કેસરી, (૩) લાલ, (૪) લીલો, (૫) પીળો, (૬) નીલ અને (૭) ચોવા.



- મોટા ખેલમાં કેવડાનો પરાગ અને ચંદનનો ભૂકો મેળવીને અબીરથી ખેલે. જે મુખ-કપોલ અને હૃદય ઉપર આવે.
- કુંજ એકાદશીથી મોટો ખેલ થાય. પ્રતિદિન ખેલ વધતો - દોગુનો થતો જાય.
- હોરીના દિવસમાં મનાવવામાં આવતા ઉત્સવોમાં કેસરી પિછવાઈ આવે.
- હોરીના દિવસોમાં ફૂલફાગનો ક્રમ થતો નથી. ફાગના દિવસો સિવાય બીજા સમયે ફૂલફાગ હોય.
- ગાદીના પટ્ટા ઉપર ચોવા-ચંદનથી ખેલાવવાનો ક્રમ ફક્ત શિવરાત્રીને દિવસે આવે. ‘વાઘામ્બર’’.
- હોળાષ્ટકથી ડોલ સુધી ભીના રંગ આવે.
- ‘ફેંટ’ હોરી ડાંડા રોપણથી (મહાસુદ-૧૫થી) ડોલ સુધી આવે. અબીર-ગુલાલની ફેંટ રાજભોગ દર્શનથી સંધ્યા આરતી દર્શન સુધી શ્રીજીની કમર ઉપર (ખોસનામાં) રહે.
- ‘‘સૂકા રંગ’’ પ્રાચીન પરંપરામાં વિવિધ રંગના ફૂલોનો સૂકવીને બનાવવામાં આવતા. પારીજાત કેશરી ડાંડી વાળા ફૂલની ડાંડી સૂકવી કેશરી રંગ બનાવવામાં આવતો. તેવી રીતે હાર શ્રૃંગાર ફૂલ સૂકવીને રંગ બનતો.
- શ્રીહરિરાયજી મહાપ્રભુજીના સમયમાં ભીના રંગનો ક્રમ શરૂ થયો.
- ભીના રંગની સેવા જળઘરીઆજીની છે. ભીના રંગ બનાવવાની સેવા અપરસની છે.
- કેસુડામાંથી કેસરી અને પલાસના વૃક્ષના ફૂલમાંથી લાલરંગ થાય છે. જલમાં ફૂલ પધરાવીને ઉકાળવામાં આવે છે. રંગને ચટકીલો કરવા માટે ખાવાનો સોડા - મીઠું થોડી માત્રામાં નાખવામાં આવે છે. આ અપરસની સેવા છે.









- વિવિધ રંગોના ફૂલો જંગલમાંથી મંગાવી સૂકવીને પછી ઉકાળીને ભીના રંગો તૈયાર થતા.

- વસંતથી ડોલ સુધી વસંત ખેલનો ફગુવા થાળ અને ફાગુનની પેટી આવે.

- ફાગુનની પેટીમાં - ઈત્ર (સુગંધી) વિવિધ પ્રકારના આવે-કેસર-ગુલાબ-મીટ્ટી-સોંધા - કદમ - રાતરાણી - ચંદન - ખસ, આ ખેલનો અધિકાર ફક્ત અષ્ટ સખીઓનો જ છે અને તે મુજબની સુગંધી આવે.

- ફાગુનની પેટીમાં એલાઈચી - દાલચીની - તેજાના આવે. પેટી છડીની પાસે રહે અને રાજભોગ પછી સૈયા મંદિરમાં ફગુવાના થાળ સાથે રહે. પેટી સૈયામાં થાળની સાથે પધારે.

- વસંતના ફગુવા થાળમાં ચાંદીના ૮ પ્યાલા, ૮ કટોરા, ૧ બરણી અને ઝારીજી આવે.

- વસંત ફગુવા થાળમાં ઝારીજી ચાંદીની અને તેનું નાળચું સોનાનું હોય.

- વસંત ફગુવા થાળામાં આઠ પ્યાલામાં (૧) ચોવા, (૨) ચંદન, (૩) અરગજા, (૪) કુમકુમ (ભીનું), (૫) લાલ ગુલાલ (બરાસ મેળવેલું), (૬) સફેદ ગુલાલ, (૭) ખાસા અબીર (ચમકીલા-અબરખ), (૮) ખાસા ગુલાલ (અબીરમાં ગુલાબજલ મેળવીને (ખાસા) સુકવી ચાળીને સોધન કરેલું).



- વસંત ફગુવા થાળમાં આઠ કટોરી (૧) સુકોમેવો, (૨) અનસખડી, (૩) દૂધઘર, (૪) ફળ (લીલો મેવો), (૫) સાકઘર (સૂકોમેવાનો ચૂરો ઘીમાં સેકીને કરવો દૂધ-માવાનો ઉપયોગ નથી), (૬) ફૂલ, (૭) લાલ ખાસાનો ગુલાલ (ગુલાબજળ - બરાસ મેળવેલો), (૮) સફેદ ખાસાનો (અબીર-ગુલાબ જળ મેળવેલો)



- ખાસા ગુલાલ : આરા લોટમાં દેશી રંગ પધરાવીને મસળીને સુકવવો, પછી ચાળીને બરાસ મેળવીને તૈયાર કરવાનો ક્રમ છે.
- ખાસાનો આબીર : ચમકીલા અબરખને ખાંડી, કપડછણ કરીને કમળ અને કેવડાનો પરાગ મેળવીને સિદ્ધ થાય.
- થાળમાં ચાંદીના પાત્રના હોય તો માટીના ચાલે પણ બીજી કોઈ ધાતુ-વસ્તુનો ઉપયોગ થતો નથી. વસંત ફગુઆ થાળની સાથે ગુલાબદાની - ગુલાબ જળ ભરેલી આવે.
- નિત્ય ખેલના ચંદનમાં ઈત્ર-બરાસ આવે.
- ફગુવા ભોગ થાર - નિત્ય ૨ થાર આવે

  થાર - ૧ : થારમાં - માખણ - બુરો - મલાઈ - ખોવા - સેંધાનમક પાવડર - કાલી મીર્ચ પાવડર (થાર રાજભોગ પછી સરાવી લેવો)

  થાર - ૨ : સુકોમેવો (પંચ મેવા), લીલો મેવો (મોસમીફલ), પેંડા, કતલી ગુલાબ (ખાંડ ગુલાબ કેસરની બનાવેલ), ખાંડ ઘરના ખીલોના (રાજભોગમાં આવે, શૈયામાં પધારે)
- ફગુવા ભોગનો થાર ઢાંકીને જ આવે.
- કનક (સોનું) - હર્ષ - બંટાજી સોનાના
- ચાંદી - આનંદ - ઝારીજી ચાંદીના
- કનક પિચકારી (સોનાની પિચકારી) અક્ષરબ્રહ્મ વૈકુંઠધામની શોભા સુવર્ણ છે.

# પિછવાઈ – ચિડીયા

વસંત ખેલાવતા પહેલાં વસ્ત્રોમાં પિછવાઈ ઉપર ચંદનનો આદ્ર (છંટકાવ) કરી વસ્ત્ર અને પિછવાઈ ઉપર લાલ ગુલાલની ચિડિયા (ચકલી) માંડવામાં આવે. એનુ કારણ આ છે કે, ‘‘નિકુંજનાયક નિકુંજોમાં ચિડિયાઓની વિશેષતા હોય છે અને શ્રીસ્વામિનીજીની સેવાની સાધિકાનમાં નિકુંજમાં ચિડિયં જ છે.’’

જગાવવામાં પદ : ‘‘चिड़ियन की चहचहान सुनि जागी प्रात दुलही’’

જગાવવામાં નિત્ય : ‘‘चिड़िया चहचहानी सुनि चकई की बानी’’

પલનામાં પદ : ‘‘आओ चिरैया आओ खुमरैया ग्वालन लेत बुलैया’’

આથી શ્રીઠાકુરજીને ‘ચિડિયા’ પ્રિય છે. આગળ અબીરની હોલાષ્ટકમાં ‘ચિડિ’ માંડવામાં આવે, અથવા બુન્દા, ચોવાની ટીપકી અને લહેર પણ બનાવવામાં (માંડવામાં) આવે, કારણ શ્રીયમુનાજીની સેવામાં શ્રીશ્યાસુંદર રોમ-રોમમાં ટીપકીવત્ બિરાજમાન છે.

ફાગણ સુદ-૧૨ ખેલ ભારે થાય. બધા વસ્ત્ર પિછવાઈ આખ્ખી લાલ અબીરથી છવાઈ જાય અને ચિડિયા ચોવાની આવે.

વસંત પંચમીથી હોરી ખેલાવવાનો ક્રમ આછો હોય છે અને પિછવાઈ ઉપર ચિડિયા બનાવવાનો ક્રમ ઉત્તરોત્તર વધતો જાય છે. ભારે ખેલમાં ચિડિયાની સંખ્યા પણ ભારે (અધિક) હોય. ✓

# ॥ વસંત થી ડોલ સુધીની વિવિધતા ॥

## શ્રીનાથજીનો હોરી ખેલ

૧. વસંત પંચમીના દિવસે રાજભોગ બે થાય. આજે ૯ (નવ) દર્શન થાય.
૨. ડોલના ત્રણ દર્શન વધારે (અધિક) થાય.
૩. ડોલ - તિવારમાં ફાગણ સુદ ૧૫ અથવા ચૈત્ર વદી ૧ના દિવસે ડોલ ઝૂલે.
૪. ડોલના દર્શન ૪ (ચાર) પાંચ દિવસ ડોલ ગાવામાં આવે.
૫. ચોલી ચાર - ગુલાલ - અબીર - ચંદન - ચોવા.
૬. ખેલ ફાગણમાં ચાર થી થાય - ગુલાલ - અબીર - ચોવા - ચંદન

ફાગણ સુદ ૭ - પાટ-આસન અર્થાત્ સિંહાસન ઉપર બિરાજમાન કરાવ્યા એજ પાટ બેસાડયા છે.

ફાગણ સુદ ૭ - આજના દિવસે ખોવાયેલા શ્રી ગોકુલચંદ્રમાજી પાછા પધાર્યા.

વસંત ખેલમાં (ફાગમાં) શ્રીનાથજી કુલ્હે એક પણ ધરતા નથી. તેનું કારણ કુલ્હેનો શૃંગાર બાલભાવનો છે અને હોરી લીલા, ફાગ લીલા, કિશોર લીલા છે.

ફાગણ સુદ ૭ - મથુરામાં વિ. ૧૬૨૭ ફાગણ સુદ ૭ ગુરૂવારે પાટ બેસાડયા. જ્યાં ગોસ્વામી બાલક બહૂ બેટીજીએ હોરી ખેલાવ્યા અને ગિરધરજીએ પોતાનું સર્વસ્વ ભેટ (સમર્પણ) કરી પરદની પહેરીને બહાર નીકળી ગયા. જે આજ સુધી શ્રીજીમાં પ્રાચીન ચૌખટામાં બધા આભૂષણો જડેલા છે.

હોરી દાંડા રોપણનો ઉત્સવ શ્રી યમુનાજીનો છે.

**વસંતમાં મંગળા :** હોરીના દિવસોમાં શ્રીઠાકુરજીની પ્રિય સખીઓ, શ્રીઠાકુરજીની સાથે જ રહે છે. કોઈ પણ સમય એવો નથી જ્યાં આપ એકબીજાથી દૂર હોય. ફક્ત શૈયા મંદિરમાં પ્રિયા-પ્રિતમ વિશ્રામ કરે છે ત્યારે જ બહાર પધારે છે. મંગળામાં હોરીના ચાલીસ દિવસ સુધી પ્રિયાજી સંગ પ્રિય સખીઓ શ્રીઠાકુરજીને જગાવે છે.

**વસંતથી ડોલ સુધી આત્મ સુખનો વાઘો :** વસંતથી ડોલ સુધી આત્મસુખનો વાઘો જે શ્રીઅંગથી સ્પર્શેલો અને પાતળા (ઝીણા) કપડાનો હોય છે. જેનું કારણ એ છે કે ૪૦ દિવસ હોરીના ખેલમાં શ્રીઠાકુરજી વ્રજભક્તો સાથે વનમાં વિવિધ સ્થળે પધારે છે ત્યારે વ્રજભક્તો વિવિધ પ્રકારના સૂકા-ભીના રંગો-રજ વગેરેથી શ્રીઠાકુરજીને હોરી ખેલ ખેલાવે છે. જે આપના શ્રીઅંગને સ્પર્શના કરે તેના શ્રમ નિવારણ અર્થે આત્મસુખનો વાઘો ધરાવવામાં આવે છે. શ્રીયશોદા મૈયાના લાલા પ્રત્યેનો પ્રેમ ભાવનાથી ધરાવાય છે (રક્ષણ માટે).

ચાર જયંતિ ભક્તોદ્ધાર ક છે - જન્માષ્ટમી, નૃસિંહ જયંતિ, શ્રીરામનવમી, શ્રીવામનદ્વાદસીના ઉત્સવોમાં તિલક અક્ષત સાલિગ્રામને કરીને તુલસી ચરણમાં ધરીને પંચામૃતમાં મહામંત્રથી ધરી નવડાવી, દૂધ, દહીં, ઘૃત, બુરા સહિત પછી એક શંખમાં દૂધ અને એક શંખથી જલ પછી કેસરથી હાથમાં લઈ નવડાવાય. પ્રભુ પાસે બેસાડી પીતાંબર બંને બાજુ ઉઢાવી, તિલક કરી માલા પહેરાવીને કેસર, અબીર, ગુલાલ, ચોવાથી ખેલાવય છે. (કોઈ મંદિરમાં વસંત નથી ખેલતા)

**મહા સુદ ૪ :** શ્રુતિરુપા, ઋષિરુપા આવી રીતે વ્રત કરે છે. મહા સુદ ૪ (દમલા ચોથ)ના દિવસે બધો સાજ જરીનો અને ટીપારો ધરે છે. ઉદ્દીપન ભાવ દિવસ ૪૦ ખેલના થશે એવું ભક્તોને જણાવે છે. 'સાવધાન રહિયો', રાજભોગમાં કેટલીક સામગ્રી. નિકુંજમાં વિહાર કરે છે હવે આખા વ્રજમાં કરસે, તેથી જરી રૂપા હૃદયનો ભાવ બહાર ઝગમગે છે.



# ॥ હોરી-ડંડા રોપણીનો ઉત્સવ ॥

(શ્રીહરિરાયજીની ભાવના)

કંદર્પનું આરોપણ કરવામાં આવે. ફાગણ વદી-૧ થી ૧૫ દિવસ કામ ચઢે, પંદર દિવસ કામ ઉતરે, તે નાયિકાના અંગમાંથી કામ ઉતરે અને ચઢે. હોરી હોય તેથી પહેલા ગામની બહાર ચોકમાં ડાંડા રોપણ થાય. જેથી વ્રજભક્તોને સુખદાન આપવા પ્રભુ ક્રીડા કરે. યમુના પુલિન, ગિરિરાજ, વૃન્દાવન કુંજ નિકુંજોમાં ડંડા રોપણ થાય. જ્યાં જ્યાં ખેલ તે ગામની વચ્ચે ડંડા રોપીને ધ્વજા ફરકાવે. બ્રાહ્મણ પાસે સ્વસ્તિવાચન કરાવે. એક મહિનો હોરી ખેલાય તેમાં જીત-હારનું પ્રતીક (ડાંડો) હોય તો સુખીથી એક મહિનો નિર્વિઘ્નતા પૂર્વક હોરી ખેલ થાય. બ્રાહ્મણ દ્વારા વેદ ધ્વની કરાવે. નન્દરાયજી, વૃષભાનજી, બડે ગોપ, યશોદાજી, ગોપી, ગોપાલ, બલદેવ બધા મળીને દંડવત્ કરે. પછી ધમારનો આરંભ થાય.

''આનંદ રાય ખેલે ફાગ'', ''સો હો હો હોરી આઈ''

પછી નન્દબાબાનો ગઠ જોડા કીરત રાની સાથે અને જશોદાજીનો ગઠ જોડા વૃષભાનજી સાથે બાંધી વિવિધ પ્રકારની રસલીલા ક્રીડા-હાસ-વિનોદ પ્રારંભ થાય છે.

# ॥ ''હોરી''ના સંગીતનો ઉદય-અભ્યુદય ॥

શ્રીરાસપંચાધ્યાયીમાં કોઈ પ્રસંગને સમયે શ્રીકૃષ્ણએ કોઈ ગીત ગાયું હતું. તેમનું અનુકરણ કરીને ત્યાં ઉપસ્થિત બીજી સખીએ શ્રીકૃષ્ણના સ્વરથી ઊંચા સ્વરમાં તે ગીત ગાઈને સંભળાવ્યું. ત્રીજી સખીએ પહેલી સખીથી વધુ ઊંચા સ્વરમાં તે ગીત ગાયું. ત્યારે ગોપીઓની દ્વારા તે ગાવાની રીતને ઘણી પ્રશંસા સ્વયં શ્રીકૃષ્ણએ અને ગોપીઓ તરફથી મળી ત્યારથી આજ દિન સુધી 'હોરી' ગાન, રાગ : કાફી આ પદ્ધતિથી ગાવામાં આવે છે. એના સ્વરોનો ચઢાવ પહેલા ગાયકથી ઊંચો ઉઠાવીને પાછો નીચેના સ્વરો ઉપર આવી જાય છે. કીર્તન સમાજમાં સમઝદાર ગાયક હોરીના દિવસોમાં પહેલા 'કાફી' જ ગાય છે. દર્શન ખૂલ્યા હોય ત્યારે માર્ગની રીત-પ્રમાણ મુજબના જે હોય તેજ ગવાય છે.

# ॥ હોરી - ફાગણ સુદ-૧૫ ॥



પુનમની હોરી હોય ત્યારે અગીયારસના દિવસે શ્રીસ્વામિનીજી અને શ્રીયમુનાજીનો ભેગો ખેલ છે. બારસે શ્રીચંદ્રાવલીજીનો ખેલ છે. સામગ્રી શ્રીયમુનાજીના ભાવથી બારસ ના દિવસે રાજભોગમાં આરોગે છે. તેરસમાં કુમારિકા વિગેરે બધી સ્વામિનીના મનોરથનો આ ભાવ વિચારીને ચૌદસની હોરી થાય છે. હવે હોરીના દિવસને મોટો

પર્વ માનીને શ્રીસ્વામિનીજીને અભ્યંગ કરાવે છે. આ દિવસે અડદના વડા, છાસની સેવ, તીન કૂઢા, મીઠો શાક, મેવાબાટી, ગૂંજા, સેવના લાડુ, બુંદી, સકરપારા આદિ સામગ્રી આવે. ખેલ મોટો આખો દિવસ વ્રજમાં ખેલે, ગોપી-ગ્વાલ, સખા શ્રીબલદેવજી વ્રજભક્ત સાથે મોટો ખેલ, 'ગારી' નિર્લજતાનો અંગીકાર કરે. પછી સયનમાં મોટો ખેલ ખેલવામાં લકુટી ઊભી ધરાવે છે. ડાંગનો ખેલ તેમાં આ જણાવ્યું કે લકુટી યસ્ટિકા બ્રહ્મ રૂપ છે. તેથી વેદ મર્યાદા ઉલંઘન કરી વ્રજમાં પોતાની પુષ્ટિ વિહાર લીલાનું સ્થાપન કર્યું. હોરીના ચાર પ્રહર રાત્રીમાં ચારે યુથાધિપતિ સ્વામિનીજીથી ક્રિડા વિહાર છે. સયનમાં ગુલાલ ઉડે અને ડોલના કીર્તન ગવાય છે.

જ્યારે હોરી પ્રગટે તેમાં ચાંમર વિગેરે નાખીને અબીર, ગુલાલથી પૂજન થાય છે. તેનો ભાવ આ છે. શ્રીસ્વામિનીજી શ્રીઠાકુરજીનો વિવાહ છે, જે સખીજન કરે છે. તેથી વિવાહની 'ગારી' ગાવામાં આવે છે. ચાર સખી ભાવાત્મક શ્રુતિની શ્રુતિરૂપા ગાય છે. કુંજ મંદિરમાં આ વિવાહનો મંડપ છે. બંનેની ગાંઠ લલિતાજી બાંધે છે. વિવાહમાં હોમ કુંડ (અગ્યારી) હોય છે. તે હોરીનું પૂજન છે. જે અગ્નિ પૂર્ણ પુરુષોત્તમનો વિવાહ જાણીને આવ્યો છે. આ ભાવથી આખી રાત કુંજોમાં ખેલ છે. તેથી મોટો ખેલ કહેવાય છે.

બીજા દિવસે ડોલ થાય તે મહાહુલ્લાસ અત્યંત રહસ્ય લીલા છે. આ દિવસ પરિવારના લોકો શ્રીવૃષભાનજી શ્રીઠાકુરજીને નોતરૂ (આમંત્રણ) આપે છે. હજુ વિવાહ પ્રસિદ્ધ થયો નથી. પરંતુ મનમાં શ્રીસ્વામિનીજીના વર શ્રીઠાકુરજી આ નિશ્ચય કરી રાખ્યો છે. તેના ભાવ સાથે પોતાના જમાઈ જાણીને નાના પ્રકારની સામગ્રી આરોગાવી છે. ગુલાલ અબીર છાંટીને તિલક આરતી ભેટ કરી નંદભુવનમાં પ્રભુ પધારે છે. આ ભાવ કરવો અથવા હોરીના દિવસે કીરતીજી વૃષભાનજી પોતાનો ભાવાત્મક સંબંધ જાણીને, શ્રીયશોદાજી, શ્રીનંદરાયજી, શ્રીઠાકુરજીને વસ્ત્ર, આભૂષણ, અબીર, ગુલાલ, કેસર, ચોવા, પિચકારી બધો સાજ સુંદર કલાત્મક રીતે સજાવીને સખીઓ સાથે વાજીંત્ર વગાડતા, બ્રાહ્મણ વેદ ધુની કરતા, નંદાલયમાં મોકલ્યા છે. ત્યારે શ્રીયશોદાજી દ્વાર પર આવીને સખીઓ સહિત પ્રીતિ પૂર્વક પધરાવે છે. પછી ત્યાં નંદાલયમાં હોરી ખેલે છે. જે બ્રાહ્મણની રચના કરી છે તે બરસાનાથી નંદગામ વૃષભાનના પુરોહિત આવ્યા છે, આ ભાવ વિચારવાનો અથવા આ ભાવથી શ્રીયશોદાજી પણ મનમાં નિત્ય વિચાર કરે છે. કે મારા પુત્રની સગાઈ કિરતીજીની બેટી સાથે થાય આ ભાવ જાણીને હોરીના દિવસે સાડી, લહેંગા, ચોલી, કાજર, બેંદી, સિંદૂર, આભૂષણ, વસ્ત્ર, ગુલાલ, અબીર નાના પ્રકારની સામગ્રી, મેવા મિઠાઈ સખીઓની સાથે વાજીંત્ર વગાડતા બ્રાહ્મણ વેદ ધુનિ કરતા વૃષભાનજીના ઘરે મોકલ્યા છે. ત્યારે કીરતીજી દ્વાર પર આવીને ભાવ પૂર્વક સખીઓ સહીત ઘરમાં પધરાવે છે. ત્યાં બધા ભેગા મળીને હોરી ખેલે છે. ત્યાં નંદરાયજીના પુરોહિતને ગુલાલ-અબીર છાંટીને અનેક જાતના નાચ નચાવે છે. જે આ પદના ભાવથી વિચારવું.

''નંદગાંવ કો પાંડે વૃજ બરસાને આયો''

આ હોરી હાસ્ય રૂપ છે. તેનો આ ભાવ છે. ચારે વર્ણાશ્રમ છૂટી ગયા છે. બ્રાહ્મણ - ક્ષત્રી - વૈશ્ય - શૂદ્ર, ગૃહસ્થ - વાનપ્રસ્થ - બ્રહ્મચારી, જતી-તપી-મુની-પંડિત બધાના જ્ઞાનનું હરણ કરી લીધું. તેથી વ્રજની હોરી ભાવત્મક સર્વોપરી છે. રહસ્ય લીલા રસિક જનનું જીવન છે. તેથી વ્રજ ચોરાસી કોશમાં કામ શાસ્ત્ર યુક્ત લીલા રસશાસ્ત્રમાં ચોરાસી આસન છે. આ ભાવથી વ્રજ આખું રસરૂપ છે. તેથી દેવતા વગેરે આ વ્રજના 'રજ'ની કણિકાની ઈચ્છા કરે છે. જે શ્રીઆચાર્યજી શ્રીગુસાંઈજીની કૃપા વગર વ્રજલીલાના રસનો અનુભવ જ્ઞાન ના થાય અને હોરીના અનેક સ્વાંગ કામ-કામિની-દિગંબર વગેરેના સ્વાંગ બનાવે છે. આ બધી લીલા ભાવાત્મક છે. ક્યારેક શ્રીઠાકુરજી બને છે ક્યારેક સખા બને છે ક્યારેક શ્રીસ્વામિનીજીની સખી બને છે. આ બધી લીલા કરે છે જે બેઉને મળીને પ્રસિદ્ધ કરવાને માટે છે. પછી હોરીમાંથી રાખ ઉડાવે છે. તેમાં એવું છે કે લૌકિક યોગિની અગ્નિ ઉછાડે છે. ભયાનક રૂપ હાસ્ય રૂપા શક્તિ અલૌકિક જોગિની બંને સ્વરૂપ કુંજમાં ક્રીડા કરે તેથી પ્રતિબંધ રૂપ મર્યાદા ગોપગુરૂજનને ભયાનક રૂપ અગ્નિ બતાવીને રસ ગોપ્ય રાખે છે. ઈત્યાદિક રાસમાં મશાલ રૂપ છે. અનેક ભાવ છે. અનેક ભાવની ભાવના ના પ્રકાર છે.



શ્રીનાથજીનો પાટોત્સવ

# ॥ સતઘરા મેં ફાગુન વદી સાતમ કે દિન પાટ બેઠાએ ॥

એક સમય શ્રીગુસાંઈજી ગુરજાત કોં પધારે હતે ઓર શ્રીનાથજી શ્રીગિરિધરજી સૂં આજ્ઞા કિયે મેં તુહ્મારે ઘર દેખવે કૂં શ્રીમથુરા ચલૂંગો યહ આશય જાનકેં શ્રીગિરિધરજી રથસિદ્ધિ કરવાયે ખરાસકે બેલ જોત કેં રથ દંડોતી શિલા પે ઠાડો કિયો । તબ શ્રી ગોવર્દ્ધનનાથજી શ્રી ગિરિધરજી કે કેંધા પેં ચઢિકેં દંડોતી શિલા પેં સૂં રથ મેં બિરાજે । શ્રીગિરિધરજી રથકૂં હાંક કે શ્રીમથુરાજી અપને ઘર પધારે તહાં સતઘરા મે શ્રીગુસાંઈજી કે ઘર પધરાયે સંવત્ ૧૬૨૩ ફાલ્ગુન વદી ૭ ગુરૂવાર કે દિન પાટ બેઠાયે । પાટોત્સવ સાતોં ઘરન મેં પ્રસિદ્ધ ઓર માનેં હૈં । જા દિના શ્રીનાથજી શ્રીગુસાંઈજીકે ઘર પધારે તાદિના શ્રીગિરિધરજી ને સર્વસ્વ સમર્પણ કીનો એક પરદની પહરિકેં આપ બાહર નિકસ ઠાડે ભયે ઔર બહૂ બેટી એક એક સાડી પહરિકેં ઠાડીરહી દ્રવ્ય આભૂષણ અમોલ વસ્ત્ર પાત્ર રથ અશ્વાદિક સબ અર્પણ કીને પરંતુ કમલા બેટી જીને એક નથ રાખી ઓર સબ ભેટકીયો તબ શ્રીનાથજીઆજ્ઞા કિયે હમારી નથ લાઓ એસી સમાલ લીની યહ અંગીકાર કો લક્ષણ હૈ ।

**।। શ્રીજી કો હોરી ખેલવો ।।** ફિર શ્રીગિરિધરજી આદિક સબ શ્રીનાથજી કૂં હોરી ખિલાયે તાપાછે શ્રીજી ને સબ બહૂ બેટીન કૂં આજ્ઞા દીની તુમ મોકૂં હોરી ખિલાઓ તબ પ્રત્યેક પ્રત્યેક સબ બહૂ બેટીનનેં શ્રીનાથજી કૂં હોરી ખિલાયે ચોવા કી ચોલી પહિરાઈ મોહની શૃંગાર કિયો પરસ્પર અનીર્વચનીય સુખ ભયો ઓર ફગુઆમે મુરલી છિંડયલઈ મન માનતો ફગુવા દિયો તબદીની ।

### ।। શ્રીજીકો શ્રીગિરિરાજ પધારવો તથા શ્રીગુસાંઈજી સૂં મિલવો ।।

યહ સમાચાર સબ શ્રીગુસાંઈજી સુનકેં આપ ઘર પધારે તબ શ્રીગુસાંઈજી કૂં પધારે જાનકેં શ્રીજી શ્રીગિરિધરજી સૂં આજ્ઞા કિયેં જો શ્રીગુસાંઈજી મોકૂં શ્રીગિરિરાજ પે નહીં દેખેં ગે તો બડો ખેદ કરેંગે તાતેં મોકૂં આજકો આજ શ્રીગિરિરાજ લે ચલો । તબ શ્રી ગોપીબલ્લભ આરોગકેં શ્રીજી રથપે અસરવા ભયે ઓર શ્રીગિરિધરજીસૂં યહ આજ્ઞા કિયે તુમ રથ બેગ હાંકો આજ રાજભોગ ઓર સેનભોગ દોનો ઈકઠ્ઠે શ્રીગિરિરાજ મેં આરોગૂંગો એસે કહી ચાર ઘડી દિન પાછિલો **રહે** તબ શ્રીગિરિરાજ પધારે દંડોતી શિલા પે રથ મેં સૂં ઉતરિકેં ઓર શ્રીગિરિધરજી કે કંધાપે ચઢિકેં નિજમંદિર મેં પધારે તાહાં કુદિકેં ચરણ ચોકી પે જાય બિરાજે । યહ લીલા અત્યંત અલૌકિક હે તર્કાગોચર હે તા દિન નૃસિંહ ચતુર્દશી હતી સો ઉત્સવ સબ શ્રીગિરિરાજ પે પધારિકેં કીનો રાજભોગ ઓર સેન ભોગ એકટે કીને તાસોં નૃસિંહ ચતુર્દશી કે દિનાં સેનભોગ ઓર રાજભોગ ભેલો હી આવે હૈ । ઔર દૂસરે દિના પૂર્ણમાસી તા દિના શ્રીગુસાંઈજી ગુજરાત તેં પાછે શ્રીગિરિરાજ પધારે જબ યહ સબ વૃત્તાન્ત સુને તબ આજ્ઞા કિયે શ્રીગોવર્દ્ધનનાથજી શ્રીઆચાર્યજી મહાપ્રભુનને શ્રીગિરિરાજ ઊપર પાટ બેઠાયે તાસૂં હમકૂં કૃપા કરી શ્રીગિરિરાજ ઊપર દર્શન દેત હૈં યહી હમારી અભિલાષા હે શ્રીગુસાંઈજી શ્રીનાથજી કે કપોલ સ્પર્શ કરિ પૂછે બાબા શ્રીમથુરા કોન કારણ સોં પધારે તબ શ્રીનાથજી આજ્ઞા કિયે સબ બહૂ બેટીન કોં દેખવે ગયો હતો એસેં પરસ્પર આજ્ઞા કરિ મિલકેં બડે આનન્દિત ભયે ।



# ॥ શ્રીનાથજીનો પાટોત્સવ ॥



આજે ૧૦૮ દિવસ પછી પ્રભુના ચરણાવિંદના દર્શન થાય છે. (મોજાજી વડા થઈ જાય છે)

હવે ફાગણ વદી-૭ને શ્રીનાથજીનો પાટોત્સવ, તેનો ભાવ આ છે. પ્રથમ લીલા જ્યાં નિત્ય છે, ત્યાં પ્રથમ શ્રીચંદ્રાવલીજીના ઘરે ફાગણ વદી-૭ને શ્રીજી પધાર્યા છે. તે ભાવથી શ્રીગુસાંઈજીની અવતાર લીલા છે, ત્યાં શ્રીગુસાંઈજી શ્રીચંદ્રાવલીજીનું સ્વરૂપ છે. પરંતુ અહીં જગતમાં પ્રગટ વિપ્રરૂપ છે. તેથી અહીં અંદરના ભાવને ગોપ્ય રાખ્યો છે. મ્લેચ્છનો ભય પર્વતની ઉપર કરાવીને ફાગણ વદી-૭ના દિવસે શ્રીનાથજી, શ્રીગુસાંઈજીને ઘરે મથુરા પધાર્યા તેનું આ કીર્તન છે. ''રહ્યો મોહિ શ્રીવલ્લભ ગૃહ ભાવે.''

તેનો અભિપ્રાય આ છે **કે**, ઘરઘણી ઘરમાં ના હોય અને ત્યાં તેમનાં ઘરમાં જઈને રહેવું, ભોજન કરવું આ અત્યંત સ્નેહના લક્ષણ છે. તેથી શ્રીગુસાંઈજીને બોલાવવાની ઈચ્છા નથી રાખી. પોતાનું ઘર જાણીને પધાર્યા. એનો બીજો ભાવ કહે છે, ‘‘જો શ્રીગુસાંઈજી ઘરમાં હોત તો શ્રીગોવર્ધનધર ઘરમાં પધાર્યા જાણીને, મહા પ્રેમ આનંદથી વિપ્ર વેશનો ભાવ છૂટિ જાય, શ્રીચંદ્રાવલીજીના રૂપને પ્રગટ કરવું બધાની આગળ આ રસ કોઈનેપણ જણાવવા યોગ્ય નથી. તેટલા માટે શ્રીગુસાંઈજી પ્રદેશમાં હતા ત્યારે પધાર્યા અને ભાવાત્મક શ્રીચંદ્રાવલીજીનો રસરૂપ તો શ્રીગોવર્ધનધરની પાસે અહર્નિસ લીલા કરે છે. જે શ્રીજીની સાથે ઘરમાં પધારીને, ઘણા પ્રકારની સામગ્રી આરોગાવી. તે કેસરી દિવસની મુખ્ય સામગ્રી જલેબી છે. શ્રીચંદ્રાવલીજીના અધરામૃત રૂપ, તેથી શ્રીગુસાંઈજીના ઉત્સવમાં મુખ્ય છે. તે દિવસે કુલહે, કેસરી વાઘા ધારણ કરે છે. તેનો આ અભિપ્રાય જાણવો, શ્રીચંદ્રાવલીજી પોતાની કુંજમાં યુગલ સ્વરૂપે પધાર્યા છે. ચારે યુથા-પતિ, શ્રીસ્વામિનીજી સાજ સહિત, તેથી છાસમાં વડા, મીઠો સાક, તીન કૂઢા વગેરે ધર્યા છે અને અનસખડીમાં મેવાવાટી, સેવના લાડૂ વિશેષ બનાવીને ધરાવ્યા. ચારે ભાવાત્મક છે. જેમ ડાંડો રોપની પૂન્યો (પૂનમ)ના દિવસે મીઠી કચોરી શ્રીસ્વામિનીજીના કપોલના ભાવથી છે, પૂનમનો ચંદ્રમા આવ્યો છે અને ફાગણ વદી-૭ના દિવસે શ્રીગુસાંઈજી શ્રીગોકુલવાસ કર્યો અને તે દિવસે શ્રીનવનીતપ્રિયજીના મંદિરની નીમ રાત્રી એ ખોદી છે, યાદવેન્દ્રદાસજીએ અને તે દિવસે શ્રીગોકુલચંદ્રમાજી, શ્રીગુસાંઈજીના ઘરે પધાર્યા છે. શ્રીરઘુનાથજીને માટે શ્રીગોવર્ધનધર શ્રીગુસાંઈજીની પાસે શ્રીનવનિતપ્રિયજી શ્રીઆચાર્યજી રૂપ વગેરે ભાવથી પર્વ અને ઉત્સવના દિવસે ઘરમાં રહે છે.

આ પ્રકારે અનેક ભાવ પૂર્વક પોતાના મનોરથ **કરે છે**. સપ્તમીના દિવસે પધાર્યા તેનો ભાવ આ છે. ખટગુણ ધર્મ સંયુક્ત સાતમી ધર્મી સર્વલીલા વિશિષ્ટ એટલામાં અહીં પુષ્ટિમાર્ગમાં આવે છે. જે ઉત્સવની સામગ્રી વાજીંત્ર, ગાનાદિક બીજા કૌતૂહલ વીર્ય આ છે. જે આ કલિકાલમાં સર્વદોષને દબાવીને પુષ્ટિમાર્ગ દ્વાપરની પ્રગટ લીલા કરી. અનેક માયાવાદીઓના મતને ખંડન કરી ભક્તિમાર્ગ સ્થાપન કર્યો. આ યશ (૩) શ્રીગોવર્ધનધર આદિ સાત મંદિર પુષ્ટિમાર્ગની રીત સાક્ષાત કોટિક રૂપ લાવણ્ય એવા દરશનઆ શ્રી (૪). સંખડી, અનસખડી, પ્રસાદી, અનપ્રસાદી, ખાસા, સેવકી મર્યાદા આદિનો વિચાર સારસ્વતકલ્પના પુષ્ટિ પુષ્ટિ પુરુષોત્તમ શ્રીકૃષ્ણભાવ સ્વરૂપ વ્રજભક્તોના ભાવાત્મક આ જ્ઞાન. ભગવદ સેવાની આગળ બીજા ધર્મ જપતપ સંયમ નેમ ધર્મ નવધાભક્તિ આ બધી સેવાની પછી મનમાં આખી સેવા આ વૈરાગ્ય (૫). આ ધર્મ અને ધર્મી આ બધી સેવા કરી પછી મનમાં બધી સેવાનો ભાવ તેની ભાવના કરી રસનો અનુભવ માનસી **કર**વી. આ ભાવથી સાતમના દિવસે શ્રીજીનો પાટોત્સવ છે. તે દિવસે રાજભોગમાં આ ધમાર ગવાય છે. ‘‘ધનિ ધનિ નન્દ જસોમતિ ધન્ય શ્રીગોકુલ ગામ’’

વગેરે ભાવ પૂર્વક શ્રૃંગાર કરી નિજ મંદિર ગિરિરાજથી શ્રીગુસાંઈજીના ઘર પધારીને અનેક વિહાર આદિ શ્રીચંદ્રાવલીજીની કુંજમાં કરી રસથી ભરીને મુરલી વગાડી બદા વ્રજની વધૂઓને બોલાવીને પછી હોરી ખેલ્યા. તેથી પુષ્ટિમાર્ગમાં આ રીતે છે. જ્યારે શ્રીઠાકુરજીને રાજભોગ આવે ત્યારે શ્રીજી હોરી ખેલે, શ્રીસ્વામિનીજી, શ્રીચન્દ્રાવલીજી સહિત હોરી ખેલે. તેથી બે ખેલ હોય છે. ગોવિંદસ્વામીની ધમાર એથી પહેલા ગાવામાં આવે છે. શ્રીદામા સખાને પ્રાગટ્ય પ્રિય છે. શ્રીસ્વામિનીજીના ભાઈ રહસ્યલીલાને અહર્નિસ અનુભવ કરનાર પુષ્ટિરસ લીલાને અનુકૂળ વૃષભાનજીના ઘરેથી પધરાવી લાવવા. અહીં તહીંના સમાચાર પ્રિતને વધારનારા, તેથી એમના કીર્તનથી શ્રીગોવર્ધનધર અને શ્રીસ્વામિનીજી ઘણા જ પ્રસન્ન થાય છે. તે દિવસે ન્યોછાવર થાય છે. તે શ્રીચંદ્રાવલીજી થાળીમાં મોતીની આરતી દીવડા મૂકીને કરી, વિરહ ન્યોછાવર કર્યો. પોતાનું સર્વાંગ પ્રભુને સમર્પણ કર્યું. આ ભાવથી આરતી ન્યોછાવર થાય છે. બીજા અનેક ભાવ છે. મનમાં ભક્તજન અનુભવ કરે છે.

## ॥ હોલાષ્ટક ॥

ફાગણ સુદ ૮ થી હોલાષ્ટક શરૂ થાય છે. આ દિવસથી ‘ગારી’ ભાષા - ભારી ખેલ થાય છે. તેનો અભિપ્રાયઆ છે. એતન્યમાર્ગી ભાવના અનુસાર આ હોરી છે, જે શ્રીસ્વામિનીજીની હાસ્ય રૂપ, અન્તરંગ સખીનો છે. જે શ્રીસ્વામિનીજી આજ્ઞા લઈને વસંત ઋતુમાં કામનો જન્મ છે (એ તેનુ સ્વરૂપ છે). ત્યારે આ હોરી સૂધી ભીતર પ્રગટ થઈ બધા લોકોનો ઉન્મત રસ રૂપ કરે છે. જેમાં રાત-દિવસ કામ શાસ્ત્ર યુક્ત આ લીલા છે. તેથી હોલાષ્ટકના દિવસે કોઈ નૌતન (નવી) સામગ્રી કરી પ્રભુને આરોગાવીએ, રાજભોગમાં ઉત્સવ મનાવાય છે.



**મહાશિવરાત્રિ–મહા (વ્રજ ફાગુન) વદ ૧૪ :** આ દિવસે શ્રી ઠાકોરજી વાઘાંબર ધારણ કરે છે.
શ્રી મહાદેવજી પરમ ભગવદીય વૈષ્ણવ છે અને ક્ષણર્ઘ પ્રભુના ધ્યાન, સ્મરણ વિના રહેતા નથી. શ્રીમદ્‌ભાગવતમાં લખ્યું છે કે :- ''વૈષ્ણવાનાં યથા શંભૂ'' તેથી તેમની નિંદા કરવી નહીં. નિંદા કરવાથી પ્રભુ અપ્રસન્ન થાય છે. રસ્તામાં જ્યાં શિવાલય આવે ત્યાં અવશ્ય જય શ્રીકૃષ્ણ કરવા.

# ॥ વાધામ્બર ॥

જે દિવસે શ્રીઠાકોરજી વાધામ્બર ધારણ કરે છે, તે દિવસે શિવજીનો ભાવ હોય છે. પરંતુ જેના ભાવથી વસ્ત્ર ધરવામાં આવે છે, તે એવા હોય છે જેની સ્થિતિ ભગવદ્ સ્વરૂપમાં હોય છે. બ્રહ્માજીની ભ્રગુટીથી જન્મેલા જે રૂદ્ર (શિવ) છે, અહીં તેમનું તાત્પર્ય નથી.

શ્રીમદ્ ભાગવત પંચમ સ્કંધ ૨૫ અધ્યાય, 3 શ્લોકના અંતરગત ભાવના અનુસાર સ્વયંગ ભગવાન સંકર્ષણની ભ્રુગુટીના મધ્યભાગથી શિવનો જન્મ થયો છે. એજ શિવ (રૂદ્ર) ધર્મનું મૂળ સ્વરૂપ છે, અને એમનું સ્વરૂપ લક્ષણ ભગવાન કૃષ્ણના સ્વરૂપમાં નિવાસ કરે છે. અહીં પુષ્ટિમાર્ગમાં બ્રહ્મપુત્ર રૂદ્ર ન થઈને જગદાધાર સંકર્ષણથી પ્રગટ ભગવાન રૂદ્રનું પોતાના સ્વરૂપ દ્વારા દર્શન આપે છે. કારણ કે સંકર્ષણથી પ્રગટ જે ધર્મ છે તે ભગવદ્ ધર્મ છે. તેનો પ્રલયમાં પણ વિનાશ થતો નથી. છતાં પણ હોરી ખેલની લીલામાં કોઈપણ દેવતાઓના પ્રવેશની આજ્ઞા નથી અને અહીં આ ફક્ત રૂદ્ર-શિવના વસ્ત્ર ધારણ કરે છે. આ એ શિવ છે જેમને રાસલીલાના પ્રવેશ માટે શ્રીયમુનાજીએ સ્ત્રીભાવની દીક્ષા આપી હતી. અન્યથા પુરૂષ ભાવનો પ્રભુ કેવી રીતે અંગીકાર કરે ? ભગવાન રૂદ્રનો મુખ્ય વાદ્ય યંત્ર પ્રાચીન શાસ્ત્રો મુજબ મૃદંગ્ર-રૂદ્રવીણા અને શ્રૃંગી છે. હોળીના દિવસોમાં આ વાદ્યોનો ઉપયોગ જરૂરી છે.

વાધામ્બર વસ્ત્રોના ભાવથી કોઈ શૃંગાર નથી કારણ કે કૃષ્ણરૂપી પૂર્ણ ચંદ્રમાં અર્ધચંદ્ર જોવામાં આવતો નથી. શિવના વસ્ત્રોનું નામ વાધામ્બર છે. હકિકતમાં તેનું નામ વાગ-અંબર (વાગ એટલે વાણી, અંબર એટલે આકાશ) (આકાશવાણી) છે. જ્યારે જ્યારે ભગવદ્ પ્રાદુર્ભાવ થાય છે ત્યારે તેનો અવાજ રૂદ્ર જ સાંભળે છે અને સાંભળીને બીજાને સંભળાવે છે. ભગવાન શ્રીકૃષ્ણએ વિભૂતિયોગમાં કહ્યું છે, ''પશુઓમાં મારૂ સ્વરૂપ વાધ-સિંહ છે. આ પશુ દેહ ધર્મનું પ્રમુખ સ્વરૂપ છે. એના જીવનમાં કામ વિજય છે. વાધ પોતાના આખ્ખા જીવનમાં એક જ વખત કામનો ઉપયોગ કરે છે. એટલા માટે તેની વંશપરંપરા સ્થાપિત રહે છે અને એના વંશજોથી વંશ ચાલુ રહે છે. ભગવાન શ્રીકૃષ્ણએ પણ પોતાની વ્રજ અને દ્વારકા લીલાઓમાં બંને સ્વરૂપોથી એક-એક સમયે જ કામનું દર્શન કર્યું છે. દ્વારકા લીલામાં દૈહીક સૃષ્ટિ છે. વ્રજલીલામાં ધર્મ સૃષ્ટિ છે. આ ધર્મ સૃષ્ટિમાં શ્રીમહાપ્રભુજીની માન્યતા છે. દેહસૃષ્ટિનો વિચાર અને દેહસૃષ્ટિથી ઉત્પન્ન ધાર્મિકતાનો વિચાર ધર્માચાર્યોને છે. આચાર્ય ભગવદ્ ધર્મના વંશજ છે. એટલા માટે આ સંસારથી સ્વતંત્ર સ્વરૂપ છે.



# ॥ કુંજ એકાદશીની ભાવના ॥

સૌજન્ય : લલ્લુજીનું મંદિર, સુરત

બાર મહિનાની કુંજ આજે બંધાય છે. ફાગણ સુકલ એકાદશી (અગીયારસ) જે કુંજ એકાદશી છે. શ્રીહરિદાસવર્ય ગિરિરાજમાં સ્થિત નિકુંજોની કુંજ લીલાઓનો આજથી પ્રારંભ થાય છે. અહીં ધ્યાન આપવાનું છે કે બાર મહિનાઓમાં એકાદશીનું નામ કુંજ એકાદશી પુષ્ટિમાર્ગમાં માનવામાં આવે છે. શ્રીનાથજીમાં બાર મહિનામાં કુંજ આજે જ બંધાય છે. રાજભોગમાં પધરાવવાનું કારણ હોરીનો ખેલ કુંજ-નિકુંજની લીલા મધ્યાન (બપોરે) સમયે થાય છે. રાજભોગનો ભોગ સરાવ્યા પછી કુંજ બાંધવામાં આવે છે અને બાર (૧૨) વન અને ચોવીસ (૨૪) ઉપવનનો એમાં ભાવ હોય છે. વિશેષ આજે કુંજ એકાદશીના દિવસે વિક્રમ સંવત ૧૫૪૯માં આચાર્ય શ્રીમહાપ્રભુજીને શ્રીનાથજીએ આજ્ઞા કરી, ‘‘મેં ગોવર્ધનધર સ્વરૂપ ગોવર્ધન મેં પ્રકટિત ભયો હૂં. હરિદાસ વર્ય ગોવર્ધન મેં મેરો મિલાપ હોયગો.’’

કુંજ એકાદશીએ અભ્યંગ થાય તેનોભાવ એ છે કે આજથી ચાર દિવસ ચાર યૂથાધિપતિની સેવા હોય છે. ડોલ ગાવામાં આવે. પૃથક-પૃથક ડોલ ચાર સ્થાનમાં ઝુલાવવા. આ છ દિવસ ડોલ રાજભોગ અને શયન સન્મુખ ગવાય છે. તેનોભાવ રાજભોગ અને શયનભોગમાં નિકુંજ લીલા થાય. તેથી ડોલ પણ છ સ્થાનમાં નંદાલયમાં, યમુનાપુલિનમાં, નાયક ગિરિરાજમાં, કુંજમાં. ફક્ત આજે જ ‘ડોલ’ની પહેલા શ્રીનવનીત પ્રિયજી, શ્રીજીની ગોદમાં બિરાજે છે. શ્રીસ્વામિનીજી ભાવ-ભાવિત લીલા દર્શન માટે બહુ અદ્‌ભુત લીલા છે, પ્રિયા પ્રિયતમ સાથે ફરવા (ધૂમવા) પધારે છે. આભૂષણ બધા ફૂલોના આવે છે જે શ્રીસ્વામિનીજી સ્વરૂપા છે. માલાજી વ્રજ ભક્ત રૂપા છે. આથી પહેલા અષ્ટમીથી હોળાષ્ટકનો પ્રારંભ થાય છે અને આજથી શ્રીગોવિંદસ્વામીની ગારી શયનમાં ગાવામાં આવે છે. ભારી ખેલ થાય છે. અભિપ્રાય એવો છે કે એતન્માર્ગીય ભાવનાનુસાર આ હોરી શ્રીસ્વામિનીજીની હોય છે. હાસ્યરૂપા અંતરંગ સખી છે તે શ્રીસ્વામિનીજીની આજ્ઞાથી વસંતમાં કામ (ગુઢાર્થ અહીં અવર્ણનીય, સાંસારિક ભાવાર્થ ક્યારે પણ ન લેવો) ને જન્મ આપે છે. એનું જ સ્વરૂપ હોરી છે અને તે જ ઉન્મુક્ત કરે છે. જેનાથી બધુ રસરૂપ થઈ જાય છે. રાત-દિવસ અલૌકિક લીલા થાય છે. અષ્ટાંગથી અથવા તો અષ્ટ સખિઓ દ્વારા રસદાન કરે છે. રાજભોગમાં ગ્વાલનો ડબરો ગુલાલ ઉડાવે છે.

બસ હવે અહીંના માટે લખવાનું બંધ, કારણ કે એના સ્વરૂપાત્મક વર્ણન ગુરુ સાનિધ્યમાંજ સંભવ છે. આ સમયે ફક્ત એક જ વાક્ય યાદ આવે છે, ‘‘કૃષ્ણ જ જગદ્‌ગુરુ છે અને એજ વંદનીય છે.’’ જેમણે ગીતામાં કહેલા શબ્દ, ‘‘**यदा यदा ही धर्मस्य ग्लानिर्भवति भारत**’’ આ ભૂલોકમાં અમર છે. અર્થાત જ્યારે પણ ભૂતલ પર ધર્મની હાની થશે ત્યારે હું અવતરિત થઈશ. આ ઉલ્લેખ એટલા માટે છે કે શ્રીદામોદરદાસજી હરસાનીજીના હૃદયસ્થ પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોને વલ્લભના એશ્વર્ય અવતાર શ્રી વિઠ્ઠલનાથજી ગુસાંઈજીમાં આરોહન શ્રીમદ્ વલ્લભની આજ્ઞા અનુસાર થયો.

# ॥ કુંજ એકાદશી ॥



**ફાગણ સુદ – ૧૧ના દિવસે કુંજ એકાદશી** – આ દિવસે અભ્યંગ અને ભારી ખેલ થાય. તેનો ભાવ આ છે : અગીયારસ, બારસ, તેરસ, ચૌદસ આ ચાર દિવસમાં ચારે યુથાધિપતિનો મનોરથ છે. તેમાં પ્રથમ કુંજની એકાદશીના દિવસે શ્રીસ્વામિનીજીનો ખેલ છે, અભ્યંગ શ્રીસ્વામિનીજી કરે છે. મુકુટ-કાછની ધારણ કરાવે છે. જેવી રીતે મોર કલા કરીને રસદાન કરે છે. તેવું વ્રજભક્તોને જતાવે છે. નિકુંજના ભાવથી માનાદિક વિહાર છે. તેથી ગોવિંદસ્વામી આ ધમાર ગાય છે : ''તે મોહન કો મન હર્યો, તો બિન રહ્યો ન જાયરી પ્યારી.''

પછી આ દિવસથી સૈન (શયન)માં ગુલાલ ઉડાવાય છે, તેથી શ્રીસ્વામિનીજીની કુંજમાં આખી રાત રસરૂપ હોરી શ્રીજી ખેલે છે. આ ભાવથી કુંજ છે. આ દિવસથી ડોલના કીર્તન ગવાય છે. જે એથી કે ડોલ અત્યંત રહસ્ય લીલા છે. હિંડોરાની જેમ કુંજની અગીયારસથી અત્યંત રહસ્ય લીલા છે. તેથી ડોલ ગવાય છે.

**ફાગણ સુદ – ૧૨** ના દિવસે શ્રીયમુનાજીના ભાવથી ભારી ખેલ છે. શયનમાં ગુલાલ ઉડે-ડોલ ગવાય છે.

**ફાગણ સુદ – ૧૩** ના દિવસે શ્રુતિરૂપા શ્રીચંદ્રાવલીજીના મનોરથથી ખેલે છે. શયનમાં ભારી ગુલાલ ઉડે-ડોલ ગવાય છે.

**ફાગણ સુદ – ૧૪** ના દિવસે કુમારિકા વિગેરે બધી સખીઓના ભાવથી ખેલે છે, ભારીથી અતી ભારી ગુલાલ ઉડે, ડોલ ગવાય, ક્યારેક ચૌદસની હોરી હોય ત્યારે આ ભાવના છે. —



કુંજ એકાદશી



બગીચા તેરસ



ડોલોત્સવ

# ॥ કુંજ એકાદશી અને અષ્ટસખીની ભાવના ॥

ફાગણ સુદ ૧૧ને કુંજ એકાદશી કહે છે વ્રજ ભક્તોએ વનમાં નિકુંજો બનાવી અનેક પ્રકારના મનોરથ કરી પોતા પોતાની નિકુંજમાં ભાવથી ખેલાવી અનેક પ્રકારની સામગ્રી આરોગાવી છે.

વ્રજમાં શ્રીઠાકોરજી બાર નિકુંજની અંદર બિરાજે છે. પુષ્પકુંજ, ફલકુંજ, રસકુંજ, ગોકુંજ, મધુકુંજ, દ્વારકુંજ, નવકુંજ, શશીકુંજ, પ્રેમકુંજ, સિદ્ધકુંજ, લક્ષ્મીકુંજ અને તુલસીકુંજ એમ મુખ્ય બાર કુંજ છે તેમાં કોટાન કોટી ભક્તોના જુથો છે.

પશુ પક્ષી અલૌકિક મધુરી વાણ બોલે છે, કેમ જાણે ભગવદ્ ગુણગાન કરતા હોય, ત્યાંના પશુ પક્ષીને, ત્યાંના ભક્તોને કે કોઈ જીવ જાતને મલમૂત્ર કે કાંઈ દેહા ધ્યાસ નથી અને કોઈ તામસી નથી, બધા ધર્મ અપાકૃત છે, ત્યાં જન્મ, મરણ કે જરા નથી. સદા નવ યૌવન છે, વાઘ, સિંહ જેવી કાઈ વિક્રાળ જાતિ નથી. એવી રીતે આ બારેય કુંજમાં ઉપાધી, ભય દુષ્ટ, દુ:ખદાયી કોઈ નથી. સર્વ સુખરૂપ સુખની નિધિ છે તે કુંજોમાં કોટાન કોટિ ભક્તનો જેવો ભાવ તેવી નિકુંજો સિદ્ધ છે. નિકુંજમાં ક્ષણે ક્ષણે નૂતન પ્રકારની ભૂમિ, નિકુંજ ભવનની વિચિત્ર સજાવટની, ભક્ત લીલા સામગ્રી સહિત બાગ, બગીચા, હિંડોળા, જલ વિહાર, સુંગધીવાળા હોજ, ફુવારા વગેરે ઋતુ અનુસાર તમામ લીલાના ભવનો મળી નિકુંજ કહેવાય છે.

મંગળા નિકુંજ, શૃંગાર નિકુંજ, અભ્યંગ નિકુંજ, વસ્ત્ર નિકુંજ, ફૂલેલ નિકુંજ, અત્તર નિકુંજ, સામગ્રી નિકુંજ તેમાં પેટા કુંજો - કરોડો સામગ્રીની ન્યારી નિકુંજો, દરેકે દરેક નિકુંજ અગણિત ભક્તો, તમામ ક્ષણે ક્ષણે રૂપ, રસ, ભાવ, રંગ સુગંધ અને શણગાર બદલાય છે.

ફૂલઘર કરોડો રંગના, ફૂલો તેવાજ બગીચા જુદા, તેમાં દરેક ફૂલના બગીચા, તેમાં કરોડો યુગલ સ્વરૂપો, માનકુંજ, હિંડોળાકુંજ, રથકુંજ, સાંઝીકુંજ, દાનકુંજ, રાસકુંજ, અન્નકૂટકુંજ, આવી રીતે કરોડો લીલાની કૂંજોની ભાવનામાં સ્વરૂપાનંદના ચિંતવનમાં મન ડૂબાવી દે અને આવા સાક્ષાત્ દર્શન લીલામાં આ દેહથી ક્યારે થશે તેની જ

દિન રાત તૃષ્ણા રહે. તેનું સતત ચિંતવન અને તાપની જરૂર છે. બાકીના કરોડો સાધન બળથી પ્રભુની લીલાના દર્શન દુર્લભ છે. જીવ ઉપર અનુગ્રહને શ્રીમહાપ્રભુજી વિરહનું દાન કરે તો સંસાર ફીકો લાગે અને લીલારસમાં મગ્ન બને.

શીતકાલકુંજ, ઉષ્ણકાલકુંજ, ફાગ વિલાસ પાવસ ઋતુની વિહાર કુંજ આવી કુંજોનું વર્ણન એક કલમથી તો કરોડો યુગો જાય તો પણ પૂરું થાય નહિ. મનવાણીથી અગમ્ય છે. ક્ષણે ક્ષણે નૂતન રસ અને નૂતન લીલા સામગ્રી અને ભક્તો પ્રભુને સુખ આપે છે તે પ્રભુની કૃપાથી માલુમ પડે છે.

**રાગ - સારંગ**

**ચલૌ કિનિ દેખનિ કુંજ કુટી; મદન ગોપાલ જહાં મધ્ય નાયક, મન્મથ ફોજ લુટી. ||૧||**
**સુરત સમરમેં લરત સખીકી મુક્તા માલ ટૂટી; ઉરજ તેં જુ કંચુકી ચૂર કુટ ભઈ, કટિ પટ ગ્રંથિ છૂટી. ||૨||**
**રસિક શિરો મણિ સૂર નંદ સુત દીની અધર ઘુટી; 'પરમાનંદ' ગોવિંદ ગ્વાલિનિકી, નીકો જોટ જુટી. ||૩||**

શ્રીનાથજીના રસ દર્શન માટે શ્રીનાથજીના સન્મુખ નિજમંદિરમાં જવા માટે એકંદર બાર દરવાજા ઓળંગવા પડે છે. બાર દરવાજા બાર નિકુંજ, શ્રીનાથજી વ્રજમાં બાર નિકુંજની અંદર બિરાજે છે, મેવાડમાં પણ શ્રીનાથજી બાર દરવાજાની અંદર જ બિરાજે છે.

શ્રીનાથજીમાં ૧૨ દ્વાર કુંજના - (૧) સિંહપોલ દ્વાર, (૨) સૂરજ પોલ દ્વાર, (૩) કુબેર કી પોલી દ્વાર, (૪) મણિદ્વાર, (૫) છઠ્ઠી જોર કોઠાનો દ્વાર, (૬) નગારાખાના દ્વાર, (૭) હથિયા પોલ દ્વાર, (૮) ગોલદેહલી દ્વાર, (૯) પ્રીતમપોલ દ્વાર, (૧૦) નિજ મંદિર દ્વાર, (૧૧) પદક્ષિણા દ્વાર, (૧૨) કીર્તનીયા ગલી દ્વાર. આ બારેય દરવાજા વ્રજની બાર નિકુંજની ભાવનાથી સિદ્ધ થયેલા છે.

| | કુંજ | સખી | ઠાકોરજી | સ્વામિનીજી |
|---|---|---|---|---|
| ૧. | પુષ્પ | પુષ્પા | મદન મોહનજી | ઈન્દુલેખા |
| ૨. | ફલ | ફલદા | નટવર ગોપાળ | ચંદ્રભાગા |
| ૩. | રસ | રસીલા | મથુરેશજી | ચંપકલતા |
| ૪. | ગો | ગોમતી | લલિત ત્રિભંગી | ભામા |
| ૫. | મધુ | મધુ | લાડીલેશજી | વ્રજમંગળા |
| ૬. | દ્વાર | દ્વારકા | દ્વારકેશજી | ચિત્રાજી |
| ૭. | નવ | નવલ | નટુગોપાલ | વિશાખાજી |
| ૮. | શશી | શશીકલા | શ્રીવૃંદાવનચંદ્ર | લલિતાજી |
| ૯. | પ્રેમ | પ્રેમબાળા | શ્રીવ્રજવિહારી | શ્રીયમુનાજી |
| ૧૦. | સિદ્ધા | સિદ્ધા | શ્રી ગોકુલ ચંદ્રમાજી | રાધા સહચરા |
| ૧૧. | લક્ષ્મી | લક્ષ્મી | શ્રી વિઠ્ઠલનાથજી | ચંદ્રાવલીજી |
| ૧૨. | તુલસી | તુલસી | શ્રીનાથજી | મહાલક્ષ્મીજી |

આ બારેય કુંજમાં બિરાજતા પ્રિયા પ્રીતમને મારા સાષ્ટાંગ દંડવત્ પ્રણામ.

| અંગસ્થાન | કુંજાદિ | સહચરી | ઋતુ | મનોરથ |
|---|---|---|---|---|
| શ્રવણ | માનકુંજ | શ્રી રાધા | શિશિર | ગુપ્તરસ |
| ઉદર | પ્રીતમકુંજ | શ્રી પ્રિયાજી | વસંત | વસંતખેલ |
| નેત્ર | કમલકુંજ | શ્રી યમુનાજી | વસંત | જલક્રીડા |
| હૃદય | પન્નાકુંજ | શ્રીતુલસાજી | ગ્રીષ્મ | નાવ |
| મુખ | નીલમકુંજ | શ્રી શામલાજી | વર્ષા | સઘનકંદરા |
| હસ્ત | ફૂલનકુંજ | વિશાખા | વર્ષા | ફુલમંડલી |
| કટિ | માણેકકુંજ | લલિતા | વર્ષા | હિંડોલા |
| ચરણ | હીરાકુંજ | ચંદ્રાવલીજી | શરદ | રાસ |

**સખીઓની મુખ્ય સેવા :**

૧. ચંદ્રભાગા - ચિત્રકારી, દૂતીષનો, કામશાસ્ત્ર, વશી કરન, સ્વાન્ત, બોલનો
૨. પત્રલેખા - કવિત, બીન બજાનો, લાસ્યાદિ હાવભાવસે યુગલકો રિઝાનો
૩. ભામા - માન મનાનો, સામ દામ ભેદ દંડ ભેદાદિ, વિચિત્ર વાર્તા
૪. વિશાખા - રાગરાગની ગાનો, તાલ સુરજાદિ કે જલતરંગ બજાનો.
૫. ચંપકલતા - અભ્યંગ ફૂલેલ વેની ગૂથની, કચમાર્જની સહિત ચિકૂર સુંદર સમારને.
૬. સુશીલા - ગુલાબદાની, સુગંધી ઓર દૂધ પાન યુગલકો કરાનો, ચંદન ઝારી.
૭. પદ્મા - બીડી આરોગાવની, માલા ધરાવની, દરપન, મોરછલ વ્યંજનાદિ
૮. લલિતા - ગેંદકા ખેલ વિના છડીસે કરના, ચોપટ સેતરંજ મેં હારે તાકોં દાવ પેચકે ઈસારે બતાના.

આ પ્રકારે પ્રીયા પ્રિતમને અનેક પ્રકારના સુખ આપે છે.

શ્રીજીની નિકુંજ (વૈષ્ણવનું હૃદયરૂપી મંદિર)ને વ્રજભૂમિ સમજાવી. તે નિકુંજનો પહેલો નીચેનો ખંડ શ્રીમદ્ ગોકૂલ, નંદાલય ભાવે, ઉપરનો બીજો ખંડ સુખ શચ્યાજીને બૃહદ્ વૃંદાવન રાસ સ્થળ. ત્રીજો ખંડ શ્રી યમુનાજી બિરાજતા હોય તો શ્રી ચંદ્ર સરોવર યમુના તટ ભાવ હૃદયમા સ્થિર કરવો કારણ શ્રી યમુનાજી રાસ રમણના સિદ્ધિ દાતા છે.

ભગવાનની મુખ્ય સખીઓ આઠ છે તેમાં મુખ્ય શ્રીલલિતાજી છે તે પરમ ચતુર છે. યુગલ સ્વરૂપના સ્નેહને સંપૂર્ણ સમજે છે. સુંદર બીડીની સેવા કરી શ્રી પ્રિયા પ્રિયતમને આરોગાવે છે એની રસભરી માધુરી વાણીથી બેય સ્વરૂપ બહુ પ્રસન્ન થાય છે. એમના શ્રી અંગનો રંગ ગોરો ચંદન જેવો છે એના વસ્ત્ર મોર પીંછેના રંગ જેવાં છે એની સખી આઠ છે - રત્ન પ્રભા, રતી કળા, શુભા, કલહંસા, કલાપની, ભદ્રા, સૌરભા અને મન્મય મોદા. આ આઠેય પ્રિયની સેવા સમય ટહેલમાં હાજર રહે છે.

બીજા સખી શ્રીવિશાખાજી છે એની સેવા યુગલ સ્વરૂપને વસ્ત્ર ધરાવવાની છે શ્રી પ્યારીજી તરફ બહુમાન રાખે છે, શ્રી અંગ વિજળી જેવું તેજસ્વી છે તારામંડલ જેવા વસ્ત્ર ધરે છે એની ટહેલની-માધવી, માલતી, કઝરી, હરની, ચપલા, ગંધરેખા, સુભાનુજા અને સૌરંભાજી એમ આઠ છે.

ત્રીજા સખી શ્રીચંપકલતાજી છે તે રસોઈના પકવાનની સેવા બહુ સુંદર કરે છે. યુગલ સ્વરૂપની રૂચી અનુસાર સર્વ તૈયારી કરી સમર્પે છે એમના શ્રી અંગનો વર્ણ ચંપાના ફૂલ જેવો છે. એની સખીઓ કુરંગા, છોમના, કુડંલા, ચંદ્રીકા, સુચરીતા, ચંદ્રલતાજી, મંડની અને સુમંદીરા એમ આઠ છે.

ચોથા સખી શ્રીચિત્રાજી છે, એમની સેવા સુગંધી જલપણાની છે; એનો વર્ણ કુમકુમના જેવો લાલ છે. વસ્ત્ર સોનેરી ધરે છે. એની ટહેલનીઓ રસાલિકા, તિલકની, સુગંધીકા, રામીલકા, નાગ બેનીકા, નાગરીજી શૌરાજી અને સેનાજી એ પ્રમાણે આઠ છે.

પાંચમાં સખી શ્રીતુંગવિદ્યાજી છે. એ વાજીંત્રની સેવામાં કુશળ છે. રાગ-રાગીણી સમયને અનુસાર ગાય છે. એનો વર્ણ ગૌર છે. પીળાં વસ્ત્ર ધરે છે. એનાં સખીઓ મંજુ મેઘા, મેધીકા, મધ્યાજી, ગુન ચુડાજી, વારગંધાજી, મધુરાજી, મધુમૈજી અને અસ્યનંદાજી એમ આઠ ટહેલનીઓ છે.

છઠ્ઠા સખી શ્રીઈંદુલેખાજી છે. તેઓ કોકકલામાં કુશળ છે. કામ સંબંધી વાર્તાલાપ કરી શ્રી પ્રિયા પ્રિયતમને મોહ ઉપજાવે છે. એમના શ્રી અંગનો વર્ણ હડતાંળના જેવો છે. વસ્ત્ર દાડમના ફૂલ જેવા ધરે છે. એની સખીઓ ચિત્રલેખા, મોહનીજી, મદાલશા, ભદ્રતુંગાજી, રસતુંગાજી, સુમંગલાજી, ચિત્રાંગીજી અને લેખાજી એ પ્રમાણે આઠ ટહેલનીઓ છે.

સાતમા સખી શ્રીસુદેવીજી છે. એમની ચોટીની સેવા છે. સુંદર ફૂલ ગૂંથી જાણે છે. શ્રી અંગનો વર્ણ વરીયાળી જેવો છે. સુહારંગની સાડી ધરે છે. એના સખી - કાવેરીજી, મનોહરાજી, મંજુકેશા, કેશીકાજી, હારહીરાજી, કાવેરી, મહાહીરાજી અને મંગા એમ આઠ છે.

આઠમાં સખી શ્રીરંગદેવીજી છે. એમની શૃંગાર ધરાવવાની સેવા છે. એનો વર્ણન કેસરી છે. ચિત્રકળામાં કુશળ છે. જ્યા ફૂલના જેવી સાડી ધરે છે. એની સખીઓ - કલકંઠી, રસિકલા, કમલા, મધુરિદાજી, સુંદરીજી, કંદર્પાજી, પ્રેમમંજરીજી અને કામલતાજી.

એ પ્રમાણે આઠ મુખ્યા અને દરેકની ટહેલનીઓ પણ આઠ આઠ છે.

શ્રીઠાકુરજીના અષ્ટસખા છે તેમાં એવો સંદેહ થાય કે નિકુંજ લીલામાં તો સખી જનોનો અનુભવ છે, સખા ત્યાં નથી તો રહસ્યલીલા અનુભવ વગર અષ્ટ સખાઓએ કેવી રીતે ગાયાં ?

ત્યાં **કહે છે** કે જ્યારે શ્રીઠાકુરજી આપ વનમાં ગોચારણ લીલામાં સખાઓ સાથે પધારતા ત્યારે બધા ગોપીજનો લીલાનો અનુભવ કરે છે અને ઘરમાં સઘળી લીલા વનની ગાય છે.

ત્યાર પછી જ્યારે શ્રીઠાકુરજી સંધ્યા સમયે વનથી ઘેર આવે છે તે પછી રાત્રે ગોપીજનો સાથે નિકુંજ લીલા કરે છે, ત્યારે અંતરંગ સખાઓને વિરહ થાય છે ત્યારે તેઓ નિકુંજ લીલાનું ગાન **કરે છે** અને અનુભવ **કરે** છે, તો તેનો હેતુ શું છે ?

તો કુંજમાં સખીજનો છે તેમના બે સ્વરૂપ છે તેમાં 'પુ' ભાવના સખા અને 'સ્રી' ભાવની સખી છે, તેમાં દિવસે અષ્ટ સખા દ્વારા અનુભવ અને રાત્રે અષ્ટ સખી દ્વારા અનુભવ છે. તો તે શી રીતે ? તો વેદની ઋચા છે તે ગોપી છે અને વેદના મંત્રો છે તે સખા છે પરંતુ ગોપીજન દેખવા માત્રમાં સ્ત્રીઓ છે અને એમના પતિ છે પણ તેઓ સ્ત્રીઓ નથી તે એવી રીતે કે જેમ શેકેલા અન્ન હોય તે ધરતીમાં નાખવા છતાં તે બીજ તરીકે ઉગે નહિ. તેવી રીતે એમને લૌકિક વિષય નથી. પરંતુ અહીંતો રસરૂપ લીલા સદા સર્વદા એકરસ છે.

તેવી જ રીતે અંતરંગ સખા શ્રી ઠાકુરજીના અંગરૂપ છે. તે સખી રૂપે અને સખારૂપે બે રૂપથી રાત્રી અને દિવસ લીલારસ **કરે છે**. તેવી જ રીતે આ અષ્ટ સખીઓ શ્રીઆચાર્યજી મહાપ્રભુજી તથા શ્રીગુસાંઈજીના સેવક થઈને ભગવદ્‌લીલા ગાય તેનું કારણ એ કે જેમાં સ્વામીનો યશ વધે કે જેમના સેવક અષ્ટ સખી એવા ભગવદીય છે એમના સ્વામી શ્રીઆચાર્યજી આપ છે તો તેમને શરણે આપણે જઈએ આવી રીતે જગતમાં લીલા કરી યશ પ્રક્ટ કર્યો, જેથી આગળ લૌકિક જીવો પણ યશ ગાયને પ્રભુની પ્રાપ્તિ **કરે**. –

# ॥ ડોલોત્સવ ॥



શ્રીમદ્ ભાગવતમાં દશમ સ્કંધ પૂ.ના ૧૮માં અધ્યાયમાં ભગવાન કૃષ્ણના પોતાના પરિકરના બાળકોની સાથે વનમાં ખેલવાના પ્રકાર લખ્યા છે. એમાં

''कदाचित् स्पन्दोलिकया'' (ભા.દ.પૂ. અ. ૧૮, શ્લોક ૧૫)

રોજની જેમ શ્રીયશોદાજી અને એમની વ્રજની અન્ય ગોપીઓ-બાલકો અને કૃષ્ણને પૂછતી હતી કે આજે વનમાં કઈ પ્રકારનો ખેલ ખેલ્યા (રમ્યા). બાળકોએ કહ્યું, 'સ્પનદોલિકા' ઝુલાઝુલવાનો ખેલ ખેલ્યા.' આ ખેલને ડોલા અથવા હિંડોલા કહેવાય છે.

આ ખેલ શ્રાવણ મહીનામાં હિંડોળાના નામથી ઓળખાય છે. એનું એક સ્વરૂપ માત્ર એક દિવસ માટે હોળીના બીજા દિવસે (પ્રતિપદા (એકમ)) થાય છે. એને ડોલોત્સવ કહેવાય છે.

વસંત પંચમીથી લઈને, ફાલ્ગુન પૂર્ણિમા સુધી જે વ્રજમાં, વ્રજગોપીકાઓએ હોરીનો ખેલ ખેલીને આનંદ લીધો હતો અને પોતાના હૃદયની સુરત (કામવ્યથા) સંબંધી કામનાઓને પૂર્ણ કરી હતી. દરેક હોરી ખેલ પછી શ્રીકૃષ્ણને ગોપીઓ આશીર્વાદ આપતી હતી. ''જુગ જુગ જીયો હોરી કે રસીયા''. જેવા આશીર્વાદ આપતી હતી ત્યારે ગોપીઓની ઈચ્છા થતી હતી કે કામવ્યથા નિવૃત્તિનો આ હોરી ખેલ યુગયુગાંતર સુધી અટક્યા વગર ચાલતો રહેશે. પરંતુ આ ગોપીઓએ જાણ્યું કે ફાલ્ગુન માસની પૂર્ણિમાએ આ વસંત ઉત્સવનો વિશ્રામ થઈ રહ્યો છે.

વ્રજભાષાના લોક કવિઓની શૈલીમાં ગોપીઓએ ગાયું છે,

'હોરી કે લેવઉઆ ચાર ફગુના જાય મત રે,
જો ફગુના તુ જાયગો ગોરી મરેગી ઝહેર વીષ ખાયે,
ફગુના ફૂલ ગુલાબકો ધૂપ પરે કુમલાય, ફગુના જાય મત રે' ।



આવી અનેક વિયોગ ભરી ભાવનાઓ છે. ઘરઘરની આ ચર્ચા શ્રીકૃષ્ણએ પોતાના બાળ સખાઓ પાસેથી સાંભળી. એની નિવૃત્તિને માટે શ્રીઠાકુરજીએ પ્રત્યેક ગોપીઓના યૂથ નાયકાઓના ઘરે જઈને એઓના તાપ નિવારણની જે વ્યવસ્થા કરી એને 'ડોલોત્સવ' કહેવાય છે.

શ્રીઠાકોરજીને ચાર-ચાર ગોપબાલકોએ પોતાની હાથ આંગળીઓને એકબીજામાં ફસાવીને-રાખીને, એની ઉપર પોતાના ખભાના ઉપરણાને બિછાવી શ્રીઠાકુરજીને પ્રત્યેક (દરેક) યુથેશ્વરીજીના ઘરે પધરાવીને લઈ ગયા. એવી રીતે શ્રીઠાકોરજી ચાર સ્થળોએ પધાર્યા અને હોરી ખેલ ખેલ્યા. દરેક યુથેશ્વરીજીના ઘરે અલગ-અલગ સામગ્રી આરોગ્યા. અથ: આજના દિવસે (ડોલના) ચાર ભોગ આવે છે (જેને શ્રમભોગ કહેવાય છે) અને આજના દિવસથી વ્રજ ગોપીઓને પૂર્ણકામ થયાનો અવસર પ્રાપ્ત થયો. અગત્યની વાત એ છે કે જે કામદેવની ઉપર વિજય પ્રાપ્ત કરવો બ્રહ્મા, શંકર, નારદ અને ઈન્દ્ર જેવાઓને માટે ઘણું મુશ્કેલ (અઘરૂં) છે. ફાલ્ગુન માસમાં શ્રીકૃષ્ણ દ્વારા વ્રજગોપીઓની સાથે રહીને વિજય પ્રાપ્ત કરવો મુશ્કેલ બનતાં એક ખેલ થયો એટલા માટે સંપ્રદાયમાં એને હોરીખેલ અથવા વસંત ખેલ કહેવાય છે.

એક ઘરમાંથી બીજા ઘરમાં શ્રીઠાકુરજીને એમના બાળસખા પોતાના શ્રીહસ્તોને જોડીને શ્રીઠાકુરજીને પધરાવીને ચાલ્યા (નીકળ્યા) એ ઉત્સવ જોવાથી જ બની આવે. જેથી આ ખેલને ડોલોત્સવના નામથી ઓળખાવા લાગ્યો.

વસંતના દિવસથી ફાલ્ગુન પૂર્ણિમા સુદી શ્રીસ્વામિનીજીની સખીઓની કૃપા સહયોગથી વ્રજમાં જ્યારે જ્યારે કામવિજય પ્રાપ્ત થયો તે દિવસ એ ગોપીના ભાવથી વ્રજમાં વિજય પતાકા ફરકાવવામાં આવ્યા. બધુ મળીને ચાલીસ દિવસમાં સાત (૭) વખત વિજય થયો છે. એટલા માટે આ વિજય પ્રતિકને સાત રંગવાળી ધ્વજાજીનું સ્વરૂપ માનવામાં આવે છે. આ લોકકામ વિજયવાળી ધ્વજાજીને પોતાને ત્યાં પધરાવીને ભગવત્ સેવા કરવામાં આવે છે. જેથી સેવકના દ્વારા ભગવત્ સેવામાં આવવાવાળી લૌકીક કામના રૂપ બાધાઓની ઉપર વિજય પ્રાપ્ત થઈ જાય.

'त्वत्पादपोतेन महत्कृतेन' (ભા.દ. સ્કંધ પૂ. અ. ૨, શ્લોક ૩૦)

# ॥ વસંત હોરીની પ્રીત અને છપ્પન ભોગની રીત ॥



ત્યાં પ્રથમ ચોકી પધરાવે અને ઉપર શ્રીયશોદાજીની ગાદી પધરાવે. તેની ઉપર શ્રીયશોદાજીને મીસ કરી અતલસનો લહેંગા તેમાં લાલા અને પીરી ડોરી નાખી કેસરી સાડી ધરાવે. ચોલી કેસરી અને લાલ ધરીએ. અનવટ, વીંછીયા, જેહર, પગપાન, છુદ્રઘંટિકા, હાર, પદક, કંઠસરી, દુલરી, ટેડી ચોટી, બાજુબંધ, કંકણ, પોંચી, ગજરા, રતન જડિત ચોકી, મુંદરી, નથ, આરસી, ટીકી, કાજર, સિંદૂર, મહાવર આ બધો શ્રૃંગાર કરીને માલા પહેરાવે. નમસ્કાર કરી વસંત ખેલાવે. કેસર, ચોવા, ગુલાલ, અબીર, હરદી સહિત સુગંધીત કેસુડાના રંગથી ખેલાવે. વેવણથી વેવાઈ મળે છે.

શ્રીયશોદાજીની ગોદમાં જમણી બાજુ શ્રીઠાકોરજી અને ડાબી બાજુએ શ્રીસ્વામિનીજી પધરાવવા. સ્વરૂપ પ્રસિદ્ધ હોય તો પધરાવવા, ના હોય તો ભાવથી તનિયા, કેસરી, પાગ, ઓઢની, માલા પહેરાવે, નાની ઘાઘરી, કેસરી સાડી, શ્યામ ચોલી, આભૂષણ ધરાવવા. મંદિરમાં દક્ષિણ દિશામાં ભોગ આવે. એક ચોકી ઉપર આવી જ રીતે રોહિનીજી ને શ્રૃંગાર ધરાવી માલા પહેરાવી વસંત ખેલાવે. દક્ષિણ દિશામાં શ્રીબલદેવજીને તનિયા, પાઘ, ઓઢની ધરાવી ભોગ આવે. શ્રીયશોદાજી દક્ષિણ દિશામાં બિરાજે. એક ચોકી ઉપર શ્રીયમુનાજીની સાડી કેસર, શ્યામ ચોલી, લહેંગા લાલ,

માલા પહેરાવી વસંત ખેલાવે. હરદી ખેલે. પછી ભોગ શ્રીયશોદાજીની ડાબી બાજુ નિત્ય લીલાવાળા બધા ભક્ત, શ્રીમહારાણીજીમાં આવે અને બે ચોકી ઉપર સાડી, ચોલી ધરાવવી. શ્રુતિરૂપા કુમારિકાના ભાવથી વસંત ખેલાય - હરદી ખેલે. પછી ભાવથી પનવારેમાં ભોગ આવે. પછી મંદિરની ડોલ તિબારીમાં લાંબી બિછાયત પાથરી તેની ઉપર ગુલાલ હરદી છાંટવા. બધા ગોપ-ગોપી-વૃદ્ધનના ભાવથી પનવારો પાથરી ટોકરામાં ભોગ આવે. વસંત હરદી ખેલે. પછી સાથિયો હળદરનો કરીને બધા ઠોર-ચપટીયા થારી ધરવા. પકવાન, ખીર, શાક આદિ ફલફલાદિ મેવા, મિઠાઈ, બાસોંધી, જેટલુ થઈ શકે તેટલું ધરવું. છપ્પન જાતમાં (ભાત મેં) ઓછી ન હોય. બે ઘડી પછી આચમન મુખ વસ્ત્ર બીરી આરોગાવવા. શ્રીજશોદાજીની આગળ મોતીની આરતી કીરતીજી કરે. મુઠીયા વારીને પછી મંદિરની તિબારીમાં દક્ષિણ દિશા શ્રીનંદરાયજીની ચોકી ગાદીની ઉપર ધોતી, કેસરી ઉપરણા, કેસરી માલા પહેરાવી સુગંધી લગાવવી. વસંત ખેલાય-હોરી ખેલે. પછી વૃષભાનજીની ચોકી ધરવી. બંને બાજુ ભોગ આવે. પછી બરાબર તિબારીમાં બધા ગોપોની બિછાયત અને ગામના ગોપોની ચોકીમાં બિછાયત કરવી. ત્યાં વસંત હરદી ખેલીને તિબારીમાં પનવારાની ઉપર ભોગ આવે અને ટોકરા પણ ધરવા. ચોકમાં પનવારા પર ટોકરા ધરવામાં આવે. બે ઘડી પછી આચમન મુખવસ્ત્ર બીડા ધરવા પછી પહેરામણી થાય. સાડી ૧૦૦, ઉપરણા ૧૦૦ કરે છે. એ તો સેવકોને આપે છે. બીડા ૫૦૦ તેમાં ૧૦૦ તિબારીમાં, ૪૦૦ ચોકમાં પછી થી સજ્યા સિદ્ધ કરવી. ત્રણ સજ્યા મંદિરમાં બિછાવવી, સિંઘાસનથી દક્ષિણ દિશામાં બિછાવવી. જશોદાજી, રોહિણીજી, શ્રીયમુનાજી આ ત્રણે પાસે પાસે રહે. ત્રણની પાસે સજ્યાભોગ ધરવો. એક સજ્યા મંદિરમાં જ્યાં નિત્ય બિછાવાય. બધો સાજ નવો કરવો. પછી શ્રીઠાકુરજી શ્રીસ્વામિનીજી ત્યાં સજ્યા ભોગ માલા-બીડા ચોપડ દ્વાર પર ટેરા કરવા, કોઈ જુએ નહીં. એક એક સજ્યા કોઈ જુએ નહીં. એવા ટેરા રાખવા તે બાજુ હોય, સજ્યા શ્રુતિરૂપા કુમારિકાને ત્યાં ટેરા સજ્યા ભોગ ધરવા. જો જગ્યાનો સંકોચ હોય તો કરે, નહી તો શ્રીયમુનાજીના બે સજ્યામાં આવી ગઈ. મંદિરની તિબારીમાં દક્ષિણ તરફ શ્રીનંદરાયજીની સજ્યા ડાબી બાજુએ વૃષભાનજી કીરતીજીની સજ્યા. સજ્યા ભોગ ધરવા. માલા બીડા ઉત્થાપન સમયે નીકળે. ચોકી પાસે સેનભોગ આવે. અહીં એક દિવસ એ ભાવની સૂચના ત્યાં વૃષભાનજી ચારોના ભાવથી દિવાસ ચાર મહેમાન રાખે છે. નંદરાયજી આવે ત્યારે વૃષભાનજી કરે. ભોજન સમયે ગારી ગવાય. નિત્ય લીલા વાળાનો કુંજમાં રમણ છે. નંદરાયજી જાણે જે પુત્ર અંદર જશોદાજી પાસે છે અને જશોદાજી જાણે શ્રીનંદરાયજીની પાસે છે. આ પ્રકાર ગૌચારન માટે જાય છે. ત્યારે શ્રીગિરિરાજની કંદરામાં સાંકરી ખોરમાં ઘેવર વનમાં, સંકેતમાં પોઢે છે. ત્યાં લલિતા, વિશાખા, ચંદ્રભાગા, શ્યામા, ભામા, કુસુમાં, તુલસા, માધવી આ આઠ સખી શ્રીસ્વામિનીજી, શ્રીચંદ્રાવલીજી સહિત હવે સયન આરતી પછી ન્યોછાવર કરી વિદાય થાય. શ્રીનંદરાયજી, શ્રીબલદેવજી, શ્રીઠાકુરજીના મુખ ઉપર રંગ લગાવે-મુખ માંડે. વર્ષમાં બે વખત આ ઉત્સવ થાય.

એક અખાત્રીજ પહેલા ચૈત્ર-વૈશાખમાં. એક દિવાલી પહેલા આસો કારતકમાં વસંતમાં હોરીનો વિવાહ છે. શરદ ઋતુમાં ગોના છે. વિવાહના ભાવથી ભોજ ગોના ના ભાવથી ભોજ (ભોજન) પછી નિકુંજમાં શ્રીચંદ્રાવલીજી પધરાવે છે. યુગલ સ્વરૂપને પોત-પોતાની નિકુંજમાં પધરાવી ભક્ત પોતાનો ગોના કરે છે. છપ્પન ભોગની સામગ્રીના પાત્ર બધા શ્રીયમુનાજીમાં જાય. આ રસના પાત્ર શ્રીયમુનાજીના છે.

**- શ્રીહરિરાયજી કૃત સેવાક્રમ એવં ઉત્સવ ભાવના**

**નોંધ : સ્થળ : ચરણ ઘાટી થી શ્રીદંડોતી શીલા સુધી 'વસંત ઋતુ'**
**છપ્પન ભોગ - લીલી વ્રજયાત્રામાં 'સુરભી કુંડ' ઉપર શ્રીગિરિરાજ ઉપર છપ્પન ભોગ આરોગે છે. જે સ્થળ 'વસંત ઋતુ'માં આવે છે.**

# ॥ કસુંભી છઠ ॥



પુષ્ટિમાર્ગ મેં ભગવદ્ સેવાકે નિયમોં કો બહોત જગહ પર કુછ સોચ કર માન્યતા દી ગઈ હૈ । જૈસે પ્રપંચ રહીત લૌકિક ભગવદ્ સ્વરૂપ હૈ । ઉસી પ્રપંચ રહીત લૌકિકમેં જો પ્રેમ ઉદય હોતા હૈ, વહ શુધ્ધ પ્રેમ હોતા હૈ । પ્રકૃતિક જીવન મેં પ્રથમવાર આકાશ મેં મંડરાને વાલે શ્યામ મેઘોં કો દેખકર કીસી કાન્તા કો અપને પ્રિયતમ કૃષ્ણકી યાદ આતી હૈ । યહ કાન્તા નવોઢા હૈ, અપની બાત કીસી સે કહે નહીં સકતી । પ્રિયતમ કી સ્મરણ વ્યથા મિલને કી ઉત્કંઠા હૃદય સે જા નહીં સકતી । ઈન દોનોં ટકરાવોં સે ઉત્પન્ન જો પ્રેમ હૈ ઉસે પ્રથમ અનુરાગ કહેતે હૈં । ઐસી એક લોક માન્યતા હૈ કી જીવકે જન્મ સે છઠવેં દિન ષષ્ઠી પૂજન હોતા હૈ ઉસે લોક ભાષા મેં ‘‘છઠ્ઠી પૂજન’’ કહેતે હૈ । ધાર્મિક માન્યતા હૈ કી જન્મ જાત બાલકકી ભાગ્ય કુંડલી વિધાતા કે દ્વારા છઠ્ઠી કે દિન હી લીખી જાતી હૈ ।

શ્રી કૃષ્ણ મિલન કી ચાહના મેં માનો યહ ગોપી વિધાતા કો સંકેત દે રહી હૈ કી, ‘‘મેરે અનંત જન્મોમેં કોઈ જન્મ યદી પ્રતિપદા - એકમ કે દિન હુઆ હો તો ઉસ જન્મ કી યા ઈસ જન્મ કી છઠ્ઠી કે દિન મેરી કુંડલી મેં શ્રી કૃષ્ણ કે મિલન કે લીયે અન્ય ગોપીઓં સે પ્રથમ મિલનકા અનુરાગ લીખ દો ।’’ યહ પ્રેમકી બાહ્યવસ્થા હૈ । શ્રાવણ મહીના મેં હિડોરા ઝૂલન સે લેકર આસો કે નવ વિલાસ તક પ્રેમકી કિશોર અવસ્થા હૈ, ઈસમેં કાત્યાયની પૂજન તક્કી સીમા હૈ । ઈસ કે બાદ પોષ માસ કે અંતિમ ક્ષણ મેં સે વસંત કા અભ્યુદય હોતા હૈ । ઉસમેં પ્રેમકી કિશોર ઔર પોઘંડ અવસ્થા હોતી હૈ ।

વ્રજકી સમસ્ત પ્રકારકી ગોપીઆં હી ઇસ પ્રેમમેં પ્રેમ આસક્તી ઔર વ્યસન કે આધાર સે રસમગ્ન હોતી હૈ । બાહરી દષ્ટિ કોણ કી સમસ્ત પ્રેમ પરંપરાઓં સે ઉપર ઉઠકર ‘‘હોરી’’ કે રસ મેં ઉનમુક્ત વિચરણ કરતી હૈ । યહ રસકી મહાભાવ દશા હૈ, ઈસ દશા મેં ભક્ત ઔર ભગવાન, ગોપી અથવા કૃષ્ણ એક દૂસરે સે અલગ નહીં હો સકતે ।





અવસરને ઉત્સવ માની અહીં વિવિધ ગૃહમાં આવતા છઠ્ઠી પૂજનના ચિત્રજી પધરાવ્યા છે.


श्री गोकुलचंद्रमाजी







અવસરને ઉત્સવ માની અહીં વિવિધ ગૃહમાં આવતા છઠ્ઠી પૂજનના ચિત્રજી પધરાવ્યા છે.





# શ્રીકૃષ્ણ પ્રવચન

**શ્રીકૃષ્ણ કહી રહ્યા છે :** “આ પ્રેમને મેળવીને પછી કંઈપણ મેળવવાની ઈચ્છા નહીં રહે.”

## ॥ શ્રી વ્રજ પ્રેમ - પ્રશંસા - લીલા ॥



સૌજન્ય : પ.ભ. શ્રી કૃષ્ણદાસ સનોદીયા

શ્રીકૃષ્ણ કહી રહ્યા છે, ‘‘અહા ! આ વ્રજ વૈકુંઠથી પણ ઉત્કૃષ્ટ અને મારા નિજધામ ગોલોકથી પણ અતિ શ્રેષ્ઠ સૈન્દર્યમય શોભાને પ્રાપ્ત થઈ રહ્યો છે. વ્રજમાં મારી આટલી મમતા કેમ છે આનો ઉત્તર થોડા શબ્દમાં આ છે કે, ‘‘जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी ।’’ એથી, આ મારી જન્મભૂમિ છે. સંસારમાં તો મારું પૂજન થાય છે, પરંતુ આ વ્રજમાં તો હું જાતે પૂજારી બન્યો છું અને ગોપી-ગોપ-ગૈયાઓની હું સ્વયં પૂજા કરું છું. વાસ્તવમાં આ વ્રજના જેવો બિલચ્છન (વિલક્ષણ) પ્રેમ ક્યાંય જોવામાં નથી આવ્યો. ટૂંકમાં કહું તો, ‘‘મૈયા જશોદા દૂધ પિવડાવવાના

સમયે મારા મુખમાં દૂધનો કટોરો ધરી દે છે અને ઉપરથી થપ્પર મારવાની ધમકી આપીને કહે છે, ‘‘અરે કન્હૈયા ! કૈ તૌ યા સબરે દૂધ કૂઁપી જૈયો, નહીં તૌ દારી કે ! તેરી ચૂટિયા છોટીસી રહિ જાયગી.’’ ધન્ય છે આ પ્રેમને, આ પ્રેમ-ડોરમાં બંધાઈને પછી મારું મન છૂટવાને માટે ના પાડે છે.’’

(रसिया) कैसैहुँ छूटै नाहिं छुटायौ रसिया बंध्यौ प्रेम की डोर, ऐसी प्रेममई ब्रजछटा घटा लखि नाचि उठै मन मोर ।
मन मो स्वच्छंद फँस्यौ गोपिन के फंद, कोई कहै ब्रज चंद, कोइ आनँद कौ कंद ।
नंद-जसुदा कौ लाल, कोई ग्वारिया गोपाल, कोई जग-प्रतिपाल, कोई कंस कौ निकंद ।
कंदहु ते मीठौ नाम एक कहैं प्यारौ माखनचोर ।।१।।

પ્રેમ રાજ્યનો બધાથી સુંદર અને મધુર નામ મારું આ ‘‘માખણચોર’’ છે. માયા રાજ્યવાળાઓને તો આ નામ એવું લાગે છે જેમ ‘‘ખીરમાં મીઠું’’ (નૌન). પરંતુ ‘‘कर्तु अकर्तु अन्यथा कर्तु समर्थ ईश्वर’’ આ તો મને બીજા જ રૂપની શોભા આપે છે. ખરી રીતે હું આ વ્રજમાં મારી ઈશ્વરતા નો ઉપાસક નથી. પરંતુ અહીં તો વ્રજવાસીઓનો સ્વામી, સેવક, પુત્ર, સખા જે કાંઈ છે તે હું જ છું. અહીં ઈશ્વર તો મારી પાસે પણ ફરકી નહીં શકે. છતાં પણ કોઈક એક દિવસે મને પોતાની ઈશ્વરતાનું અભિમાન આવી ગયું. કારણ કે મેં :

(रसिया) गिरि कूँ पुजाय, इंद्र-यज्ञ कूँ मिटाय, लियौ ब्रज कू बचाय मैंटि व्याल-अग्नि ब्याधि ।
ब्याधि मैंटि गर्व आयौ, मैंने गिरि कूँ उठायौ, एक गोपी ने सुनायौ तेरी सब झूठी साध ।।

ત્યારે મેં કહ્યું, ‘‘કેમ !’’ ત્યારે તે ગોપીએ તરત જવાબ આપ્યો :

(रसिया) राधे ने गिरिधर गिरि समेत लियौ धारि भौंह की कोर ।।२।।

ગોપીએ કહયું, ‘‘કન્હૈયા’’ તમે તો ફક્ત ગિરિરાજ જ ઉઠાવ્યો છે. પરંતુ અમારી રાસેસ્વરી, સર્વેશ્વરી રાધા એ તો તેમની સાથે ગિરિરાજ સાત દિવસ, સાત રાત સુધી પોતાની એક ભૌંહ ની કોરની ઉપર જ (ડાટયૌ) રાખ્યો છે. (ભૃગુટી - ભંવરની કોરની ઉપર સંભાળીને રાખ્યો હતો.) નહીં તો તેનું વજન તારા બાપથી પણ નહીં ઉચકાતે ! અહા, ધન્ય છે આ પ્રેમને ! ખરેખર મારો ભક્ત અનન્ય થઈને મારું ભજન કરે છે. ત્યારે હું તેને કાંઈક આપું છું અથવા થોડો ઉપકાર કરી દઉ છું. જેમ :

(रसिया) ध्रुव नें रिझायौ, ऊँचे पद पै बैठायौ, प्रहलाद नें बुलायौ, दियौ बाप ते बचाय ।
चाव गनिका नें धार्यौ, ताकूँ सूवा संग तार्यौ, नाहिं सबरी ते हार्यौ, दई धाम कूँ पठाय ।।

અસ્તુ, મેં બધાના રૂણ ચૂકવિ દીધા પરંતુ આ -

(रसिया) ब्रज की चुरुआ भर छाछ बनाय लियौ रिनियाँ नंद-किसोर ।।३।।

આ વ્રજની ચપટી (ચુરવા) ભરનો બદલો હું સ્વયં વિશ્વંભર થઈને પણ નથી ચૂકવી શક્યો. ત્યારે તો મારે આ વ્રજદેવીઓને હાથ જોડીને વિનંતી કરવી પડી.

(श्लोक) न पारयेऽहं निरवद्यसंयुजां स्वसाधुकृत्यं बिबुधायुषापि वः ।
या मा भजन् दुर्जरगेहश्रृंङ्खलाः संवृश्च्य तद् वः प्रतियातु साधुना ।।

હે વ્રજદેવીઓ, જો મારી દેવતાઓ જેટલું આયુષ્ય હોય, તો પણ હું તમારી આ અંજલી ભર છાછનો બદલો નહીં ચુકવી શકું. આથી હું તમારો જન્મ જન્માન્તર ઋણી રહીશ કારણ કે હું તો -

(रसिया) भाव सौं बँधाऊँ, प्रेम प्रीत में बिकाऊं, नहिं धन सों अघाऊँ भक्ति चाहूँ मैं अनन ।
अन्य भाव सौं न नेह, तजि भूपति कौ गेह, साक-पात सौं सनेह, फल-पत्र-पुष्प-कन ।।
अनुदिन रज-सेवी स्याम तुच्छ ता आगैं लाख-करोर ।।४।।

* * *

# શ્રીકૃષ્ણ પ્રવચન

## ॥ પ્રેમ મંદિરની ધજા ॥



સૌજન્ય : પ.ભ. શ્રી ગોરધનદાસભાઈ સોની, અમદાવાદ - ગો. શ્રી રાજેશકુમાર મહારાજશ્રીની આજ્ઞાથી

(पद) गोपी प्रेम की धुजा ।
जिन गोपाल किये बस अपने, उर धरि स्याम भुजा ।।
सुक मुनि ब्यास प्रसंसा कीनी, उद्धव संत सराहीं ।
भूरि भाग गोकुल की बनिता अति पुनीत भव माँहीं ।।

(दोहा) ब्रज-गोपिन के प्रेम की बँधी धुजा अति दूर ।
ब्रह्मादिक बांछत रहैं इन के पद की धूर ।।

શ્રીકૃષ્ણ કહી રહ્યા છે :- અહાહા ! જુઓ આ ગોપી પ્રેમ-મંદિરની ધજા છે. મંદિરમાં વિશેષ ઊંચું સ્થાન શિખરનું હોય છે. શિખરની ઉપર કલસ હોય છે. કલસની ઉપર ચક્ર હોય છે. ચક્રની ઉપર ધજા હોય છે. પરંતુ ધજાની ઉપર કશું પણ હોતું નથી. એ ધજા લહેરી ફરકીને દૂરથી તે કહે છે, ''અરે પથિકો આ મંદિર છે અહીં આઓ અને શ્રીહરિના દર્શન કરી આંખો અને મનને શાંત કરો, પાપ દૂર કરીને પુણ્ય કમાવો.'' આવી જ રીતે તે ગોપી પ્રેમ-મંદિરની ધજા-સ્થાન પર બિરાજમાન થઈને પુકારી-પુકારીને કહી રહી છે, ''અરે સંસારના જીવો, આ વ્રજ છે, અહીં આવો આ પ્રેમનું મંદિર છે. પ્રેમના દેવી-દેવતા શ્રીજુગલસ્વરૂપના દર્શન કરો. પ્રેમનો ઠાકુર અહીં છે. પ્રેમની ઉપાસના અહીં છે અને પ્રેમની સામગ્રી પણ અહીં છે. માટે આ પ્રેમધામમાં આવો. અગર તમારું હૃદય કાળુ છે તો અહીંના કાળા-ગોરા રંગથી ઉજળો કરીલો અને જો તમારી ધારણા મૈલી છે તો અહીં પ્રેમની જમુનાધારથી પવિત્ર કરીલો. જો અટકી ગઈ છે તો વહેતી કરો અને સુકાઈ ગઈ હોય તો ભીની કરીલો. આ શ્રીવૃન્દાવનમાં પ્રેમ-નદી ચારે તરફ વહી રહી છે. તેમ આમાં ડૂબકી મારીને પાપ-તાપ રહિત થઈ જાઓ. ગોપી ટેરિ-ટેરિને કહી રહી છે :

(दोहा) तीन लोक चौदह भुवन प्रेम कहूँ ध्रुव नाहिं ।
पर - जगमग ह्वै रह्यौ रूप सौं श्रीबृंदाबन माँहि ।।
और-ढूँढ़िफिरैं त्रैलोक जो, मिलत कहूँ हरि नाहिं ।
पर - प्रेमरूप दोउ एकरस बसत निकुंजन माँहि ।।

અમે બંને સ્વરૂપ પ્રેમ-નિકુંજના દેવતા છે અને આ ગોપી અમારી પૂજારીન છે. પ્રેમની આદ્યાચાર્ય છે. પ્રેમ સંપ્રદાય ગોપીઓથી ચાલ્યો છે, પ્રેમની પદ્ધતિ એમણે જ ચલાવી છે અને પ્રેમનું સ્વરૂપ એમણે જ જગતને બતાવ્યું છે. અગર આ ગોપી ના હોતી તો પ્રેમ શબ્દ ગ્રંથમાં જ રહ્યો હોત. શ્રીનારદજી **'यथा व्रजगोपिकानाम्'** કહી ને પોતાના ગ્રંથ 'ભક્તિસૂત્ર'માં કોનું દૃષ્ટાંત આપતે અને જો ગોપી ના હોત તો સ્વયં મારું જે વાક્ય - **'सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं ब्रज'** છે, તેનું સ્વરૂપ પ્રત્યક્ષ કરીને કોણ બતાવતે ? અજી, ગોપી ન હોત તો મારી માખણ ચોરી લીલા, પનઘટલીલા, દાનલીલા, માનલીલા, હોરીલીલા, બંસીલીલા અને રાસલીલા ના હોત. રસિકજન લુટિ જશે અને સ્વયં હું આખો છું તે અડધો રહી જતો. પૂર્ણતમ સ્વરૂપથી ન્યુનતમ રહી જતો ! અને કદાચ ગોપી ન હોત તો ભક્તિ યુવતીથી પાછી વૃદ્ધા ઘરજી થઈ જતી. શ્રીનારદજીએ ભક્તિને કહ્યું છે :

वृन्दावनस्य संयोगात्पुनस्त्वं तरुणी नवा ।
धन्यं वृन्दावनं तेन भक्तिर्नृत्यति यत्र च ।।

અર્થ : હે ભક્તિદેવી ! તમો વૃન્દાવનના સંયોગથી પાછી યુવતી થઈ ગઈ. આથી આ વૃન્દાવન ધન્ય છે. જ્યાં ભક્તિ નૃત્ય કરે છે. ભક્તિ ગોપી-કૃષ્ણ-લીલાને ગાઈ-ગાઈને નૃત્ય કરે છે. જો ગોપી ન હોત તો હું કોની સાથે લીલા કરતો, અને ભક્તિ શું ગાઈ ને નૃત્ય કરતી, બિચારી રડી-રડીને જાતે જ ઘરડી-બૂઢ્ઢી થઈ જતે. આ પ્રકારે આ વ્રજગોપી મારી વ્રજલીલાના આધાર સ્વરૂપ છે તથા સ્વયં મારી પ્રાણજીવન સ્વરૂપા છે. એટલા માટે પ્રેમ મંદિરમાં એમનું સ્થાન સર્વોપરિ છે. ગોપી પ્રેમની ધજા છે.

(दोहा) जदपि जसोदा नंद अरु ग्वालबाल सब धन्य ।
पै या जग में प्रेम की गोपी भई अनन्य ।।
भक्त जगत में बहुत हैं, तिन कौ नाहिं प्रमान ।
हौं गोपिन के हिय बसौं, गोपी मेरे प्रान ।।

# શ્રીકૃષ્ણ પ્રવચન

## ॥ પ્રેમાધીનતા – રહસ્ય ॥



સૌજન્ય : પ.ભ. શ્રી ગોરધનદાસભાઈ સોની, અમદાવાદ - ગો. શ્રી રાજેશકુમાર મહારાજશ્રીની આજ્ઞાથી

શ્રીકૃષ્ણ કહી રહ્યા છે :- અહો ! ધન્ય છે આ પ્રેમને આ પ્રેમ મને અવ્યક્ત થી વ્યક્ત તથા ગુપ્તથી પ્રગટ કરી દે છે. સ્વામીમાંથી સેવક અને સાહુકારમાંથી દેવાદાર બનાવી દે છે.

(श्लोक) सदा मुक्तोऽपि बद्धोऽस्मि भक्तेषु स्नेहरज्जुभिः । अर्जितोऽपि जितोऽहं तैरवशोऽपि वशीकृतः ।।

અર્થાત્ : હું સદા મુક્ત થઈને પણ ભક્તોના સ્નેહ-પાશમાં બંધાયેલો છું અને બધાને તો હું બાંધુ-છોડું છું, પરંતુ આ ભક્ત મને બાંધે-છોડે છે અને બધાને તો હું જીતી લઉં છું અને આ ભક્ત મને જીતી લે છે. બધાને હું વશ કરી રાખુ, આ ભક્ત મને વશ કરી મનમાન્યો સ્વાંગ પહેરાવે છે અને નાચ નચાવે છે. હું થોડી પણ મારી ભવર વાંકી

કરી દઉં તો આખા વિશ્વ બ્રહ્માંડમાં પ્રલય કરી દઉં અને આ ગોપી મારી ઉપર થોડી પણ પોતાની ભંવર વાંકી કરી દે તો મને ચરણમાં લોટાવીને હા હા ખવડાવી લે છે. આથી પણ હું સ્વાધીન ઈશ્વર ભક્તોની આગળ આટલો પરાધીન છું કે :-

(श्लोक) अहं भक्तपराधीनो ह्यस्वतन्त्र इव द्विज । साधुभिर्ग्रस्तहृदयो भक्तैर्भक्तजनप्रियः ।।

હું સ્વતંત્ર ઈશ્વર, ભક્તનો પરતંત્ર છું. જેમ રાહુ ચંદ્રમાને ગ્રસિ લે છે એવી રીતે ભક્ત મારા હૃદયને ગ્રસિ લે છે. પરંતુ રાહુના ગ્રાસથી તો ચંદ્રમા છૂટી જાય છે, હું ભક્તોના બંધનથી ક્યારે પણ નહીં છૂટી શકું અને તેથી નથી છૂટવા માંગતો અને રાહુ તો ચંદ્રમાને માટે દૂષણ સ્વરૂપ છે, પરંતુ ભક્ત મારા મસ્તકનું ભૂષણ સ્વરૂપ છે. રાહુ ચંદ્રમાને માટે દુ:ખદાઈ છે, પરંતુ ભક્ત મને સદા સુખદાઈ છે અને રાહુ તો ચંદ્રમાની જ્યોતિને મલિન કરી નાખે છે. પરંતુ ભક્ત તો મારી મહિનાને સોગણી, હજારગણી પ્રકાશીત કરી આપે છે. ભક્તોની હું રક્ષા કરું છું, ત્યારે ભક્ત પણ મારી નાસ્તિકોથી રક્ષા કરે છે. મારું બધું કલ્યાણ-ગુણ-ગણ ભક્તોને માટે છે અને ભક્તોનો શ્વાસ મારા માટે છે. બીજાઓને માટે તો હું સરખો-સમાન છું પણ ભક્તોનો પૂરો પક્ષપાતી છું.

(श्लोक) समोऽहं सर्वभूषेषु न मे द्वेष्येऽस्ति न प्रियः । ये भजन्ति तु मां भकत्या मयि ते तेषु चाप्यहम् ।।

આર્થાત્ : બધા પ્રાણીમાત્રમાં મારી સમાન દૃષ્ટિ છે - ના કોઈ મને પ્યારો છે ન કોઈ મારો દુશ્મન છે. પરંતુ જે કોઈ મારું ભજન કરે છે, હું તેનું ભજન કરું છું. તે મારો છે હું તેનો છું, તેને વ્હાલો (પ્યારો) મારો વ્હાલો છે. તેનો દુશ્મન મારો દુશ્મન છે અને ભક્તના દુશ્મનને હું દંડ આપુ છું અને જીવનના પ્રતિ, હું ફક્ત ન્યાય કરું છું. જે કોઈ જેવા કર્મ કરે છે, તેને તેવો જ અને એટલો જ તોલિ-માપીને ફલ આપું છું. ઓછુ-વધતુ થોડું પણ કરતો નથી. પરંતુ હું મારા પ્રિય ભક્તને ન્યાયનાં કાંટા ઉપર તોલતો નથી, તેને તો દયાના હિંડોરા ઉપર ઝુલાવું છું. ભક્તોના કોટિ અપરાધ પણ ક્ષમા છે.

(चौपाई) सन्मुख होय जीव मोहि जबहीं । जनम कोटि अघ नासहिं तबही ।।

બીજાને માટે હું ન્યાય કરનારો છું પણ ભક્તને માટે તો હું ઉદાર છું, દયાળુ છું, ક્ષમાવાન છું. બીજાને માટે હું ઉદાસી છું પરંતુ ભક્તને માટે હું માતા-પિતા-સુહૃદ-સખા-સહાયક-સ્વામી બધુ જ છું. કેમજી, ભક્તોને માટે મારી અંદર પક્ષપાત કેમ છે ? હું ભક્ત અને ભક્તિને પરાધીન કેમ છું ? હું હિરણ્યકસ્યપ અને રાવણને જીતી લઉ છું, પરંતુ સુદામા અને સબરીની સામે કેમ હારી જાઉં છું ? આમાં તત્વ સિદ્ધાન્ત શું છે ? શું આ જીવની પોતાની શક્તિ છે ? ના, ના જીવ પોતાની શક્તિથી તો મને મેળવી જ ના શકે. પછી વશમાં કરી રાખવાની વાત તો દૂર છે. તો પછી ભક્તમાં મને જીતવાની શક્તિ ક્યાંથી આવે છે ? આનો જવાબ આ છે કે, ''ભક્ત જે ભક્તિને પ્રાપ્ત કરી મને વશ કરે છે. તે ભક્તિ અને હું ભગવાન બે વસ્તુ નથી, એક જ વસ્તુ છે.

(दोहा) प्रेम हरी कौ रूप है, मैं हरि प्रेम-सरूप । एक होय द्वै यौं लसैं ज्यौं सूरज अरु धूप ।।

જેમ સૂરજ અને તડકા (ધૂપ)ને જુદા નથી પાડી શકતા, તેવી રીતે :

(दोहा) भक्ति, भक्त, भगवंत, गुरु, चतुर नाम, बपु एक । इनके पद बंदन कियें नासत बिध्न अनेक ।।

ભક્તિ મારી જ શક્તિનું પરિણામ છે. હું સચ્ચિદાનંદ સ્વરૂપ છું. મારી સદ્‌શક્તિનું નામ સંધિની શક્તિ છે. મારી ચિત્ત શક્તિનું નામ સંવિત્ શક્તિ છે અને મારી આનંદ શક્તિનું નામ હ્લાદિની શક્તિ છે. હ્લાદિનીનો સાર ભક્તિ છે અને ભક્તિનો સાર પ્રેમ છે. આ હ્લાદિની મારા સ્વરૂપમાં શક્તિરૂપથી મારી આધીન રહે છે. પરંતુ જ્યારે કોઈ સમય મારી ઈચ્છાથી હ્લાદિની શક્તિની કોઈ છટા જીવના હૃદયમાં ઉત્તરે છે ત્યારે તેનું નામ ભક્તિ, ભાવ, પ્રેમ, રતિ વગેરે પડી જાય છે અને ત્યારે મને પોતાને આધીન કરી લે છે. તાત્પર્ય, મારી હ્લાદિની શક્તિ જ ભક્તિના રૂપમાં જીવના હૃદયમાં પ્રગટે છે. અત: એવ જીવ કોઈપણ મને પોતાની શક્તિથી ઓળખી શકતો નથી. પરંતુ મારી શક્તિરૂપા ભક્તિથી જ મને વશ કરી લે છે. ભક્તિ મારી સ્વરૂપા શક્તિનું કાર્ય છે. આથી મારી શક્તિમાનથી અભિન્ન છે, ભત્સ્વરૂપા છે. ચિન્મય છે. નિર્ગુણી છે.

# શ્રીકૃષ્ણ પ્રવચન

## ॥ પ્રેમ રત્ન ॥

શ્રીકૃષ્ણ કહી રહ્યા છે :- હે સુંદરી, તારી વાતો ગૂઢરસથી ભરેલી છે. તુ જોવામાં ચતુર પણ ખરેખર તુ ભોળી છે. જો, ત્રણલોકમાં પ્રેમ જેવો પદાર્થ બીજો કોઈ નથી. મને વશ કરવાની શક્તિ ફક્ત એક પ્રેમમાં જ છે. મારો ભક્ત ત્રણેલોકનું રાજ્યમાંગે અને સુરેંદ્ર, મહેશ્વર, બ્રહ્મા વિગેરે પદવીની ઈચ્છા રાખે તો હું તેને અતિ પ્રસન્ન થઈને બધી વસ્તુ આપી દઉં, પરંતુ ''પ્રેમરત્ન'' આપવામાં હું ક્યારેપણ ઉત્સાહ બતાવતો નથી. કારણકે મારે 'પ્રેમીજન' ના દાસ બનવુ પડે છે. એની પાછળ-પાછળ રહીને ડોલવું પડે છે. પ્રેમીજન સમાન મને કોઈ વસ્તુ પ્યારી નથી.



સૌજન્ય : પ.ભ. શ્રી ગોરધનદાસભાઈ સોની, અમદાવાદ - ગો. શ્રી રાજેશકુમાર મહારાજશ્રીની આજ્ઞાથી

## ॥ હોરી ખેલની આતુરતા ॥

શ્રીકૃષ્ણ કહી રહ્યા છે :- અરી બંસી મેં તારી ઘણા સમય સુધી સેવા કરી છે. મારા હસ્તની ઉપર તને સયન કરાવી છે. ઓષ્ઠના તકીયા બનાવ્યા, આંગડીઓથી તારી ચરણ સેવા કરી. અલકાવલિથી તારી ઉપર મંદ-મંદ પવન ફેંક્યો. અધરામૃતનો ભોગ ધર્યો, છતા પણ તુ કુલવતી સાધ્વી સ્ત્રીની જેમ મારી આજ્ઞા પાલન નથી કરતી, જા જલ્દી કર, વ્રજમાંથી પરમ સુખમયી વ્રજગોપીઓને અહીં 'હોરીખેલ' માટે બોલાવી લાવ.

સાભાર : પ.ભ. શ્રી હરિવલ્લભ શર્મા 'કીર્તનીયા'

# અસહજને ટેકો

''અસહજને ટેકો આપવા માટે છડી છે.''
વસંત-હોરી ખેલમાં બે ફૂલની છડી
શ્રી ઠાકોરજીને ધરવામાં આવે છે.



સૌજન્ય : અમિત અંબાલાલ



# સહજ

વસંત પંચમી ‘‘પહેલા’’
સહજ - જે પ્રભુ ઈચ્છે છે, જો પ્રભુ ચાહતે હૈ ।
સહ - સહન કરના, જ - જૈસા
(સહન કરને જૈસા) સહન કરવા જેવું.

આ ચિત્રજીમાં શ્રીઠાકોરજીના નેત્રકમલ સહજની લાક્ષણિકતાનું દર્શન આપે છે.



સૌજન્ય : અમિત અંબાલાલ



# અસહજ

વસંતથી હોરી સુધીના ૪૦ દિવસ અસહજ છે.
અસહજ હોરી ખેલમાં જે શ્રી ઠાકોરજી ઈચ્છે છે તેવું નહીં થાય.
અસહજ - અ-નહીં, સહ - સહન કરના, જ - જૈસા
(નહીં સહન કરને જૈસા) સહન કરવા જેવું નથી.

આ ચિત્રજીમાં શ્રીઠાકોરજીના નેત્રકમલ અસહજની વાસ્તવિકતાનું દર્શન આપે છે.

## આંજનૌક

### પ્રાણવલ્લભા શ્રીસ્વામિનીજીના નેત્રોમાં અંજન લગાવ્યું



એક સમયે શ્રીસ્વામિનીજી લલિતા-વિશાખા વગેરે સખીઓની સાથે કોઈ નિર્જન કુંજમાં બેસીને સખીઓની દ્વારા વેશભૂષા ધારણ કરી રહી હતી. સખીઓ એ નાના પ્રાકરના અલંકારો અને આભૂષણોથી શ્રીસ્વામિનીજીને અલંકૃત કર્યા. કેવળ નેત્રોમાં અંજન લગાવવા માટે જઈ રહી હતી કે તે સમયે અચાનક શ્રીઠાકુરજીએ મધુર બંસી વગાડી. શ્રીઠાકુરજીની બંસીનો ધ્વની સાંભળતા જ શ્રીસ્વામિનીજી ઉન્મત્ત થઈને અંજન લગાવ્યા વગર જ પ્રાણવલ્લભને મળવાને માટે પરમ ઉત્કંઠીત થઈને ચાલી ગયા. શ્રીઠાકુરજી પણ તેમની ઉત્કંઠાથી પ્રતીક્ષા કરી રહ્યા છે. જ્યારે તે પ્રિયતમને મળી ત્યારે શ્રીઠાકુરજીએ શ્રીસ્વામિનીજીને ફૂલોના આસન ઉપર બેસાડીને શ્રીસ્વામિનીજીના ગળામાં હાથ નાખીને સંતુષ્ણ નેત્રોથી તેમના અંગ-પ્રત્યંગની શોભાનું નિરીક્ષણ કરવા લાગ્યા. પરંતુ તેમના નેત્રોમાં અંજન ના જોતાં સખીઓને તેનું કારણ પૂછ્યું. સખીઓ એ ઉત્તર આપ્યો કે અમે બધા તેમનો શ્રૃંગાર કરતા હતા ત્યારે બધો શ્રૃંગાર થઈ ગયો હતો, માત્ર નેત્રોમાં અંજન લગાવવાનું બાકી હતું. પરંતુ તેની વચ્ચે આપની બંસીની મધુર ધ્વની સાંભળીને, આપને મળવા ને માટે એટલી ઉતાવળી થઈ ગઈ કે, અમારા વારંવાર અંજન ધારણ કરવાને માટે અનુરોધ કરવા છતાં પણ એકક્ષણ પણ અટક્યા વગર ચાલી ગઈ. એવું સાંભળીને શ્રીઠાકુરજી રસાવેશમાં આવીને સ્વયં પોતાના શ્રીહસ્ત વડે શ્રીસ્વામિનીજીના નેત્રોમાં અંજન લગાવીને દર્પણની દ્વારા તેમના રૂપ-માધુરીનું તેમને આસ્વાદન કરાવીને સ્વયં પણ આસ્વાદન કરવા લાગ્યા.

આ લીલાને કારણે આ સ્થાનનું નામ અંજનૌક છે. અહીં કિશોરી કુંડ છે. કુંડની પશ્ચિમ તટ ઉપર અંજની શિલા છે, જ્યાં શ્રીઠાકુરજીએ શ્રીસ્વામિનીજીને બેસાડીને અંજન લગાવ્યું હતું.

# ॥ રંગરસિયાની વ્રજલીલા ॥

## ગુલાલકુંડ



ગુલાલકુંડ ગાંઠોલી ગામની પાસે મુખ્ય રસ્તા ઉપર જમણી બાજુએ છે. ‘‘વસંત ખેલ’’ દિવસોના સમયે આ ગુલાલકુંડના જલ (પાણી)માં ફાગ અર્થાત ગુલાલનો રંગ ભળ્યો હોય એવો દેખાય છે. કહેવાય છે કે હોરી ખેલ ખેલ્યા (રમ્યા) પછી શ્રી ઠાકુરજી અને શ્રીસ્વામિનીજી અને ગોપીઓ એ આ કુંડમાં સ્નાન કરીને પોતાના અંગો (શરીર) અને વસ્ત્રો ઉપર લાગેલા ગુલાલને ધોયા હતા. એટલા માટે આ કુંડનું નામ ‘‘ગુલાલકુંડ’’ થયું છે.

શ્રીમહાપ્રભુજીની સન્મુખ શ્રી શ્રીનાથજીએ પોતાના નિજ પરિકરની સાથે ગુલાલથી હોરી રમ્યા. આ લીલાના દર્શન ઘણાં ભગવદીય વૈષ્ણવજનોને પ્રત્યક્ષ થયા છે.

# ॥ રંગરસિયાની વ્રજલીલા ॥

## ગાંઠોલી ગામ



અહીં શ્રીઠાકુરજી અને શ્રીસ્વામિનીજીની યુગલ જોડી હોરી ખેલતા-ખેલતા સિંહાસન પર બિરાજમાન થયા હતા અને રાસવિલાસમાં ઉન્મત થયા હતા. તે સમયે લલિતાજી એ પાછળથી આવીને ચુપચાપ બંનેના ઉત્તરિય વસ્ત્રની ગાંઠ બાંધી દીધી. જ્યારે બંને ઊભા થવા ગયા ત્યારે એ ગાંઠના કારણે જુદા (અલગ) થઈ શક્યા નહીં. સખીઓ આ જોઈને હસવા લાગી. આ રહસ્યમયી લીલાના કારણે આ જગ્યાનું નામ ગાંઠોલી પડયું. ગોવર્ધન, ડીગના મુખ્ય રસ્તા ઉપર આ સ્થાન આવ્યું છે.

## બરસાના

શ્રીઠાકુરજી અને શ્રીસ્વામિનીજીની હોરી-લીલાને લીધે વિશ્વ વિખ્યાત છે. અહીં જલેબી હોરી-લડ્ડૂ હોરી - ફૂલોની હોરી - ગુલાલની હોરી - રંગીલી હોરી - લઠામાર હોરી, વગેરે અનેક પ્રકારથી હોરી ખેલવામાં આવે છે. ❖

# ॥ રંગરસિયાની વ્રજલીલા ॥

## મેહરાનો



એક સમય શ્રીઠાકુરજીએ ભોજન કર્યા પછી રાત્રે શ્રીયશોદા મૈયા પલંગ ઉપર શ્રીઠાકુરજીને ગોદીમાં લઈને સુવડાવી રહ્યા હતા. શ્રી ઠાકુરજીએ કહ્યું, ''મૈયા એક વાર્તા (કહાની) સંભળાવો''. યશોદાજી વાર્તા કહેવા લાગ્યા અને શ્રીઠાકુરજી હૂં-હૂં કરવા લાગ્યા. યશોદાજી કહેવા લાગ્યા, ''દશરથ નામના એક રાજા હતા. એમના ચાર પુત્ર હતા-રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન. રામનો વિવાહ મહારાજ જનકની પુત્રી જાનકીની સાથે થયો. પિતાના આદેશથી રામ પોતાની પત્ની સીતા અને નાનાભાઈ લક્ષ્મણજીને સાથે લઈને વનમાં જતા રહ્યા. ''શ્રીઠાકુરજી હૂં-હૂં કરતા હુંકારી ભરતા જતા હતા. યશોદાજી મૈયા એ કહ્યું, ''વન માં રાવણ નામક રાક્ષસે સીતાજીનું હરણ કરી ગયો.'' આટલું સાંભળતાં જ શ્રીઠાકુરજી પોતાના પૂર્વ અવતાર રામના આવેશમાં આવિષ્ટ (આવીને) થઈને, ''લક્ષ્મણ ! ધનુષ લાવો'' કહેતા-કહેતા પલંગથી કુદી પડયા. આવું જોઈને શ્રીયશોદા મૈયા ગભરાઈ ગયા.

''મેહારાનો'' આ ગામ શ્રી યસોદાજી દ્વારા શ્રીઠાકુરજીને શ્રીરામચંદ્રજીની વાર્તા સંભળાવવાની લીલા માટે જાણીતુ છે.

## આકર્ષણપૂરી

વર્તમાન નામ ઔબા ગામ છે. શ્રીદાઉજીએ વાસન્તિક રાસલીલામાં ગોપીઓને અહીં નિમંત્રણ આપ્યું અને યમુનાજીનું કર્ષણ કર્યું. આ સ્થળને ખેંચા દાઉજી પણ કહે છે.

# ।। રંગરસિયાની વ્રજલીલા ।।

## પનિહારી કુંડ



આ કુંડને પનઘટ કુંડ પણ કહેવાય છે. ગોપરમણિઓ આ કુંડ ઉપર જલ ભરવા માટે આવતી હતી, એટલે એને પનઘટ કુંડ કહે છે. શ્રી ઠાકુરજી પણ ગોપીઓની સાથે મળવાને માટે પનઘટ ઉપર ઉપસ્થિત (હાજર) રહેતા. વિશેષ રીતે ગોપીઓ શ્રીઠાકુરજીને મળવાને માટે જ ઉત્કંઠિત થઈને અહીં આવતી હતી. જલ ભરતી વખતે શ્રીઠાકુરજીના દર્શન કરવામાં એવી તલ્લીન-તન્મય થઈ જતી કે મટકી ખાલી છે કે જલથી ભરેલી છે તેનું પણ તેને ધ્યાન રહેતું નહીં. પરંતુ તેમની હૃદયરૂપી મટકીમાં પ્રિયતમ અવશ્ય ભરાઈ જતા. પનઘટનું એક નિગૂઢ રહસ્ય આ પણ છે - ગોપીઓ અહીં શ્રીઠાકુરજીની આ પ્રતિજ્ઞા (પન)નું સ્મરણ કરીને આવતી કે હું ત્યાં (પનઘટ પર) શ્રીઠાકુરજીને અવશ્ય મળીને જ રહીશ. શ્રીઠાકુરજી આ પન-પ્રતિજ્ઞાને નિભાવવાને માટે પનઘટ ઉપર ગોપીઓની પ્રતિક્ષા-રાહ જોતા, અને ગોપીઓને નિશ્ચિત (અવશ્ય) મળતા-ભેટ કરતા. અતઃ શ્રીઠાકુરજી અને ગોપીઓ બંનેનું પન (પ્રતિજ્ઞા) અહીં પૂરો થાય છે. આથી આને પનઘટ કહે છે.

## વ્રજભૂમિનો ભાવ ખેલ

વ્રજની ભૂમિ માતૃભાવથી સંપન્ન છે. વ્રજરજ એની સુકુમારતા છે જ્યારે કોઈ નાનો-અબોધ બાલક પોતાની માતાની ગોદમાં બાલ સુલભ અને ચપલ હાવભાવથી વિહાર કરે છે. માતાની અને માતાની ગોદ (ખોળા)ની શોભા ખૂબ જ વગર પ્રયાસે સ્વતઃ વધી જાય છે. આવી જ રીતે જ્યારે વ્રજગોપીઓની સાથે શ્રીકૃષ્ણ નંદરાયજીના આંગણાની ચંદન-કેસર યુક્ત ગાયોના ગોબર અને ગોમુત્ર યુક્ત દહીં અને દૂધના વાસણો (ભાંડો)ના પ્રક્ષાલીત જલથી, સંયુક્ત પંકરાગથી (કીચથી) શ્રીઠાકુરજી ભાવ વિભોર થઈને લોટપોટ (આળોટીને) થાય છે ત્યારે વ્રજભૂમિની અને વ્રજરજની મહાનતા પોતાની જાતે મોટી બડભાગી થઈ જાય છે. વ્રજભૂમિ અને વ્રજરજનું મહાત્મ્ય અશેષ છે.
શિતકાલમાં પ્રયઃ નિત્ય સેવામાં ખંડીતા ગાવામાં આવે છે. ખંડીતા વિરહની નાયીકાઓનું ઉદ્‌બોધન છે. આ ખંડીતા નાયીકાઓને હોરીખેલના માધ્યમથી શ્રીઠાકુરજીએ વિવિધ નિકટતા દાન કરવાને માટે જે વ્રજમાં પચાસ દિવસ સુધી હોરીનો ખેલ સ્વીકાર્યો છે.

# ॥ રંગરસિયાની વ્રજલીલા ॥

## શ્રીબલદેવજી (દાઉજી)માં ભીના રંગોની હોરી

શ્રી બલરામજીએ વ્રજમાં રાસ કર્યા હતો, અને રાસમાં જ્યારે વસંત ઋતુ આવી ત્યારે ''હોરી''નો રાસ થયો છે અને તે 'હોરી'માં શ્રીયમુનાજી પધાર્યા નહોતા. ત્યાં સુધીની 'હોરી' વ્રજમાં બધી જ જગ્યાએ ફૂલ અને ગુલાલની થાય છે. જ્યારે શ્રી બલરામજીના વિશેષ આવેશ ના ડર (ભય)થી શ્રીયમુનાજી પધાર્યા છે, જેથી ફક્ત શ્રીબલદેવજી (દાઉજી)માં જ હોરીના ''હોરંગા'' જલ-પાણીની અંદર રંગ મેળવીને કરવામાં આવે છે. આખા વ્રજમાં ''હોરંગા'' જલ પાણીવાળા રંગોથી ફક્ત દાઉજીમાં જ થાય છે. કારણ કે ત્યાં શ્રી બલરામજીના ભયથી શ્રી યમુનાજી પધાર્યા છે. બાકી આખા વ્રજમાં ફક્ત સુકા ગુલાલ અને ફૂલની પાંખડીઓ ઉડાવીને હોરી ખેલવામાં આવે છે.

અત: પુષ્ટિ હવેલીમાં અથવા ગૃહ સેવામાં જલ-મિશ્રીત રંગો, કેસુડો વગેરેમાં જલ સ્વરૂપે શ્રી યમુનાજીની ઉપસ્થિતિ છે.

## શ્રીકૃષ્ણાને રંગથી રમતા જોયા

''રંગેતે રમતા દીઠડા, બલદેવ શ્રીગોવિન્દ'' ||૨૩|| (વલ્લભાખ્યાન-૨)

''વિશ્વધર્મવાળા શ્રીવલ્લભાચાર્યજીને અધિક આનંદ એમ થયો કે, પરમ સૌભાગ્યવાળાં દિવ્ય પ્રેમાળ ગોપીજનોને શ્રી ગોવિંદનો ગહેરો ગુઢ રસ લઈને રમતાં જોયા.''

અને મનથી મનમાં વિચારવા લાગ્યા કે ક્યાં - અસત્‌વાદી-પાશવી-ભોગ લંપટો સંસ્કૃતિની પરવા વગરના દુર્ગતિયા અને ક્યાં નિતાન્ત નિ:સાધન કેવળ કૃષ્ણાધિન ગોપીજનો ? રમણપ્રેષ્ઠથી રસ યોગે રમનારી આ અબળાઓને ધન્ય છે લાખો ધન્ય કહેતા પુષ્ટિપતિ આનંદવાળા થયા.

''પ્રમેયરૂપ શ્રીકૃષ્ણને રંગથી રમતા જોયા'' શ્રીમહાપ્રભુજીએ મનમાં વિચાર્યું કે - આ શ્રી બળદેવજી, આ શ્રીકૃષ્ણ મારે ત્યાં કૃપાથી પ્રકટ થશે. શ્રીબલદેવજી મારે ત્યાં શ્રીગોપીનાથજી નામ રૂપે અને શ્રીવિઠ્ઠલેશ નામ રૂપે આ શ્રીકૃષ્ણ પ્રકટશે; અને તેઓ શ્રીકાળબળે અનેક કંટકમય થયેલા વેદ પંથને નિષ્કંટક કરશે. દૈવીનું તમામ દુ:ખ દૂર થશે એમ વિચારતાં આનંદ ઉદય થયો.

# ॥ રંગરસિયાની વ્રજલીલા ॥

## પીલી ખોખર



શ્રીસ્વામિનીજી અહીં પીલૂ ફળ એકત્રિત કરવાને બહાને આવીને સખીઓની સાથે વિવિધ પ્રકારની ક્રીડા-વિલાસ કરતી હતી. શ્રીઠાકુરજી પણ નંદગામથી અહીં આવીને શ્રીસ્વામિનીજીને મળીને વિવિધ પ્રકારની લીલાઓ કરતા હતા.

એક એવો પણ પ્રસંગ છે કે એક સમયે શ્રીસ્વામિનીજી સખીઓની સાથે નંદગામમાં શ્રીયશોદા મૈયાની પાસે ગઈ હતી. શ્રી યશોદા મૈયા શ્રીસ્વામિનીજીના રૂપ, ગુણ ઉપર મુગ્ધ થઈ ગયા. શ્રીયશોદાજીએ મનમાં ને મનમાં જ પોતાના પુત્ર શ્રીકૃષ્ણથી વિવાહ કરાવીને શ્રીસ્વામિનીજીને પોતાની વહૂ બનાવવાની ઈચ્છા કરી. આ બાબતમાં તે એટલી ઉતાવળી (અગ્રેસર) થઈ ગઈ કે તેમણે કિશોરી શ્રીસ્વામિનીજીના હાથ પીળા કરી દીધા. કિશોરીજી પણ મનમાં ને મનમાં જ ઘણા પ્રસન્ન થયા. પરંતુ હવે તે બરસાનામાં પોતાના પિતાના ઘરે પાછી ફરી રહી હતી, ત્યારે તેમને ઘણી લજ્જા (શરમ) આવી. શ્રીસ્વામિનીજીએ રસ્તામાં આ પોખરમાં પોતાના હાથ ઘસી-ઘસીને ધોયા. જેનાથી આ પોખર (કુંડ)નું જળ પીળુ થઈ ગયું. એટલા માટે તેનું નામ પીરી પોખર કે પીલી પોખર થઈ ગયું.



## ફગુઆ માં મણિ

એક દિવસ ગોવર્ધનની તળેટીમાં રાધાકુંડની પાસે સખા મંડલીની સાથે શ્રીઠાકુરજી તથા સખી મંડલીની સાથે શ્રીસ્વામિનીજી પરસ્પર રંગીલી હોરી ખેલવામાં મગ્ન હતા. એ સમયે શંખચૂડ નામનો અસુર ગોપીઓને પકડીને લઈ ભાગ્યો. શ્રીઠાકુરજી અને શ્રીબલદેવજીએ શાલના વૃક્ષોને હાથમાં લઈને તે અસુરને મારવાને માટે પાછળ દોડયા. આ બંને ને પ્રચંડ વેગથી આવતા જોઈને તે અસુર ગોપીઓને મુકીને એકલો ઘણા જોરથી ભાગ્યો, પરંતુ શ્રીઠાકુરજીએ શ્રીબલદેવજીને ગોપીઓની રક્ષાની માટે ત્યાં મૂકીને એકલા તેની પાછળ દોડયા અને શંખચૂડનો વધ કરીને તેના મસ્તકનો મણિ કાઢી લીધો. શ્રીઠાકોરજીએ તે મણિ શ્રી બલદેવજીને આપી દીધો. શ્રીબલદેવજીએ આ મણિને ધનિષ્ઠાના માધ્યમથી શ્રીસ્વામિનીજીને પાસે પહોંચાડી દીધો. શ્રીસ્વામિનીજીએ આ મણિને બહુ આદરની સાથે ગ્રહણ કરી લીધો.



## ચરણ પહાડી

એક સમય શ્રીઠાકુરજી સખા મંડલીની સાથે ગોચારણ કરતા કરતા અહીં આવ્યા. ગાયો દૂર ઘાસ ચરી રહી તી. સખાઓ પણ દૂર હતા. શ્રીઠાકુરજીએ કૌતુક કર્યું. આપશ્રીએ ચરણપહાડીની ઉપર એક વૃક્ષની નીચે લલિત ત્રિભંગ મુદ્રામાં ઊભા રહીને પોતાની બંસીથી એવો રાગ છેડયો કે બંસીની ધ્વનિને સાંભળીને પર્વત પણ પિઘલી (ઓગળી ગયો. રસમસ્ત થઈ ગયો) ગયો. ગ્વાલબાલ અને ગાયોની તો વાત જ શું કરવી? હરણ-હરણિઓ તથા અન્ય પશુપક્ષીઓ પણ આકર્ષિત થઈને શ્રીઠાકુરજીની તરફ દોડવા લાગ્યા. એના કારણે અહીં ચરણપહાડી ઉપર ગોપ-ગોપી-હરણ અને ઊંટ વગેરેના પણ ચરણચિન્હ અંકિત થઈ ગયા. આ બધા ચરણ ચિન્હ એક તરફ ફક્ત આવતા સમયના જ છે, પાછા જવાના સમયના નથી. કારણ કે શ્રીઠાકુરજીની બંસીનો ધ્વનિ બંધ થવાથી પત્થરો (પર્વત)નું પાછું જેવું હતું તેવું પહેલાની જેમ સ્થિતિમાં થઈ જવાથી પાછા જવાના સમયના તેમના ચરણોના ચિન્હ અંકિત થયા નહીં. શ્રીઠાકુરજીની બંસીની ધ્વનિના પ્રભાવનું સ્મરણ ચિન્હ આજે પણ અહીં અંકિત છે.

આ લીલા ચરણ પહાડીની છે. આ લીલા પછી ચરણ પહાડી પાસે આવેલા કુંડમાં શ્રીઠાકુરજીએ ચરણ ધોયા છે. તેથી તે કુંડનું નામ ચરણગંગા છે.

# ॥ રંગરસિયાની વ્રજલીલા ॥

## ફગુઆ માં મણિ

એક દિવસ ગોવર્ધનની તળેટીમાં રાધાકુંડની પાસે સખા મંડલીની સાથે શ્રીઠાકુરજી તથા સખી મંડલીની સાથે શ્રીસ્વામિનીજી પરસ્પર રંગીલી હોરી ખેલવામાં મગ્ન હતા. એ સમયે શંખચૂડ નામનો અસુર ગોપીઓને પકડીને લઈ ભાગ્યો. શ્રીઠાકુરજી અને શ્રીબલદેવજીએ શાલના વૃક્ષોને હાથમાં લઈને તે અસુરને મારવાને માટે પાછળ દોડયા. આ બંને ને પ્રચંડ વેગથી આવતા જોઈને તે અસુર ગોપીઓને મુકીને એકલો ઘણા જોરથી ભાગ્યો, પરંતુ શ્રીઠાકુરજીએ શ્રીબલદેવજીને ગોપીઓની રક્ષાની માટે ત્યાં મૂકીને એકલા તેની પાછળ દોડયા અને શંખચૂડનો વધ કરીને તેના મસ્તકનો મણિ કાઢી લીધો. શ્રીઠાકોરજીએ તે મણિ શ્રી બલદેવજીને આપી દીધો. શ્રીબલદેવજીએ આ મણિને ધનિષ્ઠાના માધ્યમથી શ્રીસ્વામિનીજીને પાસે પહોંચાડી દીધો. શ્રીસ્વામિનીજીએ આ મણિને બહુ આદરની સાથે ગ્રહણ કરી લીધો.



## ચરણ પહાડી

એક સમય શ્રીઠાકુરજી સખા મંડલીની સાથે ગોચારણ કરતા કરતા અહીં આવ્યા. ગાયો દૂર ઘાસ ચરી રહી તી. સખાઓ પણ દૂર હતા. શ્રીઠાકુરજીએ કૌતુક કર્યું. આપશ્રીએ ચરણપહાડીની ઉપર એક વૃક્ષની નીચે લલિત ત્રિભંગ મુદ્રામાં ઊભા રહીને પોતાની બંસીથી એવો રાગ છેડયો કે બંસીની ધ્વનિને સાંભળીને પર્વત પણ પિઘલી (ઓગળી ગયો. રસમસ્ત થઈ ગયો) ગયો. ગ્વાલબાલ અને ગાયોની તો વાત જ શું કરવી ? હરણ-હરણિઓ તથા અન્ય પશુપક્ષીઓ પણ આકર્ષિત થઈને શ્રીઠાકુરજીની તરફ દોડવા લાગ્યા. એના કારણે અહીં ચરણપહાડી ઉપર ગોપ-ગોપી-હરણ અને ઊંટ વગેરેના પણ ચરણચિન્હ અંકિત થઈ ગયા. આ બધા ચરણ ચિન્હ એક તરફ ફક્ત આવતા સમયના જ છે, પાછા જવાના સમયના નથી. કારણ કે શ્રીઠાકુરજીની બંસીનો ધ્વનિ બંધ થવાથી પત્થરો (પર્વત)નું પાછું જેવું હતું તેવું પહેલાની જેમ સ્થિતિમાં થઈ જવાથી પાછા જવાના સમયના તેમના ચરણોના ચિન્હ અંકિત થયા નહીં. શ્રીઠાકુરજીની બંસીની ધ્વનિના પ્રભાવનું સ્મરણ ચિન્હ આજે પણ અહીં અંકિત છે.

આ લીલા ચરણ પહાડીની છે. આ લીલા પછી ચરણ પહાડી પાસે આવેલા કુંડમાં શ્રીઠાકુરજીએ ચરણ ધોયા છે. તેથી તે કુંડનું નામ ચરણગંગા છે.

# ॥ રંગરસિયાની વ્રજલીલા ॥

## બંસી છીની અધરામૃત લીનો - હારોયાન



એક સમય શ્રીસ્વામિનીજીએ લલિતા આદિ સખીઓની સાથે પરામર્શ કર્યો કે શ્રીઠાકુરજી શારીરિક શક્તિમાં આપણાં બધા કરતાં અધિક બળવાન હોવાના કારણે શારીરિક શક્તિવાળી ક્રીડાઓમાં (ખેલમાં) આપણને પરાજીત કરી દે છે. તમે બધા બુદ્ધિના સંબંધવાળી કોઈ એક એવો ખેલ આયોજીત કરો જેમાં હું શ્રીઠાકુરજીને સરળતાથી હરાવી શકું. લલિતા સખીએ શ્રીસ્વામિનીજીને પાસા ક્રીડા (ચોપાટ)ની દ્વારા શ્રીઠાકુરજીને હરાવવાની યોજના બતાવી. યોજના મુજબ સખીઓએ શ્રીઠાકુરજીને ચોપાટ ખેલવા માટેનું આહવાન (ચુનૌતિ) આપ્યું. ખેલ આરંભ થતાં જ શ્રીસ્વામિનીજીએ સહજ રૂપે શ્રીઠાકુરજીને હરાવીને દાવ (બાજી)માં રાખેલી તેમની બંસી છીનવી લીધી. પાસે બેઠેલા મધુમંગલે ખિન્ન થઈને કહ્યું, ''કન્હૈયા ! ગોપીઓએ હમણાં તો તમારી બંસી લઈ લીધી, પછી તે તમારૂં સર્વસ્વ હરણ (લઈ) કરી લેશે. તમો ગોચારણમાં જ પ્રવીણ છો. ગાયો ને ચરાઓ. તમોને આ પ્રાકરે હારેલા જોઈને મને ઘણું દુ:ખ થાય છે.'' આવું કહીને હસવા લાગ્યો. શ્રીઠાકુરજીએ તેને વાચાળ બ્રાહ્મણ કહીને સમજાવી ધમકાવીને ચુપ રહેવાનું કહ્યું.

આ લીલાને (શ્રીઠાકોરજી પાસાક્રીડામાં હારવાની) કારણે આ ગામનું નામ હારોયાન પડ્યું.

# || રંગરસિયાની વ્રજલીલા ||

## ઉમરાઓ (રસિક રાજલીલા) :

શ્રીઠાકુરજીની દુહાઇ (મોટાઇ) સાંભળીને સખીઓએ લલિતાજીની આગળ શ્રીઠાકુરજીની વિરૂદ્ધ ફરીયાદ કરી. લલિતાજીએ ક્રોધીત થઈને કહ્યું, ''એવું કોણ છે ? જે શ્રીસ્વામિનીજીના રાજ્યને પોતાના અધિકારમાં (કબ્જામાં) કરી શકે છે ? આપણે તેનો પ્રિતકાર કરીશું.'' એવું કહીને શ્રીસ્વામિનીજીને એક સુંદર સિંહાસન ઉપર પધરાવીને ઉમરાવ (રાજા-અધિપતિ) હોવાની ઘોષણા કરી. ઉમરાવનું તાત્પર્ય રાજ્યના અધિપતિ-રાજાથી છે. ચિત્રા સખીએ શ્રીસ્વામિનીજીના મસ્તક ઉપર છત્ર ધારણ કર્યું, વિશાખા સખી ચમર ઢાળવા લાગી. લલિતાજી શ્રીસ્વામિનીજીની જમણી બાજુએ બેસીને મંત્રીનું કામ કરવા લાગી. કોઈ સખી શ્રીસ્વામિનીજીને પાનના બીડા આપવા લાગી તથા બીજી બધી હાજર સખીઓ પ્રજાનો અભિનય કરવા લાગી. શ્રીસ્વામિનીજીએ સિંહાસન ઉપર બેસીને સખીઓને આદેશ આપ્યો, ''જાઓ, જે મારા રાજ્ય પર અધિકાર કરવા માંગે છે તેને પરાજીત કરીને બાંધીને મારી સામે ઉપસ્થિત (હાજર) કરો.''

ઉમરાવ (રાજા)નો આદેશ મેળવીને હજારો-હજારો સખીઓ એ હાથમાં ફૂલની છડી લઈને યુદ્ધને માટે ચાલી. અર્જુન, લવંગ, ભૃંગ, કોકિલ, સુબલ અને મધુમંગલને પકડી લીધો અને મધુમંગલ તેમને જોઈને અહીં-તહીં ભાગવા લાગ્યા. પરંતુ કોઈ ચતુર સખીએ તેને પુષ્પ-ફૂલોની માલાથી બાંધીને ઉમરાવ (શ્રીસ્વામિનીજી)ના ચરણોમાં હાજર કર્યો તથા કોઈ ગોપીઓએ મધુમંગલને બે-ચાર ગુલ્ચે પણ લગાવીને બોલી, ''અમારા ઉમરાવના રાજ્ય ઉપર અધિકાર કરવાની આટલી હીમ્મત ? હવે અમો તને દંડ આપીએ છે.'' મધુમંગલ હારેલા સેનાપતિની માફક મસ્તક નીચું કરીને કહેવા લાગ્યો, ''ઠીક છે ! અમો હારી ગયા છે. પરંતુ દંડ એવો આપો કે અમારું પેટ ભરાય.'' આવું સાંભળીને મહારાણી શ્રીસ્વામિનીજી હસીને બોલ્યા, ''આ કોઈ ભૂખ્યો બ્રાહ્મણ છે, એને મુક્ત કરી દો.'' સખીઓએ એને પેટ ભરીને લાડૂ ખવડાવીને છોડી દીધો.

મધુમંગલ પાછા આવીને છત્રપતિ મહારાજ (શ્રીઠાકુરજી)ને પોતાના પકડાઈ જવાની બધી વાતો સંભળાવીને રડવાનો અભિનય કરવા લાગ્યો. આવું સાંભળીને શ્રીઠાકુરજીએ મધુમંગલ અને સખાઓને લઈને ઉમરાઓની ઉપર આક્રમણ કરી દીધું. જ્યારે શ્રીસ્વામિનીજીએ પોતાના પ્રાણવલ્લભ શ્રીઠાકુરજીને જોયા, ત્યારે બહુ લજ્જા પામી (શરમાઈ)ને પોતાનો ઉમરાવ (રાજા)નો વેશને દૂર કરવાની ચેષ્ટા કરવા લાગી. સખીઓ હસતા-હસતા એવું કરવાથી અટકાવતી હતી. મધુમંગલે છત્રપતિ બનેલા શ્રીઠાકુરજીને ઉમરાવ શ્રીસ્વામિનીજીની પાસે બેસાડી દીધા. બન્નેમાં સંધિ થઈ અને શ્રીઠાકુરજીએ શ્રીસ્વામિનીજીના આધિપત્યનો સ્વીકાર કર્યો, મધુમંગલે શ્રીસ્વામિનીજીને હાથ જોડીને કહ્યું, ''શ્રીઠાકુરજીનું અંકરૂપી રાજ્ય હવે તમારા અધિકારમાં છે. હવે જે ઈચ્છો તેમનાથી ભેટ લઈ શકો છો.'' બધી સખીઓ અને સખા આ અભિનય ક્રીડા વિલાસને જોઈને બહુ આનંદિત થયા.





ઉમરાવ લીલાને કારણે આ ગામનું નામ ઉમરાઓ છે.

# ॥ રંગરસિયાની વ્રજલીલા ॥

## હોરી મેં હાસ-પરિહાસ

એક વખતે શ્રી ઠાકુરજી શ્રીસ્વામિનીજીને મળવાને માટે ઘણા જ ઉતાવળા (ઉત્કંઠિત) થઈને શ્રીસ્વામિનીજીના ભવન ના દરવાજાને ખટખટાવી રહ્યા હતા.

અંદરથી શ્રીસ્વામિનીજીએ પૂછ્યું, ''કોઽસિ (કોણ છે) ?

**શ્રીઠાકુરજીએ જવાબ આપ્યો, ''હું કૃષ્ણ છું.''**

શ્રીસ્વામિનીજી : (કૃષ્ણ શબ્દનો એક અર્થ ''કાળો'' નાગ પણ થાય છે)'' જો તમે કૃષ્ણ અર્થાત્ કાળા નાગ છો તો તમારી અહીં શું જરૂર છે ? શું મને ડંખ મારવા ઈચ્છો છો ? તમો વનમાં જાઓ. અહીં તમારી કોઈ જરૂરત નથી.''

**શ્રીઠાકોરજી : નહીં પ્રિયતમે ! હું ઘનશ્યામ છું.**

શ્રીસ્વામિનીજી : (ઘનશ્યામ નો અર્થ કાળુ વાદળ) ''જો તમે ઘનશ્યામ છો તો તમારી અહીં કોઈ જરૂર નથી. અહીં વર્ષીને મારા આંગનમાં કીચડ (કાદવ) ના કરો. તમે વન અને ખેતરોમાં જઈને ત્યાં વર્ષો.''

**શ્રીઠાકુરજી : પ્રિયતમે ! હું ચક્રી (ચક્રધારી) છું.**

શ્રીસ્વામિનીજી : (ચક્રી શબ્દનો અર્થ કુલાલ અથવા માટીના વાસણ બનાવવા વાળો કુંભાર) ''અહીં ચક્રી (કુંભાર)ની જરૂર નથી. મારા ઘરમાં કોઈ વિવાહ-ઉત્સવ નથી. જ્યાં વિવાહ-ઉત્સવ વગેરે હોય ત્યાં તમો તમારા માટીના વાસણોને લઈને જાઓ.''

**શ્રી ઠાકુરજી : પ્રિયતમે ! હું મધૂસુદન છું.**

શ્રીસ્વામિનીજી : (મધૂસુદન નો બીજો અર્થ ભ્રમર) ''અગર તમે મધૂસુદન (ભ્રમર) છો તો જલ્દી અહીંથી દૂર કોઈ બગીચામાં પુષ્પોની ઉપર બેસીને તેનું રસપાન કરો. અહીંયા બગીચો નથી.''

**શ્રી ઠાકોરજી : અરે ! હું તારો પ્રિયતમ ''હરિ'' છું.**

શ્રીસ્વામિનીજીએ હસિને કહ્યું : (હરિ શબ્દનો અર્થ વાંદરો અથવા સિંહ) ''અહીં વાંદરા અને સિંહની શું જરૂર છે ? શું તમે મને બચકા ભરવા ઈચ્છો છો ? તમો જલ્દી કોઈ ગંભીર વનમાં ભાગી જાઓ. હું વાંદરા અને સિંહથી ગભરાઉ છું.''

આ પ્રકારે શ્રીસ્વામિનીજી પ્રિયતમ ''હરિ'' શ્રીઠાકુરજીથી નાના પ્રકારની હાસ-પરિહાસ કરે છે. તે અમારા ઉપર પ્રસન્ન રહે. આ હાસ-પરિહાસની લીલા ભૂમિને કોસી વન કહે છે.

## કુંજરવન



‘‘કુંજરવન’’માં જ્યાં શ્રીઠાકુરજી સખીઓની સાથે કુંજોમાં નાના પ્રકારની ક્રીડાઓ કરતા હતા. ક્યારે ક ઘણી બધી સખીઓ મળીને કુંજર (હાથી) બની જતી. શ્રી ઠાકુરજી તેની ઉપર ચઢીને બેસી જતા. આ ક્રીડાને કારણે પણ આ લીલા સ્થળનું નામ કુંજરવન પડયું છે.

## ભ્રમરકુંજ

|| વ્રજ કો રસિયા ભંવર બનો બૈઠો રહિયો ||

ભ્રમર કુંડ ઉપર શ્રી અભિનંદન ગોપને શ્રીકૃષ્ણના, ભ્રમરની જેવા બિરાજમાન ઝાંકીના દર્શન થયા અને કહ્યું, ‘‘વ્રજ કો રસિયા ભંવર બનો બૈઠો રહિયો.’’

# ॥ રંગરસિયાની વ્રજલીલા ॥

## માટીલીલા



## ॥ ગોવર્ધનવાસી શ્રી ઘાસીરામજી રચિત રસિયા ॥

जसोदा सुन माई, तेरे लाल ने माँटी खाई ।
अद्‌भुत खेल सखन संग खेलौ, इतनो सौ माटी कौ डेलौ, तुरत श्याम नें मुख में मेलौ । जानें गटक गटक गटकाई ।।१।।
माखन तूने कबहू ना नाँटी, क्यों लाला तैनें माँटी खाई, धमकाबै जसुदा लै सोंटी । जाय नेंक दया ना आई ।।२।।
ऐसौ स्वाद नाँय माखन में, नाँय मिश्री मेवा माखन में, जो रस ब्रज रज के चाखन में । जानें मुक्ति की मुक्ति कराई ।।३।।
मुख के माँहि आँगुरी मेली, निकर परी माँटी की डेली, भीर भई सखियन की भेली । जाय देखें लोग लुगाई ।।४।।
मोहन कौ म्हौड़ौ खुलवायौ, तीन लोक बैभव दरसायौ, तब विश्वास जसोदा को आयौ । ये तौ पूरन ब्रह्म कन्हाई ।।५।।
जा रज कूँ सुर नर मुनि तरसें, धन्य भाग जो नित प्रति परसें, जिनकी लगन लगी होय हरखे । कहैं 'घासीराम' सुनाई ।।६।।

માટી ખાવાની વાત છે. ફરીયાદ ગોપી કરે છે. યશોદાજી સોટી લઈને ધમકાવે છે. શ્રીહરિરાયજી જે વલ્લભીયનના ચરણરજની વાત કરે છે એ ગોપીઓની ચરણની રજ તો શ્રીઠાકુરજીએ મુખમાં નથી મુકીને ? ગોપીઓની ફરીયાદ 'ઘાસીરામ'જી એ સંભળાવી છે.

|| શ્રી ગોવર્ધનનાથો વિજયે ||

|| શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ||

# શ્રી હરિરાયજી કૃત - વસંત હોરીની ભાવના

## વસંત હોરીની ભાવના

હવે વસંત પંચમીના દિવસે પ્રથમ કામનો જન્મ થયો છે, તેથી વસંત ઋતુ અને કામદેવ એકબીજાના પરમ મિત્ર છે. જ્યાં કામદેવ પહેલા મોહ ઉપજાવવા જાય છે, ત્યાં વસંત ઋતુનો પહેલા પ્રકાશ કરે છે. તેથી વસંત પંચમીથી ખેલ દ્વારા કામનું પ્રાગટય છે. તેથી હોરીમાં બદ્યાની મમતા થાય છે ત્યાં વસંતનો ખેલ પ્રથમ દિવસ ૧૦નો ખેલ અને મહિના ૧ (30 દિવસ)નો ખેલ તેનો અભિપ્રાય આ છે, જે વસંત દિવસ ૧૦માં ઉદ્દીપન લીલા છે અને મહીનો ૧ (30 દિવસ) આલંબન ક્રીડા છે, તથા વસંત પંચમીનો ભાવ છે, જે કામનું પૂજન કરે છે, જ્યાં સુધી "કામલોક વિષે હૂ અધ્યાત્મક કૌ મહાદેવજીને જરાઈ દીયૌ," "આદિ દૈવિક કામરૂપ ભગવાન આપ હૈં સાક્ષાત્ મનમથ કે મનમથ." તેથી દશ-દશ દિવસ ચારેય ભક્તોનો મનોરથ છે. ૪૦ દિવસ સુધી વસંતના દિવસ દશ સાત્વિકી ભક્તોના છે. પછીના ફાગણ વદી ૧૦ સુધી દિવસ ૧૦ (દશમ) રાજસી ભક્તોના છે. પછીના દિવસ દશ તામસી ભક્તોના ફાગણ સુદી ૫ (પાંચમ) સુધીના, ત્યાર પછીના દિવસ દશ નિર્ગુણ ભક્તોના, તેથી વસંતના ભારી ખેલના ગુણ કહેવામાં ના આવે. ડાંડોં રોપણ કરવો જે કંદર્પને આરોપવાનો છે, જે આગળ કહીશું.



ફાગણ વદી ૧ થી ઉતરતા દિવસ ૧૫ સુધી (૧) મસ્તક, (૨) નેત્ર, (૩) અધર, (૪) કપોલ, (૫) કંઠ, (૬) કુક્ષ, (૭) યુગ્મ, (૮) ઉર, (૯) નાભિ, (૧૦) કટિ, (૧૧) ગૃહ્ય, (૧૨) જંઘ, (૧૩) ઘોટું, (૧૪) ચરણ, (૧૫) પદાંગુષ્ટ, આ પ્રમાણે ઉતારતા, અનો ફાગણ સુદી ૧ થી ચઢતા (૧) પદાંગુષ્ટ (૨) ચરણ (૩) ઘોટું (૪) જંઘા, (૫) ગુહ્યા, (૬) કટિ, (૭) નાભિ, (૮) ઉર, (૯) યુગ્મ, (૧૦) કુક્ષ, (૧૧) કંઠ, (૧૨) કપોલ, (૧૩) અધર, (૧૪) નેત્ર, (૧૫) મસ્તક.

આ પ્રકારે અલૌકિક ભાવાત્મક છે, લૌકિક બુદ્ધિ ક્યારે પણ ન રાખવી, આલંબન ક્રીડા છે, તેથી મહીનો-૧ ધમાર ગવાય છે. અને બપોરના સમયે શ્રીજી પાસે કેસર, ગુલાલ, અબીર આટલું જ પાસે રહે, ચોવા નહીં. તેનો ભાવ એ છે કે જ્યાં સુધી ક્રીડા (ખેલ) ભક્તાધીન હતી. સૈયા પાસેની ક્રીડા ભગવતાધીન, તેથી ચોવાનું વસ્ત્ર બધું સફેદ એટલા માટે જે મુખ્ય નિર્ગુણના કર્તા છે. પછી અલૌકિક ગુણ સંયુક્તના મનોરથથી ભરેલા દિવસ દશ વસંત



ઝારીમાં બનાવી ધરે છે. જે પ્રબોધિનીથી અંકુરિત છે. ભક્ત ભારી શીતકાલમાં (વધુ ઠંડીમાં) અનેક મનોરથ કરે છે. હવે વસંતમાં પુષ્પ ૯ (નવ) લુક્તુક્ત (નવપલ્લવીત) ભર્યો હોરીમાં અંગીકાર થયો. વસંતઋતુની અલૌકિક સામગ્રીથી કામનું પૂજન કરે છે. જે વસંતઋતુ ભક્ત છે. કામરૂપ પ્રભુનું પૂજન કરે છે. તેની સામગ્રી **કહે છે**, ખેલાવવા માટે ગુલાલ પાંચ પ્રકારનો લાલ, સફેદ, પીળો, લીલો અને શ્યામ. શ્રીસ્વામિનીજીના શ્રીઅંગ વર્ણ શ્રીસ્વામિનીજીના શ્રીમુખચંદ્રમાંથી પ્રગટી છે, તેથી શ્રીચંદ્રાવલીજી નામ છે. તેથી સફેદ અબીર ગુલાલને શ્રીસ્વામિનીજીનું હાસ્ય કહેવાય છે, આ ભાવ છે. લીલો ગુલાલ સમસ્ત ગોપીજનનો શ્રીઠાકુરજી શ્રીસ્વામિનીજીમાં ભાવ છે. તેમાં બન્નેના વર્ણરૂપ છે. શ્યામ ગુલાલ, શ્યામલાજી અષ્ટસખીઓમાં પરંતુ ભગવદ્ સંબંધી પ્રભુના પક્ષપાતી છે. શ્રીસ્વામિનીજીના કાકાની બેટી છે, પરમ ચતુર લીલા સંબંધી છે. ચોવા શ્રીયમુનાજીનો અંગ વર્ણ છે. જેના પ્રભાવથી ખેલમાં વિરોધ થાય નહિ, પરમ સ્નેહ પરસ્પર વધે. નાના પ્રકારની કંચનની (સોનાની) રતન જટિત નાની મોટી પિચકારી છે, તેથી જેમનો કેસરિઓ રંગ છે. તેમને શ્રીસ્વામિનીજીના હૃદયનો નિર્મળ પ્રેમ છે, તે જેઓને ભિના કરે છે, તે પ્રેમથી રસબસ થઈ એકબીજા સાથે પરસ્પર ખેલે છે.

કુમકુમ છે તે કામનો અંકુર છે. જેમાં ગુલાલ ભરિને મારે છે, તેમનો કામ રૂપ સ્નેહ શ્રીઠાકુરજીમાં ઘણો જ છે અને રોરી છે, તે હોરીમાં મુખ માંડે છે, વ્યાહકૃત કરિને, તેથી શ્રીસ્વામિનીજીની સખી વિશાખાજી રૂપ છે. અને હળદરને દળીને (પીસીને) લગાવે છે. તે પણ લગ્ન (વ્યાહ) સંબંધી છે, તે ભામા સખી રૂપ છે અને તેલ ફુલેલ શ્રીસ્વામિનીજીનો સ્નેહ સચિંકન છે અને જે ગેંદ ફૂલોની તે પોત પોતાના જૂથ (યૂથ)માં જે હોય છે. જે પરમ ચતુર છે જ્યાં જાય છે ત્યાં ખેલનો પરસ્પર આનંદરૂપ લડાઈ પણ કરાવે છે અને નવવિલસી છે તે અતિ-પરમ કોમળ સુકુમારતાની અવધિ છે. તેઓ ખેલમાં આવી છે અને ફૂલની છડી-દંડા છે, તે પરમ નિકટ શ્રી ઠાકોરજી વ્રજભક્તોના યૂથ એક બાજુ હોય છે. જ્યારે તેમનું કામ પડે છે ત્યારે પરસ્પર ''માર-માર'' કરિને ધૂમ મચાવે છે અને વ્રજભક્તોના હાથમાં વાંસ પણ છે, તે મોટા-મોટા જોધા-ગોપ છે. તે હાથમાં જેરી લઈને ઊભા છે. તે રંગ-પિચકારી-ગેંદ- છડીથી થોડા પણ ઘભરાતા નથી. તેમને વાંસ (લાકડી) લઈને તે જગ્યાએથી ભગાડી મુકે છે. આ પ્રકારે હોરીમાં જેટલી સામગ્રી છે, તે બધી ભાવરૂપ છે. પરમ અલૌકિક પદાર્થ છે.

હવે અનેક પ્રકારના વાજીંત્ર (બાજે)નો ભાવ **કહે** છે :

(૧) બીન - શ્રીસ્વામિનીજીના સંયોગ સમયે કુંજમાં
(૨) મુરલી - શ્રીસ્વામિનીજીના વિયોગ સમયે
(૩) અમૃત કુંડલી - શ્રુતિરૂપાઓના વિયોગ સમયે
(૪) જલ તરંગ - શ્રૃતિરૂપાઓના વિયોગ સમયે
(૫) મદનભેરિ - શ્રૃતિરૂપા રાજસી
(૬) ધોંસા - શ્રૃતિરૂપા તામસી
(૭) દુંદુભી - શ્રતિરૂપા સાત્વીકી
(૮) નિસાંત - કુમારિકા સાત્વીકી
(૯) ઘંટા - કુમારિકા સાત્વીકી
(૧૦) સંખ - કુમારિકા સાત્વીકી
(૧૧) ઘંટા - કુમારિકા સાત્વીકી
(૧૨) મુખચંગ - કુમારિકા સાત્વીકી
(૧૩) શ્રૃંગભેરિ - કુમારિકા રાજસ
(૧૪) ખંજરી - કુમારિકા રાજસ-સાત્વીક
(૧૫) રાય ગિરગિરી - કુમારિકા રાજસ-તામસ-સાત્વીક
(૧૬) તાલ - કુમારિકા રાજસ-તામસ
(૧૭) કઠતાલ - કુમારિકા રાજસ
(૧૮) મજીરા - કુમારિકા તામસ-સાત્વીક

(૧૯) મહૂસરી - કુમારિકા રાજસ-તામસ (જે કુમારિકામાં તામસ-તામસ નથી)
(૨૦) થારી - શ્રૃતિરૂપા - સાત્વીક-રાજસ
(૨૧) ઝાલરી - શ્રૃતિરૂપા સાત્વીક-સાત્વીક
(૨૨) ઢોલ - શ્રૃતિરૂપા સાત્વીક-તામસ
(૨૩) ડફ - શ્રૃતિરૂપા સાત્વીક
(૨૪) ડિમડિમી - શ્રૃતિરૂપા રાજસ-સાત્વીક
(૨૫) ઝાંઝિ - શ્રૃતિરૂપા રાજસ
(૨૬) રાય ગિરીગિરી - શ્રૃતિરૂપા તામસ-સાત્વીક
(૨૭) પત્રિક - શ્રૃતિરૂપા તામસ-રાજસ
(૨૮) રબાબ - શ્રૃતિરૂપા તામસ-રાજસ-સાત્વીક
(૨૯) જંત્ર - શ્રૃતિરૂપા તામસ-રાજસ-સાત્વીક
(૩૦) મૃદંગ - શ્રીલલિતાજી રાસમાં
(૩૧) સહનાઈ - શ્રીયમુનાજી મધુરે સુર
(૩૨) શ્રીમંડલ - શ્રીવિશાખાજી સુર આપે છે
(૩૩) દુધારા - શ્રીશ્યામલાજી સખી
(૩૪) કરતાલ - શ્રીભામાજી સખી
(૩૫) સારંગી - શ્રીચંપકલતા સખી
(૩૬) તુરહી - શ્રીકામ સખી
(૩૭) કિંનરી - સહચરી

વગેરે આ પ્રકારના અનેક બાજે (વાજીંત્ર) લીલા સંબંધી છે. હોરીમાં બધી વસ્તુ ભાવાત્મક છે.

## પ્રથમ દિવસનો ખેલ

મહારાસ રૂપ અલૌકિક જે કોઈ સખી નંદરાયજીને વસંતનો સાજ કરી આવે છે. કોઈ સખી વૃષભાનજી કીરતિજીને સમઝાવે છે. ત્યાં કીરતિજીની પાસે જઈ લલિતા-વિશાખા વગેરે અત્યંત મધુર વચન બોલીને કહે છે, ''જો, હે ! શ્રી કીરતિજી આજે વસંતનો પ્રથમ ખેલનો દિવસ છે. અમો પોત-પોતાના ઘરથી તમારી પાસે વિનંતી કરવા આવ્યા છે. તેથી આપની બેટીનો અમારી સાથે મોકલો તો અમે સખીઓમાં પરસ્પર હોરી રમીએ-ખેલીએ.'' ત્યારે કીરતિજી પણ પ્રસન્ન થઈને શ્રીસ્વામિનીજીને અભ્યંગ સ્નાન કરાવી, નવા નૌતમ વસ્ત્ર-આભૂષણ પહેરાવી, પછી ઘણા પ્રકારના વ્યંજન (ભોજન) સખીઓની સાથે કરાવીને ''હોરી'' ખેલવાનો સાજ ગુલાલ-અબીર-કેસરીયો રંગ પિચકારી વગેરે બધાને આપીને પછી લલિતા વગેરે અષ્ટસખીઓને કહ્યું, ''જો દેખિયો મેરી બેટી પરમ સુકુમાર અત્યંત ભોરી હૈ, ખેલ મેં કહૂં અકેલી મત છોડિયોં.''

ત્યારે બધી સખીઓએ કહ્યું, ''જો હે ! શ્રીકીરતિજી યહ તુમ્હારી બેટી હૈ, સો હમકો પ્રાણપ્રિય હૈં, તાતેં તુમ રંચક હૂ બેટી કી ચિંત મતિ કરો, હમ અપને પ્રાણ કી નાંઈ આછી ભાંતિસોં રાખેંગી.''

આ પ્રકારે અષ્ટસખીઓ શ્રીકીરતિજીનું સારી રીતે સમાધાન કરીને પછી શ્રીસ્વામિનીજીને લઈ ગઈ, તે વસંતનો સાજ સિદ્ધ કરીને શ્રીનંદરાયજીના ઘર તરફ સમાજ સહિત જઈ રહી છે.



એક સોનાનો કળસ - જેમાં જલ કુંજરૂપ, તેની ઉપર ખજૂરીની ડાળી, જે હસ્તરૂપ, તેમાં બોર - જે આભૂષણ રૂપ, તેની ઉપર સરસોંના ફૂલ - મુખારવિંદ રસમાં ફૂલ વગેરે તથા મોટા ભક્તરૂપ અને ઉપર લાલ વસ્ત્ર વેષ્ટિત સાડી રૂપ અને ઉપર ગુલાલ-અબીર છાંટયું છે. ઉપર પીળું વસ્ત્ર - પોતાના આંચલથી કુચ રૂપ ઢાંકે છે, જે કેવળ પ્રભુ અંગીકાર કરવાને યોગ્ય છે. આ વસંતની સામગ્રી પ્રભુને બતાવી પોતાના હૃદયનો અભિપ્રાય બતાવ્યો.

આ પ્રકારે ગોપીજન શ્રીસ્વામિનીજીને આગળ પધરાવી શ્રીનંદરાયજીના ઘર તરફ જાય છે. અહિં શ્રીરોહિણીજી પહેલાથી જ જાણતી હતી કે આજે ગોપી વસંત ખેલાવવા માટે આવશે. તેથી રાત્રે ઉઠિને રાજભોગની સામગ્રી સિદ્ધ કરી રાખી હતી. પછી પ્રાતઃકાલ (સવારે) શ્રીયશોદાજી શ્રીઠાકુરજીને બહુ જ વિધિથી જગાવ્યા, ''હે વત્સ ! હે લાલ ! ભોર ભયો હૈ, ચિરૈયા બોલી, ગાય, બછરા; સખા સબ તુમારો મારગ દેખત હેં, સુંદર વદન કમલ મોકોં દિખાવો, નાના પ્રકાર કી મંગલા કી સામગ્રી સિદ્ધ કરિ રાખી હૈ.'' એવા અનેક જતન કર્યા. તો પણ શ્રીઠાકુરજી જાગ્યા નહીં. ત્યારે શ્રીયશોદાજી એ કહ્યું, ''જો આજ બસંત પંચમી હૈ, ગોપી બસંત કોં આવેગી, તાતે હે પુત્ર સ્નાન શ્રૃંગાર કરોં,'' આટલું સાંભળતા જ શ્રી ઠાકુરજી ચોંકી ગયા અને ઉઠિને બેઠા થયા અને કહ્યું, ''મૈયા, ગોપી કબ બસંત ખેલિવે કોં આવેંગી.'' ત્યારે શ્રી યશોદાજી આપ ગોદમાં ઉઠાવી હૃદયથી લગાવી, મુખ ચુંબન કરિ, સુંદર સિંહાસન પર પધરાવી મંગલા ભોગ આગળ ધરી પછી સ્નાનની તૈયારી કરી. તે સમયે શ્રી સ્વામિનીજી વ્રજભક્તોના યૂથ સહિત આવતા જોયા ત્યારે શ્રીયશોદાજી, શ્રીરોહિણીજી અત્યંત આનંદથી પરમ પ્રીતિથી બધાને પોતાના ઘરમાં પધરાવ્યા. પછીશ્રીસ્વામિનીજી એ શ્રીહસ્તાથી શ્રીઠાકુરજીનો અભ્યંગ કરાવીને સ્નાન કરાવ્યું, પછી કોમલ વસ્ત્રથી શ્રીઅંગ અંગોછિ, નાના પ્રકારના શ્રૃંગાર ધરાવ્યા, સફેદ વાગા, કુલહ પાગ, ચુન્નીના આભૂષણ પહેરાવ્યા. આ પ્રકારે શ્રૃંગાર કરી, પછી શ્રૃંગારમાં ગોપી-વલ્લભ પોતાના મનોરથની સામગ્રી આરોગ્યા. પછી તુરંત જ રાજભોગ શ્રીરોહિણીજી સિદ્ધ કરીને લાવ્યા, ત્યારે શ્રીયશોદાજી શ્રી રોહિણીજી ઉપર ઘણા જ પ્રસન્ન થયા અને કહ્યું, ''તુમ્હારો સ્નેહ મેરે કાન્હા પર બહોત હૈં, મૈં જાનત હોં.'' પછી શ્રીનંદરાયજી શ્રીઠાકુરજી અને શ્રીબલદેવજીને ગોદમાં લઈ ઘણા પ્રકારના મનુહાર (લાડ લડાવી) કરી જમાડે છે અને નંદ, ઉપનંદ બીજા ગોપ બધા શ્રીનંદરાયજીની સાથે બેસીને ભોજન કરે છે. આ પ્રકારે ભોજન કરી હાથ ધોઈ બીરી ખવડાવે છે.

પછી શ્રીયશોદાજી શ્રીસ્વામિનીજી શ્રીઠાકુરજી સઘળા વ્રજભક્ત અંદર ભોજન પરમભાવ સહિત કરી જલ અચવાય બીરી આપે છે. આરતી કરે છે. પછી શ્રીનંદરાયજી મોટો આંગણ (ચોક) જે રત્ન ખચિત છે. (રતન ચોક) ત્યાં શ્રીઠાકોરજી, શ્રીસ્વામિનીજી, શ્રીનંદરાયજી, શ્રીયશોદાજી, ગોપી, ગ્વાલ બધા પધારે છે. ત્યાં શ્રીયશોદાજી પોતાના પુત્રને ગોદમાં લીધેલા છે. શ્રીસ્વામિનીજી પોતાના સંગની સખીઓ વસંતનો સાજ લઈ શ્રીઠાકુરજીને ખેલાવે છે. ત્યારે શ્રીયશોદાજીની આગળ રંચ-રંચ, વાગા ઉપર ખેલાવીને કુમકુમનું તિલક કર્યુ છે. પાગ ઉપર રંચક ગુલાલ છાંટી, કંઈક થોડો શ્રીયશોદાજી ઉપર છાંટે છે. ત્યારે શ્રીયશોદાજી એ કહ્યું, ''પ્રથમ ખેલ સબ ગોપી ગ્વાલ સબ મેરે આંગન મેં ખેલો.''

ત્યારે શ્રીબલદેવજી સહિત નંદરાયજી બીજા નવનંદ અનેક ગોપ-ગોપી શ્રીબલદેવજીને આગળ કરીને હોરી ખેલવા લાગ્યા. શ્રીયશોદાજીથી એક બાજુ બધી ગોપી શ્રીસ્વામિનીજીને આગળ મુખિયા બનાવી ખેલવા લાગી. શ્રીયશોદાજી બધાથી બચીને અલગ ઊભી રહી. એક નાની સોનાની પિચકારી રંગથી ભરીને શ્રીઠાકુરજીના હાથમાં હતી તેનાથી સખીઓને પાસે બોલાવીને શ્રીઠાકુરજીથી છંટાવી. ત્યારે શ્રીઠાકુરજી કહે, ''મૈયા મૈં સબ ગોપીન કો છિરકિવે કોં જાઉ.'' ત્યારે શ્રીયશોદાજીએ બોલીને કહ્યું, ''પુત્ર ભીર બહુત હૈ,'' આ રીતે સમઝાવીને રાખ્યા. પછી શ્રીનંદરાયજી, શ્રીબલદેવજી બધા ગોપ-ગોપી સારી રીતે વસંત ખેલ કર્યો. લલિતાજીએ શ્રીસ્વામિનીજીને પૂછ્યું, ''તુમ ક્યોં ન્યારી ઠાડી હોં ? બસંત ખેલો'' ત્યારે શ્રીસ્વામિનીજીએ લલિતાજીને કહ્યું, ''મૈં તો તબહી બસંત ખેલોંગી, તબ યે શ્રી નંદરાયજી કે પુત્ર જો શ્રીયશોદાજી કી ગોદ મેં હૈ, સો ખેલેંગે - તિન કે સંગ ખેલોંગી, વ્રજ મેં ચલોગી તબહી બસંત હોરી ખેલને કો સુખ હોયગો.''

ત્યારે લલિતા, વિશાખા બંને શ્રીયશોદાજીની પાસે આવી હાથ જોડીને વિનંતી કરવા લાગી, ''જો, આજ બસંત કો પ્રથમ દિન ખેલ કો આરંભ હૈં, તાતેં હે શ્રીયશોદાજી સર્વ પ્રથમ તુમકો છિરક્યોં ચાહત હૈં, કાહે તે તુમને એસો પુત્ર જાયો. યહ તુમ્હારો પુત્ર સબકો પ્રાણપ્રિય હૈં, ઔર પરમ સુકુમાર હૈં, અત્યંત સૂધો ભોરોં હૈ, કુછ છલ ચતુરાઈ નાંહી જાનત હૈં. સો મૈં આછી ભાંતિ સોં જાનત હોં, તાતેં તુમ અપને પુત્રકો મૌકો દેહુ, તબ સબ તુમકો છિરકેંગે, કાહે તેં ? તુમારે પુત્ર ઉપર બહુત રંગ ન પરેગોં યા સોં ઈનકો સીત ન લગેગો.'' આ સાંભળીને શ્રીયશોદાજી બહુજ પ્રસન્ન થયા અને કહ્યું, ''લલિતા તુ મેરે મન કી જાનત હૈં, ઔર મૈં જાનત હોં, તૂ મેરે પુત્ર કો આછી ભાંતિ સોં રાખત હૈ.'' ત્યારે શ્રી યશોદાજી એ લલિતાની ગોદમાં શ્રીઠાકુરજીને આપ્યા ત્યારે લલિતા દૂર લઈને ઊભી રહી.

પછી બધી સખીઓ સાથે શ્રીસ્વામિનીજીએ શ્રીયશોદાજીને સારી રીતે રંગ છાંટયો. ત્યારે શ્રીનંદરાયજી બહુજ પ્રસન્ન થઈને ગોપીઓને મેવા-વાગા-આભૂષણ-બસન પહેરાવ્યા. પછી શ્રીયશોદાજી અત્યંત પ્રસન્ન થઈને, ઘણા પ્રકારની મેવા-મિઠાઈ, ઘણા પ્રકારના વસ્ત્ર-આભૂષણ શ્રીસ્વામિનીજીને બધી સખીઓ સહિત પહેરાવ્યા. ત્યાં શ્રીવૃષભાનના ગોપ પણ હતા. તેમણે શ્રીનંદરાયજીની ઉપર બહુ રંગ સારી રીતે છાંટયો. એટલામાં લલિતાજીએ શ્રીયશોદાજીને વિનંતી કરી, ''જો આજ પરમ ઉત્સવ કો બસંત પંચમી કો દિન હૈ, તાતે તુમ અપને પુત્ર કો આજ્ઞા દેહુ તો વ્રજ મેં બસંત ખિલાવેં. ઔર તુમારે પુત્ર કો રંચક હૂ શ્રમ ન હોયગો. ઉસી ભાંતિ રાખેગેં, કાહેતે તુમારે પુત્ર તે હમારી પરમ શોભા હોત હે, તાતે હમ તુમ સોં વિનતી કરત હૈં.'' ત્યારે શ્રી યશોદાજી એ પ્રસન્ન થઈને કહ્યું, ''જો હે લલિતા, તૂ મોહૂ કો પરમ પ્રિય હૈં । તાતેં તેરો વચન ટારયોં નાહીં જાત હૈ, ઔર મૈં યહ જાનત હોં, મેરે કન્હૈયા કો તુમ આછી ભાંતિ રાખોગી.'' આ પ્રમાણે શ્રીયશોદાજીએ લલિતાજીને કહ્યું પછી શ્રીઠાકોરજીને મુખ ચુંબન કરીને પૂછ્યું, ''અહો મેરે લાલ ! પ્રાણ કે જીવન, મેરે હૃદય કે ભૂષણ, મેરે નેન કે

તારે, મેરે ગ્રહ કે દીપક, અહો વત્સ ! યહ લલિતા બસંત ખેલિવે કો વ્રજ મેં કહત હૈં, તુમારો મન હોય તો તુમ મેરે પાસ રહો, ઔર તુમારો મન હોય તો તુમ લલિતા કે સંગ બસંત ખિલબે કો જાઓ.'' ત્યારે શ્રીઠાકુરજીએ કહ્યું, ''મૈયા મેં લલિતા કે સંગ બસંત ખેલૂંગો. મોકોં લલિતા બહુત આછી ભાંતિ રાખત હૈં.'' આવા શ્રીઠાકુરજીના વચન શ્રીયશોદાજી સાંભળીને શ્રી બલદેવજીને પાસે બોલાવીને કહ્યું, ''જો તુમ મેરે કન્હૈયાં કે સંગ જાઓ. ગોપી બસંત ખેલિવે કો બ્રજ જાત હૈં, તુમ મેરે કન્હૈયાં કો લીયે ન્યારે ઠાડે રહિયો. બડે બડે ગોપ ગોપી ખેલેંગે તહાં ભીર મેં લેકે મતિ જઈયો.'' ત્યારે શ્રી બલદેવજી એ કહ્યું, ''મૈં કન્હૈયાં કે સંગ જાઉંગો તુમ કછુ ચિંતા મતિ કરો, મૈં આછી ભાંતિ રાખૂંગોં.'' પછી શ્રીયશોદાજી અંતરંગી સખી બોલાવીને મેવા-મિઠાઈ આપીને કહ્યું, ''જો ઉહાં મેરા પુત્ર ભૂખો હોઈ તબ અરોગાઈયો. ઔર આછી ભાંતિ સો રાખિયો, તુમ્હારે ભરોસે મૈં અપને કાન્હા કો પઠાવતિ હોં,'' પછી શ્રીયશોદાજી એ મોટા (બડે-બડે) ગોપોને બોલાવીને કહ્યું, ''જો મેરે કન્હૈયાં યા વ્રજ મેં બસંત ખેલન જાત હૈં. સો ગોપી નવ જોવન ઉનમાત હૈં ઔર કન્હૈયાં મેરો પરમ સુકુમાર હૈં. અત્યંત ચંચલ હૈં, કહૂં ભીર મેં ન જાય એસે રાખિયો કોઈ ગોપીન કો નિકટ મતિ આઈવે દીજોં, મેરે પુત્ર કી રક્ષા કીજિયોં. તુમ અપને હી સંગ ખિલાઈયોં.'' આ પ્રકારે શ્રીયશોદાજી એ બધાને કહ્યું, પછી શ્રીનંદરાયજી એ પોતાના શસ્ત્રધારી ગોપ શ્રીઠાકુરજીની સાથે રક્ષા કરવા માટે આપ્યા.

આ પ્રકારે ગોપ-ગોપી સખા શ્રીઠાકુરજી શ્રીબલદેવજી સહિત ગોકુલની ગલિમાં પધાર્યા. કિલકાર સાંભળતા પોત-પોતાના દ્વારેથી સ્ત્રી-પુરુષ ખેલવા માટે નિકળ્યા. ત્યારે શ્રીઠાકુરજી લલિતાજીની ગોદમાંથી ઉતરીને શ્રીબલદેવજીની પાસે આવીને કહ્યું, ''અરે ભૈયા, હો મેરે બાબા કી ઓર કે સખા જો હોં સો મેરી ઓર આવો, ઔર વૃષભાન-પુરા કી ગોપી સો સગરી એક ઔર હોઉ, તબ બસંત ખેલેંગે.''

એટલું સાંભળતા જ શ્રીસ્વામિનીજી અત્યંત પ્રસન્ન થઈને પોતાની સખીઓના ઝુંડ સહિત શ્રીઠાકુરજીની સન્મુખ ઊભી રહી અને આ બાજુએ શ્રીઠાકુરજી-શ્રીબલદેવજી સખાઓની સહિત પોતાના જૂથમાં ઊભા રહ્યા. ત્યારે શ્રીઠાકુરજી એ પ્રથમ કેસરની પિચકારી ભરિને ચલાવી પછી અબીર-ગુલાલની પોટલી (ફેંટ) ચલાવી, પછી શ્રીબલદેવજી એ સખાઓ સહિત ગુલાલ ઉડાવ્યો. આ બાજુથી શ્રીસ્વામિનીજી એ સખીઓની સહિત ગુલાલ ઉડાવ્યો. એનાથી ગગનમાં જાણે અરૂણ-સ્વેત-પીળા વાદળ છવાઈ ગયા છે. એવો ગુલાલ ઉડાવ્યો કે જેનાથી સૂર્ય ઢંકાઈ ગયો. ત્યારે શ્રીઠાકુરજીએ પોતાના શ્રીહસ્તની નાની પિચકારી, જે શ્રીયશોદાજીએ આપી હતી, તે પકડાવીને શ્રીદામાના હસ્તમાં મોટી પિચકારી હતી તે લઈને ઝટ ગોપીઓના ઝુંડમાં બેસી ગયા. જ્યાં કોઈના હાર તોડયા, કોઈની ચોલી ફાડી, કોઈનો હાથ મરોડયો, કોઈના કપોલે ચુંબન કર્યા, કોઈના કપોલમાં ગુલાલ લગાવ્યો, કોઈના અંચલ પલટાવીને ફાડી નાખ્યા, કોઈને કેસર રંગથી ભિજવ્યા, કોઈને આલિંગન આપ્યું. કોઈને અધરામૃત પાન કરાવ્યું. પાછા પોતાના યૂથમાં ફરી આવીને ઊભા રહ્યા.

ગોપીઓએ બહુજ જતન કર્યું પરંતુ કોઈના

હાથ ના આવ્યા. અત્યંત ચંચલ ? પછી શ્રીબલદેવજીની પાસે આવીને ઊભા રહ્યા. ત્યારે શ્રીબલદેવજી એ પુછ્યું, ''જો તુમ કહાં ગયે હતે ?'' ત્યારે શ્રીઠાકુરજીએ કહ્યું, ''જો શ્રીદામા પાસ મેરી પિચકારી હતી સો લેન ગયો હતો.'' આ સાંભળીને શ્રીબલદેવજી ચુપ થઈ ગયા અને ગોપી વચનની ચાતુરીને સાંભળીને હસવા લાગ્યા ત્યારે શ્રીસ્વામિનીજી એ કહ્યું, ''દેખો લલિતા, યહ નંદ કો ઢોટા અત્યંત ચપલ હૈં, અપનો દાવ યહ લે ગયો હૈ. અબ ઐસો જતન વિચારો જો શ્રીઠાકુરજી કો ઔર શ્રીબલદેવજી કોં દોઉન કો સંગ પકરિ લાઈયે,'' આ સાંભળીને બધી ગોપીઓ જુસ્સામાં આવી.

અહિં શ્રીઠાકુરજી એ શ્રીબલદેવજીને કહ્યું, ''જો હે દાઉજી ! અબ સાવધાન રહિયો, હમ તુમ પર ગોપી કોપી હૈં, કહૂ પકરેગી તો અનેક નાચ નચાવેગી.'' ત્યારે શ્રી બલદેવજી એ કહ્યું, ''જો મૈં સાવધાન હોં, તુમ અપને કો સાવધાન રહિયોં.'' અહીં શ્રીસ્વામિનીજીની એક સખી સુબલનો વેષ ધારણ કરી સુબલ સખા બની શ્રીબલદેવજીના કાનમાં કહ્યું, ''જો તુમારે ઉપર સખી આવત હૈં. સો તુમ શ્રી કૃષ્ણ કે ભરોસે મતિ રહિયો. યહ તો બડો છલી હૈ. તુમકો પકરાઈ કેં આપુ ભાજી જાયે ગોં. તાતે તુમ મેરે સંગ ચલોં તો મૈં તુમકો બચાઉંગો.'' ત્યારે શ્રીબલદેવજી એ કહ્યું, ''હે ભૈયા સુબલ તૂ મો કો બચાઈ કૃષ્ણ તો બડો છલી હૈં, મોકોં પકરાઈકેં આપુ ભાજી જાઈંગો તાતેં તૂ મોકો આપને સાથ લે ચલિ.'' ભાંગની તરંગમાં મસ્ત થયેલા શ્રીબલદેવજીને આ પ્રકારે સખીઓ એ પોતાના યૂથમાં લઈ જઈને પકડાવ્યા.

અહીં શ્રીઠાકુરજી શ્રીબલદેવજીને સોધવા લાગ્યા. એટલામાં લલિતા પરમ ચતુર અત્યંત ચંચલ છે, તે પાછળથી આવીને શ્રીઠાકુરજીને પકડીને પોતાના યૂથમાં લઈ ગઈ, બધા સખા દૂર ભાગી ગયા. ત્યારે શ્રીસ્વામિનીજીએ શ્રીઠાકુરજીનું મુખ રોરી, હલદી, ગુલાલથી માંડયો (રંગલાવ્યો). કેસરના બેંદા કર્યા સર્વાંગ સ્પર્શ કર્યો. એક સખીએ શ્રીબલદેવજીનો મુખ માંડયો. કેસરના રંગથી ભીજવ્યા. પછી શ્રીચંદ્રાવલીજીએ શ્રીસ્વામિનીજીને કહ્યું, ''જો આજુ તો પહેલો દિન હૈ. પ્રથમ ખેલ કો હે તાતે બહોત છિરકો

મતી. જો કહૂં શ્રી યશોદાજી સૂનેગી તો કલ તેં ખેલિવે કો ન પઠાવેંગી.'' આ સાંભળીને શ્રી ચંદ્રાવલીજી ઉપર શ્રી સ્વામિનીજી બહુ જ પ્રસન્ન થયા. પછી શ્રીમુખ માંડયો (રંગ્યો) હતો તે પોતાની સાડીના આંચલથી લુછયો. એક કુમકુમનું તિલક કર્યું, વસ્ત્ર વાગા રંગ્યા હતા. તે બધા બીજા પહેરાવ્યા, જેમ પહેલા પહેર્યા હતા, તેવો શૃંગાર કરિ શ્રીસ્વામિનીજીના મનોરથની સામગ્રીથી શ્રીઠાકોરજીને આરોગાવ્યા. તે ભાવથી વસંત પંચમીના ઉત્સવનો ભોગ આવે છે. પછી સિંહાસન ઉપર પણ ખેલાવવા. આ ભાવે છે.

એટલામાં જ લલિતાજી આવીને એક બાજુ શ્રીસ્વામિનીજીને ગોદમાં ઉઠાવી લીધા. પછી બધાને કહ્યું, ''જો અબ બહુત બેર ભઈ હૈ, શ્રી યશોદાજી ખીજેગી, સવેરે ફેરિ ખેલન કો ન આવન દેઈંગી,'' એવું કહિ શ્રી યશોદાજીની પાસે પરમ પ્રેવવસ થઈને હોલે-હોલે (ધીમે-ધીમે) ચાલવા લાગ્યા અને

શ્રીઠાકુરજી શ્રી સ્વામિનીજી પરસ્પર મંદ-મંદ હસે છે. સખીઓ આગળ નૃત્ય કરતી જાય છે. આસપાસ સખી નાના પ્રકારની ગારી ઊંચા સ્વરે આપે છે અને ચાલતી જાય છે. બંને બાજુના વાજા, તાત, મૃદંગ, ઝાંઝ, ડફ, સહનાઈ, ઢોલ, દુંદુભી, બાંસુરી, મુખચંગ, નફીરી, વગેરે અનેક પ્રકારના વાદ્ય વાગે છે. પરમ આનંદના રસમાં આખા વ્રજના લોગ છે. આ પ્રકારે શ્રીનંદરાયજીના ઘરે પધારે છે. જાણે એવું દિવ્ય વાતાવરણ થયું, જાણે એક નૌતન કોટાનુકોટિ દામિની (વિજળી)એ ચન્દ્રમા (પ્રભુ) ને ઘેર્યો છે.

જે કોલાહલ સાંભળીને શ્રીયશોદાજી પરમ આનંદમાં આવીને આરતી ઉતારી, રાય-લોણવારિ અનેક ન્યોછાવરિ - આભૂષણ - વસ્ત્ર અનેક જાચકના (ઈચ્છાવાળા)ને આપે છે. પછી શ્રીઠાકુરજીને અને શ્રીસ્વામિનીજીને ગોદમાં લઈ શ્રી બલદેવજીને ગોદમાં લઈ મંદિરમાં પધરાવે છે. સુંદર સિંહાસન પર શ્રીઠાકુરજી, શ્રીસ્વામિનીજીને પધરાવી બંનેને નાના પ્રકારની સામગ્રી પ્રેમ પૂર્વક આરોગાવી, ત્યારે તે સમયે લલિતાજી એ શ્રી યશોદાજીને કહ્યું, ''જો, હે યશોદાજી! તુમારે પુત્ર કો મેં બહુત આછી ભાંતિસોં રાખત હોં, દેખો સબકે વસ્ત્ર ભીજે હે, તુમારે પુત્ર કે સુખે હૈ.'' ત્યારે શ્રીયશોદાજી પ્રસન્ન થઈને બોલ્યા, ''જો હે લલિતા ! મૈં તુમારે ભરોસે અપને પુત્ર કો પઠાવતિ હોં મૈં જાનત હો, તુમ્હારો સ્નેહ કન્હૈયાં પર બહોત હૈ.'' ત્યારે શ્રીબલદેવજી બોલ્યા, ''હે મૈયા ! તુમ્હારે પુત્ર કો તો મૈંને આછે રાખ્યો હો, લલિતાદિક ગોપી જો મોહુકો તથા શ્રીકૃષ્ણ કોં હૂ પકરિ લે ગઈ, સો બેહોત છિરકે ઔર મુખ માંડયો ઔર અનેક ભાંતિ કી ખોટી-ખોટી ગારી દીની હે, તાતે યહ લલિતા તો ઝૂંઠી હૈ, તુમ્હારે આગેં બાત બનાવતિ હૈં.'' ત્યારે શ્રીયશોદાજીએ લલિતાજીને કહ્યું, ''જો તુ મેરે કન્હૈયાં કો બહોત શ્રમ કરાયોં હે, મૈં તુકો અપનો જાનિકેં પુત્ર કો તુમ્હારે ભરોસે પઠાયો હો, અબ મૈં અપને પુત્ર કો કબહૂં ન પઠાઉંગી. મેરો સુકુમાર ભોરો બાલક હૈ.'' ત્યારે લલિતાજી શ્રીઠાકુરજીની સામે જોઈને સ્નેહપૂર્વક કહ્યું, ''જો અબ તુમ હમકો સાંચી કરો, નાંહી તો ઐસે હોરી કલિ તે કૈસેં ખેલ બનેગો.'' ત્યારે શ્રીઠાકુરજી બોલ્યા, ''જો મૈયા દાઉજી તો ઝૂંઠો હૈ, દાઉજી સો ઔર ગોપિન સો ખેલન મેં પરસ્પર ઝગરો ભયો હૈ, તાતે લલિતા કો દોષ ઝૂંઠો હી દેત હૈ.'' એટલામાં મધુમંગલ બોલ્યો, ''જો હે શ્રીયશોદાજી ! તુમ શ્રીબલદેવજી કે વચન કોં ભલો વિશ્વાસ કીયો, ઈનકો અપને શરીર કી સુધિ હૂ તો રહે નાહી હૈ, શ્રીલલિતાજી શ્રીઠાકુરજી કો તુમ્હારે આગેં ગોદ મેં લીયે આઈ હૈ.'' એટલામાં બીજી સખી અને ગોપ બોલ્યા, ''જો યશોદાજી લલિતાદિક ગોપીન સોં તો તિહારે પુત્ર કો બહુત સ્નેહ હૈ, તાતે લલિતા સાંચી હૈં.''

ત્યારે શ્રીયશોદાજી લલિતા ઉપર ઘણા પ્રસન્ન થયા પછી મેવા-મિઠાઈ-વસ્ત્ર-આભૂષણ-નાના પ્રકારના ગોપીઓ-ગોપ સહિત પહેરાવીને વિદાઈ કર્યા, અને ઘણી વિનંતી કરી ''ધન્ય ભાગ્ય અમારો છે, કે તમો બધી ગોપી અમારા ઘરે આવો છો. મારા કહેલા વચનથી ખોટુંના લગાડસો. હું તમારી બધાની આજ્ઞાકારીની છું. કાલે પાછા આ તરફ ખેલવા ને

આવજો, કીરતિરાની, વૃષભાન રાજાને અમારા પાલાગન (પગેલાગ્યા) કહેજો.'' ત્યારે શ્રી સ્વામિનીજી શ્રીયશોદાજીના પગે લાગીને ઉઠયા ત્યારે શ્રી યશોદાજીએ આસીસ આપ્યા, ''જો અચલ તુમ્હારો સુહાગ હોઈ.'' આ પ્રકાર શ્રી સ્વામિનીજી સખીઓની સાથે પોતાના ઘરે પધાર્યા. ત્યાં શ્રીકીરતિજીએ દ્વાર ઉપર આવી આરતી કરિ, ઘરમાં પધરાવી નાના પ્રકારની સામગ્રી આરોગાવીને સૈન કરાવ્યા.

અહીં શ્રીબલદેવજી, શ્રીઠાકુરજીને **કહે**, ''જો તુમને મોકો શ્રી યશોદાજી **કે** આગે ઝૂઠો કીયો. મૈં તુમ્હારે સંગ અબ કબહૂ ખેલન કો ન ચલૂંગો.'' ત્યારે શ્રીઠાકુરજીએ શ્રીબલદેવજીને કહ્યું, ''જો હે દાઉજી ! તુમ તો સદાઈ સાંચે હો, પરંતુ તુમ ઘર કે હો, દોઈ બાત કહી તો ચિંતા નાંહી પરિ બહિર સોં આવેં તાકો સનમાન કર્યો હી ચાહિયેં. મોકોં તો તુમહી આછે રાખત હો, હમ તુમતો સદાં ઈકહી હૈ.'' આ સાંભળીને શ્રીબલદેવજી હસીને ચુપ થઈ ગયા. પછી શ્રી યશોદાજી સખીઓને, ગોપોને ભોજન કરાવીને વિદાય કર્યા. અષ્ટસખી વગેરે અંતરંગી પાસે રહી, ત્યારે અંતરંગી સખીઓનું બહુજ રીતભાત પૂર્વક સન્માન કરી આવ્યા. પછી સુંદર સૈજ્યા બિછાવીને શ્રીઠાકુરજીને ગોદમાં લઈને બેસી, પછી શ્રીયશોદાજી શ્રીઠાકુરજીને મુખ ચુંબન કરી અનેક પ્રકારથી લાડ લડાવીને પુછે છે - ''હે પુત્ર ! તુમ્હારો મન ગાય ચરાવન કો હૈ કિ હોરી ખેલન કો હૈ ?'' શ્રીઠાકુરજી બાલભાવથી શ્રીયશોદાજીની ગ્રીવામાં હાથ મુકીને કહે છે, ''મૈયા મૈં બસન્ત હોરી ખેલૂંગો, ગાય ચરાવન કો બસન્ત હોરી કે દિન મૈં નાય જાઉંગો.'' ત્યારે શ્રીયશોદાજી, શ્રીઠાકુરજીનું મુખ ચૂમિને બોલ્યા, ''જો બોહોત આછો ગાય હોરી તાંઈ ઔર કોઈ ચરાવેગો, તુમ લલિતા સંગ હોરી ખેલિયો.'' ત્યારે શ્રીઠાકુરજી બોલ્યા, ''મૈયા જબ ગોપીજન બસન્ત હોરી ખેલિ ચુકત હૈં, તબ મોપે ફગુવા માંગત હૈ, સો મેરે પાસ તો કછુ હે નાંહી, સો મોકો બહુત ખિજાવત હૈ, જો નન્દ યશોદા રાજા-રાની કહાવત હૈ પરન્તુ બડે કૃપન (કંજૂસ) હૈ ! એક પુત્ર બડેં ભાગિન તે પાયૌ હૈ તાહૂકો કછૂ દેત નાંહી, યા પ્રકાર તુમકો ઔર બાબા કો ગારી દેત હૈ, ઔર મોકોં બહુ ખિજાવત હૈ,'' ત્યારે શ્રીયશોદાજી પોતાની પાસેની ભંડારની ચાવી લઈને શ્રીદામાને બોલાવીને ચાવી તેના હાથમાં આપી અને કહ્યું, ''જો હોરી બસંત ખેલન કો જો જો મેરો કન્હૈયાં તે કછુ કહેં સો મેરે બિના પૂછે આભૂષણ વસ્ત્ર, મેવા-મિઠાઈ જો ચાહે સો લે જઈઓ.'' ત્યારે શ્રીઠાકોરજી અને શ્રીદામા સખા શ્રીયશોદાજી ઉપર ઘણાં પ્રસન્ન થયા. પછી શ્રીદામા વગેરે સખા પોત-પોતાના ઘરે ગયા અને શ્રીઠાકોરજીએ શયન કર્યા.

પછી રાત્રિ એ પણ કુંજમાં બસંત હોરી ખેલે છે. એ મનમાં અનુભવ કરવા યોગ્ય છે. તેથી પ્રકાશ કર્યો નથી.

# ॥ વ્રજ ખેલનું વર્ણન ॥

## (મહાસુદ-૬ શ્રી વૃન્દાવનમાં ખેલ)

ફરી પ્રાતઃ કાલ (સવાર) થયો. ત્યારે વૃષભાનપુરની બધી સખીઓ એક સાથે થઈને શ્રીકીરતિ રાણીજીની પાસે ગઈ. ત્યારે શ્રીકીરતિરાની બધી સખીઓની સાથે મળીને પોતાની બેટીને સ્નાન કરવી નાના પ્રકારની સામગ્રી સખીઓની સાથે આરોગાવી. પછી પરમ આનંદથી સખીઓની સાથે વિદાય આપી ત્યારે શ્રીસ્વામિનીજી સખીઓની સાથે શ્રીનંદરાયજીના ઘરે ગઈ. ત્યાં શ્રીયશોદાજી મંગલ ભોગ આરોગાવી આરતી કર્યા પછી શ્રીસ્વામિનીજી સખીઓની સાથે મળીને શ્રીઠાકુરજીને સ્નાન કરાવી પોતાની રુચી મુજબ શૃંગાર કર્યો. પછી રાજભોગ આરોગાવી શ્રીયશોદાજીએ આરતી કરીને ખેલ માટેનો સાજ બધી સખીઓને સોંપીને કહ્યું, ''જો, મેરો પુત્ર અત્યંત સુકુમાર હૈ, બાલક હૈ, યામેં કછુ છલ ચતુરાઈ નહીં હૈ, તાતે યાકી બહુત હી સાવધાની રાખીયો'' ત્યારે લલિતાએ શ્રીયશોદાજીને કહ્યું, ''જો તુમ અપને પુત્ર કી ચિન્તા મત કરૌ, મૈં આછી ભાંતિસોં રાખોંગી.'' ત્યારે શ્રીયશોદાજી એ પ્રસન્ન થઈને જવા કહ્યું, ''શ્રી ઠાકોરજી વ્રજમાં આવીને કહે, ''જો, આજુ મહાસુદી-૬ હૈ, સોં છૈહોં રિતુ બસન્ત સંયુક્ત શ્રીવૃન્દાવન મેં ખેલેંગે.'' ત્યારે બધા શ્રી વૃન્દાવનમાં પધાર્યા. ત્યાં નાના પ્રકારના ફૂલ ખિલ્યા છે. ભમરા ગુંજન કરે છે, ગિરિરાજમાંથી અનેક ઝરણા વહે છે, જ્યાં નો મહિમા બ્રહ્મા, શિવ, ઈન્દ્ર જેવાને પણ મળતો નથી. ત્યાંથી શ્રીઠાકુરજી પધારીને આ મનોરથ કર્યો કે જો આજે મોકો મળે તો અરૂન (લાલ) ગુલાલ ગોપીઓના મુખ ઉપર છાંટુ અને શ્રીરાધા છે તેમના મુખારવિંદ ઉપર લગાવું અને શ્રીસ્વામિનીજીએ ત્યાં પોતાના મનમાં મનોરથ કર્યો કે આજે મોકો મળે તો શ્રીઠાકુરજીના મુખારવિંદ ઉપર પીળો ગુલાલ લગાવું.

આ પ્રમાણે બંને મનોરથ કરી મળીને પરસ્પર વસંત ખેલવા લાગ્યા. એટલામાં જ શ્રીરેવતીજી જૂથ સહિત પધારી - ત્યાં આ સંદેહ થાય કે એમનો વિવાહ તો દ્વારિકા લીલામાં થયો છે. તે વ્રજમાં કેવી રીતે આવી ? ત્યાં સમાધાન કરે છે, જે અહિં વ્રજમાં બધુ આધિદૈવિક પદાર્થ છે. અહીંની છટાથી બધો ત્રિલોકી પદાર્થ બન્યો છે. શ્રીઠાકુરજી અંતરધ્યાન લીલા કરે, પછી વ્રજનાભ દ્વારિકાના ભક્તોને લઈ આવ્યા છે. ત્યારે શ્રીકાલિન્દીજી દ્વારા બધાને આધિદૈવિક સ્વરૂપ બે સ્વરૂપ જોયા છે. ઉદ્ધવ કુસુમ સરોવર પર પ્રગટ થઈ શ્રીભગવાનને કહે જે તે વ્રજમાં આધિદૈવિક ઉદ્ધવજી જ છે. આધ્યાત્મથી બદ્રીકાશ્રમ ગયા. તેવી રીતે પુષ્ટિ શ્રુતિ રૂપ વ્રતમાં શ્રીબલદેવજીના ભક્ત તેથી શ્રીરેવતીજી દ્વારકામાં છે. તેમનું આધિદૈવિક શ્રીરેવતીજી પોતાના યુથ સહિત મર્યાદા શ્રુતિરૂપ વ્રજમાં છે. તેમનાથી નિત્ય શ્રીબલદેવજીનો વિહાર છે. બીજા અવતારો પણ આધિદૈવિક છે, નરસિંહ, પરશુરામ, શ્રી રામચંદ્રજી, શ્રીવામન, બધા હરિ મર્યાદા રૂપ છે. એટલા માટે દ્વારિકાની લીલા પણ મર્યાદા રૂપ છે. તેથી ''ગારી''માં બધા દ્વારિકાની લીલા કહિને ''ગારી'' આપે છે. તેમાં સંદેહ કરવો નહીં. અહિં સુભદ્રા વિ. અર્જુન બધા છે. સત્યભામા રુકમણી રસરૂપ છે. ત્યારે શ્રીઠાકુરજી, શ્રીરેવતીજીને જોઈને બન્ને હાથથી તાલી પાડીને કહે છે, ''જો, આછો

ભયો, ભાભી હોરી ખેલન આઈ है અબ દાઉજી ભાભી કે સંગ વસંત ખેલેંગે, ઔર મેં વ્રજભક્તન કે સંગ વસંત ખેલૂંગો.'' આ રીત શ્રીઠાકુરજીએ કહ્યું ત્યારે આ વાત સાંભળીને બધા ગોપ-ગોપી હસ્યા, ત્યારે શ્રીબલદેવજી ક્રોધમાં આવીને બોલ્યા, ''હે મુગ્ધ કૃષ્ણ ! તો કો લાજ નાંહી હૈ. તુ મેરી હૂ હાંસી કરત હૈ.'' ત્યારે શ્રીઠાકુરજી નીચું મહોડું કરીને ચતુરાઈથી કહ્યું, ''જો ભૈયા, તુમ્હારી હંસી મૈંને કહા કરી હૈ ? જો મેરો વિવાહ ભયોં હોતો તો મેં હું અપની બહુ કે સંગ ખેલતો. અબ મેં અપને વ્રજ ભક્તન કે સંગ ખેલો યામેં દાઉજી તુમ ભાભી સંગ ખેલો હંસી કાહેકી. યામેં તો હમારી તુમારી પરમશોભા હૈ.'' આ સાંભળી શ્રીબલદેવજી, શ્રીકૃષ્ણ ને ભોળો જાણીને હૃદયથી લગાવી લીધા. ત્યારે બધા ગોપ-ગોપી હસી પડયા. ત્યારે શ્રીરેવતીજી સંકોચ કરીને એક બાજુ અલગ ઊભી રહી, ત્યારે લલિતાએ શ્રીરેવતીજીની પાસે આવીને કહ્યું, ''જો વસંત હોરી કે દિનન મેં એસી લાજ નાહીં ચાહિયેં, તાતેં આછે પ્રસન્ન હોય કે ખુલિકેં વસંત હોરી ખેલો જો ન્યારે ખેલત લાજ લાગે તો તુમ હમારે સંગ મિલિકે પરમ આનંદ સોં વસંત હોરી ખેલો.'' ત્યારે શ્રીરેવતીજી સખીઓ સહિત જુથમાં આવીને ખેલવા લાગ્યા. ત્યાં કોઈ સખી-સખા ગોપ ને રંગ છાંટી ગુલાલ લગાવી નાના પ્રકારનો નાચ-નચાવીને છોડે છે. બીજો એક ગોપ સખા-સખીઓને ટોળામાં પહોંચી જાય છે. તેના ગોપીઓએ વસ્ત્ર ઝુંટવી લીધા અને ગુલાલ લગાવી સાડી-લહેંગો પહેરાવી નેત્રમાં અંજન આંજીને છોડે છે. તે સમયે મધુમંગલ હોરી ખેલતો સમાજ જોઈને પ્રેમમાં ઉન્મત થઈ નાચતો-નાચતોં ગોપીઓના જૂથમાં પહોંચી ગયો. ત્યારે બધી ગોપીઓ પ્રસન્ન થઈને મધુમંગલને અરગજા ગુલાલથી છાંટવા લાગી. ત્યારે એક સખી બોલી કે, ''યહ મધુમંગલ સખા બડૌ છૈલા હૈ, યાહિ અરગજા સોં ક્યોં છિકરત હો, યાને માખન ચોરી લીલા મેં શ્રીઠાકુરજી કે સંગ હમારે ઘર મેં બહુત બિગાર કિયો હૈ. તાતે યાકી દેહમેં ઘી, માખન ઈત્યાદિક લગાવો.'' ત્યારે બધી સખી હસીને મધુમંગલના કપડા ઉતારીને ઘી, માખણ શરીર ઉપર લગાવવા માંડી, ત્યારે મધુમંગલ સખાએ શ્રીઠાકોરજીને મોટા અવાજે કહ્યું, ''હે ભૈયા શ્રી કૃષ્ણ ! તુમ મોકો છુડાઈયો મોકો ગોપી ઘી લગાવત હૈ.'' ત્યારે પ્રેમથી ભિનો થઈને કહ્યું, ''મોકો ઘી ખબાવત હૈ.'' ત્યારે શ્રીઠાકુરજી અને બધા હસવા લાગ્યા. અને શ્રીઠાકુરજીએ કહ્યું, ''જો ભલો ભયો તોકો ગોપી ઘી ખબાવતિ હૈ, તો આછી ભાંતિ સો ખાઈયૌ, હમ કો ઐસો ઘી ન ચાહિયે,'' ત્યારે મધુમંગલ પોતાના મનમાં વિચાર્યું કે આ બધા મારી ઉપર હસે છે. અને અહીંથી મને છોડાવસે નહીં, તેથી હું મારી રીતે છૂટવાનો ઉપાય કરૂં, ત્યારે મધુમંગલે કહ્યું, ''જો સુનો ગોપીઓ જો તુમ મોકોં છોડ દેઉ તો મૈં શ્રીકૃષ્ણ કો તુમારે ઝુંડ મેં લાઈ દેહું,'' આટલું સાંભળીને શ્રીસ્વામિનીજીએ હસવાનું બંધ કર્યું અને મધુમંગલને મેવા, મિઠાઈ ખાવા માટે આપીને કહ્યું, ''જો તુમ બ્રાહ્મણ હો જો સાંચ બચન બોલોગે તો તુમકો ઔર બહોત કછુ દેઈંગે, અબ જાઈકે શ્રીકૃષ્ણ કો બાત મેં લગાઈ કે પકરાઈ દેહું.''

પછી મધુમંગલ શ્રી ઠાકુરજી પાસે આવીને બધી પોતાની વાત કહીને કહ્યું, ''જો ભૈયા શ્રી કૃષ્ણ ! સગરી ગોપીન નેં તિહારે પકરિવે કો વિચાર કિયો હૈ,

સો તુમ સાવધાન રહિયોં, મૈં તુમકો બચાઉગો ઔર શ્રીબલદેવજી કો આગે કરીકે પકરાઈ દેઉંગો. તુમકો કાંધે પર ચઢાઈ કે લે ભાજૂગો.'' આ પ્રકારે મધુમંગલે ચતુરાઈ કરી શ્રીકૃષ્ણને પોતાના ખભા ઉપર બેસાડી, બે હાથથી પકડીને દોડીને ગોપીઓના ટોળામાં જઈને બેસી ગયો. ત્યારે બધી ગોપીઓ એ દોડીને શ્રીકૃષ્ણને પકડી લીધા. ત્યારે શ્રીઠાકુરજી એ મધુમંગલને કહ્યું, ''અરે ભૈયા મોહી સોં છલ કિયોં,'' ત્યારે મધુમંગલે કહ્યું, ''તુમ મોકૌ છુડાયો નાંહી ઉલટી મેરી હંસી કરિકે કહ્યો ઘી ખાઉં તાતે મૈં તુમકો પકરાયોં સો તુમહૂ કો મન મેં ભાવત હૈં, તાતે મેં છલ કીયૌ હૈ.''

પછી ગોપીઓએ ચારે બાજુથી શ્રીઠાકુરજીને ઘેરી લીધા. આજુબાજુ-ચારે બાજુ બધી ગોપીઓ તેની વચમાં શ્રીઠાકુરજી, શ્રીસ્વામિનીજી પોતાના મનોરથનો પીળો ગુલાલ પોતાના શ્રીહસ્ત કમલથી ભાવ પૂર્વક શ્રીઠાકુરજીના મુખારવિંદ પર લગાવ્યો. ત્યારે શ્રીઠાકુરજી ઘણા પ્રસન્ન થઈ પોતાના મનમાં વિચાર્યું કે શ્રીસ્વામિનીજીએ તો પોતાનો મનોરથ પૂર્ણ કર્યો અને હવે મારો પણ મનોરથ સિદ્ધ થવો જોઈએ, તેથી ગુલાલની પોટલી ગોપીઓના ટોળામાં ચારે બાજુએ ચલાવી, એવો ગુલાલ ઉડાવ્યો. જે બધા ગોપ-ગોપી જુદા દૂર ઉભા રહ્યા અને અંધીયારો (અંધારૂ) થઈ ગયો, કાંઈ પણ દેખાય નહીં. ત્યારે શ્રીઠાકુરજી પોતાનો પીતામ્બરનો છેડો પાથરી તેની ઉપર ભેટીને (ગુલબાંહી) શ્રીસ્વામિનીજીને પાસે બેસાડયા. પછી એકદમ લાલ ગુલાલ હતો તે પોતાના શ્રીહસ્ત કમલથી શ્રીસ્વામિનીજીના મુખારવિંદ ઉપર લગાવ્યો અને ઘણો બધો ગુલાલ ઉડાવી અંધારૂ કરી વિહાર પરસ્પર અધરામૃતનું પાન પણ કર્યું. બન્ને સ્વરૂપ પરસ્પર ઘણા જ પ્રસન્ન પ્રેમ મગન થયા. તે સમયે શ્રીસ્વામિનીજીએ શ્રીઠાકુરજીના હૃદયમાં પોતાનું પ્રતિબિંબ જોઈ માન નો અંગીકાર કર્યો અને ઊભા થઈને ક્રોધમાં બોલી, ''જો તુમતો પરમ કપટી હો, છલસોં ભરેં હો મોકો ઉપર સોં સનમાન કરત હો,'' એવું કહીને પોતાના ''માનિકુંજ'' મંદિર માં માન મંદિર છે ત્યાંથી તે સમયે પધાર્યા આ શ્રીઠાકુરજીતો ચકિત થઈ ગયા, ડરના માર્યા કોઈ શબ્દ મુખારવિંદમાંથી નીકળ્યા નહીં. વિરહને વશ થઈને દેહની દશા ભૂલી ગયા. એટલામાં ગુલાલની અંધિયારી દૂર થઈ ત્યારે શ્રીબલદેવજી સખાઓ સાથે શ્રીઠાકુરજીની પાસે આવીને કહે છે, ''હે શ્રી કૃષ્ણ ! તોકો કહા ભયૌ જો ઉદાસ હોઈ કે મુખ સુખિ ગયો હૈ.'' ત્યારે શ્રીઠાકુરજી કહે, ''જો દાઉજી ! ગુલાલ કી પોટરી ખેલ મેં બહુત લાગી હૈ, તાતે મોરો મન અબ હી ઠિકાને નાહીં હૈ. અબહી તુમ મોસોં બોલો મતી.'' ત્યારે બધા સખા આવીને બન્ને હાથ દબાવવા લાગ્યા કેટલાક પગ દબાવવા લાગ્યા, કહેતા ગયા ભૈયા કૃષ્ણને પોટલી વાગી છે તે સારૂં છે. શ્રીઠાકોરજી તો કોઈનાથી બોલતા નથી. તે જોઈને સુબલ સખાએ શ્રીબલદેવજીને કહ્યું, ''જો તુમ નેક દૂરિ ઠાડે હોઉ તો મૈં શ્રી કૃષ્ણ સોં પૂછોં, જો કહાં પોટરી લાગી હૈ.'' ત્યારે શ્રીબલદેવજી અને બધા સખા એક બાજુ જુદા ઊભા રહ્યા. ત્યારે સુબલ સખાએ શ્રીઠાકોરજીના કાનમાં કહ્યું, ''જો અપને હૃદય કો દુ:ખ મોસો કહો, તો મૈં જતન કરોં.'' ત્યારે શ્રીઠાકોરજી કહે છે, ''જો ભૈયા સુબલ તોસોં કહા કહિયે તૂ તો સબ જાનત હી હૈ, મેરે બિના અપરાધ કે સ્વામિનીજી માન કરિકેં ઉઠિ ગઈ હૈ. અબ મૈં તોતે કહા કહોં મોય તો ઉન બિના રહ્યો જાત નાહી હૈં.''

ત્યારે સુબલે કહ્યું, ''જો તુમ ચિન્તા મતિ કરો મૈં લલિતા દોઊ મિલિકે અબહી લિવાઈ લાવેંગે.'' ત્યારે સુબલ સખા સખીનો વેષ ધારણ કરી લલિતાને સાથે લઈને બન્ને મળીને શ્રીસ્વામિનીજીની પાસે ગઈ. ત્યારે

શ્રીસ્વામિનીજી એ લલિતા ને કહ્યું, ''તૂ ઈહાં ક્યોં આઈ હૈ ?'' ત્યારે એમણે કહ્યું, ''સખીન-ને શ્રીઠાકુરજી ઘેર લીયોં હૈ, ઔર ઈહાં તૂ માન કીયે બૈઠી હૈ. કોઈ સખી શ્રીકૃષ્ણ કો ભુલાયલે જાઈગી. એક વેર કોં માન હોઈ તો સમઝે, ઈહાં તો ઘરી ઘરી કો માન હોત હૈ, કહાં તાંઈ સમુઝાઈયે,'' ત્યારે લલિતાએ કહ્યું, ''મેરી સ્વામિની મેરી પરમ હિતકારીની સખી હૈ તાતે મેં ઈનકી સખી હોં, એક બાર બિનતી કરી ચાહિયે. શ્રીઠાકુરજી શ્રીરાધાજી સિવાય કાહૂકોં બોલત નાંહી, સો મોકો બિનતી કહિકે પઠાઈ હૈ.'' આ સાંભળીને શ્રીસ્વામિનીજીથી રહેવાયુ નહીં, ત્યારે પોતાના નેત્ર કમલ ખોલ્યા. શ્રીસ્વામિનીજીને પ્રસન્ન જાણીને પાસે જઈ અનેક રીતે સન્માન કર્યું છે. ''જો મેરી પ્રાણપ્યારી તુમ બિના શ્રીકૃષ્ણ ચન્દ્ર કું કછુ સુહાવત નાહીં હૈ, ઔર તુમ બિના ચલે ઉહાં અનેક સ્વામિની લાગી રહી હૈં, જો ભલી ભઈ માન ભયો. હમ અપની કુંજ મેં પધરાઈ લે જાઈગીં, તાતે અનેક જતન કરિ શ્રીકૃષ્ણ કો અનેકન સોં ઢુઢિવાઈ, તુમારે પાસ આઈ હોં.'' એવા અનેક ચતુરાઈ ભરી વાતો કહી, હાથ પકડી ઉઠાવીને લઈને પોતાના ખેલના જૂથમાં લઈ આવી. ત્યારે સુબલ સખા વેષ દૂર કરી શ્રીઠાકુરજીના કાનમાં કહ્યું, ''જો માન છુડાય ખેલ મેં પધરાય લાયે હૈ અબ વિરહ ક્યોં કરત હોં.'' ત્યારે શ્રીઠાકુરજીએ નેત્ર ખોલીને દસે દિસાઓમાં જોયું ત્યારે જૂથમાં શ્રીસ્વામિનીજીને જોઈને સુબલ સખાની ઉપર ઘણા પ્રસન્ન થઈને પોતાના કંઠમાં ગજમુક્તાની માલા હતી તે ઉતારિને સુબલને પહેરાવી, ફરીથી પરસ્પર ખેલ થવા લાગ્યો.

ત્યારે એક સખી શ્રીદામાનો સ્વરૂપ લઈને શ્રીબલદેવજીની પાસે આવીને કહ્યું, ''હે દાઉજી ! તુમારે ઉપર ગોપી બહુત કોપી હૈ, તાતે તુમ સાવધાન રહિયોં ત્યારે શ્રીદાઉજી બોલ્યા, ''હે શ્રીદામા ! તૂ મોકો બચાઈયોં.'' ત્યારે તે શ્રીદામાએ કહ્યું, ''તુમ મેરે સંગ ચલોં તો બચાઉં.'' આ પ્રમાણે સખી હતી તેણે શ્રીબલદેવજીને વાતોમાં બાંધી રાખ્યા છે. અને રેવતીજીની પાસે જઈને ખેંચીને ભેગા કર્યા. ત્યારે શ્રીરેવતીજી તો લજ્જા પામીને બેસી ગયા. ત્યારે બધા ગોપ-ગ્વાલ હસવા લાગ્યા અને શ્રીબલદેવજી તો સંકોચાઈને ભાગી આવ્યા. ત્યારે ગોપીઓએ જીતના વાજા વગાડયા છે. મોટો કોલાહલ થયો જે શ્રીયશોદાજીએ સાંભળ્યો ત્યારે એક સખીને મેવા-મિઠાઈ આપીને કહ્યું, ''મેરો કન્હૈયા ભૂખો હોઈગો તૂ જાઈકે આરોગાઈ આઈ, ઔર જો વસંત કો ખેલ હોઈ ચુક્યો હોય તો શ્રીઠાકુરજી કો પધરાઈ લાવો.'' પછી તે સખી સામગ્રી લઈને ચાલી, પછી શ્રીઠાકુરજીને, શ્રી બલદેવજીને અત્યંત પ્રેમથી આરોગાવી. એ સખી ભોળી હતી અને કહ્યું મને ગોપી છિરકેગી તો નહીં ? હું ગોપીઓના જૂથમાં જાઉં ત્યારે શ્રીઠાકોરજીએ કહ્યું, ''જો તુમ સુખેન જાઓ. તુમ કો ગોપી નાંહી છીરકેગી કાહે તે તુમ શ્રીયશોદાજી કે પાસ કી હો. તાતે આનન્દ સો ગીપીન કે પાસ જોઈ કેં મિલિ આવો.''

ત્યારે તે સખી ગોપીઓના જૂથમાં ગઈ. ત્યાં શ્રીસ્વામિનીજી એ પુછયું, ''જો તુમ કહાં તે આઈ હો.'' ત્યારે તે સખીએ કહ્યું, ''જો મેં શ્રીનંદરાયજી કે ઘર શ્રીયશોદાજી કે પાસ રહિત હોં, સોં શ્રીયશોદાજીને સામગ્રી પઠાઈ હૈ, સો શ્રીઠાકુરજી કે પાસ લે આઈ હતી.'' આ સાંભળીને સખીઓએ પકડીને રંગ લગાવ્યો, ત્યારે તે સખીએ વિનંતી કરી, ''જો શ્રીયશોદાજી મોપે ક્રોધ કરેંગી. જો તૂ યહ કહા કરિ આઈ હૈં ?'' આટલુ સાંભળતા લલિતા વિસાખા એ

લહેંગો-સારી-ચોલી ઉતારી લીધી અને પાગ-પટુકા-બાગા પુરુષોનું સ્વરૂપ બનાવીને રંગ છાંટયો, સારી રીતે મુખ માંડિ ગુલાલ લગાવીને કહ્યું કે, ''અબ જાઓ, શ્રીયશોદાજી સોં મેરો પાલાગન કહિયોં, ''ત્યારે તે સખી ઘણી ગભરાઈને લજજીત સાથે ઘણી દીન થઈને શ્રીઠાકુરજી ને કહ્યું, ''જો તુમને મોઈ પઠાઈ સો મેરી યહ દસા ભઈ. અબ મેં શ્રીયશોદાજી કે નિકટ કૈસોં જાઊં ! વો મેરે ઉપર ક્રોધ કરેગી,'' ત્યારે શ્રીઠાકુરજી શ્રીદામા સખાને કહ્યું કે ''જો ભંડાર તે સારી, લહંગા ચોલી લે આઓ.'' ત્યારે શ્રીદામા લઈ આવ્યા ત્યારે શ્રીઠાકુરજી પોતાના હસ્તકમલથી તે ગોપીને પહેરાવવા લાગ્યા. ત્યારે તે સખી પ્રેમમાં વિહવલ થઈ ગઈ. તે પોતાની દેહ દસા ભૂલી ગઈ ત્યારે શ્રીઠાકુરજી લહેંગા-સારી-ચોલી પહેરાવી વાગા-પટકા પતારિ લીધા અને પાગ રહેવા દીધી અને કહ્યું, ''મૈં દાઉજી વસંત ખેલિકેં આવત હૈ, મૈયા સોં કહિ દીજો.''

આ સખી પ્રેમમાં મગ્ન દશામાં શ્રીયશોદાજી પાસે આવી, ત્યારે શ્રીયશોદાજી તે સખીની તરફ જોઈને ચકિત થઈ ગઈ. જે ક્યાં જઈ આવી ત્યારે તે સખી એ કહ્યું, ''મૈ તુમારે પુત્ર કો સામગ્રી અરોગાઈ આઈ હો, અબ કોઈ ઘરી મેં બસંત ખેલ હોઈ ચુકેગો, તબ શ્રીઠાકુરજી, શ્રીબલદેવજી, સહિત ઘરકો પધારેંગે.'' આ સાંભળીને હસીને શ્રીયશોદાજી એ કહ્યું, ''જો તૂ મેરે કન્હૈયાં કે પાસ તો નાંહી ગઈ. કે તો તૂ અપને પતિ કે પાસ ગઈ હૈં, સામગ્રી હૂ અપને ગોપ કો ખવાઈ આઈ હૈ.'' ત્યારે તે સખી બોલી, ''જો શ્રીયશોદાજી તુમ મોકોં ગારી દેત હોં સો જબ શ્રીઠાકુરજી, શ્રીબલદેવજી પધારેંગે, તબ પૂછિ લીજીયો મેં કબહૂં તુમારે આગે ઝૂંઠ બોલત હો ? ઔર તુમ કહો તો મૈં સોહ દેઉં.'' ત્યારે શ્રીયશોદાજી બોલ્યા, ''જો તૂ સોહ કહા દેઈગી. ગોપકી પાગ માથેં પર પહરે હૈં સો તેરી ચોરી પ્રગટ કરત હૈ.'' ત્યારે સખીએ માથા ઉપર હાથ મુક્યો જે સાચી વાત છે. ત્યારે અત્યંત લાજથી શરમાઈને કહ્યું, ''જો શ્રીયશોદાજી યે તુમારે પુત્ર કે કામ હૈ સો મોકો વસ કીની. ઔર મેરી લાજ હૂ લીની.'' ત્યારે શ્રીયશોદાજી એ કહ્યું, ''જો મેરે એસી સખી નાંહી હૈં જો મેરે કન્હૈયાં કો સામગ્રી અરોગાઈ આવે.'' ત્યારે બધી સખીઓ સોળહજાર ભેગા મળીને કહ્યું, ''જો શ્રીયશોદાજી ઉહાં ભીર બહુત હૈં સો એક દોય સખી કો કામ નાંહી હૈં, જો સગરી સખીન કો પઠાવોં તો ઉહાં જાઈ તુમારે પુત્ર કોં સામગ્રી અરોગાઈ આવે. ઔર ભીર મેં એક દોઈ કી બાત કૌન માનેં.'' આ સાંભળી શ્રીયશોદાજી બહુજ પ્રસન્ન થઈ. છાક સિદ્ધ કરીને સખીઓના હાથમાં આપી મોકલી. ત્યારે બધી સખી છાક લઈને શ્રીઠાકુરજીની સન્મુખ આવી ત્યાં જે સખીનો જેવો મનોરથ હતો, તેને તેવી રીતે મળ્યા. પછી શ્રીઠાકુરજી ગ્વાલ મંડળી કરીને બેઠા.

ત્યારે શ્રીઠાકુરજીએ મધુમંગલને કહ્યું, ''જો હે ભૈયા હમ અકેલે ભોજન કૈસેં કરેં ઉહાં સગરી ગોપી ભૂકી હૈ ઉનહૂ કો બુલાઈ લાવેં.'' ત્યારે મધુમંગલ આનંદમાં આવી ગોપીઓને જઈને કહ્યું, ''જો તુમ સગરી વેગી ચલો, શ્રીયશોદાજીને છાક પઠાઈ હૈ સો તુમ બિના શ્રીઠાકુરજી આરોગત નાંહિ હૈં.'' આ સાંભળીને ગોપી ઘણી જ આનંદ પામીને કહે છે, ''જો શ્રીઠાકુરજી હમસોં ઐસી પ્રીત રાખત હૈં.'' ત્યારે શ્રીસ્વામિનીજી સખીઓની સાથે ત્યાં પધાર્યા છે. પોતાના જૂથ સાથે બરાબર શ્રીમંડલાકાર વ્રજ, મધ્યમાં શ્રીસ્વામિનીજી તેની પાસે અષ્ટ સખી આદિ અષ્ટ સખા અને બીજા મંડલમાં શ્રીબલદેવજી, શ્રીરેવતીજી એમની સંગના સખી-સખા બધાની સાથે પોત-પોતાની ફેંટમાં પિચકારી ખોસીને બેઠા, જે કોઈ લઈના જાય. આ પ્રકારે બધા પરમ પ્રીતિથી ભોજન કરવા લાગ્યા. પછી ભોજન કરી આચમન કરી, બધા એ બીરા આરોગ્યા ત્યારે લલિતાજી એ કહ્યું, ''જો અબ સાંઝ કો સમય ભયોં હૈ. તાતે વેગી ચલો નાંહી તો શ્રી યશોદાજી બહોત ખીજેંગી.''

ત્યાં બંને જૂથ પોત-પોતાને ઘર તરફ આનંદ લઈને પધાર્યા.



# ॥ વસંત હોરીની ભાવના ॥

હવે આગળ હોરી ખેલનું વર્ણન (મહા સુદ ૭ શ્રીયમુનાજીના તીર ઉપર ખેલ)

મહાસુદી ૭ના દિવસે ફરી સખા વ્રજ ભક્ત શ્રીસ્વામિનીજી, શ્રીયશોદાજીના ઘરે પધાર્યા. ત્યાંથી શ્રીઠાકોરજીને પધરાવીને શ્રીયમુનાજીના તીર ઉપર ખેલનો આરંભ કર્યો. ત્યારે શ્રીલલિતાજી એ કહ્યું, ‘‘જો યહ ભલો શ્રીયમુનાજી કો ઘાટ હૈ, યહી ઠૌરપે શ્રીઠાકુરજી, શ્રીબલદેવજી કો પકર્યો ચાહિયે.’’ આ સાંભળીને શ્રીસ્વામિનીજી ઘણાં પ્રસન્ન થઈ ઈશારાથી બધી સખીઓને કહ્યું, ‘‘જો મારગ સબ રોકોં,’’ સખીઓએ જેટલા રસ્તા હતા તે બધા રોક્યા. ત્યારે લલિતા એ ખોટી રીતે આવીને શ્રીઠાકુરજીને કહ્યું, ‘‘જો શ્રીસ્વામિનીજી ઘરકો પધારત હૈ’’ ત્યારે શ્રીઠાકોરજીએ લલિતાજીને કહ્યું, ‘‘જો એસો મેરો કહા અપરાધ હૈ, સો આપ ઘરકો પધારત હૈં,’’ ત્યારે લલિતા એ કહ્યું, ‘‘જો તિહારે હાથ કી પિચકારી માંગત હૈ, સો તુમ ચલિકે દે આઓ.’’ ત્યારે શ્રીઠાકોરજી લલિતાજીની સાથે પિચકારી આપવા માટે સાથે ગયા અને જ્યારે શ્રીસ્વામિનીજીની પાસે ઊભા રહ્યા, ત્યારે શ્રીસ્વામિનીજીને શ્રી લલિતાજીએ કહ્યું, ‘‘જો ઈનકી પિચકારી બહોત સુન્દર હૈ, સો તુમ લે ઉ.’’ ત્યારે શ્રીસ્વામિનીજી આળસ ખાઈને હાથીની જેમ ઉઠિને શ્રીઠાકુરજીના હસ્તમાં પિચકારી હતી તે પકડી, ત્યારે શ્રીઠાકોરજી પિચકારી છોડતા નથી, બંને બાજુએથી અરસ-પરસ જોર લગાવ્યું. ત્યારે લલિતાએ કહ્યું, ‘‘જો શ્રીકીરતિજી કી ઔર મેરી તથા અપની બાત મત ખોંઈયો, અબ પિચકારી મતિ છોડિયો.’’ અને બાજુએથી મધુમંગલે કહ્યું, ‘‘જો ભૈયા શ્રીકૃષ્ણ ! શ્રીયશોદાજી કી શ્રીનન્દરાયજી કી અપની મેરી હંસી મતિ કરાઈયોં, કાહેતેં ! જો પિચકારી મતિ છોડિયોં.’’



આ પ્રકારે શ્રીસ્વામિનીજી અને શ્રીઠાકુરજીની જોરાજોરીમાં શ્રીઠાકુરજીની ફેંટ માંથી મુરલી પડી ગઈ. જે કોઈએ જોયું નહીં ફક્ત શ્રીચંદ્રાવલીજીએ જોયું. ત્યારે પોતાના શ્રીહસ્તના રતન ખચિત કંગન જમીન ઉપર ફેંકી દીધા પછી કંગન લેવાના બહાને કંગન અને મુરલી બંને લઈને પોતાની નિકુંજ મંદિરમાં પધાર્યા અને મનમાં ઘણો આનંદ થયો, કે હવે મુરલીને બહાને પ્રભુ મારી નિકુંજમાં પધારસે અને પોતાની કુંજની રચના કરવા લાગી. ફૂલોની શય્યા, અનેક અનેક પ્રકારની સામગ્રી, ફૂલોની માલા, અરગજા, બીરા, સામગ્રી સિદ્ધ કરી દ્વારની પાસે બેસીને શ્રીઠાકુરજીનો રસ્તો જોવા લાગી.

અહીં શ્રીસ્વામિનીજીએ એવો ઝટકો આપ્યો, કે પિચકારી શ્રીઠાકુરજી પાસેથી ઝૂંટવી લીધી, ત્યારે મધુમંગલ બોલ્યો, ''જો ભલે ભૈયા મેરો નામ ખોયો, જો મેરો મિત્ર હોય કે હાર્યો.'' ત્યારે શ્રીઠાકુરજીએ કહ્યું, ''જો મેરો જિતનો બલ હતો સો કીનો મૈં ગોપીન સો તો સદા હી હાર્યો હો,'' ત્યારે બધા હસી પડયા. ત્યારે લલિતાએ જઈને શ્રીબલદેવજીને પકડીને રંગ છાંટીને મુખ માંડ્યો અને શ્રીસ્વામિનીજીએ શ્રીઠાકોરજીને પકડીને મુખ માંડ્યો, ત્યારે શ્રીઠાકુરજી પોતાના મનમાં વિચાર કર્યો, શ્રીચંદ્રાવલીજી મુરલી લઈ ગઈ ત્યારે શ્રીઠાકુરજીએ શ્રીસ્વામિનીજીને કહ્યું, ''જો તુમ મોકોં છોડો તો મેં તુમકો મુરલી લાઈ દેહૂં, એક વનમેં ધરિકે ભૂલ આયો હૂં, તહાં મૈ જાઉ તો મિલે.'' ત્યારે શ્રીસ્વામિનીજી એ કહ્યું, ''જો, તુમ વચન દેઉં, જો કબ આઓગે તો મૈં તુમકોં છોડોં,'' શ્રીઠાકુરજી એ વચન આપ્યું, ''જો, મેં અબ કોઈ ક્ષણ મેં આઉંગો.'' આવ વચન આપી શ્રીઠાકુરજી, શ્રીચન્દ્રાવલીજીની કુંજમાં પધાર્યા, ત્યારે શ્રીચન્દ્રાવલીજી, શ્રીઠાકુરજીને જોઈને ઘણો આદર સન્માન કર્યો. સૈયા ઉપર પધરાવીને ઘણા પ્રકારની સામગ્રી પોતાના મનોરથની અંગીકાર કરાવી. નાના પ્રકારની રીત-વિપરીત વગેરે દર્શનાદિક કરાવી મનારથ પૂર્ણ કર્યો.

અહિં સખા સબ શ્રીઠાકુરજીને બોલાવવા લાગ્યા. જે શ્રીચન્દ્રાવલીજીની કુંજમાં એવી સઘનતા છે. જે કોઈ એક બીજાને જોઈ ન શકે. બધા સખાઓનો શબ્દ શ્રીઠાકુરજીએ સાંભળ્યો અને શ્રીચંદ્રાવલીને પૂછયું, ''જો મોકો કોઈ પુકારત હૈ,'' ત્યારે શ્રીચંદ્રાવલીજીએ કહ્યું, ''જો યહાં કાહૂકો ગમ્ય નાંહી હૈ. તમુ યહાં નિર્ભય સોં વિરાજો. ઈહાં કે યે મેરે પશુ, પંછી, હંસ, સારસ, મોર, કોકિલા ઈત્યાદિક મનુષ્ય કી બોલી બોલત હૈ. તાતે કછુ સંદેહ મત કરો.'' આ સાંભળીને શ્રીઠાકુરજી હસ્યા અને મનમાં કહેવા લાગ્યા, ''જો, મોકું રાખિવે કું વચન બનાય કે કહત હૈ,'' પછી શ્રીચન્દ્રાવલીજીના જેટલા મનોરથ હતા તે બધા પૂર્ણ કરી મુરલી લઈને શ્રીઠાકુરજી શ્રીચન્દ્રાવલીનું ચિત્ત હરિ પધારીને પોતાના સખાઓના જૂથમાં આવ્યા. ત્યારે શ્રીબલદેવજીએ પૂછયું, ''જો હે કૃષ્ણ ! તું કહાં ગયો હતો. તોકોં સબ સખા ઢૂંઢત હૈ,'' ત્યારે શ્રીઠાકુરજી કહેં, ''મૈં ગોપીજન કોં ફગુઆ લેન ગયો હતો. તહાં બીચ મેં શ્રીનન્દરાયજી મિલે, તિનનેં ખેલકી વાર્તા પૂછી. સો ઉનસોં મૈને સબ કહી. તાસેં મોકો બહુત અબેર લાગી હૈ.''

પછી સુબલને ઘરે ફગુઆ લેવા મોકલ્યો. જ્યાં સુબલ જુએ છે કે ભંડાર આગળ શ્રી યશોદાજી ઊભા છે. ત્યાં શ્રીયશોદાજીએ સુબલને પૂછયું ત્યારે સુબલે ખેલની બધી વાર્તા કહી. ત્યારે શ્રીયશોદાજીને પરમ આનંદ થયો અને ઘણા પ્રકારની સામગ્રી સખી પાસે લેવડાવીને પોતે પણ સાથે પધાર્યા. ત્યારે રસ્તામાં શ્રીયશોદાજીએ સુબલને કહ્યું, ''જો તુમ મેરે કન્હૈયાં કો આછી ભાંતિ સોં રાખિયો વો મેરો પ્યારો હૈ,'' ત્યારે સુબલે કહ્યું, ''જો મેં અપને પ્રાણન તે અધિક રક્ષા કરત હોં. તુમારો પુત્ર સબ વ્રજ કે બનન મેં પ્રસન્ન રહત હૈ.'' ત્યારે દૂરથી

ગોપીઓએ શ્રીયશોદાજીને આવતા જોઈને શ્રીઠાકુરજી, શ્રીબલદેવજીને છોડીને મોઢા ઉપર ગુલાલ લાગ્યો હતો તે બધો પોતાના આંચલ/પાલવથી લૂછીને વાઘા બીજા પહેરાવી બધી ઊભી રહી ગઈ.

એટલામાં શ્રીયશોદાજી, શ્રીઠાકુરજીની પાસે આવીને પોતાની ગોદમાં લઈને મુખ ચુંબન કરી, ઘણાં જ પ્રેમથી વ્હાલ કર્યું. પછી પોતાના શ્રીહસ્તથી સામગ્રી શ્રીઠાકુરજીને આરોગાવી ત્યારે બધી સખી-ગોપ-સખા આવીને કહે, ''જો શ્રીયશોદાજી તુમારે પુત્રકો બહુત છિરકેં નાંહી હૈ.'' ત્યારે શ્રીયશોદાજી ગોપીઓની ઉપર ઘણી પ્રસન્ન થઈ મેવા-મિઠાઈ આપી ઘણા પ્રકારના આભૂષણ વસ્ત્ર પહેરાવ્યા. આવા ગોપીઓની વાત સાંભળને શ્રીબદલેવજીથી રહેવાયું નહીં ત્યારે કહ્યું, ''હે યશોદાજી ! અબહી તુમ આઈ હોં, તબ હમ કોં ઔર શ્રીકૃષ્ણકોં છોડ હી નાંહી તો દોઉ બંધે હતે.'' આ સાંભળીને શ્રીયશોદાજીએ ગોપીઓની ઉપર ગુસ્સે થયા.

ત્યારે શ્રીઠાકુરજીએ આવું કહ્યું, ''જો તુમ ગોપીન કે ઉપર કોપ ક્યોં કરત હો. દાઉજી તો ભાભીને ઝિડકે હૈં, ઔર મુખ માંડયો હૈ. તાતે દાઉજી કો લાજ લાગી હૈ. તાતે ભાભી સોં તો કછુ ચલત નાંહી હૈ. ગોપી તો મોકોં બોહોત આછી ભાંતિ સોં રાખત હૈ.'' ત્યારે શ્રીયશોદાજીને ચુંબન કરીને કહ્યું, ''જો તૂં સાંચો હૈ. દાઉજી તો ઝૂંઠો હૈં.'' આ સાંભળીને માતા પૂત્રનો સ્નેહ જોઈને શ્રીબલદેવજી હસી પડયા. જે આ વાત શ્રીનંદરાયજીએ સાંભળી કે શ્રીયશોદાજી ખેલમાં પધાર્યા છે. આ સાંભળી શ્રીનંદરાયજીથી પણ રહેવાયુ નહીં અને આપ પણ ખેલમાં પધાર્યા. જે દૂરથી જોઈને શ્રીઠાકુરજી તાલી પાડીને કહેવા લાગ્યો, ''જો બાબા આવત હૈ.'' ત્યાં શ્રીયશોદાજીએ ચાદરી નો ઘૂંઘટ કાઢીને બેસી ગયા અને શ્રીનંદરાયજી શ્રીઠાકુરજીનું મુખારવિંદ જોઈને દેહની ભાષા ભૂલિ આનંદમગ્ન થઈ ગયા અને શ્રીયશોદાજીની પાસે જઈ શ્રીયશોદાજીના ખોળામાંથી શ્રીઠાકુરજીને લઈને મુખ ચુંબન કર્યું. ત્યારે શ્રીઠાકુરજીએ કહ્યું, ''બાબા જૂ મૈયાજી ને તો આભૂષણ વસ્ત્રાદિ સમસ્ત ગોપીન કો દીએ હૈ,'' ત્યારે શ્રીનંદરાયજીએ પ્રસન્ન થઈને કહ્યું, ''જો મૈં તુમકોં બલદાઉ કો તથા સમસ્ત સખાન કો પહરાઉંગો,'' આવું કહિ અત્યંત સુંદર આભૂષણ વસ્ત્ર શ્રીનન્દરાયજીએ શ્રીઠાકુરજી તથા બધા ગોપોને પહેરાવ્યા અને ગોપીઓને બેગણો (દોહરો) ફગુઆ આપ્યો. આભૂષણ, વસ્ત્રાદિ, મેવા, મિઠાઈ વગેરેથી વ્રજના બધા વૃદ્ધ - યુવાન જેમનો જેવો મનોરથ હતો તેમને તેવું જ પહેરાવ્યું.

પછી શ્રીનન્દરાય, શ્રીઠાકુરજીને ગોદમાં લઈને શ્રીબલદેવજીનો હાથ પકડી લીધો. ત્યારે બધી વ્રજગોપી ગીતો ગાવા લાગી. મધુમંગલ નૃત્ય કરવા લાગ્યો. બંને બાજુએથી વાજા વાગવા લાગ્યા. જાણે પરમાનંદ પોતાની જાતે આવીને બધાના હૃદયમાં બેસીને ખેલે છે. ત્યારે શ્રીનન્દરાયજી અને શ્રીયશોદાજીના મનમાં આ ભાવના ઉત્પન્ન થઈ કે આ રીતે અમારા કન્હૈયાનો વિવાહ થાય ત્યારે આનંદ થાય. પછી મનમાં વિચાર્યું કે હમણાં તો અમારો કન્હૈયા બાલક છે. કાંઈ સમજતો નથી. મોઢામાંથી દૂધની સુગંધ આવે છે. થોડો મોટો થાય કાંઈક સમજવા લાગે ત્યારે સગાઈ કરીએ. આ પ્રકારે શ્રીનન્દરાયજી, શ્રીયશોદાજી, શ્રીરેવતીજી તથા બધા સખા સમાજ સહિત ઘરની તરફ ચાલ્યા. પછી મંદિરમાં પધરાવી સિંહાસન ઉપર શ્રીઠાકુરજી શ્રીસ્વામિનીજી પધરાવી એક સિંહાસન ઉપર શ્રીબલદેવજી અને શ્રીરેવતીજીને પધરાવ્યા.

# ॥ નંદાલયમાં ડોલ ॥



હવે ડોલમાં બે પ્રકારનો ભાવ છે. એક શ્રીનંદરાયજી શ્રીયશોદાજી પોતાના પુત્રને વાત્સલ્યતાના ડોલ ઝૂલાવે છે અને એક નિકુંજમાં જ્યાં આદી શ્રીવૃન્દાવન છે. શ્રીગોવરધનની તળેટી જ્યાં સદા વસંત બની રહે છે. સુંદર ઝરણા શ્રીગિરિરાજથી ઝરે છે. અમૃતથી પણ ઉત્તમ જલ શીતલ મધુર તેને લઈને લતા-દ્રુમબેલી અનેક વન બધા લીલા-પુષ્પ-ફલ સંયુક્ત ભાવ કરીને છએ ઋતુ જ્યાં હાથ જોડીને પ્રભુની આગળ ઊભી છે, અને વૃક્ષલતા ફલફૂલ ભારથી ઝૂકી (નમી) ગયા છે. જાણે ભગવાનને નમસ્કાર કરે છે. આ વ્રજ વૃન્દાવન શ્રીગોવર્ધન શ્રીયમુનાજી શ્રીગોકુલ સંબંધી જેટલી વસ્તુ છે, તે બધાના ભોક્તા પ્રભુ આપ છો. આપને યોગ્ય પદાર્થ છે. અતિ અલૌકિકતાથી સદા સર્વદા પધારીને

આપ અમારા ફલ-ફૂલ અંગીકાર કરો છો. આ તો અમારૂં ઘણું ભાગ્ય છે. પરંતુ અમારા સર્વાંગદેહનો અંગીકાર કરો. ત્યારે શ્રીનાથજી એ શ્રીવૃન્દાવન શ્રીગોવર્ધનના અભિપ્રાયથી શ્રીજીના ડોલ ઉત્સવનો મિસ (બહાનું) કરીને બધાનો અંગીકાર કર્યો. એટલા માટે કે વૃક્ષાદિક વનસ્પતિ છે, જે પરમ ભગવદીય છે. ફક્ત પૂરણ પુરુષોત્તમના લીલા સંબંધી તેથી પૂર્ણ પુરુષોત્તમનું આ નામ છે. ''ભક્ત મનોરથ પૂરકાય નમઃ ।'' તેમાં પણ શ્રીગિરિરાજજીના છે તે પરમ પુષ્ટિમાર્ગીય ભગવદીય છે. જે આ મનોરથ ભક્તનો જાણીને શ્રીગોવર્ધનધરણ શ્રીગિરિરાજ પર ડોલોત્સવ કરતા થયા. ત્યાં આ આશંકા થાય કે ભગવદીય થઈને શ્રીઠાકુરજીને કોઈ મનોરથની પ્રાર્થના કરે ! પોતાના સુખને માટે પ્રભુની પ્રાર્થના **કરે** તે મુખ્ય પુષ્ટિમાર્ગીય ભગવદ્દીય નથી અને તમે તો કરી જે શ્રીગિરિરાજજી શ્રીવૃંદાવનના વૃક્ષ ભગવદીયોએ પોતાના સર્વાંગના અંગની પ્રાર્થના પ્રભુની પાસે કરી. આ કેવી રીતે સંભવે ? આ સંદેહ થાય ત્યાં કહે છે , કે જે વ્રજભક્ત અને વ્રજ સંબંધી વૃક્ષાદિક છે જે એમની પ્રાર્થના પોતાના સુખ માટે નથી. જે ગોપીજન પોતાના પૂરણ પુરુષોત્તમને વસ્ત્ર, આભૂષણ, સામગ્રી અનેક પ્રકારની વિનંતી પ્રાર્થના કરીને અંગીકાર કરાવી. જે ફક્ત પ્રભુના સુખ માટે પોતાના સુખ માટેની નથી. તેવી રીતે વ્રજ સંબંધી વૃક્ષ ભગવદીય છે. પૂરણ પુરુષોત્તમની લીલા રસને ઉત્પન્ન કરવાવાળા વૃક્ષ છે. ઉદ્દીપન ભાવ ક્રિડા સંબંધી રસ બે પ્રકારનો, એક ઉદ્દીપન રસ ભાવ, એક આલંબન રસ ભાવ, આ બે રસ ભાવ વ્રજમાં છે. તેમાં રસક્રીડામાં જેટલો ઉદ્દીપન ભાવ વિશિષ્ટ છે. તેમાં નિત્ય નૂતન-નૂતન રચના થાય છે. તેમ તેમ આલંબન ક્રીડા રસની પુષ્ટિ થાય તેવા બે રસ છે. એક હાસ્ય રસ અને એક વિહાર રસ. હાસ્ય રસથી વિહાર રસની વૃદ્ધિ થાય. તેથી ઉદ્દીપન ભાવથી વ્રજના વૃક્ષનો મનોરથ શ્રી પૂરણ પુરુષોત્તમના હૃદયનો અભિપ્રાય આખા વ્રજ ભક્તોના અભિપ્રાય પૂર્વક મનોરથ સિદ્ધ કર્યો. તેથી પૂર્ણ પુરુષોત્તમ પ્રસન્ન થઈને શ્રીગિરિરાજજીમાં ડોલોત્સવ કર્યો. ત્યાં આ સંદેહ થાય શ્રી ગોકુલમાં તો બાલલીલા છે. ત્યાં ડોલોત્સવ કેવી રીતે સંભવે ? કિશોર લીલામાં તો પ્રસિદ્ધ જ છે. ડોલની રચનામાં તો ફક્ત રહસ્ય લીલા છે. ત્યાં શ્રીબલદેવજી વગેરે સખા ગોપોને પાસે આવવાનું સંભવ નથી. તેથી શ્રીગોકુલમાં ડોલનો પ્રભાવ કેવો છે અને શ્રીગિરિરાજજીમાં કેવો આ સંદેહ થાય ત્યાં **કહે છે**. જે ડોલની લીલા છે, તે પરમ રહસ્ય છે. જેવી રીતે હિંડોલામાં પણ શ્રીબલદેવજી સખા ગોપોથી સંતાડવા - છૂપાવવાનો છે. જે શ્રીગોકુલમાં તો આ પ્રકાર છે. શ્રી યશોદાજી પોતાના મનોરથથી **વાત્સલ્ય રસથી ડોલની રચના કરે છે**. પોતાના ઘરની અંદર એકાંત જ્યાં કોઈની ગમ્ય નથી. સોળ હજાર અગ્નિ કુમારિકા છે. તેમની પાસે જલ્દી કરાવીને, અને વ્રજ સંબંધી શ્રીસ્વામિનીજી શ્રીચંદ્રાવલીજી લલિતા વગેરે સવારમાં એમનો મુગ્ધ ભાવ જોઈને શ્રીયશોદાજી એ કહ્યું કે, તમે બધા ભેગા મળીને ડોલની રચના કરો. એવો ખેલ કરો કે જો હોરીના ખેલ દસેક દિવસ પછી આવશે ત્યારે મારા પુત્રનુ હોરી લીલા ખેલથી મન ભરાય જાય. આ જાણીને કુમારિકા શ્રીસ્વામિનીજી શ્રીચંદ્રાવલીજી લલિતાજી બધા ઘણા જ પ્રસન્ન થયા. મનમાં એવું કહેવા લાગ્યા કે નિત્ય હોરી ખેલમાં ગોપ, સખા, ગુરૂજનની સામે અમારો મનોરથ પૂર્ણ થતો નહોતો. આજે ભલુ થયું શ્રીયશોદાજીના મનમાં એકાંત ખેલ ખેલવાની આવી. આજે અમારો મનોરથ પૂર્ણ થશે. ત્યારે વ્રજની બધી સ્વામિની કુમારીકા - લલિતા - વિશાખા પ્રભુતિ બધી સામગ્રી સિદ્ધ કરી. કેળના થંભ, માધુરીની લતા, અનેક વૃક્ષોના પાન ફૂલ સજાવીને નંદાલયમાં કુંજની રચના કરી. ત્યારે શ્રીયશોદાજી મોટા-મોટા મુનીઓને મુહુરત પૂછ્યું, જેથી ઉત્તરાફાલગુનીમાં ડોલ નિશ્ચય કર્યો. તેનું કારણ એ ઉતરાયહું જે ફાગુન ઉતર્યો. ચૈત્રનો આગમન લાગ્યો અને આખા ફાગુનના ફલરૂપ આ ઉત્સવ છે. ઉત્તરા તેથી ફાલગુની કહેવાય છે અને શાસ્ત્રમાં વસંતના બે મહિના છે. ફાગુન ચૈત્ર તેમાં ફાગુન ઉદ્દીપન અનેક ખેલ રહસ્ય વિનોદ ચૈત્રમાં આલંબન કુંજ રચના તેથી ફૂલ મંડલી પુષ્ટિમાર્ગમાં થાય છે. આ ભાવથી ઉત્તરાનક્ષત્ર માં ડોલનો અંગીકાર કર્યો. નંદાલયમાં જેમ હિંડોરા રોપ્યા તેવી રીતે ડોલની રચના કરી ગવાય છે. ''હિંડોરન રોપ્યો નંદ અવાસ હરિ કો ડોલ દેખ વ્રજવાસી ફૂલે.''

આ નંદાલયનો ડોલ મુગ્ધભાવથી શ્રીયશોદાજી શ્રીઠાકુરજીને પોતાનો બાલક જાણી શ્રીસ્વામિનીજીને કુંવારી જાણી બાલ ભાવથી ડોલ ઝુલાવે છે. અને બાલભાવથી શ્રીઠાકુરજી હઠ કરીને મુગ્ધભાવથી કહે છે, ''અરી મૈયા મે યહ વૃષભાન કી બેટી કે સંગ ડોલ ઝુલૂંગો.'' ત્યારે શ્રીયશોદાજી મુગ્ધભાવ બાલકનો જાણીને મનમાં પ્રસન્ન થઈને બંને સ્વરૂપોને શ્રૃંગાર કરીને ડોલોત્સવની રચના કરે છે. ત્યાં ગોપ ભર્યા શ્રીચંદ્રાવલીજી લલિતાજી વગેરે સખી છે. જે પોત

પોતાના ઘરથી શ્રૃંગાર કરીને આવી શ્રીયશોદાજીને વિનંતી કરે છે, ''હે યશોદાજી અપને પુત્ર કો દર્શન કરાવો.'' ત્યારે શ્રીયશોદાજી વ્રજભક્તોનો નિર્વિકાર સ્નેહ જાણીને બધાની ઉપર પ્રસન્ન થયા. પોતાનો પુત્ર વ્રજભક્તોને સોંપે છે અને કહ્યું, ''તુમ મેરો પુત્ર કું ડોલ ઝુલાય કે નાના પ્રકારની સામગ્રી આરોગાવો. મેરે પુત્ર કી રક્ષા કીજો. કાહુ બાત સૂં ખેદ ન પાવે એસે રાખિયો.'' આ પ્રકારે બધા વ્રજભક્તોના મનોરથ સિદ્ધ થાય છે.

પોત પોતાના ઘરેથી ઘણા (નાના) પ્રકારની સામગ્રી લાવીને શ્રીયશોદાજીની સામગ્રીમાં ભેગી મુકીને અંગીકાર કરાવે છે. અથવા સોળ હજાર અગ્નિ કુમારિકા છે, તેની અંદર મુખ્ય ભક્ત છે. તેની અંદર શ્રીસ્વામિનીજીનો આવેશ છે. તેથી એમાં પણ શ્રીરાધાજી નામ છે અને મુખ્ય સહચરી શ્રીસ્વામિનીજીની છે. એમના હૃદયમાં શ્રીસ્વામિનીજી પ્રવેશ કરીને બધા પદાર્થનો ભોગ કરે છે. જેમ મથુરાના સ્વરૂપની અંદર વ્રજભક્તોનો ભાવાત્મક સ્વરૂપ છે તે મથુરાના સ્વરૂપાત્મક સ્વરૂપની અંદર વ્રજભક્તો થઈને બધી સામગ્રી ભોગ કરે છે અને દુષ્ટ કંસ સંબંધી દૈત્ય મારવા માટે અનેક મર્યાદા સંયુક્ત લીલા મથુરા સંબંધી સ્વરૂપ ક્રિયાત્મકથી સ્વરૂપ, વેદગમ્ય, મર્યાદા લીલા કરે છે. આ ભાવ વિચારવો. તેથી નંદાલયમાં અગ્નિ કુમારિકા સોળ હજારમાં મુખિયા શ્રીઠાકુરજીની સાથે ડોલ ઝૂલે છે. જે શ્રીયશોદાજીને આ ભાવની ખબર નથી. શ્રીયશોદાજી એટલુ જ જાણે છે કે આ સોળ હજાર મારી કન્યા છે. મારા પુત્રને રમાડવા ખેલાવવા માટે રાખી છે. એથી કે કુમારિકા શ્રીઠાકુરજીથી બે વર્ષ મોટી છે. તેથી પોતાના પુત્રની સેવા માટે શ્રીયશોદાજી એમને સારી રીતે રાખે છે. તેમજ પ્રીત પૂર્વક કુમારિકાનું પાલન પણ કરે છે. એટલા માટે કે આ કુમારિકા બધા ભગવદ્ ભાવ સંયુક્ત છે. જે નંદરાયજી પૂર્વદિશાથી ગૌડ દેશ છે ત્યાંથી લાવ્યા છે. જે કંસને આપીને પ્રસન્ન રાખશે કે આ તો ભગવદ્ ભોગ્ય સામગ્રી છે. તેથી નંદરાયજીના ઘરમાં રહી. જે નિત્ય વિહાર કુમારિકાથી શ્રીઠાકુરજી સાથે થવા લાગ્યો. જે આ રહસ્ય લીલાનું જ્ઞાન નંદયશોદાજીને નથી. એ તો વાત્સલ્ય રસમાં મગ્ન છે. તેથી શ્રીઠાકુરજીની સાથે ડોલ ઝુલે છે.

જે રાજભોગ સહિત ચાર ભોગ - ચાર ખેલ - ચાર સ્વામિનીજીના મનોરથથી થાય છે. નિત્ય લીલામાં કોટાનકોટી ભોગ અનેક સ્વામિનીઓના અનેક ભાવ કરી શ્રીઠાકુરજી આરોગે છે, જેનો કોઈ પાર નથી. તેથી શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના માર્ગમાં વ્રજભક્તોના રીતની સેવા છે. તેથી પુષ્ટિમાર્ગ કહેવાય છે. તેમાં કોટાન કોટી યૂથપતિ સ્વામિની છે. વ્રજમાં તેમાંથી ચારે યૂથપતિ મુખ્ય છે. જે ચારેના ભાવથી બધા ઉત્સવની રીત પ્રગટ કરી. જેમાં વ્રજ સંબંધી બધી સ્વામિનીઓનો ભાવ સિદ્ધ છે. તેથી રાજભોગ સહિત ચાર ભોગ - ચાર ખેલ, ચારેના ભાવથી થાય છે.

આ પ્રકાર શ્રીગોકુલનો ડોલ, સાત-સ્વરૂપનો નંદાલયમાં છે અને બીજો ભાવ આ છે - શ્રીઠાકુરજી હોરીની રાતે શ્રીસ્વામિનીજીથી હોરી ખેલીને રસ પરવસ થયા અને દેહાનુંસંધાન ભૂલી ગયા. પછી સવારે શ્રીયશોદાજીએ શ્રીઠાકુરજીને મુખ ચુંબન કરી પૂછ્યું કે, ''કછુક લેઉ લેહો.'' ત્યારે શ્રીઠાકુરજી કહે છે, ''હે મૈયા, હોરી યાહી બીચ નિકસી.'' ત્યારે શ્રીયશોદાજી નંદરાયજીને કહે, ''જો પુત્ર તો હોરી મેં બાવરો ભયો. અબ કહા કરિયે.'' ત્યારે લલિતા વિગેરે શ્રીસ્વામિનીજીને પૂછ્યું, ત્યારે બધાએ ભેગા મળીને એ વિચાર કર્યો કે એમનું મન હોરીનો ખેલ કરી બહાર કાઢીએ. ત્યારે ડોલોત્સવનો આરંભ કરી ડોલ પર પધરાવ્યા. તેથી આ ભાવથી અભ્યંગ નથી. જે પ્રભુને દેહાનુસંધાન નથી તો અભ્યંગ શા માટે ? ત્યારે પ્રથમ ખેલમાં ચિત્ત થોડો ઘણો ઠેકાણે આવ્યો. ત્યારે શ્રીયશોદાજીએ કહ્યું, ''કછુ આરોગો તો ફેર ખેલાઉ.'' આ પ્રકારે ત્રણ વખત ખેલાવી, ત્રણ વખત આરોગાવી કહ્યું, ''અબ આછી ભાંત આરોગો ભલી ભાંત ખેલાવે,'' ત્યારે બડો ભોગમાં બધા ભક્તોના મનોરથ સહિત આરોગાવ્યા. પછી ભારી ખેલ થયો, જે ખેલ હોરીમાં પણ થયો. ત્યારે શ્રીઠાકુરજી ઘણા જ પ્રસન્ન થયા. ત્યારે શ્રીયશોદાજી પોતાના પુત્રને પ્રસન્ન જોઈને બધા વ્રજભક્તોને મેવા-મિઠાઈ-વસ્ત્ર-આભૂષણ આપી વિદાઈ કર્યો. પછી આરતી ન્યોછાવર કરી નિત્યના મંદિરમાં પધરાવી સ્નાન કરાવી અંગ વસ્ત્ર કરી, બીજો શ્રૃંગાર ધરાવ્યો. તે સમયે ગોપોને બોલાવી ને કહ્યું, ''સો સબ ઠોર તે ગુલાલ-અબીર ધોય કે સ્વચ્છ કરો, કહું મેરો પુત્ર દેખેગો તો હઠ કરેગો. અનેક યતનતે (પ્રયત્નથી) યા કૂં આછો કીયો હૈ.'' આ ભાવ પોતાના મનમાં વિચારવો.

# ॥ હોરી ડંડા ॥

શ્રીયશોદાજી, શ્રીઠાકુરજીને મંગલ ભોગ આરોગાવી સ્નાન કરાવી, શ્રૃંગાર કરી પલના ઝુલાવવા લાગ્યા. એટલામાં બધા ગોપી-ગ્વાલ, વ્રજભક્ત શ્રીયશોદાજીના ઘરે આવ્યા. ત્યારે શ્રીસ્વામિનીજીએ સેનમાં જ કહ્યું, ''જો અબ તુમ પલને **હી** મેં ઝુલોગે કે હોરી ખેલોગે ?'' આ સાંભળીને શ્રીઠાકુરજીએ શ્રીયશોદાજીને કહ્યું, ''જો મૈયા રાજભોગ કબ અરોગાવૈગી ?'' ત્યારે તેજ સમયે શ્રીયશોદાજી, શ્રીરોહિનીજી રાજભોગ થારમાં સજાવીને લઈ આવ્યા. સખીઓની સાથે શ્રીસ્વામિનીજી સહિત સારી રીતે આરોગાવ્યો. પછી બીરા આપ્યા ત્યારે શ્રીનંદરાયજી શ્રીઠાકુરજીને ગોદમાં લઈને શ્રીબલદેવજીની આંગળી પકડી લઈને ચાલ્યા, ઉપનંદાદિક નવનંદ અને ગોપ પોતાના, પુરોહિત બ્રાહ્મણને લઈને, આગળ વેદોચ્ચાર થતો હતો. આ પ્રકારે શ્રીનંદરાયજી પધાર્યા અને શ્રીયશોદાજી ગોપીઓના યૂથમાં બધાની સાથે ભેગા થઈને શ્રીસ્વામિનીજીને ગોદમાં લઈ વાત્સલ્ય ભાવમાં મગ્ન થઈ હોરીનો ડાંડો રોપવાને માટે ગામની ભાગોળે (પાદરે) આવ્યા. આ બાજુએથી શ્રીવૃષભાનજી, શ્રીકીરતીજી સારા વસ્ત્ર-આભૂષણ પહેરીને ગોપ બ્રાહ્મણના યૂથને સાથે લઈને પધાર્યા અને આગળ બ્રાહ્મણો વેદોચ્ચારની ધૂની-ઘોષ કરતા હતા. હોરીનો સાજ લઈને હોરી (પ્રદીપન થવાની જગ્યાએ) પાસે આવ્યા. તે સમયે એક બ્રાહ્મણ બંને તરફથી મળેલો એક મોટો લાકડાનો લાંબો ડંડો હતો તે લાકડાને હોરીની જગ્યાએ મધ્યમાં ઊભો કર્યો. તેની ઉપર ધજા બાંધી છે એટલા માટે કે પોતાની જીત-હાર જાણવાને માટે, ત્યાં બ્રાહ્મણો વેદ મંત્રનો ઉચ્ચાર કરે છે. શ્રીનંદરાયજી, શ્રીવૃષભાનજી પૂજન કરી ઉઠીને પ્રાર્થના કરી ચોવા, ચન્દન, અરગજા, છાંટી-અબીર, ગુલાલથી છાંટીને પછી શ્રીનંદરાયજી, શ્રીવૃષભાનજી પરસ્પર એકબીજાને મળ્યા. જેથી એવી શોભા બની છે, માનો આનંદ અને પ્રેમ બંને સ્વરૂપ પધારિને એકબીજાને મળી રહ્યા છે અને શ્રીનંદરાયજીના ઘરના ગોપ અને શ્રીવૃષભાનજીના ઘરના ગોપ મળ્યા. પછી વ્રજભક્ત કુમારિકાઓ અને ગોપીઓ મળવા લાગી. આ બધાનું મિલન જોઈને શ્રીસ્વામિનીજી અને શ્રીચંદ્રાવલીજી સખીઓની સાથે રોમાંચ થઈ ગઈ કે અમે શ્રીઠાકુરજીને મળીશું.

તે સમયે શ્રીઠાકુરજીએ જેટલી ગોપી હતી તેટલા સ્વરૂપ ધારણ કરીને બધાને મળીને તેમનો તાપ દૂર કર્યો. પછી શ્રીલલિતાજીએ શ્રીયશોદાજીની આગળ શ્રીઠાકુરજીને થોડો રંગ છિરકીને શ્રીયશોદાજીને વિનંતી કરી, ''જો શ્રીયશોદાજી, શ્રીઠાકુરજી કો મેરી ગોદ મેં દેઉં તો તુમકો છિરકોં.'' ત્યારે શ્રીયશોદાજીએ શ્રીઠાકુરજીને લલિતાજીની ગોદમાં આપ્યા. તે સમયે શ્રીસ્વામિનીજીએ સખીઓને આજ્ઞા આપી કે શ્રીયશોદાજી અને શ્રીનંદરાયજી, શ્રીબલદેવજી બીજાને રંગ લગાવો. ત્યારે ગોપીઓ બધી દોડીને શ્રીનંદરાયજી, શ્રીબલદેવજી, સંબંધી જેટલા ગોપ હતા તે બધાની ઉપર રંગ છાંટયો. ત્યારે શ્રીઠાકુરજીએ જણાવ્યું કે આ બધી સખી મારી મૈયાની હાંસી કરશે. આ જાણીને મધુમંગલ, શ્રીદામા વિગેરે બધાને કહ્યું, ''જો તુ જાઈકે શ્રીવૃષભાનજી કી ઔર શ્રીકીરતીજીની ગાંઠી જોરો.'' ત્યારે બધા સખાઓએ શ્રીવૃષભાનજી અને શ્રીકીરતીજી બંનેના છેડા પકડીને ખેંચિને ગાંઠ બાંધી. આ બાજુ સખીઓએ શ્રીનંદરાયજી અને શ્રીયશોદાજીની ગાંઠ બાંધી. ત્યારે શ્રીનંદરાયજી - શ્રીયશોદાજી થોડા શરમાયા પછી મનમાં પ્રસન્ન થયા કે શ્રીપ્રભુએ અમોને કનૈયા જેવો પુત્ર આપ્યો ત્યારે અમોને આટલું સુખ મળ્યું છે. તેથી પોતાનું પરમ ભાગ્ય માને છે.

# ॥ નિકુંજમાં ડોલ ॥



શ્રીગોવર્દ્ધન, શ્રીવૃન્દાવન ત્યાં શ્રીજીનો ડોલ મુખ્ય છે. એથી જ્યાં રહસ્ય લીલા અષ્ટ પ્રહર છે. શ્રીસ્વામિનીજી સાથે બધી લીલા કરે છે. ત્યાં શ્રીસ્વામિનીજીનો અને કુમારિકાનો સંબંધ આ પ્રકારે થાય છે. શ્રીયશોદાજી અનેક સામગ્રી સિદ્ધ કરી પોતાના પુત્રને માટે કુમારિકાઓના હાથમાં આપી મોકલે છે. ક્ષણ ક્ષણમાં શ્રીયશોદાજી નૌતન વસ્તુ આપીને પુત્રને મોકલે, જે કુમારિકા લઈ આવી શ્રીગોવર્દ્ધનધર શ્રીવૃન્દાવનમાં શ્રીસ્વામિનીજી સહિત શ્રીઠાકુરજીને આરોગાવે છે.



દર્શન ખોલી ડોલ ઝુલાવવા અને ખેલાવવા. પ્રથમ સ્વરૂપને ખેલાવવા, પછી ગાદી, પછી ઝાલર તે પછી ડોલને અને છેલ્લે પીછવાઈને ખેલાવવા. પ્રથમ ચંદન, પછી ચોવા, અબીર અને ગુલાલથી ખેલાવવું. પછી ડોલ ઝુલાવવો અને તે પછી ગુલાલ અને અબીર ઉડાડવાં.

આ પ્રકારે કુમારિકા પણ વૃન્દાવનમાં અનેક પ્રકારની રહસ્ય લીલા કરે છે અને શ્રીસ્વામિનીજી શ્રીચંદ્રાવલીજી અનેક ઘર કામ માટે ગોરસ વેચવાના બહાને ફૂલ વેચવાને બહાનું કરી, બીજા અનેક મિસ કરી શ્રીગોવર્ધનમાં આવી રહસ્ય લીલા કરે છે. આ પ્રકાર શ્રીવૃન્દાવનમાં લીલા પુષ્ટિ છે. આ પ્રકારે રાત-દિવસ વિહાર લીલા વ્રજ ભક્તો સાથે થયા છે અને શ્રીયમુનાજી તો આખા વ્રજમાં બધે વ્યાપ્ત છે. જ્યાં લીલા સંબંધી જેવું કાર્ય હોય ત્યાં તેવા રૂપથી બિરાજે છે. એમનો અંતરાય એક ક્ષણનો પણ નથી. સદા શ્રીઠાકુરજીની સાથે જ રહે છે. તેથી વૃન્દાવનમાં પણ રાજભોગ

સહિત ચાર ભોગ - ચાર ખેલ પ્રસિદ્ધ છે. આખા વ્રજમાં આ બે સ્થળ મુખ્ય છે અને અંતરંગ છે, શ્રીગોકુલ - શ્રીવૃન્દાવન. ત્યાં કોઈ આશંકા કરે કે વ્રજ શ્રીજું ભગવદ્ રૂપ છે. તમે બે સ્થળ મુખ્ય કેમ કહ્યા. ત્યાં કહે છે, વ્રજ તો આખુ ઉત્તમ પરમ શ્રેષ્ઠ છે. તેમાં શ્રીગોકુલ ગોવર્ધન વૃન્દાવન એ મુખ્ય છે. તેનું પ્રમાણ શ્રીઆચાર્યજી કહે છે.

**वृंदावने गोकुले वा तथा मनसि क्वचित् । इति वाक्यात् वृहद्वन महाश्चार्यो वृंदावन गतिः प्रियः ।।**

(इति वचनात् । वृंदावने चारु वृहद्वने मन मर्नार्थ पूरय सूरसुते ।)

વગેરે અનેક વચન છે. નંદાલયની લીલા શ્રીગોકુલ - નિકુંજની લીલા શ્રીવૃન્દાવન. ''श्रीगोवर्धन स्थित्युत्साहः ।'' શ્રીઆચાર્યજીનું નામ છે. શ્રીરઘુનાથજી નામરત્નાખ્યમાં કહે છે. श्री गोकुलकृत वास । આ શ્રીગુસાંઈજીનું નામ છે. તેથી બંને સ્થળ મુખ્ય છે અને શ્રીયમુનાજી કેવા છે. જેમના સંગથી કુમારિકાઓનો અંગીકાર થયો. કાત્યાયની દેવીનો મિસ કરીને શ્રીયમુનાજીનું પૂજન કર્યું. ત્યારે હૃદયમાં ભગવદ્ ભાવ વધ્યો. તેથી વ્રજમાં મોટા શ્રીયમુનાજી મુખ્ય છે. સર્વથા એમના સંબંધ વગર એમની કૃપા વગર પુષ્ટિમાર્ગમાં પ્રવેશ ના થાય. તેથી શ્રીયમુનાજીના તીર પુલિનમાં ડોલ ઝૂલે છે. શ્રીયમુનાજી મુખ્ય છે. જે આપના ભાવથી બધા વ્રજભક્ત પુલિનમાં ડોલની સુંદર રચના કરે છે. શ્રીસ્વામિનીજી - શ્રીયમુનાજી આદિ બધા ભક્ત પ્રભુની સાથે અનેક ભક્તોના મનોરથ સિદ્ધ કરે છે - પૂર્ણ કરે છે. એટલે શ્રીયમુનાજી છે. જે અલૌકિક દેહના સિદ્ધ કર્તા છે. ''तनुनवत्वमेतावता न दुर्लभतमा रतिः ।''આ વાક્યથી. જેથી શ્રી યમુનાજીનો ડોલ મુખ્ય અને શ્રીગિરિરાજજીના સંબંધથી પુલિંદની જે ભીલની ને ભક્તિ ઉત્પન્ન થઈ છે. એટલે નિકુંજમાં શ્રીસ્વામિનીજી સહિત લીલા કરે છે. તે લીલા સંબંધી શ્રીઠાકુરજીના ચરણ સંબંધી કુમકુમ અરગજા પ્રસાદિ ગુલ્મલતામાં લાગી રહે છે. જે પુલિંદી ભાવ પૂર્વક પોતાના હૃદયમાં, સ્તન પર, મુખ પર લેપન કરે છે. ભાવપૂર્વક લગાવી પોતાનો વિરહ તાપ નિવારણ કરે છે. જે પુલિંદીઓને શ્રીઠાકુરજીના ચરણ કમલના કુમકુમ દ્વારા બધી લીલાનો અનુભવ થયો. પરમ આનંદ મળ્યો. પ્રભુની સેવામાં મન લાગ્યું. તેથી સુંદર કંદ મૂળ ફૂલ-ફળ સિદ્ધ કરી દૂરથી ધરી દે છે. જે વ્રજ ભક્તો સહિત પ્રભુ આરોગે છે. જે પુલિંદનીઓને શ્રીગિરિરાજજી સાથે સંબંધ કરાવી પુષ્ટિ લીલાનું દાન કર્યું. તેથી આ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના પુષ્ટિમાર્ગમાં શ્રીગોકુલ શ્રીગોવર્ધન બે સ્થળ મુખ્ય છે. તેથી શ્રીગોવર્ધન પર ડોલોત્સવ મુખ્ય છે અને આખા વ્રજમાં ડોલોત્સવ મુખ્ય છે, પ્રસિદ્ધ છે.

સમગ્ર વ્રજમાં શ્રીઠાકુરજી વિહાર સંબંધીની શ્રીસ્વામિની છે. જે ગોપોના ઘરમાં પ્રગટી છે તેથી કોઈનો વિવાહ થયો છે. કોઈ કુંવારી છે અને જેનો વિવાહ થયો છે. તેમના પતિ ભૂજયા (રાંધેલા) અન્ન જેવા છે. જે બીજનું વાવેતર



કરવામાં આવે તો ફરીથી ઉગે નહીં. આ પ્રકારે નામ માત્ર છે. શ્રીઠાકુરજી પરકીયા ભાવરસ શાસ્ત્રમાં મુખ્ય કહે છે. એ રસ લીલા કરવી છે. તેના અર્થે વ્રજભક્તોનો વિવાહ થયો છે. જેટલા વ્રજ ભક્ત છે તે બધા ભગવદ્ ભોગ્યા સામગ્રી છે. મહા અલૌકિક અગ્નિ રૂપ, કોઈ એમની સામે દ્રષ્ટિ કરે તે ભસ્મ થઈ જાય. ત્યાં કોઈ સંદેહ કરે કે તમે ભગવદ્ ભોગ્યા કહી. એમનો ગોપોની સાથે સંબંધ નથી. ત્યારે એમના પુત્રાદિકનું વર્ણન કર્યું તે કેમ બને ? આ સંદેહ થાય ત્યાં શ્રીઆચાર્યજી દસમ સ્કંધ સુબોધિનીજીમાં નિર્ણય કરી આપ્યો છે. ભ્રમરગીત આદિ અનેક જગ્યાએ એમના પુત્રાદિકનું વર્ણન કર્યું. રસથી અલૌકિક રીત કરી નથી. શ્રીઠાકુરજીને પરકિયા રસ રમણ કરવાની ઈચ્છા થઈ. ત્યારે ગોપોનો વિવાહ માયા કરીને થયો છે. વિષય વગર માયાથી પુત્રાદિક પણ પ્રગટ કર્યા. આમાં સંદેહ કરવો નહીં. ત્યાં કહે છે. ભગવદ્ ઈચ્છાથી માયાનું સામર્થ છે. કોટાનું કોટી બ્રહ્માંડ એક ક્ષણમાં પ્રગટ કરવા ઈચ્છે તો કરી શકે અને દેવકીજીનો ગર્ભ આકર્ષણ કરી રોહિનીજીમાં ધારણ કર્યો છે. જે શ્રીબલદેવજી પ્રગટયા. જેમ જોગી હોય તે જોગ સાધીને બીજી દેહમાં પ્રવેશ કરી શકે છે. ત્યાં પ્રભુની લીલાનો કોણ પાર પામી શકે. કર્તુ-અકર્તુ-અન્યથા કર્તુ - સર્વસામર્થ્યવાન છે. તેથી માયા કરીને પ્રાકૃત અથવા રસ સિદ્ધ કરવાવાળા વ્રજ ભક્તોના પુત્રાદિક છે અને સિદ્ધાંતથી જોઈએ તો સમસ્ત વ્રજ ભક્ત વેદની ઋચા છે. તેથી ઋતિરુપા એમને કહીએ છીએ. તેમાં બે પ્રકારની શ્રુતિ છે. એક પુષ્ટિ શ્રુતિરૂપા, એક મર્યાદા શ્રુતિ. જે બંને વ્રજમાં પ્રગટી - તેમાં પુષ્ટિ શ્રુતિ બધા વ્રજભક્ત શ્રીઠાકુરજીના ભોગ્ય યુક્ત છે. તેમનાથી નિત્ય નૌતમ રાસ વિલાસ લીલા થાય છે અને મર્યાદા શ્રુતિ વ્રજમાં પ્રગટી તેમનાથી શ્રીબલદેવજી રાસ વિલાસ કરે છે. આ પ્રકારે વ્રજભક્તોનું સ્વરૂપ મહાઅલૌકિક જાણવું. જે વ્રજ ભક્ત અનેક ગોપોને ઘરમાં પ્રગટ થઈને શ્રીઠાકુરજીમાં મન લગાવ્યું. જે હોરીમાં ભલી ભાંતીથી અનેક પ્રકારની લીલા કરી. તેમાં વ્રજ ભક્તનો મનોરથ પૂર્ણ થયો નથી. બધા ગ્વાલ-ગોપ-ગુરૂજનની સામે. જે નંદાલયમાં કુમારિકા સાથે ડોલની રચના જોઈને શ્રીઠાકુરજી સાથે નાના પ્રકારની લીલા કરીને બધા વ્રજભક્તોને પોત પોતાના મનમાં આ મનોરથ કર્યો છે કે પોતાની નિકુંજમાં ડોલની રચના કરીએ. પરંતુ શ્રીસ્વામિનીજી સહિત શ્રીઠાકુરજી પધારે ત્યારે અમારા બધા મનોરથ પૂર્ણ થાય. આ પ્રકારે બધા વ્રજભક્તોના મનની જાણીને શ્રીસ્વામિનીજી સહિત શ્રીઠાકુરજી પ્રસન્ન થઈને કહે છે, ‘‘જો તુમ જાય કે અપને અપને નિકુંજ મેં ડોલકી રચના કરો. તુમારો સગરો મનોરથ પૂર્ણ કરેંગે.’’ આ સાંભળી વ્રજભક્ત પ્રસન્ન થઈને આખા વ્રજમાં પોત પોતાની નિકુંજમાં ડોલ બાંધ્યો. જે આખા વ્રજમાં બધા ખેલનો સાજ સિદ્ધ કરીને પ્રભુ પધરાવવાનો મનોરથનું



સ્મરણ કરવા લાગ્યા. ત્યારે શ્રીસ્વામિનીજી સહિત શ્રીઠાકુરજી અનેક સ્વરૂપ ધારણ કરીને આખા વ્રજમાં પધાર્યા. બધાની નિકુંજમાં પધારીને બધાનો મનોરથ પૂર્ણ કર્યો. બધાની સામગ્રીનો અંગીકાર કર્યો. અનેક પ્રકારની લીલા વિહાર રીત વિપરીત રમણ કર્યો. એક તો આ પ્રકારની ભાવના કરીએ અને એક આ ભાવ વિચારીએ. જે શ્રીસ્વામિનીજી શ્રીચંદ્રાવલીજી આદી પોતપોતાની નિકુંજમાં ડોલોત્સવ કર્યો. જ્યાં પ્રભુ મુખ્ય તો શ્રીસ્વામિનીજીની નિકુંજમાં પધાર્યા પછી અનેક રૂપ ધરીને આખા વ્રજમાં પધાર્યા, બાધાનો મનોરથ પૂર્ણ કર્યો. બધી સ્વામિનીજી એવું જાણે છે કે શ્રીઠાકુરજી મારે ત્યાં પધાર્યા છે. આવી રીતે બધા વ્રજભક્તોને સુખ થવા લાગ્યું. આ ભાવ વિચારવો.

ડોલનો ભાવ અત્યંત ગોપ્ય છે. **નિકુંજલીલા છે**. તેથી આટલો આ માર્ગમાં પર લતા - આંબાની ડાળી માધુરીની આસોપાલવ - કેળાના થંભથી નિકુંજનો ભાવ છે. ફલ ફૂલ લાગ્યા છે. ડોલીની ગાદી છે. જે ફક્ત સૈય્યા રૂપ છે. ઝારી શ્રીયમુનાજીરૂપ - ચાર ભોગ - ચાર ખેલ છે. ક્યારે ત્રણ ભોગ ત્રણ ખેલ, જે એથી પ્રથમ ખેલ શ્રીસ્વામિનીજીનો, બીજો ખેલ શ્રીયમુનાજીનો જે ક્યારે અલગ (ન્યારો) ખેલ ખેલે છે. ચારે ખેલ છે. ક્યારે શ્રીસ્વામિનીજીથી મળ્યો છે. ત્યાં બીજો ખેલ શ્રીકુમારિકાનો, ત્રીજોખેલ શ્રુતિરૂપા - ચોથો ખેલ શ્રીચંદ્રાવલીજીનો અને આખા વ્રજની સ્વામિની તેથી ભારે ખેલ થાય. ત્યારે તેમાં ઝોટા દેવાય છે. જે રમણાદિક છે. વચમાં ભોગ એ જ અનુપાન છે. પછી ખેલતા મનમાં રમણમાં અસમર્થન થાય. અનુપાતથી રસની વૃદ્ધિ થાય રસનો ઉદીપન થાય વૃદ્ધિ થાય. શ્રીસ્વામિનીજીના ત્રણ રૂપ વ્રજમાં મુખ્ય છે. વિહાર રસમાં પ્રગટી છે. શ્રીચંદ્રાવલીજી મુખારવિંદથી પ્રગટી છે. કુમારિકા કુચ મર્દન પ્રભુએ કર્યો ત્યાંથી પ્રગટી છે. તેથી છોટે છે. શ્રીયમુનાજી શ્રુતિ સ્મૃતિથી પ્રગટી છે જે આ ત્રણેને વિહાર પ્રિય છે. આ ભાવથી ડોલનો ખેલ છે.

**રાગ : સારંગ**
**ઝૂલત ડોલ રાધિકા સંગ ગોવર્ધન પર્વત કે ઉપર ખેલત અતિ રસ રંગ ||૧||**
**પ્રથમ ખેલ રાધા મન હુલસ્યો કેસર લપટત અંગ | દૂજો ખેલ રસો ચંદ્રાવલી અબીર ગુલાલ સુરંગ ||૨||**
**ત્રિજો કિયો લલીતાદિક અગ્નિકુમારીકા સંગ | ચોથો ખેલ કિયો વૃન્દાવન પીય મોહે રસિક અનંગ ||૩||**

આ ભાવ વિચારવો : ત્રણે ખેલ ભક્તોની રીતનું રમણ છે. એક ખેલ પ્રભુના વિપરીતનું રમણ. ડોલના દિવસે વસંત પંચમીનો શ્રૃંગાર. એ એટલા માટે કે કામનો ચઢાવન ઉતારન રસ રીતમાં છે. તે ભાવથી ડોલોત્સવ સામગ્રીમાં કાંજી મુખ્ય છે. તેનો ભાવ ઉડદના વડા ચંદ્રમાના આકાર શ્રીચંદ્રાવલીજીના ભાવથી 'ઘી' શ્રીસ્વામિનીજીના સ્નેહરૂપમાં



પરિપકવ થયો. તેની અંદર મરચું આદિ - મીઠું - રાઈ બધુ કુમારિકાએ ત્રણે મળીને તેમાં જલ શ્રીયમુનાજી તેમના ભાવમાં મગ્ન થયા. શા માટે ડોલોત્સવ શ્રીસ્વામિનીજી, શ્રીયમુનાજી ઉપકંઠમાં મુખ્ય છે. જેમ પવિત્રા એકાદશી શ્રીગોકુલમાં મુખ્ય છે તેવી રીતે ડોલ ઉત્સવ શ્રીયમુનાજીના ઉપકંઠમાં મુખ્ય છે. ચાર વૃક્ષ વચ્ચે પુલિનમાં એથી જે રહસ્ય લીલાનું જ્ઞાન કોઈને ના થાય. તેથી કાંજીમાં જલ વિશેષ કરવું. શ્રીયમુનાજીનો આ મનોરથ ડોલોત્સવ છે અને કાંજીની સામગ્રી છે અને ડોલ ઝૂલ્યા પછી કેસર ગુલાલ તરત જ ધોઈ નંખાઈ છે. તેનો ભાવ આ છે - બધા વ્રજભક્તોનો મનોરથ ચારે યૂથપતિ શ્રીસ્વામિનીજી, તે બધાની સાથે રીત વિપરીત વિહાર બધા હોરીનો રસ નિચોવ્યો હોય. એટલા માટે આ અનિર્વચનીય લીલા આખી રાત-દિવસ કર્યો. તેથી લીલા શ્રીબલદેવજી-સખ–ગોપ-ગ્વાલથી ગોપ્ય છે. પછી ડોલ ઝૂલ્યા પછી શ્રીસ્વામિનીજીએ આજ્ઞા આપી, ''હોરી સંબંધી બધી સામગ્રી ગોપ્ય કરી દો, રંચક પણ ઉપર પ્રગટ ન થાય.'' ત્યારે બધી સખીઓએ મળીને તથા શ્રીદામા આદિ એકાદશ સખા શ્રીઠાકોરજીના એકદાશ ઈન્દ્રીય રૂપ અને પુષ્ટિલીલાના સહાયક ગોપ બધા મળીને ગુલાલ - ચોવા - ચંદનના બધા ડાઘા ધોઈ નાખીને પછી સુકવ્યા અને ડોલની સામગ્રીના ખંભ - આંબા - માધુરીની ડાલ - આસોપાલવના બંદનવાર - માલા બધી વસ્તુનો રસ શ્રીયમુનાજીએ પોતામાં લઈ લીધો. તેથી બધુ શ્રીયમુનાજીમાં પધરાવે છે. આ પ્રકાર ડોલોત્સવના અનેક પ્રકારના ભાવ છે. તેમાંથી કોઈ એક કહ્યા છે. જે શ્રીઆચાર્યજી શ્રીગુસાંઈજીની કૃપાથી હૃદયમાં ભાવની વૃદ્ધિ થાય છે.

**|| ઈતિ શ્રીહરિરાયજી કૃત હોરીખેલની ભાવના સંપૂર્ણ ||**



# ॥ બની આયો રે છેલા હોરી કો ॥



## ॥ પનઘટ લીલા ॥

ક્યારેક જમનાજલની પનઘટ પર, ક્યારેક કુવાના પનઘટની ઉપર જઈને કોઈની ઈંઢોણી ચોરી લે છે, કોઈની ગાગર કાંકરી મારીને ફોડે છે, કોઈની ગાગર ભરીને માથે ચઢાવી આપે છે અને કાનમાં મધુર વચન કહે છે. જ્યારે પનીહારી આવે છે ત્યારે વ્રજભક્તને માટે શ્રીયમુનાજીમાં ડૂબકી મારીને માથુ બહાર કાઢી બોલે છે, ‘‘ઓરી ભટ્ શીત બોહોત હૈ, તૂ જલ કો પરસ મતિ કરી મોકો ગાગરિ દે મૈં ભરી દેહૂંગો.’’

આ પ્રકારે ગાગર ભરી અંગનો સ્પર્શ કરે છે અને કોઈ વ્રજભક્તોની આગળ કાકંરી ચાળો કરે છે, તિરછી નજરે જોઈને મન હરિ લે છે. કોઈની બલાઈ લઈને આંચળ વારે છે કોઈની બલાઈ લઈને વાતોમાં લગાવીને ચુંબન કરે છે. ત્યાં કોઈ ભક્તોમાં છે તે તો પ્રસન્ન થાય છે. શ્રીઠાકુરજીને પકડીને સારી રીતે જકડીને આલિંગન કરી સર્વાંગનો સ્પર્શ કરે છે, તનના તાપ દૂર કરે છે અને કોઈ વ્રજભક્ત લજ્જીત થઈને વડીલોના ડરથી ઘણાં જ ગભરાય છે, બોલતા નથી. જ્યારે શ્રીઠાકુરજી અત્યંત હાસ્ય કરે છે, ભરેલી ગાગર ઢોળી નાખે છે, પાછળથી ચોળીના બંધ છોડી નાખે છે. કાંઈક કાનમાં વચન કહે છે, ત્યારે મનમાં તો ઘણી ખુશી થાય છે પણ મોઢાની ઉપર રીસ ચઢાવીને વાંકા બોલ કહે છે, ‘‘જો હમ શ્રીનન્દરાયજી સોં શ્રી યશોદાજીને, દાઉજીને કહી દઈશું, અમારી સાથે હંસી-મશ્કરી કરશો નહીં.’’ આ પ્રાકરે ઘણી વાંકી-વાણી વચન ભક્તોના સાંભળે છે તે કહે છે, ‘‘તિન ભક્તન કે પીછી શ્રીઠાકુરજી બહુત ફિરિકે અનેક બાંકે વચન સુનિકે મન મેં પ્રસન્ન હોત હૈં.’’ ક્યારેક શ્રીસ્વામિનીજીને કહે છે, ‘‘જો તુમકો વેગી મૈયા ને બુલાઈ હૈં સુંદર આભૂષણ વસ્ત્ર દેઈંગી.’’ આ પ્રકારે બધુ ભુલી જઈ લલિતાજી સહિત બધી સખીઓ શ્રીયશોદાજીના ઘરે પધારે છે ત્યાં બાગમાં અનેક પ્રકારનો હાસ્ય વિનોદ કરતા રહે છે. કારણ કે આ હોરીના દિવસો છે તેથી કંઈક નિર્લજ્જતાઈ છે. ક્યાંક કુંજમાં બેસીને નાના પ્રકારની વિહાર લીલા પણ કરે છે. બધાના મનને હરિલે છે. આ પ્રકારે બધા વ્રજભક્તોને હોરીમાં સુખ આપે છે. આ હોરીના દિવસોમાં રાત-દિવસ આ એક જ પરમ રસ છે.

# ॥ બની આયો રે છેલા હોરી કો ॥



## ॥ વિપ્રલીલા ॥

બીજી ઘણી લીલા **કરે છે.** જેમ કે યજ્ઞોપવિત ધારણ કરી ચન્દનનું તિલક લગાવી, ધોતી ઉપરણા પહેરીને, પાવડી પહેરી, તુલસીની માલા ગળામાં ધારણ કરી, એક સુમરની હાથમાં લઈ અને પુસ્તક બગલમાં દબાવીને બ્રાહ્મણનો વેષ ધારણ કરી વ્રજમાં કૌતુક જોવાને માટે પધારે છે. આ પ્રકારે શ્રીવૃષભાનજીની પોળમાં પધાર્યા. અહીંની રીત એવી હતી **કે** જે કોઈ બ્રાહ્મણ શ્રીવૃષભાનજીની પોળમાં કોઈની રોક-ટોક વગર આવી શકતો. ત્યાં આપ શ્રીકીરતી રાણીની પોળ છોડીને, શ્રીસ્વામિનીજી ઘણા મનોરથો વિચારિને સખીઓની સાથે શ્રીઠાકુરજીને મળવાનો વિચાર કરતી હતી. ત્યાં વિપ્ર વેષમાં પધાર્યા. જેમનો વિપ્રવેષ જોઈને શ્રીસ્વામિનીજી સખીઓની સાથે પગે લાગ્યા અને ઉંચુ આસન પાથરી તેની ઉપર બેસાડી, ધૂપ, દીપ, નૈવેદ્યથી પૂજન કર્યું. ત્યારે લલિતા બોલ્યા, ‘‘જો વિપ્રજી તુમારો વેષ તો બડો સુંદર હૈ, કછુ ગુણ હૂ તુમારે મેં હૈં ? બડી બડી પૌથીમાલા લીયે ભયો હો.’’ ત્યારે શ્રીઠાકુરજી બોલ્યા, ‘‘જો મેરે મેં સબરે ગુણ હૈ, જો તુમ કહો સોઈ સિદ્ધ કરી દિખાઉં.’’ ત્યારે લલિતાજીએ કહ્યું, ‘‘એક દો ગુણ તો તુમ અપને કહોં.’’ ત્યારે શ્રી ઠાકુરજી બોલ્યા, ‘‘જો પ્રથમ તો મોમેં યહ ગુન હૈ, કી જા કાહુકૂ વસ્તુ કી આકાંક્ષા હોય સો વાકૂ તુરંત મિલાય દેઉં, ઔર કાહૂ કો મન કહૂં જાયેવો કો હોય તાકૂં તહાં એક ક્ષણ મેં લે જાઊં, ઔર કોહૂ જાનેહૂ નાંહિ, ઔર તીનો કાલ કી બાત બતાઈ દેઉં.’’ ત્યારે શ્રીસ્વામિનીજી બોલ્યા, ‘‘જો હમકો તો તીન્યોં કાલની બાત બતાય દેઉં, હમ કહા હતે ? અબ હમ કહા કરત હૈ ? ઔર આગે કહા હોઈગો ? યહ બાત બતાઓ તો સાંચે બ્રાહ્મણ હો.’’

ત્યારે શ્રીઠાકુરજીએ કહ્યું, ‘‘જો પહલે તો તુમ શ્રી નંદરાયજી કે પૂત સોં સગરી મિલી વિચાર કરત હો. ઓર આગેં વાહી સમારે સૂં મિલન કો સગરી વિચાર કરત હો, ઓર આગે વહ હી કૃષ્ણ તુમકો મિલેગો.’’ આવુ સાંભળીને શ્રીસ્વામિનીજી થોડા સરમાયા અને મનમાં ઘણા પ્રસન્ન થયા. વિપ્રની પાસે આવી ચરણ પકડીને ફરી પૂછવા લાગી, ‘‘હે પંડિત ! તુમ બડે જ્ઞાની હો. કહો હમારી પ્રીતિસો શ્રીનંદરાયજી કે પુત્રસોં સો લગી હૈ. પરંતુ વાકૂ સબ કારો કપટી કહત હૈ. સો વો સાંચી પ્રીતિ હમ પર રાખત હૈ કી નાંય ? સો કહો,’’ ત્યારે શ્રીસ્વામિનીજીએ ઘણા પ્રકારના વસ્ત્ર પહેરાવી સામગ્રી આરોગાવી અને ફરીથી પૂછ્યું, ‘‘જો અબ શ્રીકૃષ્ણજી કબ મિલેંગે ?’’ ત્યારે શ્રીઠાકુરજી એ કહ્યું, ‘‘જો અબ હી સૈયા મંદિર મેં ચાલો અબ હી મિલાય દેઉં.’’ ત્યાં શૈયા મંદિરમાં પધારિને બ્રાહ્મનો વેષ ઉતારીને ઘણા (નાના) પ્રકારની લીલા કરી, બધા જ વ્રજભક્તોને આનંદ આપ્યો.



## ॥ મનિહાર લીલા ॥

આ પ્રકારે શ્રીઠાકુરજી વ્રજમાં લીલા કરે છે. ક્યારેક મનિહાર (ચૂડી-બંગડી વેચવાવાળો)નો વેષ ધારણ કરી, ઘણા બધા પ્રકારની ચૂડી રંગ-બેરંગી લઈને વૃષભાનપુરાની ગલીઓમાં મોટેથી અવાજ કાઢી ફરી રહ્યા છે અને નવ કુમારિકા વ્રજભક્તોને પહેરાવે છે. જ્યાં શ્રીસ્વામિનીજીની સખી સાંભળીને શ્રીકીરતિરાણીને કહે છે, ‘‘જો ચૂરી બારો આયો હૈ, તુમારી બેટી કી પુરાની ચૂરી હૈં ગઈ હૈ, સો નઈ પહિરાય દેઉં,’’ ત્યારે કીરતીરાણીજી કહે છે, ‘‘બુલાય લાવો,’’ ત્યારે પછી અંદર જઈને નાની-નાની ચૂરી શ્રીસ્વામિનીજીને લાવીને બતાવી ત્યારે શ્રીકીરતીજી પોતાની ગોદમાં લઈને પહેરાવવા લાગ્યા. શ્રીસ્વામિનીજીને શ્રીઠાકુરજીએ આંખોના સેનથી સમજાવ્યું. ત્યારે શ્રીસ્વામિનીજી બાલ ભાવ કરીને રડતા રડતા કહેવા લાગ્યા, ‘‘જો મૈયા મૈં ચૂરી નાંહિ પહરુંગી, મેરો હાથ દુખેગો, તાતે હે લલિતા તૂ મૈયા કૂં સમઝાઈ,’’ ત્યારે લલિતાજીએ કીરતીજીને કહ્યું, ‘‘જો યહ તુમારે પાસ ચૂરી નાંહિ પહિરેગી,’’ ત્યારે કીરતીજી એ કહ્યું, ‘‘જો હે લલિતા ! તૂ પાસ બૈઠીકે, કિબાર લગાઈ કેં ચૂરી પહિરવાઈયો, કોઈ આવે નાહિ,’’ ત્યારે લલિતાજી દરવાજો બંધ કરીને શ્રીસ્વામિનીજીને લઈને બેસી, ત્યારે શ્રીઠાકુરજી ચૂડી પહેરાવવા લાગ્યા અને ઘણા ભાવ શ્રીહસ્તથી કરવા લાગ્યા. ત્યારે કામની ઉત્પત્તિ થઈ. ત્યારે લલિતાજીને શ્રીસ્વામિનીજીએ કહ્યું, ‘‘જો યહ ચૂરી પહિરાવત હૈ, સો તો નંદકુમાર હૈ, તૂ કિબાર ખોલિકેં બહીર બૈઠિ.’’ ત્યારે લલિતાજી દરવાજો ખોલીને બહાર આવી ત્યારે બંને સ્વરૂપ ઘણા પ્રકારની લીલા કરી. ભાત ભાતની ચૂરી પહેરાવીને પછી વિદાય લઈને ઘર પધાર્યા.

# ॥ બની આયો રે છેલા હોરી કો ॥



## ॥ દાન લીલા ॥

ક્યારેક દાનના બહાને દાનઘાટી શ્રીગિરિરાજ ઉપર સખાઓની સાથે આપ બેઠા હતા, દધિનું દાન માગે છે. ક્યારેક સાંકરીખોર વગેરે જગ્યાએ વ્રજભક્તો પણ દાનનું બહાનું કરીને સુમધુર મિષ્ટાન ગોરસ લઈને અનેક ભાવ સાથે ત્યાં ભેગા મળીને શ્રીકૃષ્ણલીલા ગાન કરતા પધાર્યા છે. ત્યારે સાંકળીખોરમાં બધી સખીઓ આવી. ત્યારે ચારે બાજુએથી શ્રીઠાકુરજી આંટાવાળો ફેંટો બાંધીને સખાઓ સહિત પીતામ્બર પહેરી, વૈજ્યન્તીમાલા ધારણ કરી. ચરણારવિંદમાં ખડાઉ ધારણ કરી, મસ્તક પર મોર ચન્દ્રિકા, મકરાકૃત કુન્ડલ, કપોલન ઉપર ઝલકી રહ્યા છે. શ્રીહસ્તમાં લકુટી-મુરલી છે. મારગમાં લાકડી આડી કરીને શ્રીસ્વામિનીજી, શ્રીચંદ્રાવલીજી વગેરેને રોક્યા અને શ્રીમુખથી કહ્યું, ‘‘હમારો દાન દિયે બીના સદા નિકસિ જાતિ હો, સો આજ સગરે દિનકો માંગત હો.’’ ત્યારે શ્રીઠાકુરજી કહે, ‘‘ જો શ્રીનંદરાયજી વ્રજ કે રાજા હૈ સો હમકો સગરે વ્રજ કો રાજ દીયો હૈ.’’ આ સાંભળીને બધી સખીઓ હસવાલાગી અને કહ્યું, ‘‘વહ હી નન્દ જો હમારે બનકી ધાસન કી રખવારી કો રાખે હૈ, કંસ કે ડરકે મારે નન્દ યશોદાહુ આઈ હમારે પિતા કી છાંહ બસે હૈ તિનકે હી તુમ પૂત હો, સો યહ તો કુલ કી રીત હૈ, તિનકો પાલન કરિયે જો તનક બઢાઈ પાઈ કેં માથે ચઢેં તાતે બહોત ઢિઠાઈ સો મતિ બોલો.’’ ત્યારે શ્રીઠાકુરજીએ કહ્યું, ‘‘જો સૂધે દાન દેઈકે, પાછેં જાય પુકારીયોં, યહાં વન મેં બોલોગી તો સબકે આભૂષણ વસ્ત્રાદી ભલી-ભાંતિ સૂ લુટી લેઈંગે, ઓર જા કંસ કો જોર જતાવત હો સો આપુહી મરિ રહ્યો હૈં, કછુક દિન ઔર જીવેગો.’’ આ સાંભળીને શ્રીસ્વામિનીજીએ હસીને કહ્યું, ‘‘જો અબ કંસ કો ગારી દેત હો ઔર અર્ધરાત્રી કો ભાજે ડોલો હો, ઈતનો બલ દિખાવત હો ઔર મહાવન તે ભાજી કે શ્રીગિરિરાજ કી કંદરા મેં છિપે ફરિત હો, તનક દહી-માખન કે લિએ ઘર મેં ચોરી કરત ફિરત હો, એસી તુમારી બઢાઈ હૈ,’’ ત્યારે શ્રીચન્દ્રાવલીજી બોલી, ‘‘જો અબ જાન દેઉ, હમ અબ કહા કિરાનો માલ લૈકે જાત હૈ, સો તુમ દાન માંગત હો,’’ ત્યારે શ્રીઠાકુરજી બોલ્યા, ‘‘જો તુમારે પાસ માલ ઈતનોં હૈ ઈતનોં કાહૂ કે નાહિં તુમારે પાસ જો હે સબ હમારે લાયક હૈ, સો હમ લૈકે જાન દેહિંગે,’’ ત્યારે શ્રીસ્વામિનીજી બોલ્યા, ‘‘જો તુમ બોહોત ઢીટ હોઈકે બોલત હોં, હમારે આભૂષણ કી ઔર મન રાખત હો, સો હમારે એક નગ કો એસો મોલ હૈ, જો સબ ગાય નન્દલાય કી વૈભવ એક ઠૌર કરોગે તો હૂઁ પૂરો નાહીં પરેગોં તાતે જૈસો તુમારે માં-બાપ જા રીતિ સોં ચલે હૈ, તાહી રીતિ સો તૂમહૂ ચલો. ઔર જો તુમ ભૂખે ભએ હોઉ ? તો વિનતી કરિકેં માંગો તો હમ કહેં સો કરો તુમ કો થોરો સો દહી દે દેંહિ,’’ ત્યારે શ્રીઠાકુરજી કહે છે, ‘‘જો મોકો ભૂખ બોહત લાગી હૈ તુમ કહો સો કરેં.’’ ત્યારે લલિતાજીએ કહ્યું, ‘‘જો હમારી પ્યારી જૂ કે આગેં નૌતન નાંચ નટ કી નાંઈ, નાંચો તો હમ તુમ કો દેંહિ,’’ ત્યારે શ્રીઠાકુરજીએ અનેક તાન-તરંગ પૂર્વક નૃત્ય કરીને બધાને મોહિત કર્યા. ક્યારેક સુતા-સુતા દહીં-દૂધ પીએ છે. ત્યારે શ્રીસ્વામિનીજી, શ્રીચંદ્રાવલીજી સહિત ઘણા પ્રકારની સામગ્રી આરોગાવીને સંગના બધા સખાઓને દૂધનું ભોજન આપે છે. અહીં શ્રીઠાકુરજી બધી સ્વામિનીની સાથે નાના પ્રકારની વિહાર લીલા કરવા લાગ્યા, વગેરે ભાવ દાન કરવાનો જ વિચારવો.

# ॥ બની આયો રે છેલા હોરી કો ॥



## ॥ ગુપ્ત લીલા ॥

આ પ્રાકરે હોરી વસંત ખેલી રહ્યા છે. ક્યારેક હોરીમાં શ્રીઠાકુરજી આ લીલા કરે છે. જે ગોપના ઘરમાં અડધી રાતે સંતાઈને વ્રજમાં પધારે છે. ત્યાં વ્રજભક્ત પરમ ચતુરાઈથી ગુપ્ત અનેક વેષ પહેરીને, દિપક બંધ (બુઝાવી) કરી બીજા ઘરમાં શયન કરી શ્રીઠાકુરજીના મિલનનું સ્મરણ કરે છે. તેથી શ્રીઠાકુરજી ભક્તોને મળવા માટે પાછળથી ઘરમાં આવી દરવાજો ખોલી જે પહેલા દિવસે ભક્ત કહી રાખે છે કે આ જગ્યાએ ચાવી રાખી છે. બહારથી ખોલીને આવજો. જે શ્રીઠાકુરજી ચાવીથી ધીમે રહીને દરવાજો ખોલીને, દરવાજો બંધ કરી ભક્તોની પાસે પધારે છે. જ્યાં ભક્ત ભરી નિદ્રામાં સૂતો છે. ત્યારે શ્રીઠાકુરજી ભક્તના પગનો અંગૂઠો મરોડીને જગાવે છે ત્યારે ભક્ત ચમકીને મધુર વચન કહે છે, ''જો કૌન હૈ ?'' ત્યારે શ્રીઠાકુરજી કહે છે, ''જો ચૂપ હોય રહોં યહ તો મૈ હી હોં.'' આવી શ્રીઠાકુરજીની મધુરવાણી ઘણી જ પ્યારી ભક્તોને લાગી. આથી આખુ અંગ શીતલ થઈ ગયું. ત્યારે શ્રીઠાકુરજીએ પોતાની ગોદમાં બેસાડીને ઘણા પ્રકારની લીલા કરી હૃદયના તાપનું નિવારણ કર્યું. જ્યારે સવાર થવા આવ્યું ત્યારે શ્રીઠાકુરજી ભક્તના ઘરથી નિકળીને પાછળથી આવી નિજ મંદિરમાં પોઢયા. બીજા ઘણા પ્રકારથી ખેલે છે.

## ॥ નાયન લીલા ॥

ક્યારેક કાજળ, મહેંદી લગાવી, લેંહગા ફરિયા ચોલી પહેરીને નાયન (કાંસકા-મહેંદી-કાજર વેચવાવાળી)નો વેષ ધારણ કરી કાંસકા-મહાવર લઈ વૃષભાનપુરામાં જઈને, મનિહારીનની જેવી લીલા કરી શ્રીસ્વામિનીજીના વાળ સરસરીતે ઓળીને મહાવર (એક પ્રકારનો લાલરંગ) ચરણમાં લગાવીને નાના પ્રકારના વિહાર કર્યો. આ પ્રકારની ભાવના કરવી.

# स्वामी खेलो बसंत



अब श्रीआचार्यजी महाप्रभुन के सेवक, सेठ पुरुषोत्तमदास के **बेटा गोपालदास**, तिनकी वार्ता को भाव कहत है -

**भावप्रकाश :** सेठ पुरुषोत्तमदास लीला में इन्दुलेखा श्रीस्वामिनीजी की सखी हैं, ताकी सखी गायनकला सो ये हैं । व्रजभक्तन को विरह संयुक्त गायन तिनकी कला गोपालदास में झलकत है । यह कहि यह जताए, जो-गोपालदास विरह में सदा मगन रहतें ।

**वार्ता - प्रसंग १ :** सो गोपालदास सों श्रीमदनमोहनजी सानुभाव हते, सो जो चहिए सो मांगि लेते । ऐसे सदैव कृपा करते । और गोपालदास कीर्तन बहुत करते । सो एक समय होरी के दिनन में गोपालदास कों बहोत विरह भयो । होरी के भाव संयोग रस की विस्मृति ह्वे गई । तब नित्य जैसें ब्रजभक्त वेणुगीत जुगलगीत गावत हैं, ता भावसों दोइ कीर्तन ललना कहिकें गाये ।

**भावप्रकाश :** सो ललना को अर्थ यह, जो-ब्रज की ललना या प्रकार विरह में गान करति हैं ।

सो ललना गावत ही श्रीठाकुरजी लीला सहित दरसन दिये तब गोपालदास बलिहारी लिये । तातें गाये, जो - ''मदनमोहन के बारनें बलि बलि दास गोपाल ।'' (वार्ता - ६)

# स्वामी खेलो बसंत



अब श्रीआचार्यजी महाप्रभुन के सेवक, **हरिवंस पाठक** सारस्वत ब्राह्मन कासी के, तिनकी वार्ता को भाव कहत हैं -

**भावप्रकाश :** ए लीला में गति उत्तालिका विसाखाजी की सखी हैं । सगरी सेवा तत्काल सामग्री सिद्ध करत हैं । तातें इनकी चाल, इनकी क्रिया, उतावली, सों बेग करत हैं । तातें बिसाखाजी इन पर बहोत प्रसन्न रहते ।

**वार्ता प्रसंग १ :** सो एक समय हरिवंस पाठक पटना ब्यौहार कों गये हते । सो पटना के हाकिम सों बहोत मिलाप हतो । सो वह हाकिम मनमें अपने में जाने, जो-ए कछू मांगे तो मैं इनकों देंऊं । सो एक दिन उह हाकिम ने कही, मैं तुम ऊपर बहुत प्रसन्न हों, तातें तुम जो-कछु मांगो सो मैं देहुं । तब हरिवंस पाठक ने कही, कोई दिन कछू काम परैगो तो कहूँगो । सो ऐसे करत डोल उत्सव के दिन निकट आये । तब श्रीठाकुरजी ने हरिवंस पाठक सों जताई, जो-तू डोल मोकों न झुलावेगो ? तब हरिवंस पाठक मनमें विचारे, अब कहा करिये ? दिन थोरे रहे, चले सो तो न पहोंचिये । तब वह हाकिम पास गये और कहें, कछू मांगत हैं, सो मोकों दियो चाहिए । तब वह हाकिम ने कही, जो-चाहो सो मांगो । तब हरिवंस ने कही, जो-मोको दिन ३ में कासी पहोंच्यो चाहिए । तब वह हाकिम ने घोड़ा और मनुष्य साथ दिये । सो मजलि-मजलि पर घोड़ा की डाक पर चले जाई, घोड़ा मनुष्य पलटत जाई । सो ऐसे करत दूसरे दिन आइ पहोंचे । रात्रि कों सब डोल की तैयारी सिद्ध करि राखी, दूसरे दिन झूलाए, बडो सुख भयो । पाछे दिन दस-पन्द्रह रहिके पटना आये । तब वह हाकिम ने हरिवंस पाठक सों पूछी, ऐसो घर में कहा जरूरी काम हतो ? जो-यह मांग्यो । कछू द्रव्यादिक मांगते, तो लाख रुपैये की रीझि देतो । तब हरिवंस पाठक ने कही, जो-हम गृहस्थ हैं । अनेक काम घर के हैं । सो गयो हतो । या प्रकार अपनो धर्म गोप्य राखे । ऐसे भगवगीय हे । ता पाछे बड़े उत्सव, छोटे उत्सव, सगरे घर आइ के करते । (वार्ता - १०)

# स्वामी खेलो बसंत



अब श्रीआचार्यजी महाप्रभुन के सेवक, **वासुदेव छकड़ा**, सारस्वत ब्राह्मन, सिंहनंद के वासी, तिनकी वार्ता को भाव कहत हैं-

**वार्ता प्रसंग ३** - और एक समय, श्रीगुसांईजी श्रीमथुरा में बिराजत हते । सो श्रीठाकुरजी सों राजभोग सों पहोंचि आप भोजन करि बैठक में पधारे । तब आगरे में रूपचन्दनन्दा श्रीगुसांईजी के सेवक हैं, तिनकों श्रीगुसांईजी पत्र लिखें । तामें बसंतपञ्चमी की सामग्री मँगाए । पाछें वासुदेवदास कों बुलाई कें, पत्र देके श्रीगुसांईजी कहे, जो-इतनी सामग्री आगरे तें रूपचन्दनन्दा सों लेके सांझ तांइ आइ रहियो । और एक टोकरा महाप्रसाद मँगाइ, एक चादर की झोली बनाई, वासुदेवदास के गरे में डारि महाप्रसाद तामें भराये । सो आगरे में जाइ के रूपचन्दनन्दा के घर गए । तब रूपचन्दनन्दा श्रीगुसांईजी को पत्र माथे चढ़ाई, बांचि के अपने भाई सों कहै, जो-घर में जितनो अनसखड़ी महाप्रसाद होय सो सबेक टोकरा में ले ''छारछू'' दरवाजे जाई बैठियो, मैं बजार में होइ आवत हों । तब रूपचन्दनन्दा वासुदेवदास कों बजार में आई बसंत लायक सुन्दर वस्त्र आदि सामग्री लेके देन लागे । तब वासुदेवदास ने कही, मेरो हाथ प्रसादी है, तातें तुम मेरी पीठि सों बांधी देऊ । तब रूपचन्दनन्दा वासुदेवदास की पीठि सों सब सामग्री बांधि, पत्र लिखि के दिये । और वासुदेवदास महाप्रसाद लेत आगरे सों चले, सो तीसरे पहर भये श्रीगुसांईजी पोढ़िउठि के मुख धोइके गादी पर बिराजे हते, ताही समय वासुदेवदास आय ठाड़े भये । पाछें श्रीगुसांईजी सों बिनती किये, जो महाराज ! मेरो हाथ प्रसादी है, और सामग्री मेरे पीठि पर बंधी हैं । तब श्रीगुसांईजी प्रसन्न होइ आपु उठि के वासुदेवदास की पीठि सों सामग्री खोलि लिये । पाछे रूपचन्दनन्दा को पत्र ले बांचि के श्रीगुसांईजी प्रसन्न भये । पाछें सगरी सामग्री श्रीगुसांईजी सिद्ध करि राखे । सबेरे बसन्तपञ्चमी हती, सो उत्सव किये । वासुदेवदास कों दरसन कराये । सो वासुदेवदास सेवा में या प्रकार तत्पर रहते । (वार्ता - ३८)

# स्वामी खेलो बसंत



श्रीगुसांईजी के सेवक पद्मारावल के बेटा **कृष्ण भट** साँचोरा ब्राह्मन, उज्जैनि के वासी, तिनकी वार्ता कौ भाव कहत हैं -

**भावप्रकाश** : सो कृष्ण भट्ट सात्विक भक्त हैं । लीला मैं इन कौ नाम 'रसबिलासिनी' है । ये ललिताजी तें प्रगटी हैं, तातें इन के भाव रूप हैं । सो 'रसरिलासिनी' श्रीचंद्रावलीजू की अंतरंग सखी हैं । तातें श्रीचंद्रावलीजी आपुनी रहस्य एकांत वार्ता इन तें कहति हैं । ता रस कौ ये बिलास करति हैं । और निज सखी-सहचरीन कों हू (वाकौ) अनुभव करावति हैं । या प्रकार ये रस कौ प्रकाश हू करति हैं ।

**वार्ता प्रसंग - ९** : और एक समै वसंत-पंचमी के दिन थौरी सी चतुर्थी हती । सो कृष्ण भट्ट ने जानी नाहीं । सो उज्जैनी में वा दिन इन कृष्ण भट्ट ने अपने घर श्रीठाकुरजी कों वसंत-पंचमी कौ मंडान कर्‍यो । सो वा समै राजभोग सराइ अपने श्रीठाकुरजी कों कृष्ण भट्ट वसंत खिलावत हते । तब श्रीनाथजीद्वार में श्रीगोवर्धन पर्वत उपर वा समै श्रीनाथजी कौ राजभोग सराइ के श्रीगुसांईजी श्रीनाथजी कों बीरा आरोगावत हते । तब तहां श्रीनाथजी ने रामदासजी भीतरिया कों वसंत खेल के दरसन दिए । तब रामदासजी भीतरिया ने श्रीगुसांईजी सों बिनती करी, जो-महाराज ! आज श्रीनाथजी वसंत कौन के घर खेले हैं ? तब श्रीगुसांईजी ने रामदासजी भीतरिया सों कही, जो - आज वसंत श्रीनाथजी उज्जैनी में कृष्ण भट्ट के घर खेले हैं । ता पाछें केतेक दिन कों कृष्ण भट्ट उज्जैनी तें श्रीगोकुल आइ श्रीगुसांईजी के दरसन करि दंडवत् करि आगें बैठे । श्रीगुसांईजी कृष्ण भट्ट सों पूछे, - जो कृष्ण भट्ट अब तुम वसंत-पंचमी कौनसे वार करी हती ? तब कृष्ण भट्ट ने श्रीगुसांईजी सों बिनती करी, जो-महाराज ! अमूके वार के दिन वसंत-पंचमी करी हती । तब श्रीगुसांईजी ने कृष्ण भट्ट सों कही, जो-वा दिन तो उदियात् थौरी चतुर्थी हती । ता दिन तुम अपने घर वसंत श्रीठाकुरजी कों खिलाए ।सो तुम्हारे घर श्रीनाथजी पधारि कै वसंत खेले । सो ह्यां राजभोग सरावत में मोकों श्रीनाथजी जनाए और रामदास भीतरिया कों दरसन दीने । तब रामदासजी आगें तुम्हारो नाम बताए । सो समाचार आज मिलै । तासों तुम तिथि बिचारि कै उत्सव कर्‍यो करो ।

**भावप्रकाश** : क्यों ? जो-श्रीआचार्यजी ने सेवा में सास्त्रन की मर्याद हू राखी है । सो श्रीप्रभुन के उच्छव आदि आछै सुद्ध दिन घरी नक्षत्र देखि कै करने । काहेतें, जो-श्री गोवर्धननातजी आपु उत्तम वस्तु के भोक्ता हैं ।

और वसंत खेल में श्रीप्रभु सों रह्यो जात नाहीं । तातें श्रीआचार्यजी कौ संबंध है तहां दोरि कै जात हैं । सो श्रीगुसांईजी यह दिखाए, जो-वा दिन श्रीनाथजी कों उज्जैनि पर्यंत पधारनो पर्‍यो । तासों प्रभुन कों श्रम भयो ।

और यहू जताए, जो - स्नेह सहित जो सेवा करत हैं, ताकि सेवा निश्चय करि कै श्रीनाथजी आप अंगीकार करत हैं ।

तब कृष्ण भट्ट ने श्रीगुसांईजी सों कह्यो, जो-महाराज ! अब के तो मैं बिना जाने कियो । अब या प्रकार न करूंगो । तासों अब ते तिथि बिचारि कै कर्‍यो करूंगो । ता पाछें श्रीगुसांईजी प्रति वर्ष तिथि-पत्र में सों उत्सव लिखि कै कृष्ण भट्ट के घर पठावते। ता प्रमान कृष्ण भट्ट अपने घर उज्जैनि में उत्सव करते । (वार्ता - २)

# स्वामी खेलो बसंत



વસંતના એક પદ જેમાં કૃષ્ણદાસજી હોરી ખેલનું દર્શન કરે છે. ''શ્રીગુસાંઈજી બાલકો અને અષ્ટસખાઓ સહિત હોરી ખેલે છે.''

खेलत बसन्त विठ्ठलेशराय । निज सेवक सुख देखे आय ।
श्रीगिरधर राज बुलाय । श्रीगोविन्दराय पिचकारी लाय ।
श्रीबालकृष्ण छवि कहिं न जाय । श्रीगोकुलनाथ लीला दिखाय ।
श्रीरघुनाथ अरगजा अंग लगाय । धनश्याम धाम फेंटन भराय ।
सब बालक खेलत एक दाय । तहाँ सूरदास नाचत हैं आय ।
परमानन्द ढोरे गुलाल लाय । चत्रभुज केशर माहन भराय ।
छीतस्वामी बूका फेंकत हैं आय । नन्ददास निरखें छबि कहि न जाय ।
गावे कुम्भनदास वीणा बजाय । सब बालक गोविन्द गिरि कैं धाय ।
कोउ नाचत देह की दसा भुलाय । सब बालक हो हो बोलत आय ।
उड्यो अबीर गुलाल धूमर मचाय । पिचकारी इत उत छिरके बनाय ।
कोउ फेंकत फूलन अपने भाय । कोउ चोबा ले छिरके बनाय ।
बाजे ताल मृदंग उपंग भाय । विच बाजत मुँहचंग मुरली गाय ।
सब बालक भीने रंग चुवाय । गोकुल घर घर सुखहिं छाय ।
शोभा कहा कहों कहि बनाय । यह सुख सेवक हि देखे आय ।
सुरगन कुसुमन तंह बरखे आय । तहाँ कृष्णदास बलिहारी जाय ।

# स्वामी खेलो बसंत

आब श्रीगुसांईजी कौ सेवक **एक रावल कौ ब्रजबासी**, तिनकी वार्ता कौ भाव कहत है -

**भावप्रकाश :** ये तामस भक्त हैं । लीला में इनकौ नाम 'मनोहर' गोप है । ये 'वनवेदी' तें प्रगट्यो है, तातें उनके भावरूप है ।

**वार्ता प्रसंग - १ :** सो एक दिन वह श्रीगोकुल आयो । तब आय कै श्रीगुसांईजी के दरसन किए । पाछें बिनती करी, जो-महाराज ! मोकों कृपा करि कै नाम सुनाइए । तब आपने कृपा करि कै नाम सुनायो । पाछें आपने पूछी, जो-तू रावल में ही रहत है कहा ? तब वा ब्रजवासी ने कही, जो-महाराज ! मैं तो रावल ही में रहत हूं । तब आपने कही, जो-तू कहा काम करत है ? तब याने कही, जो-महाराज ! मैं तो सब गाम की गाय चरायवे कों जात हूं । तब आपने कही, जो-आछौ, कोई-कोई दिन आयवो करि । तब वा ब्रजवासी ने कही, जो-महाराज ! अब मैं आपको सेवक भयो । सो नित्य तो मोसों न बने परि कोई-कोई दिन आयवो करूंगो । तब आपने आज्ञा दीनी, जो-अब तू जा । तब वह रावल गयो । सो रावल गयो । सो रावल जाय कै नित्य गाय चरायवे कों जाय । सो एक समै फागुन के दिन हते । सो गाय दूरि 'चिंताहरन' तांई चरावत हतो । और बन में फिरत हतो । तहां गुलाल बरस्यो हतो । सो गुलाल-अबीर-चोवा सब के याकों दरसन भए । सो देखत देखत आगें चल्यो । तब एक रत्नजटित पिचकाई पाई । सो दंडवत् करि हाथ में लीनी । पाछें देखि कै कह्यो, जो-यह तो श्रीगुसांईजी के श्रीहस्त में देऊंगो । सो वह गुलाल-अबीर हू रंच लियो । पाछें दंडवत् करि कै रावल आयो । सो रावल आय, गाय सब अपने-अपने घर पहोंचाय, पाछें श्रीगोकुल आयो । तब श्रीगुसांईजी आप को दंडवत् करी । तब दंडवत् करि कै बिनती करी, जो-महाराज ! मैं 'चिंताहरन' गाय चरावत हुतो । तहां में दूरि निकसी गयो । तहां गुलाल बोहोत बरस्यो । और अबीर-चोवा चंदन सब देख्यो । तब महाराज ! मैं दंडवत् करि वस्त्र रंग ल्याओ । और कछू गुलाल ल्यायो । सो श्रीगुसांईजी कों दिखायो ! वह वस्त्र दिखायो । और वह पिचकाई आप के श्रीहस्त में दीनी । तब आप दरसन करि कै बोहोत प्रसन्न भए । और वा ब्रजवासी सों कही, जो-चलि, हम कों दिखाउ । तब उन कह्यो, जो - महाराज ! पधारिये । तब आप घोड़ा ऊपर असवार होइ कै पधारे । सो ब्रजबासी आगें और आप को घोड़ा पाछें । सो जहां वह गुलाल बरस्यो हतो तहां ब्रजबासी ठाढ़ो होंइ रह्यो । तहां आप पधारे । सो आप पधारि कै सब देखें । सो जहां गुलाल-अबीर बरस्यो हतो सोऊ देख्यो । तब दरसन करि कै आप वामें लोटि गए । पाछें कछू अबीर गुलाल ल्याए । कछू वस्त्र रंग ल्याए । पाछें आप श्रीगोकुल पधारे । तब रात्रि को अपनी बैठक में आय कै कथा बांची । तब वा ब्रजबासी ने सुनी । पाछें कथा होंइ चुकी तब श्रीगुसांईजी के आगें आय कै दंडवत् कियो । तब आपने आज्ञा करी, जो-अब तू रावल मति जाय । (वार्ता - १८२)

# स्वामी खेलो बसंत



अब श्रीगुसांईजी के सेवक **हृषिकेस क्षत्री**, आगरा में रहते, तिनकी वार्ता कौ भाव कहत हैं -

**भावप्रकाश -** ये राजस भक्त हैं । लीला में इन कौ नाम 'मनआतुरी' है । ये 'सुमन्दिरा' तें प्रगटी हैं । तातें उनके भावरूप हैं ।

**वार्ता प्रसंग -** सो श्रीगुसांईजी बसंतपंचमी के दिन इहां श्रीनवनीतप्रियजी कों खिलाय कै पाछें श्रीजीद्वार पधारे । सो उत्थापन की झारी भरे । तब हृषिकेस संग गये । सो श्रीनाथजीद्वार श्रीगुसांईजी होरीदांडा रोपनी तहां किये । पाछें पून्यो के दिन उत्थापन समै श्रीगोकुल पधारे । सो आठ दिन तांई होरी के, फेर श्रीनवनीतप्रियजी कों खिलाए । तब हृषिकेस श्रीगोकुल रहे । पाछें आठें दिन फागुन वदि ८ कों श्रीगुसांईजी श्रीजीद्वार पधारे । तब उत्थापन की झारी भरे । सो डोल तांई श्रीगुसांईजी श्रीजीद्वार रहे । सो एक दिन हृषिकेस ने यह धमार गाई, कल्यान राग में । सो धमारि -

राग : कल्यान
ब्रजराज लडेंतो गाइये, बल मोहन जाकौ नाम हो । खेलत फाग सुहावनो, रंग भींज रह्यो सब गाम हो ।।१।।
ताल पखावज बाजहिं हो, डफ सहनाई भेरि हो । श्रवन सुनत सब ब्रजबधु हो, झूंडन आई घेरी हो ।।२।।
इतहिं गोप सब राज ही हो, उत सब गोकुल नारि हो । अति मीठी मन भामती हो, देति परस्पर गारि हो ।।३।।
चोवा चंदन छिरक रही हो, डारत अबीर गुलाल हो । मुदित परस्पर खेल ही हो, हो हो हो बोलत ग्वाल हो ।।४।।
घेरि सखी मोहन गहि आने, प्यारी पकरे हाथ हो । गोपी भेख बनाइ कै, रुचि बेनी गूंथी माथ हो ।।५।।
बहुरि मतो करि सुंदरी हो, हलधर पकरे जाय हो । नव कुंकुम मुख मांडि कै हो, आए हैं आंखि अंजाय हो ।।६।।
पीताबंर मुख मूंदि कै हो, निरखि हँसि नंदलाल हो । दाऊजी आजु भले बने, कूके दे सब ग्वाल हो ।।७।।
सिमिट सकल ब्रजसुंदरी हो, ब्रजपति पकरे आन हो । भरत सकल ब्रजसुदंरी हो, नेक न राखत कान हो ।।८।।
तब नंदरानी बीच कियो सो, मेवा दियो है मँगाय हो । पट भूखन पहिराय कै हो, 'हृषिकेस' बलि जाय हो ।।९।।

यह धमार हृषिकेस ने गाई । सो सुनि कै श्रीगुसांईजी बोहोत ही प्रसन्न भए । सो श्रीगुसांईजी की कृपा तें हृषिकेस कों यह अनुभव भयो । पाछें डोल उत्सव ताई श्रीजीद्वार रहे । पाछें श्रीगुसांईजी गोकुल पधारे । तब हृषिकेस हू श्रीगोकुल आए । पाछें श्रीगुसांईजी सों आज्ञा मांगी, जो - मैं अपने घर जाउं । तब श्रीगुसांईजी प्रसन्न होंइ कै एक गुलाब कौ फूल श्रीनाथजी कौ प्रसादी हृषिकेस कों दियो । तब हृषिकेस फूल ले दंडवत् करि श्रीगोकुल तें चले । सो दूसरे दिन आगरें में अपने घर आये । सो गुलाब कौ फूल हृषिकेस ने अपने जप के साज में राख्यो । नित्य दरसन करि कै उह फूल कों दंडवत् करे । ऐसें करत बोहोत दिन बीते । (वार्ता - १३६)

# स्वामी खेलो बसंत



अब श्रीगुसांईजी के सेवक **आसरकन**, नरार (गढ) के राजा, तिनकी वार्ता कौ भाव कहत हैं -

**भावप्रकाश** - ये राजस भक्त हैं । लीला में इनकौ नाम 'बिकला' है । सो बिकला श्रीदामा सखा की संगिनी हैं । यें 'नागरी' ते प्रगटी हैं, तातें उनके भावरूप हैं ।

**वार्ता प्रसंग - ४ :** और एक बार होरी कै दिन हते । सो आसकरन 'गोपकुआँ' तें 'जसोदा घाट' न्हाइवे कों आवत हते । इतने में रमनरेती में मुरली श्रीठाकुरजी ने बजाई । सो मुरली कौ शब्द आसकरन ने सुन्यो । सो सुनतही न्हाइवोतो भूलि गये । पाछें फेरि 'रमनरेती' गए । तहां जाँय कै देखे तो अलौकिक गोकुल नंदालय की लीला कौ दरसन भयो । सो ब्रजभक्त श्रीठाकुरजी के संग होरी खेलन कों आई हैं । सो बलदेवजी सखा गोप सहित एक ओर हैं । और एक ओर ब्रजभक्त मिलि कै होरी खेलन लागे । तहां तें एक गेल 'रावल' की श्रीस्वामिनीजी के घर की है । ता दिसा श्रीस्वामिनीजी ठाढ़ी हैं । एक गेल बलदेवजी की है । सो अपने संग के सस्त्रधारी बड़े गोप लिये ठाढ़े हैं । एक गेल महावन की है । ता दिसा नंदरायजी जसोदाजी ठाढ़े हैं । एक गेल घोख जहां गांई कौ खरिक है तहां की है । ता दिसा श्रीठाकुरजी अपनी बराबर के सखा लिये ठाढ़े हैं । परस्पर होरी खेलत हैं । सो या प्रकार आसकरन कों लीला सहित दरसन भयो । सो आसकरन कों ऐसो आनंद भयो, जो - देहदसा रही नाहीं । उन्मत्त भए दरसन करन लागे । सो हृदय सों आनंद उमग्यो । तब यह धमार आसकरन ने गाई -

# स्वामी खेलो बसंत

**राग : धनाश्री**

या गोकुल के चौहटें रंगराची ग्वालि । मोहन खेलें फाग, नैन सलोनरी रंगराची ग्वालि० ।।
नरनारीन आनंद भयो ।रंग० । सांवल के अनुराग ।।नैन० ।।१ ।।
दुंदुभी बाजे गहगहे ।रंग० । नगर कोलाहल होंई । नैन०
उमड्यो मानस घोखकौ ।रंग० । भवन रह्यो नहीं कोई ।।नैन० ।।२ ।।
डफ बांसुरी सुहावनी ।रंग० । ताल मृदंग उपंग । नैन०
झांझ झालरी किन्नरी ।रंग० । आवज कर मुख चंग ।।नैन० ।।३ ।।
उतहि समाज गोपाल कौ ।रंग० । बलजुत नंदकुमार । नैन०
रत गोपी नवजोबना ।रंग० । अंबुज लोचन चारु ।।नैन० ।।४ ।।
गारी देति सुहावनी ।रंग० । प्रमुदित गोप कदंब । नैन०
जुवती जूथ एकत्र भए ।रंग० । गावति मदन विडंब ।।नैन० ।।५ ।।
रतन खचित पिचकाईयां ।रंग० । कर लिये गोकुलनाथ ।नैन०
तकि छिरके ता वृंद कों ।रंग० । जे राधा के साथ ।।नैन० ।।६ ।।
केसु कुसुम निचोय कै ।रंग० । भरत परस्पर आनि । नैन०
मृगमद चोव कुमकुमा ।रंग० । चारु चतुर सम सानि ।।नैन० ।।७ ।।
सुरंग गुलाल उडावही ।रंग० । बूका बंदन धूरि । नैन०
चढिविमान सुर देखही ।रंग० । देहदसा गई भूलि ।।नैन० ।।८ ।।
खेल मच्यो अति गहगह्यो ।रंग० । चितवत ब्रजबधू धाय । नैन०
राधा रसिक सिरोमनी ।रंग० । 'आसकरन' बलि जाय ।।नैन० ।।

या प्रकार आसकरन ने गाई । पाछें खेल होइ चुक्यो । श्रीठाकुरजी ब्रजभक्तन सहित श्रीनंदरायजी के घर पधारे । तब आसकरन उहां देखे तो रमनरेती है । और कछू नाहीं । तब आसकरन ब्याकुल होई कै महावन दोरे गए । जो - मैं फेरि लीला देखूं ।

तब आसकरन ने श्रीगुसांईजी सो बिनती करी, जो महाराजधिराज ! मैं प्रात:काल गोपकुआँ की ओर गयो हतो । पाछें तहां ते जसोजा घाट न्हाइवे कों चल्यो । सो मारग में श्रीठाकुरजी की मुरली कौ शब्द सुन्यो । सो मैं रमन रेती में गयो, तहां अलौकिक लीला देखी । आप की कृपा तें होरी के खेल कौ मैं दर्सन पायो । तहां यह धमार गायो । सो जब खेल होइ चुक्यो तब मैं कछु देख्यो नाहीं । पाछें महावन गयो । सगरे ढूंढ्यो । सो फेरि दरसन न भये । यह सुनि कै श्रीगुसांईजी कहे, जो - प्रभु तुम्हारे उपर प्रसन्न होइ कृपा करि कै दरसन दिए हैं । सो इहां नित्य विहार करत हैं । अपने चाहे तें मिले नाहीं । जब आप के मन में होइ तबही दरसन देहि । सो तुम कों फेरि हू दरसन होइंगे । तुम्हारो हृदय सुद्ध है । यह सुनि कै आसकरन ने दंडवत् करि बिनती करी, जो - महाराज ! यह सब आप के चरनकमल कौ प्रताप है । (वार्ता - १ २ ३)



## શ્રીગુસાંઈજીના સેવક : એક સોદાગર આગરાનો (વાર્તા ૨૪૭)

**સેવક કહે :** આયે ખેલ કે દિવસ જબ, ઢંકહિં ચરણ શ્રીનાથ ।
યાકો હૈ કારણ કહા, મોહિં સમઝાવહુ નાથ ।।

**પ્રભુ કહે :** કહ પ્રભુ ખેલ ઈનકે સંગા । જીન વ્રજ ભક્તન પ્રીતિ અભંગા ।।
ચરણ દેખ રહે શીશ ઝુકાઈ । દાસ્ય ભઆવ હિય પ્રકટ કરાઈ ।।
સખ્યભાઈ ઈનકો ન નસાવૈ । તબહિં ખેલ કો આનંદ આવે ।।
યાહી તેં નિજ ચરણ છિપાવૈં । ખેલ આપ આનંદ ન પાવે ।।
યહ સુન સબ અતિહી હર્ષાયે । પ્રભુ ચરણન મેં શીષ નવાયે ।।
એસે કૃપા પાત્ર હરિ કેરે । ઈનકે કથા પ્રસંગ ઘનેરે ।।

**ખેલમાં શ્રીઠાકોરજીના ચરણ ઢાંકવા**

# स्वामी खेलो बसंत



अब श्रीगुसांईजी कौ सेवक **एक विरक्त**, ब्रज में पर्यटन करतो, तिनकी वार्ता कौ भाव कहत है -

**भावप्रकाश :** ये सात्विक भक्त हैं। लीला में इन कौ नाम 'रसिका' है। ये भगवद्रस में सदा मगन रहति हैं। सो रसिका 'कलकंठी' तें प्रगटी हैं, तातें उन के भाव - रूप हैं।

**वार्ता प्रसंग - १ :** सो वह विरक्त एक ठौर व्रज में बैठतो नाहीं। फिर्योई करतो। सो एक दिन चुकटी माँगी कै कोकिला बन में बाटी दारि करत हतो। सो इतने ही उनकों सुधि आई, जो-आजु तो डोल-उत्सव कौ दिन है। तब तो अपने मनमें बोहोत ही खेद करन लाग्यो। जो - देखो ! प्रथम सुधि आवती तो और हू एक दो गाम तें चुकटी माँगि लावतो। तासों चोखा, घी, आनतो। तो आछी भांति रसोइ करि भोग धरतो। परि मोकों अब पाछें सुधि आई है। यों अपने मन में बोहोत ही सोच कर्‍यो। पाछें कह्यो, जो - हों कहा करूं ? जो - प्रभुनकी ईच्छा, भई सो सही। पाछें रसोई करि कै थोरी सी बाटी रहन दीनी। और थोरीसी बाटी (सों)श्रीठाकुरजी कों राजभोग धर्‍यो। पाछें एक कुंज में डोल कौ भाव कर्‍यो। वासों लता इत उत लपटाइ, बांधि, श्रीठाकुरजी कों भोग सराइ, पाछें आप वा कुंज में ठाढ़ो रहि कै, श्रीठाकुरजी कों, दोऊ हाथन की हथेली ताकौ पटुली कौ भाव करे, तामें श्रीठाकुरजी कों डोल झुलाए। सो अति आनंद सों डोल गावन लाग्यो। पाछें भाव ही तें श्रीठाकुरजी कों खिलाए। और बाटी और दारि तीनों समै भोग समर्प्यो। पाछें श्रीठाकुरजी कों अनोसर करवाए।

भावप्रकाश : या वार्ता में य जचायो, जो-वैष्णव कों उत्सव कौ दिन भूलनो नाहीं। वा दिन यथाशक्ति भावपूर्वक ठाकुर कों सामग्री अवस्य करनी। काहेतें ? जो - प्रभु बालक हैं। सो उत्सवन कौ पैंडो देखत हैं। तातें वैष्णवन कों उत्सवन कौ लोप सर्वथा न करनो।

तब श्रीगुसांईजी वा वैष्णव सों कहे, जो - अब कौ तुम डोलोत्सव कौन ठौर कौन प्रकार कर्‍यो ? तब वा वैष्णवन ने अपने मन में जानी, जो - श्रीनवनीतप्रियजी ने प्रभुन कों जनाई तो सही। पाछें याने श्रीगुसांईजी सों बिनती करी, जो - महाराज ! आप तो सर्व जानत ही हो। तातें आप आगें कहा जनावनो ? जो कोई न जानतो होंइ ताकों जनाइये। तब श्रीगुसांईजी वा विरक्त सों कहे, जो - तेरे प्रकार तो जानें ? तब वाने डोलोत्सव कौ सर्व प्रकार कह्यो। तब याके बचन सुनि कै श्रीगुसांईजी कहे, जो - तू याहू प्रकार प्रभुन कों डोल तो झूलायो। हों तो ऊपर बोहोत प्रसन्न भयो हूँ। तब वह वैष्णव गद्गद् कंठ होंई कै श्रीगुसांईजी सों बिनती कर्‍यो, जो - महाराज ! मेरी तो यह अवस्था है। परि श्रीठाकुरजी बड़े हैं। तातें आप की कानि सों मानि लेत हैं। तब श्रीगुसांईजी वा ऊपर बोहोत प्रसन्न भए। वह विरक्त श्रीगुसांईजी कौ ऐसो कृपापात्र भगवदीय हतो। तातें इन की वार्ता कहां तांई कहिए। (वार्ता - २२)

# स्वामी खेलो बसंत



अब श्रीगुसांईजी कौ सेवक **एक धोबी**, गोपालपुर में रहतो, तिनकी वार्ता कौ भाव कहत हैं -

**भावप्रकाश** : ये तामस भक्त हैं । अन्तर्गृहगता में हैं । लीला में इन कौ नाम 'श्रीदेवी' है । ये 'मन्मथमोदा' से प्रगटी हैं । तातें उनके भावरूप हैं ।

**वार्ता प्रसंग - २** : ता पाछें राजा और हरिवंसजी उन के श्रीठाकुरजी के मंदिर में गए । तब श्रीगोवर्धननाथजी के वसंत ऋतु के वस्त्र हरिवंसजी के पाह हते, सो काढ़िकै एक चौकी ऊपर वस्त्र बिछाय कै धरे । और राजा के श्रीठाकुरजी सों हरिवंसजी ने कह्यो, जो - यह वस्त्र श्रीगोवर्धननाथजी आप के हैं । सो आछी रीति सों पहिलें धोवत हते तैसेंई धोई कै कुंदी घड़ी करि कै दीजो । जैसेंई सदा तुम्हारी रीत है तैसेंई करियो । ऐसें कहि कै पाछें द्वार मारी तारो मारि कै बाहिर आए । ता पाछें हरिवंसजी बाहिर द्वार में सोय रहे । ता पाछें प्रात: काल उठि कै राजा और हरिवंसजी मंदिर में जाँइ कै मंदिर कै किवाड़ खोले । तब देखे तो वस्त्र सब आछें धोय कै चोवा के दाग सब काढ़िकै घड़ी करि कै आहार - कुंदी करि कै आछें सुधारि सँवारि कै धरे हैं । तब चाचा हरिवंसजी ने राजा सों कह्यो जो - अब तो धोबी बन्यो ? तेरे प्रतीति तो आई ? तब राजा ने कह्यो, जो - प्रतीति तो आई । परि यह बात मोसों बिचारि कै कहिये, जो - यह धोबी कैसो ? और श्रीठाकुरजी कैसें भए ? तब हरिवंसजी ने कह्यो, जो - यह पहिले हमारे श्रीगोवर्धननाथजी कौ धोबी हतो । सो श्रीगोवर्धननाथजी के वस्त्र धोवत हतो । सो एक समै हमारे गुरु श्रीविट्ठलनाथजी, सो जा पोखर पर यह धोवत हुतो तहां पांव धारे । तब याकों वस्त्र धोवत देख्यो । सो बोहोत ही जतन सों हाथ सों मोड़ि कै धोवे । तब श्रीगुसांईजी ने पूछ्यो, जो - यह वस्त्र हाथ सों मोड़ि कै क्यों धोवत है ? सिला पर पछांटत नाहीं सो क्यों ? तब वा धोबीने कह्यो, जो - यह श्रीठाकुरजी के वस्त्र हैं । सो प्रभु समान हैं । तातें सिला पर कैसें पछांटो ? यातें एसें धोवत हूं । तब यह बात सुनि कै श्रीगुसांईजी बोहोत प्रसन्न भए । तब कह्यो जो - तेरे मनोरथ होई सोतू मांगि । मैं तो पर बहोत प्रसन्न हों । तब धोबीने कह्यो, जो मोकों सायुज्य मुक्ति देउ । और लैकिक में पूजा मानता चले । जैसें श्रीठाकुरजी की सेवा करे तैसें मेरी सेवा करे । तब श्रीगुसांईजी ने कह्यो, जो -जा एसे ही होइगो । (वार्ता - ५९)



# ॥ હોરીમાં રસોન્મત રાગ-રાગીણી ॥

વસંતથી લઈને હોરી સુધી ગાવામાં આવતા રાગ અને રાગીણી ભગવાનના પ્રમાણે અલૌકિક છે. ભગવાન પણ બ્રહ્મ છે શબ્દ પણ બ્રહ્મ છે. અલૌકિક બ્રહ્મ યશોદાજીના ગર્ભથી જન્મ લઈને અદ્‌ભુત રસાત્મક સ્વરૂપાત્મક દાન કરવાવાળા થયા. એવું ત્યારે બન્યું જ્યારે શ્રી નંદરાયજીએ પોતાના પહેલા જન્મમાં તપ કરીને પ્રથમ ભગવદ્ દર્શન પ્રાપ્ત કર્યું અને તે આનંદ આપે પોતાના હૃદયમાં (વસાવી) રાખી લીધો. સમયાનુસાર નંદ અને યશોદાજીએ સ્વરૂપના વિષયમાં કોઈ રસ ચર્ચામાં મગ્ન થઈને તે આનંદ યશોદાજીના હૃદયમાં પધરાવ્યો અને તે આનંદ હૃદયની જગ્યા એથી યશોદાજીના ગર્ભથી જન્મ લઈને પૂર્ણાનંદના રૂપથી અવતરીત થયા. જેમાં લીલામૃત, સ્વરૂપામૃત અને કથામૃત ત્રણે એક સાથે હોય છે. તે પરિપૂર્ણ છે. આ પરિપૂર્ણ આનંદરૂપ હરિએ ઉપરોક્ત ત્રણે રસોનું વર્ણન અધરસુધાના માધ્યમથી વેણુજીના છીદ્રોમાં અધરસુધાથી જે રસનું દાન કર્યું એજ અધરસુધા વેણુજીના ગર્ભથી રાગ-રાગીણી બનીને જન્મ્યા છે અને શબ્દ બ્રહ્મ અથવા નાદ બ્રહ્મ પોત-પોતાના સ્વરૂપોથી લીલા હેતુ જન્મ લઈને આવ્યા. એ જ રાગ-રાગીણી શ્રીમદ્ પ્રભુચરણ દ્વારા આચાર્યશ્રીની આજ્ઞાની અનુસાર ભગવદ્ સેવામાં સાકાર સ્વરૂપથી સ:પરિવાર ઉપસ્થિત રહે છે. પદોના માધ્યમથી ગાવામાં આવતા બધા રાગ-રાગીણી ભગવદ્‌તુલ્ય અલૌકિક છે. આપણા મનોરંજન માટે, લૌકિક વ્યક્તિને માટે એનો ભોગ કરવો નિષેધ છે. આ વિચારધારાથી સંપન્ન કુંભનદાસજીએ રાજાની સામે કાંઈક ગાવાને માટે પોતાની અનીચ્છા પ્રગટ કરી અને ગાયુ એમાં લીલાનો એક શબ્દ પણ નથી. ફાલ્ગુન માસમાં જે રાગ-રાગીણી ગાવામાં આવે છે તે રસોન્મત છે. અતઃ તે પોતાનામાં પૂર્ણ ભગવદ્‌રૂપ છે.



# ॥ કીર્તન લીલા ॥

સેવાના સમયમાં પ્રભુને જગાવતા પહેલા અને શયન (પોઢાવ્યા) પછી આશ્રય સુધીના જેટલા પદ છે. આ પદ નિત્ય હોય અથવા ઉત્સવના હોય. આ બધા પદને ગાયકીની ભાવનામાં તાલ, સ્વર અને લય બદ્ધ હોવાથી કીર્તન નામથી ઓળખાય છે. કીર - શબ્દ અર્થ થાય છે શુક (પોપટ), તન - શબ્દનો અર્થ થાય છે - વિસ્તાર.

શ્રી શુકદેવજીને જે લીલાને વિસ્તારથી ગાયું છે એને કીર્તન કહેવામાં આવે છે. આ કોઈપણ કીર્તનની જન્મ શૈલીમાં ગુણગાનની પરંપરા છે. સંપ્રદાયમાં એક પંક્તી છે, ‘‘એકદા કૃષ્ણ વિરહેન, ધ્યાયતિંત પ્રીય રાધિકામ’’. શ્રીસ્વામિનીજીએ કોઈ એક સમય પોતાના પ્રિયતમનો વિયોગ થઈ રહ્યો હતો ત્યારે તે વિયોગને નિકુંજ દ્વાર ઉપર બિરાજમાન શ્રીશુક - શ્રીસ્વામિનીજીના કરકમલોમાં બિરાજમાન થયા અને એમનો વિરહ દૂર કરવા માટે વ્રજગોપીઓ દ્વારા આ શ્રીસ્વામિનીજીની આજ્ઞાથી વ્રજશ્રીમંતીની જે સેવા કરી રહી હતી એ સેવાની સન્મુખતાનો સુખદરસ ગાઈ ને સંભળાવ્યો, કોઈમાને અથવા ના માને, આપણે ત્યાં વિરોધ એક અનુરોધ નથી. પણ આ એક સાચી વાત છે કે શ્રી શુકદેવજીએ જે શૈલીમાં શ્રી સ્વામિનીજીને લીલા સંભળાવી હતી તે હવેલી સંગીતની શૈલી છે. હવેલી સંગીતની ગાવાની શૈલીમાં સામવેદના પ્રકારથી જોડવામાં આવે છે. એ વાત તો સારી છે પણ કીર્તન શૈલીની સાથે ન્યાય અધુરો છે. આ શુકદેવજીની શ્રીસ્વામિનીજીની સન્મુખ વિરહ નિવૃત્તીના સમયે કોઈ વ્રજભામીનીને ત્યાં ઘરમાં અથવા હવેલીમાં એમના પ્રિયતમની સેવા સમયમાં જે ગુણગાન છે એનો પ્રકાર જ હવેલી સંગીત છે. શ્રીસ્વામિનીજીને નિકુંજમાં શ્રીઠાકોરજી ના દેખાયા ત્યારે તેમને વિરહ થયો. શુકદેવજીએ કોઈ વ્રજભામિનીને ત્યાં થઈ રહેલી સેવાનો રસવિસ્તાર ગાઈને સંભળાવ્યો એટલા માટે એનું નામ હવેલી સંગીત થયું.

આ હવેલી સંગીતના ગ્રંથ જ્યારે શ્રીગુસાંઈજીની આજ્ઞાથી શ્રીગોકુળનાથની દેખરેખમાં એને હસ્તલીખીત કરવાનું કામ ગોકુલના લીખીયાઓની દ્વારા સંપૂર્ણ કરવામાં આવતું હતું. ત્યારે એ કીર્તનના ગ્રંથમાં કીર્તન શબ્દની સાથે કોઈપણ પ્રકારનું વિશેષણ જોડવામાં આવતું નહોતું. એના પછી આ ગ્રંથોને જ્યારે પ્રેસમાં છપાવીને તૈયાર કરવામાં આવતા ત્યારે તે સમયે ઉપસ્થિત આચાર્ય બાલકો અને એના વિશિષ્ટ સેવકોની દેખરેખમાં પ્રણાલિકાઓની સાથે આ ગ્રંથ છપાવીને તૈયાર થયા. પ્રત્યેક ગ્રંથનો પ્રારંભ ‘‘।।શ્રી ગોપીજન વલ્લભાય નમ:।।’’થી પ્રારંભ થયો. આ શબ્દ નિકુંજભાવની પુષ્ટિને માટે છે.

કોઈપણ પદના પ્રારંભમાં પહેલા ગાયનું ચિત્ર 🐄 મુકવામાં આવતું. પદ પુરુ થઈ ગયા પછી પણ ગાયનું ચિત્ર 🐄 મુકવામાં આવતું. આ રીત પ્રમાણે સંપૂર્ણ ગ્રંથનું સ્વરૂપ આલેખાતુ. એનો ભાવ એટલો જ છે કે, ''આ ગ્રંથનાં પદોમાં જે લીલા ગાવામાં આવી છે એ વ્રજલીલા જ છે. આ જે પદોની વચમાં ગાયનું ચિત્ર છે એ વાછરડા વગરની ગાયનું ચિત્ર છે. શ્રીઠાકુરજીને જોઈને આ ગાયોનાં સ્તનમાંથી દૂધનો સ્ત્રાવ શરૂ થયો. આ વહેતા રસનું પાન શ્રી ઠાકોરજી કરે છે. આ કીર્તન ગાવાનો આશય છે.

શ્રી ઠાકોરજી ફક્ત વ્રજલીલા જ સાંભળે છે. એ તેનો મૂળ વિચાર છે. એટલા માટે પ્રાચિન સિદ્ધાંતીક આચાર્ય બાળકોમાં ક્યાંક ક્યાંક ઘણી સાવધાની પૂર્વક સમજાવ્યું છે કે કીર્તનનો જન્મ વિપ્રયોગની દશામાંથી થયું છે. મૂળાક્ષરના ક્રમમાં 'પ' નામનો અક્ષર ૨૨ (બાવીસ)મો છે. 'દ' નામનો અક્ષર ૧૮ (અઢાર)મો છે. અઢારમું જે ભાગવત પુરાણ (વ્રજલીલા)નું દશમદશા રૂપી એટલે વિપ્રયોગદશામાં સિદ્ધ જે ગોપીજન સાત્વીક ભક્ત છે જેના વર્ણનમાં એકવીશ અધ્યાય માનવામાં આવે છે. એની વચ્ચે જે પંક્તીઓ જન્મ લઈને આવી છે એટલા માટે એને 'પદ' કહેવાય છે. ત્રિભિસ્થ કથાવાળા પ્રકરણની ગોપીઓની આ લીલા છે, આ ગોપીઓ પ્રમાણ ઈચ્છતી નથી. પ્રમાણ જે વેદ છે એનો સ્વીકાર ના કરતા સેવાને જ પ્રમાણ માને છે. એટલા માટે પુષ્ટિમાર્ગમાં કોઈપણ વાતનું પ્રમાણ વેદમાં હોય તે તો સ્વીકાર્ય છે પરંતુ સેવાની રીત અને કીર્તનમાં જે પ્રમાણ છે તે વાસ્તવમાં સ્વીકાર્ય છે. વેદનું પ્રમાણ બધાની 'હા'માં 'હા' છે. સેવામાં પ્રમાણ ભગવદ્ ઈચ્છામાં છે.

આપણે જે કરીએ છીએ એ વેદ અને શાસ્ત્રોથી પ્રમાણીત થાય છે, સેવામાં જે થાય છે તે ભગવદ્ ઈચ્છા પ્રમાણ થાય છે એટલા માટે પુષ્ટિમાર્ગમાં સેવાની અંદર જે પણ નિયમ-સંયમ અને ધર્મ છે તે શ્રી યશોદાજીને સામે, વ્રજ ભામિનીઓની સામે ભગવદ્ ઈચ્છા પ્રમાણ છે. એટલા માટે આપણે ત્યાંની લીલા વેદાતીત માનવામાં આવે છે.

જ્યાં વેદ હોય છે ત્યાં કીર્તન પધારતા નથી અને જ્યાં કીર્તન હોય છે ત્યાં વેદ પધારે છે. તે પણ એક દિવસ જ્યેષ્ઠાભિષેકના દિવસે જ (આને સુવર્ણ ધર્મ સૂક્ત કહેવાય છે) આની પાછળ પણ કોઈ વ્યથા છે. રોહિણીજીના પુત્ર શ્રીબલરામજી છે જે ધર્મના સ્વરૂપ છે પરંતુ અહીં સંકર્ષણ શબ્દ જોડાયેલો છે. સંકર્ષણ શબ્દ હોવાના લીધે શ્રીબલરામજી વેદધર્મ - મર્યાદાધર્મ અને પુષ્ટિધર્મ. ત્રણ ધર્મના સ્વરૂપ છે. એમનું પોષણ કરવાવાળી 'મા' શ્રીરોહિણીજી છે. ત્યારે વેદ દ્વારા કોઈ લીલાવશ રોહિણીજીને પ્રાર્થના કરી છે કે, ''અમને કીર્તન સાંભળવાનો અવસર આપી, અમારી ઉપર કૃપા કરો, ''ત્યારે આ વાત શ્રીરોહિણીજીએ કોઈને પણ નથી કહી અને મનમાં ને મનમાં દશ દિવસ તાપનો અનુભવ કર્યો એટલા માટે જેષ્ઠના મહિનામાં દશ દિવસ રોહિણી તપે છે અને પોતાના ઘરમાં બિરાજમાન લાલન વેદનો મનોરથ પૂર્ણ કરવા માટે, રોહિણીજીનો તાપ દૂર કરવાને માટે વેદ સાંભળતા સાંભળતા શીતલ જલથી સ્નાન કરાવે છે. આના અર્થમાં કે જ્યાં કીર્તન થાય છે ત્યાં વેદ પધાર્યા છે. આ વિષયમાં અન્ય ભાવનાઓની સાથે આ ભાવના પણ અમે ગુણીજનો પાસે સાંભળી છે.

# ॥વસંત આગમના પદ॥



શ્રીમદ્ ભાગવતમાં રાસપંચાધ્યાયીના આધાર પર કામ શબ્દનો પ્રયોગ થયો છે અને ત્યાં કામદેવની 'સેના' પણ રહેલી છે. એમાં સ્થલરમણ અને જલરમણ પણ બતાવ્યું છે. આ બધું શ્રી આચાર્યજીએ લૌકિક કામ માન્યુ નથી, એને ભગવદ્ કામ માન્યુ છે. લૌકિક કામવાસના પરક હોય છે અને યથા સમય તે ઈન્દ્રીયોનો ધર્મ રહી જાય છે. આગળ જઈને જીવનમાં ઈન્દ્રીયોની ચેતના શૂન્ય થઈ જાય છે. એનાથી પહેલા ઈન્દ્રીયો ધર્મ શૂન્ય બની રહે છે. રાસમાં આ પ્રકારના કામનો પ્રવેશ નથી. શ્રી આચાર્યજીએ એને ભગવદ્કામ માન્યો છે. આ કારણે રાજા પરિક્ષીતે રાસઃસ્થિત કૃષ્ણની બાબતે કંઈક સમજવાની જીજ્ઞાસા પ્રગટ કરી ત્યારે ત્યાં શ્રીકૃષ્ણની માટે 'आप्तकाम यदुपति' એવા શબ્દ કહી પ્રશ્ન પૂછ્યો છે. લૌકિકામની સહાયતાથી કોઈપણ એવા શબ્દ કહી પ્રશ્ન પુછયો છે. લૌકિક કામની સાહયતાથી કોઈપણ આપ્ત કામ થતુ નથી. કારણ કે ભગવત્ કામમાં જ આપ્ત કામ જેવું સ્વરૂપ પ્રાપ્ત થઈ શકે છે. આ આપ્તકામ પ્રભુથી જ ભગવત્કામનો જન્મ થયો છે. લૌકિકકામનો ઉપયોગ કરવાવાળાની ક્રાંતિ મલીન થઈ જાય છે. ભગવદ્કામનો ઉપયોગ કરવાવાળા ભગવદીય અત્યંત શોભા યુક્ત થઈ જાય છે. એટલા માટે વ્રજગોપીઓની અને તનમધ્ય સ્વરૂપ શ્રીકૃષ્ણની સુંદરતા અવર્ણનીય છે. આ કામની રાસપંચાધ્યાયીવાળા કામના રમણ પ્રસંગમાં રતિનું સ્મરણ અથવા રતિનું રાસમાં હોવું અષ્ટછાપવાળા શ્રીનંદદાસજીએ ખુલાસો કર્યો છે. તેનું પણ કારણ છે કે કામદેવની પત્નીનું નામ રતિ છે. શાસ્ત્રોમાં ભક્તિનો સ્થાયીભાવ રતિ છે. લૌકિક અને અલૌકિકના કામસંબંધી ચરિત્રોને સાંભળવાથી બધું જ એક સમાન સરખું વર્ણન છે. પરંતુ ભગવત્ કામનું વર્ણન કરવામાં અંતિમભાવ લૌકિક જેવો થતો નથી એટલે દોષ બુદ્ધિ આવતી નથી.

દ્વારકાથી જ્યારે શ્રી બલરામજી વ્રજમાં પાછા પધાર્યા હતા ત્યારે આપ ભગવદ્ ધર્મના ઉજ્જવલ સ્વરૂપ છે. એટલા માટે આપે બે મહિનાનો રાસ કર્યો છે. તે પણ ભગવદ્ કામ છે જ્યાં શ્રીકૃષ્ણની શોભાને ધારણ કરવાવાળી શ્રીયમુનાજીના દર્શન માત્રથી વિરહાનુભવ દૂર થઈ જાય છે. એવો રસ શ્રીબલરામજીના રાસમાં વ્રજગોપીઓને મળ્યો. શ્રીકૃષ્ણના ભગવદ્ કામ શ્રીબલરામજીના રાસમાં ધર્મી અને ધર્મનો વિપ્રયોગ દૂર થવાથી આ કામ એક પ્રકારનો શાસ્ત્ર બન્યો. એ શાસ્ત્રમાં વર્ણીત ભાવનાઓને જયદેવ કવીએ શ્રીકૃષ્ણને 'રતિરસ રણધિરા' એવું કહ્યું છે. એ

શાસ્ત્રનું જ સ્વરૂપ છે. કારણ કે 'રતિરસ ધિરપણા (ધિરજ) નિભતા (અટકાવી) નહીં.' પરંતુ અહિં જયદેવજી અલૌકિકકામ જોઈ રહ્યા છે. કારણ કે એમની પાસે શાસ્ત્રના ચક્ષું છે. શાસ્ત્ર બે પ્રકારના છે. એક શાસ્ત્ર એ હોય છે જેનો જન્મ ઋષિઓથી થયો છે. એક શાસ્ત્ર એ છે જેનો જન્મ વેદથી થયો છે. વેદથી જન્મેલા શાસ્ત્રોને ''આગમ'' કહેવાય છે. આ શાસ્ત્રોની ચર્ચા ક્યારેક એ નિકુંજમાં થઈ હતી જે નિકુંજમાં શ્રીઠાકુરજી, શ્રીસ્વામિનીજી, શ્રી ચંદ્રાવલીજી, શ્રીયમુનાજી અને એમની પાસે બિરાજતાં શ્રીવેણુજી વચ્ચે થઈ. એમની સન્મુખ એકબીજા સામે એક પ્રશ્ન ચર્ચાનો વિષય બન્યો કે, 'રાસ ના પૂર્ણ થયે શ્રીકૃષ્ણ એ વ્રજગોપિઓને ઘરે જવાની આજ્ઞા આપી, ત્યારે શ્રીશુકદેવજીના હિસાબે કહ્યું છે કે, ''આ ગોપીઓ પોતાને ઘરે તો ગઈ પરંતુ અતૃપ્ત થઈને ગઈ.'' ઉપરોક્ત નિકુંજમાં અતૃપ્ત વ્રજગોપીઓના હૃદરોગની વેદનાનું શું સમાધાન છે ? ત્યારે ત્યાં વેણુજી સહિત બધાનો નિર્ણય થયો કે એનો બહુ જ નાનો ઉપચાર છે, કે ફલગુન માસમાં હોરીનો ખેલ રચવામાં આવે. ''ફલગુ''નો અર્થ થાય છે, બહુ જ થોડું અને 'ન'નો અર્થ છે નિવૃત્તિ, ત્યારે ફલગુનમાં એક કામરોગની અલ્પ નિવૃત્તિ થઈ શકે છે. માટે ફલગુનમાંથી ''ફાલગુન માસ'' (ફાગણ મહિનો) થયો.

એ નિકુંજમાંથી વેદની ઋચાઓને વ્રજમાં હોરીખેલની વ્યવસ્થા કરવાની આજ્ઞા આપી. એ વેદ ઋચાઓએ પોતાને આધિન શાસ્ત્રોને બોલાવ્યા અને નિર્દોષ વ્યવસ્થા કરવાની આજ્ઞા આપી. આ શાસ્ત્ર વ્રજમાં સદેહ બિરાજે છે અને કુમારિકા વગેરેના યુથમાં નિવાસ કરે છે. આ બધા જ સ્વરૂપોને ''આગમ'' કહેવાય છે. એટલા માટે વસંતથી પહેલા આગમના પદ ગાવામાં આવે છે. શ્રીઠાકુરજીએ વિભૂતિયોગમાં પોતાનું સ્વરૂપ ''ઋતુનામ કુસુમાકર'' એવું કહ્યું છે. પોતાના સેવકોમાં ભગવદ્કામ ભાવની ઉત્તપતિ કરવાને માટે સ્વયં શ્રીઠાકુરજી વસંત ઋતુના સ્વરૂપથી આપના સેવકોમાં પ્રગટ થાય છે.

'અંત' શબ્દનો અર્થ છે નજદીક. 'બસ'નો અર્થ છે રહેવું. જે ગોપીઓ, જે ઋતુમાં પોતાના કંથ (પતિ)ના વશમાં નજદીકથી રહે છે - એને કહેવાય છે વસંત. આ વસંત વૈદિક આગમથી જોડાયેલો છે. અતઃ આગમના પદ ગાવામાં આવે છે.

કોઈપણ ભાવનાને નિર્દોષપૂર્ણ ગુણધર્મ ઘોષિત કરવાને માટે વૈદિક આગમની સાક્ષી આવશ્યક છે. એથી આગમના પદ ગાવામાં આવે છે. અમોએ આપણી ચર્ચાનું કથન જે નિકુંજથી પ્રારંભ કર્યું છે, એ નિકુંજમાં શ્રીયમુનાજી ઉપસ્થિત છે. સૂર્યની પુત્રી હોવાને કારણે પુષ્ટિ માર્ગમાં સમસ્ત વૈદિક શાસ્ત્રોનો જન્મ શ્રીયમુનાજીથી થાય છે. એટલા માટે આપણે ત્યાં આગમના પદ ગાવામાં આવે છે. પુષ્ટિમાર્ગીય શાસ્ત્રોમાં રસ અને ભાવ અવશ્ય હોય છે. આ 'રસ' શ્રી ચંદ્રાવલીજીની પાસેથી શાસ્ત્રોને મળે છે. અમારા આ શાસ્ત્રોમાં ભાવ અવશ્ય હોય છે. શાસ્ત્રોને 'ભાવ' શ્રીસ્વામિનીજીથી મળે છે. જ્યાં રસ અને ભાવ હોય છે ત્યાં પ્રભુમાંથી ઈચ્છા પ્રગટ થાય છે. આ નિકુંજમાં નિષ્કામ કૃષ્ણ, સકામ થાય છે. શ્રીકૃષ્ણના આ સકામ સ્વરૂપને વેણુજી સમસ્ત વ્રજશ્રીમંતીનીયોમાં હૃદયારૂઢ કરે છે. આ વૈદિક આગમ - આ સકામ ચિંતન સેવાનું સ્વરૂપ બન્યું છે. અહીં આ નિકુંજમાંથી જે સ્વામિનીજી ભૂતલ ઉપર પ્રગટી છે જેને આપણે આચાર્યશ્રી વલ્લભ કહીએ છીએ. આ આચાર્યશ્રીને, આ નિકુંજને કારણે ''સાકાર બ્રહ્મવાદેક સ્થાપકોવેદ પારગ'' શ્રીગુસાંઈજીએ સ્વીકાર કર્યા છે, એથી આગમના પદ ગવાય છે.

આ વૈદિક શાસ્ત્ર સ્થાપનાની પછી અથવા આવાહનની પછી વ્રજમાં વસંત ખેલ પ્રારંભ થાય છે. આ ખેલને બહુ જ અસામાન્ય સમજવાની જરૂરત છે. જેવી રીતે શકુન્તલાના પુત્ર ભરતજીએ બાલ્યાવસ્થામાં સિંહ-સાવકોની સાથે પોતાની બાલક્રીડા (રમ્યા) કરી હતી અને દિવસે-દિવસે એમનું શૌર્યપ્રતાપ વધતો જ ગયો અને આ ખેલમાં આખી બાલ્યાવસ્થા પૂર્ણ થઈ. એવી રીતે વ્રજગોપીઓએ આગમરૂપ વ્રજના વનોમાં ગામ-ગામ, ગલી-ચોરાહોમાં વન-ઉપવન નિકુંજોમાં પોતાના ઘરના આંગણાથી યમુનાપુલિન સુધી શ્રીકૃષ્ણના હૃદયસ્થિત કામને ગોપીઓએ ખેલ ખેલાવ્યા છે. આ ખેલને જોઈને દેવતાઓના દેવલોકમાં જન્મેલા કામદેવનું મસ્તક (માથુ) નમી ગયું. જ્યારે આ દૈવિક કામે વ્રજગોપીઓના દિવ્યકામને જોયા (કરણીગણ વૃત વારણ ઈવ રતિપતિ માન ભંગે) પછી નતમસ્તક થયા. આ બધું શ્રીયમુનાજીની પાસેથી વૈદિક શાસ્ત્ર (આગમ)ની કંઈક ભૂમિકાથી થયું. જેમ લૌકિકમાં, પ્રસિદ્ધ કલાકાર પોતાની ઉચ્ચકલાનું પ્રદર્શન કોઈના કહેવાથી (નિર્દેશથી) કરે છે અને કહેનારને કોઈ જાણતું નથી પરંતુ કલાકારની પ્રતિભાનો નિખાર એ નિર્દેશકના ઈશારાથી થાય છે. ઠીક આવીજ રીતે વ્રજનો હોરીખેલ જેવી કલાનો નિખાર આગમના નિર્દેશનમાં થયો છે એથી આગમના પદ ગાવામાં આવે છે.

# ॥ વસંતમાં ગાયકી પરંપરા ॥

૧. વસંત પંચમી પહેલા વસંત બહારના કીર્તન મંગલાથી શ્રૃંગાર સુધી થાય છે. વસંત પંચમીથી વસંતરાગનો પ્રારંભ બધા સમયમાં થાય છે.

૨. હોલી-ડંડાથી મંગલામાં ભૈરવ, શ્રૃંગાર સમયથી બિલાવલ રાજભોગ આયેથી રાજભોગ દર્શન સુધી ધનાશ્રી રાગના કીર્તન ધમારના હોય છે. ભોગ સંધ્યા આરતીથી શયન સુધી ગૌરી રાગમાં ધમારના કીર્તન હોય છે.

૩. ફાગણ વદી સાતમ શ્રીનાથજીના પાટોત્સવથી બધા રાગોનો પ્રારંભ થઈ જાય છે (છૂટા થાય છે) અને એ રાગોમાં ધમારના કીર્તન હોલી ડોલોત્સવ સુધી ગાવામાં આવે છે.

૪. મન ગમતા રાગ આડમાં ગવાય છે પરંતુ સન્મુખમાં ખુલ્લા દર્શનમાં નિર્ધારિત રાગનો જ પ્રયોગ થાય છે.

૫. શ્રીઠાકુરજી સન્મુખ કીર્તનના શબ્દ સ્પષ્ટ સમઝમાં આવે તે રીતે ગાવા.

૬. કીર્તનમાં લય પકડી રાખવાને માટે વિશેષ પ્રકારના ઝાંઝ લઈને તેનાથી લય કાયમ રાખવામાં આવે છે.

૭. શાસ્ત્રીય સંગીતની ગાયકીમાં જે પ્રકારે અલગ-અલગ ઘરાના હોય છે. એવી રીતે પુષ્ટિમાર્ગીય કીર્તનમાં પણ મુખ્ય રીતે ત્રણ પ્રકારની શૈલીઓ છે. (૧) નાથદ્વાર શૈલી (૨) ગુજરાત શૈલી અને (૩) વૃજશૈલી.

૮. આ રાગ સેવા વિશુદ્ધ શાસ્ત્રીય સંગીતમાં ધ્રુપદ-ધમાર શૈલીમાં પખાવજની સંગતી સાથે હોય છે. તબલાનો વ્યવહાર નથી થતો.

૯. શાસ્ત્રીય સંગીત અને કીર્તન ગાયન (ગાન)માં એક મુખ્ય ભેદ એ છે કે કીર્તન ગાનમાં શબ્દ મુખ્ય રહેલા છે. ગાયકીના અંગોને બતાવતા હોવા છતાં શબ્દોને તોડવામાં નથી આવતા શબ્દોને વચ્ચેથી નહી તોડતા પૂરા શબ્દ બોલાય છે જેનાથી ભાવ અને અર્થની સ્ફૂર્તિ થાય છે. અનુભવ થાય છે.

૧૦. અષ્ટસખાઓ એ કીર્તન કાવ્યના દર્શન ખુલ્લી આંખો (નેત્રો)થી કર્યા છે, શ્રીકૃષ્ણની લીલાના સાક્ષી બન્યા છે.

૧૧. આપણી સમૃદ્ધ પરંપરા ધીરે ધીરે લુપ્ત થતી જાય છે. પદોની અંદર છુપાયેલા ગૂઢતમ ભાવોંને આત્મસાત કરતાં, શુદ્ધ સ્વર અને તાલથી નિબદ્ધ, પારંપારિક શૈલીમાં ગાવાવાળા કીર્તનીયા હવે વિરલા જ રહી ગયા છે. આ વિદ્યામાં પારંગત કેટલાક ગુણી કીર્તનિયાઓને આપણે ગુમાવ્યાનું દુ:ખ સદા રહેશે.

૧૨. કીર્તન શૈલી પ્રભુચરણ શ્રીગુસાંઈજીના સમયથી અત્યાર સુધી અવિરલ રૂપથી ચાલી આવી છે. રાગ-રાગિનિયોની અનુરૂપ સહજ અને મધુર ગાન પ્રસ્તુતિ આ શૈલીની વિશિષ્ટતા છે. એમાં ખ્યાલ ગાયકી તથા આલાપચારીના લાંબા અને કોઈપણ રીતે કરેલા પ્રયત્ન (પ્રયોગ) સ્વીકારવામાં આવતા નથી અને ક્યારેક સ્વીકારવામાં પણ આવ્યા છે તે પણ ઘણા મોટા સુધારાત્મક રીતે સમજી વિચારીને રાખેલ અને લોકગ્રાહ્ય પરિવર્તનોની સાથે.

૧૩. જેવી રીતે મર્યાદા માર્ગમાં પૂજાવિધિમાં મંત્રોની પ્રધાનતા છે એવી રીતે વલ્લભ સંપ્રદાયમાં સંપૂર્ણ સેવા આ ભક્તોના (અષ્ટસખા વી.) પદો દ્વારા સમ્પન્ન થાય છે અને એ પદો દ્વારા ભગવાન શ્રીકૃષ્ણ એ સેવાનો અંગીકાર કરે છે.





# ॥ વસંત-ધમારના પદોનો સમય-અનુસાર ગવાતા રાગનો ક્રમ ॥

| ક્રમ | રાગ | દર્શન-સમય | કીર્તન સમય |
|---|---|---|---|
| ૧. | વસંત | મહા સુદ-૫ થી મહા સુદ ૧૫ સુધી ફક્ત વસંત રાગ - બધા સમયે | |
| **ફાલ્ગુન કૃષ્ણ-૧ થી સમયાનુસાર રાગના ક્રમ** | | | |
| ૨. | ભૈરવ | મંગલા | સવારે ૪ થી ૭ |
| ૩. | બિભાષ | મંગલા | સવારે ૭ થી ૮ |
| ૪. | રામકલી | મંગલા/શ્રૃંગાર | સવારે ૭ થી ૮ |
| ૫. | દેવગંધાર | મંગલા | સવારે ૪ થી ૭ |
| ૬. | ખટ | મંગલા સન્મુખ | સવારે ૬ થી ૮ |
| ૭. | લલિત | કલેઉ મંગલા/શ્રૃંગાર | સવારે ૪ થી ૭ |
| ૮. | માલકૌંસ | શ્રૃંગાર/રાજભોગ | સવારે ૮ થી ૧૧ |
| ૯. | આસાવરી | મંગલા/શ્રૃંગાર/રાજભોગ | સવારે ૭ થી ૧૧ |
| ૧૦. | ટોડી | શ્રૃંગાર/રાજભોગ | સવારે ૯ થી ૧૧ |
| ૧૧. | બિલાવલ | શ્રૃંગાર | સવારે ૯ થી ૧૧ |
| ૧૨. | સુઘરાઈ | મંગલા/શ્રૃંગાર | સવારે ૭ થી ૧૧ |
| ૧૩. | જૈતશ્રી | રાજભોગ | સવારે ૯ થી ૧૧ |
| ૧૪. | ધનાશ્રી | શ્રૃંગાર/રાજભોગ | સવારે ૯ થી ૧૧ |
| ૧૫. | સારંગ | રાજભોગ | સવારે ૧૧ થી ૧ |
| ૧૬. | કાફી | બધા દર્શન | બધા સમયમાં |
| ૧૭. | નટ નારાયણ | ભોગ આરતી | સાંજે ૫ થી ૬ |
| ૧૮. | ગૌરી | ભોગ આરતી | સાંજે ૫ થી ૬ |
| ૧૯. | પૂરવી | ભોગ આરતી | સાંજે ૫ થી ૬ |
| ૨૦. | પીલૂ | ભોગ આરતી | સાંજે ૫ થી ૬ |
| ૨૧. | રાયસો | ભોગ આરતી/સેન | સાંજે ૬ થી ૮ |
| ૨૨. | ભૂપાલી | ભોગ આરતી/સેન | સાંજે ૬ થી ૮ |
| ૨૩. | કલ્યાણ | સેન | સાંજે ૬ થી ૮ |
| ૨૪. | ઈમન | સેન | સાંજે ૬ થી ૮ |
| ૨૫. | સોરઠ | ભોગ આરતી/સેન | સાંજે ૬ થી ૮ |
| ૨૬. | મારુ | ભોગ આરતી/સેન | સાંજે ૬ થી ૮ |
| ૨૭. | હમીર | ભોગ આરતી/સેન | સાંજે ૬ થી ૮ |
| ૨૮. | સોહની | ભોગ આરતી/સેન | સાંજે ૬ થી ૮ |
| ૨૯. | કાન્હરો | ભોગ આરતી/સેન | સાંજે ૮ થી ૧૦ |
| ૩૦. | નાયકી | ભોગ આરતી/માન | સાંજે ૮ થી ૧૦ |
| ૩૧. | અડાનો | સેન | સાંજે ૮ થી ૧૦ |
| ૩૨. | જૈ જૈવંતી | સેન | સાંજે ૭ થી ૮ |
| ૩૩. | કેદારો | પોઢવે/માન | સાંજે ૮ થી ૧૦ |
| ૩૪. | માલવ | ભોગ આરતી | સાંજે ૪ થી ૫ |
| ૩૫. | બિહાગ | સેન/માન | સાંજે ૮ થી ૧૨ |
| ૩૬. | બસંત | બધા દર્શન | બધા સમયમાં |
| ૩૭. | શ્રીહઠી | સંધ્યા આરતી | સંધ્યા સમયમાં |
| ૩૮. | ગૌડ મલ્હાર | વર્ષા સમય | વર્ષા સમયમાં |
| ૩૯. | શ્રી મલ્હાર | વર્ષા સમય | વર્ષા સમયમાં |
| ૪૦. | શ્રી | સંધ્યા દર્શન | સાંજે ૪ થી ૬ |
| ૪૧. | માલશ્રી | સંધ્યા દર્શન | સાંજે ૪ થી ૬ |
| ૪૨. | સિન્ધુડા | રાજભોગ (અપરાન્હ) | અપરાન્હ ૧૧ થી ૧૨ |
| ૪૩. | તિલક કામોદ | સંધ્યા દર્શન | સાંજે ૭ થી ૯ |
| ૪૪. | ડોલ કે પદ | (ફાગણ સુદ-૮થી) | ફાગણ સુદ-૮થી |
| ૪૫. | રસિયા | (ફાગણ સુદ-૮થી) | ફાગણ સુદ-૮થી |

# ॥ હોરી-ધમારની ગાયકી ॥

गावै धमार तान तरंग

ઝપટ મારીને અચાનક (ધોકે સે) રંગ નાખવામાં આવે છે તેવી જ રીતે ''ગાયકી ધમાર મેં ઉસ 'સમ' (સંગીત કા પૂરતીય સ્થલ) કો ગવૈયા લોક યથાસ્થાન સિધે સિધે ઉપસ્થીત કરતે હૈ.''

ધમારની ગાયકીનું વર્ણ્ય વિષય શ્રીરાધા-કૃષ્ણની હોલી-લીલા હોય છે, અને એને વધુમાં વધુ હોલીના અવસર ઉપર ગાવામાં આવે છે; એટલા માટે એના ગીતો ને ''હોરી-ધમાર'' પણ કહે છે. ''હોરી'' અને ''ધમાર'' બંને ના ગીત પ્રાય: શ્રૃંગારિક હોય છે, જેનામાં શ્રીરાધા-કૃષ્ણના પરસ્પર હોરી ખેલવાનું ગાયન (ગાન) હોય છે. જ્યારે તેને ત્રિતાલ, દીપચંદી અથવા કહરવા વગેરે તાલોમાં ગવાય છે ત્યારે તેને 'હોરી' કહે છે; અને જ્યારે તેને ફક્ત ધમાર તાલ માં ગવાય છે, ત્યારે તેને 'ધમાર' કહેવામાં આવે છે. એમ બંનેની પદ્ધતિ (શૈલી) અલગ-અલગ છે. ''હોરી''માં તાન, આલાપ, પલ્ટે, ખટકે, મુર્કી વગેરેનો પ્રયોગ ખયાલ-ગાયનની જેમ હોય છે. ''ધમાર''માં દુગુન, તિગુન, ચૌગુન, આડ-કુ આડ, અતીત-અનાગત વગેરે વિભિન્ન પ્રકારની લયકારિયોનો ચમત્કાર સાંભળવામાં આવે છે. એનામાં બોલ-બાંટ, સંગત, લપટ-ઝપટની ઘણી સંભવના છે. હોરી-ધમાર બંને ને વિભિન્ન રાગોમાં ગાઈ શકાય છે, પરંતુ 'હોરી'ને માટે 'કાફી' રાગ એટલો બંધ બેસતો થઈ ગયો છે કે પ્રાય: ગાયક આજ રાગમાં એનું ગાયન કરે છે. આ પ્રકારે ધમારની ગાયકી જ્યાં શૈલીની દષ્ટિથી ધ્રુપદને મળતી આવે છે, ત્યાં સ્વરૂપમાં તે કંઈક 'ખયાલ' શૈલીને સદશ છે. એક રીત પ્રમાણે ધમારની ગાયકીને ધ્રુપદ અને ખયાલની વચ્ચેની કડી કહી શકાય.

સૂરદાસ 'ધ્રુપદ'ની જેમ 'હોરી-ધમાર'ની ગાયકીના પણ વિશેષજ્ઞ હતા. હોલીના ઉત્સવોમાં એમનું કીર્તન-ગાન પ્રાય: ધમાર શૈલીમાં જ થતું હતું. વ્રજની હોલી પ્રસિદ્ધ છે. વલ્લભ સંપ્રદાયના મંદિરોમાં હોલીના ઉત્સવોનો આરંભ મહા સુદ-પથી (વસંત પંચમી)થઈ થઈ જાય છે અને તે ફાગણ સુદ ૧૫ સુધી ચાલતો રહે છે. એ સમયમાં જે પદ ગવાય છે. તે 'વસંત' અને 'હોલી' બંને થી સંબંધિત હોય છે. જેથી તેને 'વસંત-ધમાર'ના પદ કહેવાય છે.

વલ્લભ સંપ્રદાયના કીર્તનકારોના સિવાય અન્યના રચેલા પદ પણ ઉપલબ્ધ છે. એમાં મુગલ સમ્રાટ અકબરની એક બેગમ તાજ બીબીની 'ધમાર' ઘણી જ પ્રસિદ્ધ છે. ''ભાવસિંધુ''ની વાર્તાથી સમજાય છે કે તાજબીબી શ્રી વિઠ્ઠલનાથજીની સેવિકા હતી; અને તે શ્રીનાથજીના પ્રત્યે અત્યંત નિષ્ઠા-ભાવ રાખતી હતી. એમનું દેહાવસાન શ્રીનાથજીના દર્શન કરતાં કરતાં આપના ગોપાલપુર (જતીપુરા) સ્થિત મંદિરમાં થયું હતું. તાજબીબીની 'ધમાર'નું ગાયન (ગાન) હોલીના અવસર પર વલ્લભ સંપ્રદાયના મંદિરોમાં હંમેશાથી થતું આવ્યું છે.

# ॥ ધ્રુપદ-ધમાર ॥

કૃષ્ણાવતારના સમયે સમસ્ત રાગ-રાગિણી **સદેહે** પ્રગટ્યા હતા. એ સમયે રાસમાં શ્રીઠાકોરજીએ બધા રાગોને - જેટલી ગોપીઓ હતી એટલા તાલમાં ગાયા હતા. ઉપસ્થિત રાગોમાં બધા દેશોના વાતાવરણ ઉપર અસર થઈ એટલા માટે અખંડ ભારત વર્ષના વિભીન્ન - દરેક રાજ્યોમાં આ તાલોના આનંદને કારણ શાસ્ત્રીય સંગીતની સ્થાપના અવિરોધ રસવાળી પ્રચલીત થઈ ગઈ. રહેન-સહન, ખાન-પાન, બોલચાલ, ભાષા, સુરત, સકલ જુદી જુદી હોવા છતાં શાસ્ત્રીય સંગીત વાદ્ય યંત્રોની સાથે એક જ સ્વરૂપમાં છે.

પુષ્ટિમાર્ગમાં ધ્રુપદ-ધમાર ગાવામાં આવે છે. એવી રીતે સંગીત શાસ્ત્રની અંદર વિષ્ણુપદ - બલદેવ પદ - શિવ પદ - શક્તિ પદ - સૂર્ય પદ - ગણેશ પદ - ભૈરવનાથ પદ અને બીજા દેવતાઓમાં પદ છે. પરંતુ એમાં 'ધ્રુપદ' જ 'ધ્રુપદ' આપણે ત્યાં નિશ્ચય માનમાં આવ્યો છે. કારણ કે શ્રીઠાકુરજીને માટે વ્રજગોપીઓએ રાસમાં આ 'ધ્રુપદ' ગાયું છે. પુષ્ટિમાર્ગમાં ભલે એ બધાની છાપ ધ્રુપદ ના હોય પરંતુ સુરદાસજી - જયદેવ - તાનસેન - નાયક ગોપાલ - ધોંધી - રામદાસ - જગન્નાથ - સૂરસ્વામી - પરમાનંદસ્વામી - છીતસ્વામી - ગોવિંદસ્વામી - ચતુર્ભુજદાસ - કૃષ્ણદાસ - કુંભનદાસ - નંદદાસ - સૂરદાસ મદનમોહન - શ્રીભટ્ટ - ગદાધરભટ્ટ - ગદાધર મિશ્ર - વ્યાસજી - હિતઆનંદ - ધ્રુવદાસ - બિહારી બિહારન - રસિક બિહારી - વ્રજનિધી - નાગરીદાસ - યુગલદાસ - જાનકીદાસ - વ્રજજીવનદાસ - કરતાલીયા મોહનદાસ - કાનરદાસ - સહજોબાઈ - કૃષ્ણજીવન - લચ્છીરામ - ચતુર બિહારી - રસિકરાય - ગુસાંઈજી વલ્લભજી - ગુસાંઈજી પુરુષોત્તમજી - ગુસાંઈ ગોકુલનાથજી - સરસરંગ - ગુંસાઈ વ્રજાધિસજી - કલ્યાણ - માણેકચંદ - વલ્લભદાસ - દામોદરદાસ - માધવ - દયાસખી - સાંમરી સખી - ચંદસખી - રંગિલી સખી - શ્યામાસખી - આનંદઘન - બલરામદાસ - રંગિલાપ્રિતમ - ચંડીદાસ - વિદ્યાપતી - અભેરામ - ગિરિધર કવીરાજ - ભૂષણ - મતીરામ - પદ્માકર - વિદ્યાપતી - કમલાપતી - કુલપતી મિશ્ર- ચંદકવી - રાજાકર્ણ - વિક્રમભરતરી - રાજા વિશ્વનાથસીંગ - બૈજુબાવરે - વિગેરે. ધ્રુપદના ઐતિહાસીક ગાયક થયા છે. તેમના સમયમાં નવાજખાં - દુલેખાં - ઉદોતસેન - જાફરખાં - પેયારખાં - વાસદખાં - સાદીખાં - છગ્ગેખાં - ઈમાનખાં - નાસખાં - મૌજ - સાહુસેન - અખ્તરમાનખાં - હાજી હસન - રહિમબક્ષ - ઈમામ બક્ષ - સાહબખાં - ગામુહમદ - નાસરખલી - કબીરખાન - અસગરઅલીખાન વિગેરે આ બધા ધ્રુપદના ગાયક થયા. ધ્રુપદની ગાયકીમાં રાગરાગીનીઓમાં કૃષ્ણલીલાના પદ હોય છે. આ બધો પરિચય કોઈ વિદ્વાને ગોકુળમાં ગો. શ્રી દામોદરજી મહારાજશ્રી, ગો. શ્રી ગિરિધરજી મહારાજ, ગો. શ્રી કલ્યાણરાયજી મહારાજની પાસેથી મળ્યો છે અને એ વિદ્વાનનો આશય અહીં પ્રગટ કર્યો છે.

ઉપરોક્ત વાતથી પ્રમાણીત થાય છે કે વલ્લભ સંપ્રદાયના આચાર્ય બાલકોની આ ધ્રુપદ ગાયકીની દ્વારા સમસ્ત ભારતના ગાયક-ગુણીજનોની કલાથી પરીચીત હતા.

આ ધ્યાન રાખવું જરૂરી છે કે, ''શ્રીવલ્લભકુળના આચાર્ય બાલક પોતાના શ્રીઠાકુરજી સિવાય બીજા કોઈપણ જગ્યાએ ગાતા ન હોતા, પરંતુ કોઈપણ સારા ગવૈયાને પોતાને ત્યાં બોલાવીને બીજા સંગીત પ્રેમી ગુણીજનોને બોલાવીને માન સન્માનની સાથે એમનું સંગીત સાંભળીને એને વિદાઈ આપતા. એ ગવૈયાઓનો ઉદ્ધાર આ પ્રણાલીમાં હતો. અસર્પીત જીવન હોવાને કારણે ભગવદ્ સન્મુખ ગાવાનો અધિકાર નહોતો છતાં પણ તેનો ઉદ્ધાર હતો.

# આલાપચારી

વસંત પંચમી - આજ કે દિન હી વસંત કી આલાપચારી બેઠતી હૈ ।

આલાપચારી કા અર્થ ઉસ તાત્પર્ય મેં હૈ જીસ મેં વ્રજગોપીઆં હોલી ખેલ મેં વિજય પ્રાપ્ત કરને કે લીએ આપસ મેં તોર-તરીકા અપનાને કે લીએ જો વિચાર વિમષ કરતી હૈ, અથવા યોજના બનાતી હૈ અથવા ગોપ બાલકોં કો ઘેરને કે લીએ જો સામંજસ્ય (તાલ-મેલ) બેઠાતી હૈ, ઉસે આલાપચારી કહેતે હૈ । (ફક્ત વસંત અને હિંડોરામાં પહેલા આલાપચારી થાય છે)

આપની બાત કહે કર કે વ્રજગોપોંકો ભુલભુલૈયા મેં ડાલને કે લીએ વ્રજગોપીઓને ગાયન શૈલી મેં એક અભ્યાસ કીયા । કીસી ગોપીને અપની કોઈ બાત મુખરતા સે કહેદી, દુસરી ગોપીઓને હો...હો...હો... કરકે ઐસા આલાપ કીયા કી ગોપબાલક સમઝ ન પાવે, ઔર ગોપીઆં અપના દાવ લગાને મેં સહજ સચ્ચાઈ કે સાથ સક્ષમ હો જાય । ઈસ કે લીયે ભી આલાપચારી કા અભ્યાસ આવસ્યક હૈ । ઈસી લીએ આલાપચારી વસંત સે બેઠતી હૈ ।

પુષ્ટિ માર્ગ કે હવેલી સંગીત મેં કહીં પર ભી આલાપકી આજ્ઞા નહીં હૈ । સ્વર બંધાન કે સાથ સીધા કીર્તન ગાયા જાતા હૈ । સામનેવાલે કો ભ્રમમેં ડાલને કે લીયે, કોઈ નોકેલી બાત કહેને કે લીએ, કોઈ મીઠી ચોંટ ભરી બાત કહેને કે લીએ, વ્રજગોપીઆં આલાપ કે મધ્ય મેં અપની તેજ તરાર બાત કો સહજ હી કહ જાતી હૈ । ઈસ કે અભ્યાસ કે લીએ આલાપચારી સુનિષ્ચીત હૈ ।

વ્રજગોપીઓં કે યુથ મેં દેવ રૂપા ગોપીઓંકા યુથ હૈ । યહ દેવરૂપા દેવલોક સે આકર ભગવદ્ લીલા મેં, ભગવદ્ આજ્ઞાસે પ્રગટ હૈ । દેવલોક કે સંગીત મેં આલાપ પ્રધાન હોતા હૈ । સંભવ હૈ, ઈન દેવરૂપાઓં કે મનોરથ સિદ્ધિ કેલીએ ઈન્હી કા પ્રારંભીક ગાન શૈલી સ્વીકાર કી હો, ઈસી લીયે આલાપચારી હોતી હૈ ।

યહ વસંતક્રીડા હૈ ઈસ મેં મુખ્ય નિસ્કર્સ દિનતા હૈ । કામક્રીડા મેં નાયક ઔર નાયકા કે મધ્ય સામર્થ પ્રદર્શન કે સમય દુસરા પક્ષ જબ દિનતા કે આધિન હોતા હૈ તો રસ વૃદ્ધિ હોતી હૈ । ઈસ લીએ ‘‘અલ’’ શબ્દ કા અર્થ હૈ ‘‘નહીં’’, આપ શબ્દ કા અર્થ હૈ અભિમાન, ‘‘ચારી’’ શબ્દ કા અર્થ હૈ વ્યવહારવાદી, કામક્રીડા મેં દિનતા કે વ્યવહારવાદ કો આલાપચારી કહેતે હૈ ।

# || કલા રસિક રસિયા ||



ચાર યુથેશ્વરી પાસેથી ૧૬/૧૬ કલાઓ વ્રજ સ્વરૂપમાંથી શ્રીઠાકોરજીને મળી છે. આ ચાર યુથેશ્વરી કલા પ્રવિણ છે અને એમની ૬૪ કલાઓ હોરીખેલમાં શ્રીઠાકોરજીને રસ સહિત સમર્પીત કરી છે. જેથી આપ કલારસિક થયા છો.

શ્રીઠાકોરજી પાસે આવી માટે 'કલા' બની છે અને શ્રીઠાકોરજીએ અંગીકાર (સ્વીકાર) કરી છે માટે તેનું નામ 'કલા' છે. શ્રીઠાકોરજીએ કલા દ્વારા સૃષ્ટિનું દર્શન કરાવ્યું છે. ૬૪ કલાઓમાં સમસ્ત વિશ્વ સમાયેલું છે. બધો જ વ્યવહાર જોડાયેલો છે, બંધાયેલો છે.

શ્રીનાથજીનું ગુપ્તનામ 'કલાનાથ' છે. 'કલાનાથ' શ્રીનાથજી કલારસિક છે અને હોરી ખેલમાં આ ૬૪ કલાઓ સમર્પીત થતા આપ 'રસિયાજી' થયા. હોરીખેલમાં આપશ્રીએ મનમુકીને બધા જ યુથો સાથે મર્યાદા છોડીને સખ્યભાવે 'રસિક' બન્યા, 'કલારસિક' બન્યા, 'રસિયા' બન્યા.

'મનરંજન' એટલે કલાત્મક સેવા. 'મનરંજન' શ્રીવિઠ્ઠલનાથજીનું ગુપ્ત નામ છે.

હોરી ખેલના મુખ્યા શ્રીચંદ્રાવલીજી છે. પુષ્ટિ સંપ્રદાયમાં કલાત્મક સેવા પ્રકાર આપ શ્રીવિઠ્ઠલનાથજીએ પ્રયોજ્યો છે અને આપશ્રીએ શ્રીઠાકોરજીનું મનોરંજન કરવા માટે હોરી ખેલમાં આ રસમય ગૂઢરસથી ભરપૂર, હાવ ભાવ-ભૃભંગથી પ્રચુર, સર્વાત્મ-સર્વાંગ ભાવનાઓથી તરબોળ, કલારસનું આયોજન કર્યું છે. કલા રસનું પાન કરવા માટે શ્રીઠાકોરજીનું આવલંબન અને ઉદ્દીપન ભાવનું પ્રગટ કરવું એ 'રસિયા'.

**સેવા રસને ઓળખવાવાળો ''રસિયા''**

# ॥ श्रीगोकुल नाथ सुहावनौ ॥



સૌજન્ય : પ.ભ. શ્રી ગોરધનદાસભાઈ સોની, અમદાવાદ - ગો. શ્રી રાજેશકુમાર મહારાજશ્રીની આજ્ઞાથી

**राग - मिश्र काफी** **ताल - धमार** **धमार की पारंपारिक रचना**

आब हाँ मेरे ललना, प्रथम प्रणाम करूँ, श्रीवल्लभ सुमिरूँ, श्रीविट्ठल नंद हो । श्री विट्ठलगृह प्रगट भए, मानो प्रगट्यौहो घनपूरन कौ चंद ।। हिलिमिलि झुरमुट खेलिए ।। अबहाँ मोरे ललना । नेंकहोरी श्रीवल्लभ साथ हो ।। हिलमिल झुरमट खेलिए । अब हाँ मेरे ललना । घर आए रंगीले नाह हो ।। हिलिमिल झुरमट खेलिए ।। श्रीगोकुल नाथ सुहावनौ, और सब मिल देखन जाँय हो ।। सुरंग गुलाल उड़ावहीं और, वल्लभ छिरकें जायहो ।। बृज की बीथिन साँकरी और, मची अरगजा कीच को । ताल मृदंग ढप बाँसुरी और, उमढ़िरह्यो सिंहद्वार हौ ।। धोती उपरना केसरी और, केसर भीनी पाग हो ।। तुलसी माला और मुद्रिका, और गरेगुंजा कौ हार हो ।। चलनि हसनि मेरे मन गढ़ि, और बैन सु कह्यो न जाय हो ।। श्री विट्ठल के लाड़िले और, चितै लियौ लुभायहो ।। भाग्य बड़े गुजरातीन के, जिन सर्वस दीनौ वारि हो । खेलन चली आनंद सों, सब आनंद कह्यौ न जाय हो ।। श्री वल्लब के बारने और, 'चतुरा' बलि बलि जाय हो ।। सारंगी के परताप तें, मैं तो पाए श्री गोकुल नाथ हो ।। हिलिमिल झुरमुट खेलिए ।।

શ્રીવિઠ્ઠલપ્રભુના લાડિલા શ્રીગોકુનાથજી ઉપર આપના દર્શન માત્રથી પોતાનું ચિત્ત સહિત સર્વસ્વ ઓવારી જનાર ગુજરાતના સેવકજનના ભાગ્ય સારા છે આવું 'ચતુરાનાગા' કહી રહ્યા છે. વલ્લભ સંપ્રદાયમાં 'ચતુરાનાગા' નામના સાધુ (વૈષ્ણવ) સારંગી સુંદર વગાડતા હતા અને તે 'સારંગી'ના પ્રતાપે શ્રીગોકુલનાથજીને પ્રસન્નતા મળી.

# ॥ શ્રીહરિરાયજી કૃત પંજાબી ધમાર ॥



**राग - बिहाग** **ताल - आदि** **धमार संध्या**

होरी दे ख्याल बिच, यह क्याकीता । मेनूँ लगाय छरी फूलोंदी, सिर दा घूंघट खोल बे लीता ।।१ ।।
पथां गुलाल आंखों विच मैंडी, देखन दा सुक छीता बे छीता । सखी देखेंदी, लाज मरोंदी, चुंबन गालों दीता ।।२ ।
ऐसी न कीजे, नागरनद क्हेलांदा, ब्रज जनदा मीता । 'रसिक प्रीतम' नाल, हा हा खांदी, हों हारी, तू जीता वे जीता ।।३ ।।

### ।। હોરી દે ખ્યાલ બિચ, યહ ક્યાકીતા ।।

**ભાવાર્થ** : પ્રસ્તુત પદ પંજાબી ભાષામાં છે. નંદલાલના કૃત્યોથી પરેશાન હેરાન થઈને ગોપી કહી રહી છે, ''અરે લાલા ! હોરી ના ખેલની વચ્ચે આ તમે શું કર્યું ? ફૂલની છડીથી મારો ઘુંઘટ ખોલી નાક્યો. આંખોમાં ગુલાલ ભરીને, તારા દર્શનનું સુખ પણ લઈ લીધું - છીનવી લીધું. હાય રે ! મારા ગાલ પર ચુંબન લઈ લીધું, સખિઓ જોઈ રહી છે. હું તો લાજ થી મરી રહી છું. અરે તૂ તો નંદનો લાલા, વ્રજજનોનો મીત કહેવાય છે. તને આવું કામ શોભા નથી આપતું. રસિક પ્રીતમ ! હું તારી આગળ કાલાવાલા કરું છું - ચાલો મારી હાર સ્વીકાર કરું છું - હું હારી - તુ જીતી ગયો.''

# ॥ ગો. શ્રી પુરુષોત્તમજી મહારાજશ્રી ''ખ્યાલવારે'' ॥
# (મથુરા) (સંવત ૧૮૦૫)

## 'પુરુષોત્તમ' પ્રભુ – રસિયા

ફગુવા દે મોહન મતવારે, ફગુવા દે,
વ્રજકી નારી ગાવે ગારી, દો બાપનકે બીચ ડોલે. ફગુવા દે. ૧
નંદજી ગોરે જસોદાજી ગોરે, તુમ કહાંતે હો કારે. ફગુવાદે. ૨
'પુરુષોત્તમ' પ્રભુ જુવતીન હેતે, ગોપ ભેખ લીયો અવતારે. 3



''ફગુવા દે મોહન મતવારે, ફગુવા દે'' આ રસિયાના બોલ વૈષ્ણવ સૃષ્ટિને કંઠસ્થ છે. ગો. શ્રી પુરુષોત્તમજી મહારાજશ્રી ''ખ્યાલવારે'' (મથુરા) (સંવત ૧૮૦૫) દ્વારા રચીત અનેક રસિયા પૈકીનું એક છે.

આપશ્રી રાગ-સંગીતમાં ખૂબ જ રસ ધરાવતા હતા. આપશ્રીનું વેણુવાદન મનમોહક હતું. આપશ્રીના વેણુવાદનની ચારે દિશાએ પ્રસંશા થતી. આપશ્રીની ખ્યાલ ગાયકીમાં ખૂબ જ નિપૂણતા હતી. જેથી આપશ્રીના નામ પાછળ ''ખ્યાલવારે'' શ્રીપુરુષોત્તમજીથી જગ પ્રસિદ્ધ હતું. ખ્યાલની ગાયકી તર્જની સાથે આપશ્રી દ્વારા રચિત-લિખિત હોરી રસિયા પણ જગ પ્રસિદ્ધ છે. આ રસિયા હોરીના ચાલીસ દિવસમાં વૈષ્ણવ હવેલી, ઘરો માં અને મંડલીઓમાં અવસ્ય ગાવામાં આવે છે.

શ્રીયમુનાજી, શ્રીદાઉજીથી ઘણા જ ગભરાતા હતા. શ્રીદાઉજીના હોરી ખેલને ''હોરંગા'' કહેવામાં આવે છે. શ્રીદાઉજીનો ગોપીજનોના સંગ-સત્સંગ પછીથી આપનું ગૌર સ્વરૂપ શ્યામ થયું. જેથી શ્રીદાઉજીએ શ્રીયમુનાજીને કહ્યું કે, ''હે યમુને હવે હું શ્રીકૃષ્ણના રંગમાં રંગાઈ ગયો છું.'' માટે ''હોરંગા'' શબ્દનો પ્રયોગ પ્રસિદ્ધ છે. શ્રીદાઉજીનું સ્વરૂપ મથુરામાં બિરાજે છે. તે સ્વરૂપ આપશ્રી પુરુષોત્તમજી મહારાજશ્રી ''ખ્યાલવારે'' દ્વારા હાલની મથુરા સ્થિત હવેલીમાં પધરાવવામાં - પાટ બેસાડવામાં આવ્યું છે. જે ''હોરંગા''ની હોરી ખેલના બોલ - 'પુરુષોત્તમ' પ્રભુ જુવતીન હેતે, ગોપ ભેખ લીયો અવતારે'

આપશ્રી 'પુરુષોત્તમ' પ્રભુ એ સ્વયં અવતાર લઈને આપણે બધા રસિક જનો માટે પ્રભુને સુખ દેવા 'રસિયા' પ્રગટ કર્યા.

બરસાને મહેલ લાડલીકે, બરસાને.
આસપાસ વાકે બાગબગીચા, બીચ પેડ મહાધુરી કે, બરસાને. ૧
ખીલ્યો બાગ ગુલાબ મોગરો, છુટી સુગંધ ચમેલી કે, બારસાને. ૨
નંદગામ તેં મોહન આયે, સંગ સખાહે બરાબર કે, બરસાને. ૩
'પુરુષોત્તમ'પ્રભુકે સંગ ખેલત, એસે ખેલ ખિલારી કે, બરસાને. ૪

દરશન દે મોર મુગટવારે, દરશન દે.
અરૂ કટી રાજત સુભગ કાછની, ફરકત પીરે પટવારે. દરશન દે.૧
વૃંદાવનમેં ધેન ચરાવે, બાજત બંસીબટવારે. દરશન દે.૨
'પુરુષોત્તમ'પ્રભુકે ગુણ ગાવે, શેષ સહસ્ત્ર મુખ રટે હારે. ૩

ઠાડી રહે ગ્વાલન મદમાતી, ઠાડી રહે.
યહ અવસર હોરી કો હેરી, હમ તુમ ખેલે સંગ સાંતી, ઠાડી રહે.૧
ભૂલ ગયો ઘર ગેલ હમારી, લે લગાઈ અપુની છાતી, ઠાડી રહે.૨
'પુરુષોત્તમ'પ્રભુ હસત હસાવત, વ્રજવનિતા સબ ગુણ ગાતી. ૩

ચલ્યો આરે શ્યામ મેરી પલકનમેં, ચલ્યો આરે.
આવ નિશંક શંકજીન માનો, પ્યારે નથ ઉરઝાવું તેરી અલકનમેં ૧
તુમ રીઝે મેરે નવલ જોબના, મેરે નીયા રે તેરે તિલકનમેં. ચલ્યો.૨
વૃંદાવન હિતરૂપ માધુરી, સબ ગ્વાલનકે લરકનમેં. ચલ્યો. ૩

મેં તો મલુંગી અબીલ તેરે ગાલનમેં, મેં તો,
મલ ગુલાલ આંખે આંજુગી, ચોટી ગુંહુંગી બાલનમેં, મેં તો. ૧
આજ કસર સબ દિનકી નીકસી, બેંદી તેરે ભાલનમેં, મેં તો. ૨
'પુરુષોત્તમ' તોય પકર મંગાઉ, મીર બનું વ્રજબાલનમે. મેં તો.૩

મૃગનેની નાર નવલ રસિયા, મૃગનેંની.
બડી બડી અખિયાં નેનમેં સુરમાં, તેરી ટેડી ચિતવન મેરે મન વસીયા, મૃગનેંની. ૧
અતલસકો યાકે લેંગા સોહે, પ્યારી ઝુમકસારી મેરે મન વસીયા, મૃગનેંની.૨
છોટી અંગુરીનમેં મુંદરી સોહે. યાકે બીચ આરસી મન વસીયા. મૃગનેંની. ૩
યાકે બાંહબરાબાજુબંધ સોહે. વાકે હઈડે હાર દીપત છતિયા. મૃગનેંની. ૪
રંગ મહેલમેં સેંજ બિછાઈ, યાકે લાલ પલંગ પચરંગ તકિયા. મૃગનેંની. ૫
'પુરુષોત્તમ'પ્રભુ દેખ વિવસ ભયે. સબે છોડ વ્રજમેં વસિયા. મૃગનેંની. ૬

વ્રજકી તોય લાજ મુગટવારે, વ્રજકી તોયે.
ચંદ સૂરજ તેરો ઘ્યાન ધરત હે, ઘ્યાન ધરત નવલખ તારે. વ્રજકી.૧
ઈંદ્રને કોપ કીયો વ્રજ ઉપર, તબ ગિરિવર કરપર ધારે, વ્રજકી.૨
‘પુરુષોત્તમ’પ્રભુકી છબિ નિરખત, ગાય ગોપકે રખવારે, વ્રજકી.3

બન આયોરે છેલા હોરીકો, બન આયો રે.
મલ્લકાછ સીંગાર ધર્યો હે, વાકે ફેંટા શિશ મરોરીકો. બન.૧
યાકે સોંધે ભીનો ઉપરના સોહે, યાકે માથે બેંદા રોરીકો. બન. ૨
પુરુષોત્તમપ્રભુ કુંવર લાડીલો, યહ તો રસિયા યા ગોરીકો. બન.3

આજ યાંહી બસ છેલા હમારી નગરી, આજ.
વ્રજનારી તેરે હે બહુતેરી, સો તો દેખ સાંત મોય જરે સગરી.૧
‘પુરુષોત્તમ’પ્રભુ મોય નીટ મીલેહો,
તોહિ નાહિ જાન દેઉંગી, આજ રેન સગરી. આજ. ૨

રસિયા રસલે ફાગકો, રસિયા.
ઉઘરી પરેંગી પ્રીત નંદકે, યહ દિનહે અનુરાગ કો, રસિયા. ૧
લોગ ચવાવ કરત ઘર ઘર પ્રતિ, યહ દિનહે અનુરાગકો, રસિયા. ૨
પુરુષોત્તમ પ્રભુ સોં મીલ ખેલો માનુંગી ભાગ સોહાગકો, રસિયા. 3

ગહેરે કર યાર અમલ પાની, ગહેરે કર.
ચલ બરસાને કરે મિજબાની, તેરી ભાંગ મીરચકી મેં ના જાની. ૧
તોહે કરેંગેં હોરી કો રસિયા, હમ હોયગે તેરે અગબાની. ૨
‘પુરુષોત્તમ’પ્રભુકી છબિ નિરખત, તેરે મનકી હમ જાની, ગહેર કર. 3

લટકાળો શ્રીગિરિવરધારી, લટકાળો.
ગિરિવરધારી કુંજ બિહારી, મને મારી નેનકટારી રે. લટકાળો.૧
કાલ મલ્યા હતા મને જમુનાની તીરે, રૂપરસિક છબિ ભારી રે. લટકાળો. ૨
મોરમુગટ મકારાકૃત કુંડલ, બંસી બજાવે પ્યારી રે. લટકાળો. 3
પુરુષોત્તમપ્રભુ પ્રાણ સ્નેહી, તેરે ચરણકમલ ચિત્ત વારી રે. લટકાળો. ૪

અપની ડગર ચલ્યો જા વૃજવાસી, અપની
મેં અપને મારગમેં ઠાડી, દેખેંગે લોક કરેંગે મેરી હાંસી. અપની. ૧
તુમ વૃજવાસી અપને ગરજકે, લગાય ગયો નેના, ગરે ડાર ગયો ફાંસી. અપની. ૨
'પુરુષોત્તમ' પ્રભુકી છબિ નિરખત, તુમ મેરે ઠાકુર મેં તેરી દાસી. અપની. ૩

મેં તો ચેક ઉઠી ડફ બાજનસોં. મેં તો.
સોવતહી અપને આંગનમેં, જાગી ગારી ગાજનસોં. ૧
દેખું તો દ્વારે મોહન ઠાડે, સજે છેલ સબ સાજનસોં. મેં તો. ૨
'પુરુષોત્તમ' મેરો નામ લેલે, તીન ગારી દઈ બિન લાજનસો. મેં તો. ૩

આજ જસોદા પેં ચલો સબ ગોરી,
એસો સૂત તેને જાયોરી જસોદા, અબ બની બેઠી હે તું ભોરી. ૧
નંદનંદન સખી હમારે ભવનમેં, આય કરત હે ચોરી. ૨
વૃંદાવનકી કુંજગલનમેં, મહીકી મટુકિયાં ફોરી. ૩

નણંદિયા કૂવાપેં આસન જોગીકા,
જલ ભરૂં કે પીછી જાઉં, (૨) નણંદિયા. ||૧||
તાતી જલેબી ને હાથમેં રકેબી,
ભલાજી મેં તો જોગીડા જીમાવન જાઉં, (૨) નણંદિયા. ||૨||
શિર પર ઘડા, ઘડા પર ઝારી,
ભલાજી મેં તો જોગીડા પિવાવન જાઉં, (૨) નણંદિયા. ||૩||
પક્કા બે પાનકે રસિલાં બીડલાં,
ભલાજી મેં તો જોગીડા મનાવન જાઉં, (૨) નણંદિયા. ||૪||
ચુન ચુન કલીઅન સેંજ બિછાઈ,
ભલાજી મેં તો જોગીડા પોઢાવન જાઉં, (૨) નણંદિયા. ||૫||
સાડી સરસ કસબકો લેંઘા,
ભલાજી મેં તો જોગીડા રિઝાવન જાઉં, (૨) નણંદિયા. ||૬||
ગોરી ગોરી બૈયાં ને હરિહરિ ચુડિયાં,
ભલાજી મેં તો જોગીડા દિખાવન જાઉં, (૨) નણંદિયા. ||૭||
વા જોગીને મેરી બૈયાં મરોરી,
ભલાજી મેં તો લાજકી મારી મર જાઉં, (૨) નણંદિયા. ||૮||

# ॥ "વ્રજનો કનૈયો" – રંગ રસિયા ॥

## શ્રી ચતુર્થપીઠાધીશ્વર – શ્રીકનૈયાલાલજી મહારાજ ઉર્ફે શ્રી વિઠ્ઠલેશ પ્રભુ

अर्विदनेत्राय कृपायुताय दंडाकार तिलक धारकाय ।



सहज स्मिताय मुखारविंदाय नमोऽस्तु स्वामि श्रीविठ्ठलाय ॥

આપશ્રીનું પ્રાગટ્ય સંવત ૧૯૨૫ના શ્રાવણ વદી ૮ મે મથુરામાં થયું હતુ પિતાશ્રીનું નામ શ્રીરમણલાલજી મહારાજ તથા માતાજીનું નામ શ્રી રાણીવહુજી છે. સંવત ૧૯૨૬ના કારતક વદી ૧૧ની રાત્રે આપશ્રી શ્રીગોકુલની ગાદીએ પધાર્યા તેથી તે ગાદીના સેવકો પાટોત્સવ કારતક વદી ૧૧ને જ આપશ્રીના પ્રાગટ્ય ઉત્સવ તરીકે માને છે અને તે ઉત્સવ રંગભેર કરે છે. પ્રથમ આ ઉત્સવ દહેગામવાળા મહાનુભાવી શ્રી છગનલાલભાઈ જેમને વૈષ્ણવ સમાજ 'મોટાભાઈ'ના નામથી ઓળખે છે, તેમણે દહેગામ ગામે રંગભેર ઉજવ્યો હતો અને ત્યારથી તે ઉત્સવ ગામે ગામ શરૂ થયો છે.

શ્રી કન્હૈયાપ્રભુએ ત્રણ વખત લગ્ન કર્યું હતું. પ્રથમ સંવત ૧૯૩૧ના જેઠ સુદી ૧૦મે શ્રીરાધાવહુજી સાથે, બીજું સંવત ૧૯૪૧ના (વ્રજ) અષાડ વદી ૯ને દિવસે શ્રીશોભાવહુજી સાથે, ને ત્રીજુ સંવત ૧૯૪૯ના અષાડ વદી ૭મે શ્રીકમલા વહુજી સાથે કર્યું હતું. આપશ્રી સંવત ૧૯૬૮ના ફાગણ વદી ૧૪ને દિને નિત્યલીલામાં પધાર્યા છે. ભાવિક વૈષ્ણવોને તે સમય પારાવાર દુઃખ થયું હતું. આપશ્રીએ ભૂતલ પર બિરાજી અનેક રસમય લીલાઓ કરી નિજભક્તોને રસમાં તરબોળ કર્યા હતા. તે રસિલા ભક્તો આજે પણ આપશ્રીનો ઉત્સવ રંગભેર ને રસમય રીતે ઉજવે છે. અને પોતે રસમાં તરબોળ થઈ અનેક વૈષ્ણવોને તે રસનો આનંદ આપે છે. ધન્ય છે તે રસિક ભક્તોને તથા તે રસિક પ્રભુને કે જેને લોકો 'વ્રજનો કન્હૈયો' કહે છે. તે રસિક પ્રભુની વધાઈ તથા રસિયા રસિક ભાઈ-બહેનોને ઉપયોગી ને આનંદદાયી થઈ પડશે તેમ માની આ પુસ્તિકામાં લીધા છે.

ગોરી સુરંગ ચુનરીયાં રંગાય લેરી, ગોરી સુરંગ ।।૧।।
યહ વસંત જોબન મદમાતી, નેહ સુરંગ રચાય લેરી. ।।૨।।
જોબન ગયો ફિર નહિ આવે, ફગુવા ખેલ ખેલાય લેરી. ।।૩।।
તહાંહું માન કાન પ્રમુદિત, જીવન સુખ ઉપજાય લેરી. ।।૪।।
મિલેહી ફેરી ન રસિયા તોકું, જીયકી હવસ બુઝાય લેરી. ।।૫।।
ક્યું અબ માન કરે તું આલિ, ખેલખેલાય સુખ પાય લેરી. ।।૬।।
શ્રીવિઠ્ઠલપ્રભુ રસકે રસિલે, ચર્ણકમલ ચિત્ત લગાય લેરી. ।।૭।।

યમુના તટ ખેલ બડો રસિયા, યમુના તટ. ।।૧।।
સંગ લીયે રસ સુંદીર બાલા, પ્રેમ પ્રીતમેં જાય ફસીયા. ।।૨।।
સઘન કુંજ વહાં ડાર કદમકી, ઝુક રહી રસવેલી યમુના. ।।૩।।
તાલ મૃદંગ ઝાંઝર બાજે, રાગ તાનકો બડોહી રસિયા. ।।૪।।
ભર પિચકારી નેનન ચલાવત, રંગ વરસાવત મુખ મૃદુ હસીયા. ।।૫।।
નેન પિચકારી કુચન પર મારત, મુખ મલકાવત પૂરણ શશિયા. ।।૬।।
શ્રીવિઠ્ઠલપ્રભુ ચલે કુંજ ઘહરમેં, છતિયાં લગાઈ મેરે મન વસીયા. ।।૭।।

### આજે વ્રજમેં હોરી રે રસિયા

આજે વ્રજમેં હોરી રે રસિયા, આજ યમુનાતટ હોરી રે રસિયા. આજ. ।।૧।।
હોરી રે હોરી બરજોરી રે રસિયા, આજ વ્રજમેં હોરી રે રસિયા, આજ. ।।૨।।
નવલ કુંવર બેઠે યમુના તટ, સઘન કુંજ તહાં ખોરી રે રસિયા, આજ. ।।૩।।
નવ સત સાજ સજી સીંગાર સબ, એક સામલ એક ગોરી રે રસિયા, આજ. ।।૪।।
ચોવા ચંદન અગર અરગજા, અબીલ ગુલાલે ભરી ઝોરીરે રસિયા, આજ. ।।૫।।
જાન ન દેઉંગી પકર રહુંગી, મત જાનો મોય ભોરી રે રસિયા, આજ. ।।૬।।
શ્રીવિઠ્ઠલપ્રભુ સંગ હોરી ખેલતમેં, મોતીન માલ મેરી તોરીરે રસિયા, આજ. ।।૭।।

યાંહી રહોરી લાલ હમારી નગરી, યાંહી રહોરી. ।।૧।।
ખાતર તેરી સબહી કરૂંગી કરૂં વ્યાર મેં રેન સઘરી. યાહી ।।૨।।
મેવા ભોગ ધરૂં તેરે આગે, જમુના જલ ભર લાઉં ગગરી. ।।૩।।
શ્રીવિઠ્ઠલ પ્રભુ મેરી સેજ પેં પોઢો, કેલી કરો તુમ ભુજ ભર જઘડી. ।।૪।।

ગજ ગામિની નાર, ચપલ રસિયા, ગજ ગામિની. ।।૧।।
ગલુબંદ ગજરા કર કંકન, ચંદનહાર મેરે મન વસિયા, ગજ. ।।૨।।
નખ શિખ ભૂષણ અંગ બિરાજત, હસત છબિલી મેરે મન વસીયા. ।।૩।।
શ્રીવિઠ્ઠલપ્રભુ હોરી ખેલત, સંગ ડોલત પૂરણ શશિયા, ગજ. ।।૪।।

ચલ્યો આરે છેલા મેરી પલકનમેં, ચલ્યો આરે. ||૧||
જો તું શ્યામ મેરી પલકન આવે, લેં ભાગુંગી અલકન મેં, ચલ્યો આરે. ||૨||
અલકન તેં તોઈ અચક ઉચક કે, ભરૂં અંક તોઈ પલકન મેં. ચલ્યો. ||૩||
શ્રીવિઠ્ઠલપ્રભુ ડોલ ઝુલાવું, આઈ બેઠે નથ મલકનમેં. ચલ્યો. ||૪||

છેલા ડારોરે ગુલાલ નીકસ જાયગી, છેલા ડારો રે. ||૧||
અચક ઓટ તકી દેઉં કુમકુમા કેસરી સાડી રંગ જાયગી, છેલા. ||૨||
દે પિચકારી માર ભિંજવો, શુધ બુધ સબ વિર જાયગી, છેલા. ||૩||
શ્રીવિઠ્ઠલપ્રભુ પકરી મરોરો, આપ ચરણ તર પડ જાયગી, છેલા. ||૪||

**બની આયો રે છેલા હોરીકો, બની આયો રે. ||૧||**
**લે ગુલાલ મોઢો રંગ દેઉંગી, કાજર આંજી કટોરીકો. બની. ||૨||**
**ગુલરીમાલ ગલેમેંડારી, ફેંટા બાંધ્યો પિછોરીકો. બની. ||૩||**
**શ્રી વિઠ્ઠલપ્રભુ મેંહુ દેવરીયા, ગુદ કારી યા ગોરી કો. બની. ||૪||**

નેક સોઈજા શ્યામ મેરી છતીયાં, નેક સોઈજા. ||૧||
મખમલ પેટ સેજ તેરે લીયે, શુદ્ર ઘંટીકા કસકસીયાં. નેક. ||૨||
શ્રીકંઠકો તોયે કરૂં સીરોના, કુચ દોઉ ગોલ ગીલમ તકીયા. નેક. ||૩||
શ્રીવિઠ્ઠલપ્રભુ રસપાન અધર દે, મનકીં હોંસ બુઝાય રસિયા. નેક. ||૪||

છેલા એસી બાત તેરી મોહે ન સોહાય, છેલા એસી. ||૧||
મેં જલ જુમના ભરત જાતહી, ઘુંઘટ ખોલ મૃદુ હસાય, છેલા. ||૨||
અધરનકો રસ લીયોહી ચાહત, મેરી હાહા ખાય વાકો મન લલચાય, છેલા. ||૩||
શ્રીવિઠ્ઠલપ્રભુ યા હોરી મેં, નર નારી કછુ ન સહાય. છેલા એસી, છેલા. ||૪||

મૃગનેની નાર નવલ રસિયા, મૃગનેની. ||૧||
બાંહ બડાબાજુ બંધ સોહે, ઝુમક સારી મેરે મન વસીયા. ||૨||
ખૂબ સરસ કસબકો લેંઘા, તેલ ફૂલેલ સમારી પટિયા. ||૩||
શ્રીવિઠ્ઠલપ્રભુ કી છબી નિરખત તું ગોરી ઓર મેં રસિયા. ||૪||

બની આયો રે છેલા હોરીકો, બની આયો રે. ।।૧।।
લાલ ગુલાલ રંગ્યો જાકો મોંઢો, માથે બેંદી રોરીકો. બની. ।।૨।।
ગાલનપેં જાકે લગ્યો દીઠોના, કાજર ચિતવની ચોરીકો. બની ।।૩।।
ધોતી ઉપરણા સુરંગ સુહાવે, મોહી લીયો મન ભોરી કો. બની ।।૪।।
નટનાગર યાને ભેખ બનાયો, સંગ સમાજ બરોબરી કો. બની ।।૫।।
શ્રીવિઠ્ઠલ પ્રભુ કી છબી નિરખત, મન માન્યો યા ગોરી કો. બની ।।૬।।

રસિયાકો વચન માન લીજે, રસિયા કો. ।।૧।।
બહોત દિનનમેં ફાગુન આયો, રતિરસ રસિયાકું હસ દીજે. ।।૨।।
અપને મન માની સબ કરીએ, જોબન રસ લે રસ દીજે. ।।૩।।
શ્રીવિઠ્ઠલપ્રભુ યા ફાગુનમેં, વરસકી કસર નીકાસ લીજે. ।।૪।।

નેક ઠાડો રહે શ્યામ રંગ ડારૂંગી, નેટ ઠાડો રહે. ।।૧।।
બહોત અજગરી કરત ફીરતહો, સબરી કસર નિકારૂંગી. નેક. ।।૨।।
બહોત દિનમમેં ફાગુન આયો, મનકી હોંસ મિટાઉંગી. નેક. ।।૩।।
લઈ ગુલાલ મુખ માંડુ તિહારો, ગાલન ગુલચા મારૂંગી. નેક. ।।૪।।
બહોત દિનનકી આશ લગી હેં, ચરણ કમલઉર ધારૂંગી. નેક. ।।૫।।

મુખડા મત ફેરે નથવારી, મુખડા મત ફેરે. ।।૧।।
સાસ નનાંદકી શરમ કરે મતિ, બાલાપનકી હે યારી. મુખડા. ।।૨।।
વરસદિન પીછે ફાગુન આયો, કરેલ અબ ખાતર દારી. મુખડા. ।।૩।।
શ્રીવિઠ્ઠલપ્રભુ મુખમાંડકે, રસકી ચસક નિકાલ પ્યારી. મુખડા. ।।૪।।

રસિયા હોરી ખેલો અબ મોસો, કેતેઈ સુન ગયે ફાગ, રસિયા. ।।૧।।
ફાગુન માસ ફીકો કર ડાર્યો, પ્યારે રસકો વહે ગયો જહાજ. ।।૨।।
કબ ભીંજોગે મેરી સુરંગ ચુનરિયાં, મેં ભીજાવું તુમેરી પાઘ. ।।૩।।
અવધિ વીતી અબહું મીલે ના, મેં કહાં તક દેખું વાટ. ।।૪।।
આપ વસે નવનિકુંજ મેં મોહન, મેં બેઠી શ્રીયમુના ઘાટ. ।।૫।।
અબિલ ગુલાલ ઓર કુમકુમા, ચૌવાસેં ભર ભર માટ. ।।૬।।
કનક પિચકાઈ શ્રીકરમેં સોહે, કબ છિરકત દેખું રાજ. ।।૭।।
છેલ છિબલો રંગ રંગીલો, શ્રીવિઠ્ઠલવર રસરાસ. રસિયા ।।૮।।
અરજ કરું દોઉકર જોડી પ્યારે, અબ દાસી બોલાવો પાસ. ।।૯।।

આજ યાંહી રહો શ્યામ હમારી નગરી, આજ યાંહી રહો રે. ||૧||
અબિલ ગુલાલકે બાદર છાયો, કેસર રંગ ભરી ગગરી. ||૨||
ઈત ગોકુલ ઉત મથુરા નગરી, બીચ વહે યમુના ગહેરી. ||૩||
શ્રીવિઠ્ઠલપ્રભુકી છબિ નિરખત, જાન ન દેઉંગી રેન સગરી. આજ. ||૪||

રસિયા તોસેં હોરી જબ ખેલુંગી, મેરી નોંગરી મેં, ઘુઘરૂ જડાવ. રસિયા. ||૧||
આગલ ઉપર પીછે સોહે, ભલાજી મેરી હંસલી મેં ઘુઘરૂ જડાવ. રસિયા. ||૨||
છોટી છોટી અંગુરી મેં મુંદરી સોહે, મોકું બજનેસે બાજુબંધ લાય, ભલાજી. રસિયા. ||૩||
જો રસિયા તુમ હોરી ખેલો મેરી મનકી તપત બુઝાય, ભલાજી. રસિયા. ||૪||
શ્રીવિઠ્ઠલપ્રભુ તુમ બડે ઢીટ હો, હીયરાંપે હીયરા લગાય, ભલાજી. રસિયા. ||૫||

રસિયા હોરી ખેલો અબ મોસો, મેં ખિલાવન આઈ કુંજદ્વાર. ||૧||
એસોરી રસિયો મોમન વસીયો, મોકુ ઓર ન કુછ સોહાય. ||૨||
અબિલ ગુલાલ ઓર કુમકુમ ચૌવા ચંદન સંગહું લાય. ||૩||
કનક પિચકારી શ્રીકરમેં ધરકે, મેરે નેનાસેં નેના મિલાય. ||૪||
અબકી ઓટ સહી ન જાય પ્યારે, મેરે તનકી તપત બુઝાય. ||૫||
શ્રીવિઠ્ઠલપ્રભુ વેગે મિલો અબ, નાતર હોયગી ઘાત રસિયા. ||૬||

રસિયા કેતે દિન બીતે ફાગુન કે મોપે, પ્રગટ ખેલે મહારાજ. ||૧||
એસેરી ખેલમેં મન નહિ લગે રસિયા, મોકુ કહત આવત લાજ. ||૨||
કબ ભીંજોગે મેરી સુરંગ ચુનરિયાં મેં હસ ભીંજાઉ તુમ પાઘ. ||૩||
લે ગુલાલ મુખ મોડું રે પ્યારે, મેરે હૃદય મેં ભર્યો રે અનુરાગ. ||૪||
ફાગુન માસ બહુત પિય પ્યારે, અબ વિયોગસેં ઉઠે આગ. ||૫||
શ્રીવિઠ્ઠલપ્રભુ આશ મિલનકી, મેં કાટું દિન અરૂ રાત. રસિયા. ||૬||

કાંટો લાગ્યો રે દેવરિયા મોપે સંગ ચલ્યો ન જાય.
સંગ ચલ્યો ન જાય, મોપે ગેલ ચલ્યો ન જાય. કાંટો. ||૧||
ચલત ચલત મેરી પીંડુરી થક ગઈ, પાયલ ભરી કીચમેં ગડ ગઈ,
વિછનકો ઝણકાર... કાંટો.||૨||
માયબાપ તેં કહે ના આવ્યો, બીના કહે મોકું સંગ લે આયો,
શ્રીવિઠ્ઠલપ્રભુ તો હે રસિયા, સબ રસકે વિશ્રામ... કાંટો. ||૩||
અપને મહલમેં મેં અલબેલી, જોબન ખીલ્યો ફૂલ ચંબેલી,
રસિયાકે દરશ બિના, ધૂપ પડે કુમલાય... કાંટો. ||૪||

જમુના તટ ખેલ હોરીરે રસિયા, જમુનાતટ. ||૧||
મેં જમુના જલ ભરન ગઈતી, અચાનક ગાગર ફોરીરે, રસિયા. ||૨||
સાડી ભીંજાઈ અંગ ભીંજાયાં, આપ હસત કરત ઠઠોરી રે, રસિયા. ||૩||
શ્રીવિઠ્ઠલપ્રભુ **હોરી** ખેલે, સુરનર મુનિ ગત ભૂલે રે, રસિયા. જમુના. ||૪||

ખેલન દે મોહે **હોરી** રસિયા, ખેલન દે.
તુ હો નાથ કુંવર કન્હૈયા, મેં નાગરી ગોરી, ખેલન દે. ||૧||
ફાગુન કે દિન આયે રસિયા, જામેં સબ ખેલે હોરી, ખેલન દે. ||૨||
સખી સબ મિલી હોરી ખેલે, મેને કહા કીની ચોરી, ખેલન દે. ||૩||
સરખી સાહેલી સંગમેં લાઈ, મુગ્ધા મધ્યા ગોરી, ખેલન દે. ||૪||
અબિલ ગુલાલ **ફેંટ** ભરી રે, ભર લાઈ રંગઝોરી, ખેલન દે. ||૫||
ચૌવા ચંદન ઓર અરગજા, સંગ લાઈ કેસર ઘોરી, ખેલન દે. ||૬||
ભર પિચકારી તોહી ભીંજાવું, નાથ વિઠ્ઠલ બરજોરી, ખેલન દે. ||૭||

આજ યાંહી રહો છેલ હમારી નગરી, રે હમારી નગરી, આજ.
અરે ઘરકે બાલમકું ખાટી મહેરી, અરે રસિયાકું દૂધ ચપટિયામેં,
અરે કટૈયા મેં... આજ યાંહી રહે. ||૧||
અરે ઘરકે બાલમકું ટુટો ઝટુલો, અરે રસિયા કો પલંગ અટારીમેં,
અરે ચોબરિયા મેં, અરે કમરિયામેં, આજ યાંહી ||૨||
શ્રીવિઠ્ઠલપ્રભુકી છબિ નિરખત, એ રસિયા કો ખેલ મેરી અંગિયામેં,
અરે મેરા હિયરામેં,... આજ યાંહી રહો. ||૩||

અરે ઉડ જારી ભમર તોહે મારૂંગી, અરે ઉડ જારી.
ઉડ ભમરા વાકે ઘુમટા પર બેઠો, અરે નેનન નાચ નિહારૂંગી ||૧||
ઉડ ભમરા વાકે હિયરા પર બેઠો, મેં તેરો બોંઝ ન સહારૂંગી ||૨||
તુમ રસિયા ચાહે જો ડોલો, મેં અપનો ધર્મ નહિ છોડુંગી ||૩||
શ્રીવિઠ્ઠલપ્રભુકી છબિ નિરખત, હાં વ્રજ છોડ નહીં જાઉંગી ||૪||

આજ વ્રજ મેં હોરી રે રસિયા, હોરી **રે** રસિયા, બરજોરી રે રસિયા. ||૧||
લક્ષ્મણનંદ વિઠ્ઠલવર ખેલત, સખી સાહેલિયાં ઘેરી રે, રસિયા. ||૨||
લાખ કહી એક ન માની, બૈયાં પકર મરોરી રે, રસિયા. ||૩||
ગુરુજન દુશ્મન કહા કરૈ તેરે, ફાગુન મેં કહા ચોરીરે, રસિયા. ||૪||
શ્રીવિઠ્ઠલપ્રભુ રસબસ કીની, રસભર રંગ મેં બોરીરે, રસિયા. ||૫||

આજ આવોરી પ્રભુ હમારી નગરી, આજ આવોરી. ।।૧।।
અબિર ગુલાલ ડબરા ભર કે, કેસર રંગ ભરી ગગરી. આજ. ।।૨।।
અગર અરગજ કુમકુમ ઘોર કે, બુકા બંદન ચુવા રગરી. આજ. ।।૩।।
કનક પિચકારી શ્રીકર લેકે, તકી તકી મારોં હમ અંગરી. આજ. ।।૪।।
સુખ સેંજમેં નિજ વપુ ધરકે, રસ સોહાગકો કરો દાનરી. આજ. ।।૫।।
શ્રીવિઠ્ઠલપ્રભુકી છબિ નિરખત, દાસ મગ્ન જાગત રેન સગરી. આજ. ।।૬।।

રસિયા તોસેં હોરીકેસેં ખેલુંગી, મેં હું નવલ નવોઢા નારી. ।।૧।।
સાસુનણંદ મોહે આળ ચઢાવે, પરણ્યો દેવે મોહે ગારી. ।।૨।।
સખી સબ મિલ હોરી ખેલે, ગાવત સરસ ધમારી. ।।૩।।
ઘર બહાર નીકસ્યો ન જાવે, મંદિર સોહે નહિ લગારી. ।।૪।।
શ્રીવિઠ્ઠલપ્રભુ સ્વતઃ કૃપાતેં દાસ મગ્નકું ચર્ણ લે ધારી. રસિયા. ।।૫।।

પીય વિખુટી નિશ કેસે કાટું, પીય વિખુટી. ।।૧।।
પીન પયોધર લડુવા લેકે રસકી ખીર કોનકું બાંટુ, પીયવિખુટી. ।।૨।।
જોબન લહેર ચલત દિલ ભીંતર, મન મનોરથ ક્યાં દાટું. પીય.।।૩।।
મત્ત ગજપેં જો સ્વાર ભઈ હું, રાસભ સ્વારી કેસે રાચું. પીય. ।।૪।।
શ્રીવિઠ્ઠલપ્રભુ તુમહી મીલો તો, રસબસ ચરણે લાગું. પીય. ।।૫।।

ગોરી સુરંગ ચુનરીયાં ભીંજાય લેરી, ગોરી સુરંગ. ।।૧।।
યહ અવસર હેં હોરીકો, હોરી ખેલ રચાય લેરી. ગોરી ।।૨।।
જોબન ઉતર્યો ફિર નહિ પાવે, રસિયાકો રસ લૂંટ લેરી. ગોરી ।।૩।।
હાવ ભાવ નેનસેન દે કે, પ્રીતમકો મન મનાય લેરી. ગોરી ।।૪।।
ફિર મીલે નહિ રસિયા તોકું, દિલકો દરદ મિટાય લેરી. ગોરી ।।૫।।
કુચ કલશકું મસકાય લેકે, દશન દાગ ગાલન પેં દેરી. ગોરી ।।૬।।
ભુજ ભર ભેટી વે રસિયાકું, અધરપાન તું કર લેરી. ગોરી ।।૭।।
નેન પિચકારી તીરછી ચલાય કે, રસિયાકું તું રંગ દેરી. ગોરી ।।૮।।
સુરત સંગ્રામે પ્રીતમ જીતી, વિજય ધ્વજા ફરકાય લેરી. ગોરી ।।૯।।
શ્રીવિઠ્ઠલપ્રભુ રસકે રંગીલે, ચરણ કમલ ચિત્ત ધર લેહી. ગોરી ।।૧૦।।

# ॥ બસંતી સિંગાર ॥



શ્યામા શ્યામ સલૌની સૂરત કૌ સિંગાર બસન્તી હૈ ।
મોર મુકુટ કી લટકિ બસંતી, ચંદ્રકલી કી ચટકિ બસંતી,
મુખ મુરલી કી મટક બસંતી,
સિર પૈ પેંચ શ્રવન મેં કુંડલ છવિદાર બસંતી હૈ ।। શ્યામા શ્યામ. ।।૧।।
માથે ચંદન લગૌ બસંતી, ગુજામાલ ગલ સો હૈ ફૂલનહાર બસંતી હૈ ।। શ્યામા શ્યામ. ।।૨।।
કનક કડૂલા હસ્ત બસંતી, ચલૈ ચાલ અલમસ્ત બસંતી, પહર રહે પોશાક બસંત,
રુનક ઝુનક પગ નૂપુર કી ઝનકાર બસંતી હૈ ।। શ્યામા શ્યામ. ।।૩।।
સંગ ગ્વાલન કૌ બોલ બસંતી, બજેં ચંગ ઢપ ઢોલ બસંતી । બોલ રહે હૈ બોલ બસંતી,
સબ સખિયન મેં રાધેજી સરદાર બસંતી હૈ ।। શ્યામા શ્યામ. ।।૪।।
પરમ પ્રેમ પરસાદ બસંતી, લગે ચસીલો સ્વાદ બસંતી । હૈ રહી સબ મરજાદ બસંતી,
ઘાસીરામ શ્યામ કૌ નામ બસંતી હૈ ।। શ્યામા શ્યામ ।।૫।।



# श्यामा श्याम सों होरी खेलत आज नई



श्यामा श्याम सों होरी खेलत आज नई ।
नंद नंदन को राधे कीनो,
माधव आप भई । होरी खेलत आज नई ।

सखा सखी भये, सखी सखा भई,
यशुमति भवन गई ।
बाजत ताल मृदंग, झाँझढ़प,
नाचत थेई थेई । होरी खेलत आज नई ।

गोरे श्याम, साँवरी राधे, यह मूरति चितई ।
पलटयो रुप देख यशुमति की
सुधि बुधि बिसरि गई
'सूर' श्याम कौ बदन रिलोकत,
उघर गई कलई । होरी खेलत आज नई ।



## जागी हो लाल

**राग - वसंत**

जागी हो लाल, गुपाल, गिरिवरधरन, सरस ऋतुराज वसंत आयो ।
फूले द्रुमवेली, फल, फूल, बौरे, अंब, मधुप, कोकिला कीर सैन लायो ।।१ ।।
जावौ खेलन, सबै ग्वाल टेरत द्वार, खाऊ भोजन मधु, धृत, मिलायो ।
सखी-जुथन लीयैं आई है राधिका मच्यौ गहगडराग रंग छायौ ।।२ ।।
सुनति मृदु-बचन, उठे चौंक नंदलाल, कर लीयैं पिचकाई सुबल बुलायौ ।
निरखि मुख, हरखि हियैं, वारि तन मन प्रान, सूर येहि मिसहि गिरिधर जगायौ ।।३ ।।



# ॥ श्रीगोवर्द्धन लाला ॥

**राग - कल्याण** **ताल - धमार** **धमार - संध्या**

श्रीगोवर्द्धन लाला । प्यारेलाल तिहारे चंचल नयन विशाला । तिहारे उर सोहै वनमाला ।
यातें मोहि रही ब्रजबाला ।। खेलत खेलत तहां गये, जहां पिनहारिन की वाट ।
गागर ढौरें सीसते, कोऊ भरन न पावे घाट ।।१ ।।
नंदराय के लाडिले, ऐसौ खेल निवार । मनमें आनंद भररह्यौ, मुखजोवत सकल व्रजनार ।।२ ।।
अरगजा कुंकुम घोरकें, प्यारी लीनों कर लपटाय । अचकां अचकां आयकें, भाजी गिरिधर गाल लगाय ।।३ ।।
यह विध होरी खेलही, व्रज वासिन संग लगाय । गोवर्द्धन धर रूप पर, जन 'गोविंद' बलबल जाय ।।४ ।।



# लाल गुपाल गुलाल हमारी आँखिन में

लाल गुपाल गुलाल हमारी आँखिन में जिन डारो जू ।
बदन चन्द्रमान नैन चकोरी इन अंतर जिन पारो जू ।
गाओं राग बसंत परस्पर, अटपटे खेल निवारो जू ।
कुंकुम रंग सों भरि पिचकारी, तकि नैनन जिन मारो जू ।
बंक विलोचन, दुःख के मोचन, भरि के दृष्टि निहारो जू ।
नागरी नायक, सब सुख दायक, 'कृष्ण दास' को तारो जू ।

राग - मलहार
ताल - आदि
धमार - संध्या

# अब मुख माडोंगी

अब मुख माडोंगी, ग्रहि पाये हो मोहन ।
लिये गुलाल फिरत हों कबकी, तक न बनी कछु गोहन ।।१ ।।
काजर देहुं बनाय लाल कें, यों लागेगो सोहन ।
अब अपनो मन भायौ करहों, कहा नचावत भ्रोंहन ।।२ ।।
सुधकीजे पहली बातनकों, लगे ठगेसे जोहन ।
‘उदयराज’ प्रभु या अवसर हों, नेंक न करों बिछोहन ।।३ ।।

ગોપીનું કહેવું છે કે, ‘આજે મોહન અમારી પકડમાં આવ્યા છે.’ હવે એમનું મોહડું (ચહેરા) સારી રીતે ચિત્રવિચીત્ર રીતે રંગથી લગાવીસ. ક્યારની ગુલાલ લઈને ફરી રહીયું છે, પરંતુ તેને પકડવાનો મોકો (તક) નથી મળી. સુંદર, મને જેવું સારૂ લાગસે એવું જ કરીશ. હવે ભંવ કેમ નચાવવી રહ્યા છો ! પહેલાની વાતોને યાદ કરો. જ્યારે હોરી ખેલમાં તમે અમારાથી હારી ગયા હતા ત્યારે અમોએ ઠગી લીધા છે તેમ જોતા હતા. હવે આ અવસર હાથથી જવા નહી દઉ હવે હું છોડવાની નથી.

# राजा अनंग मंत्रीगुपाल



राजा अनंग मंत्रीगुपाल ।
कियो मुजरा करि छवाय भाल ।।ध्रु० ।।

प्रथम पठाई नीति जाय ।
पुनि सिंघासन बेठे आय ।।

कर जोरे रहे सीसनाई ।
विनती करि मांगत राजाराई ।।१।।

फूले चहुंदिस तरवर अनेक ।
बोलत कपोत सुकहंसभेक ।।

अति आमोद भरि छांडेन टेक ।
तहां लेतरास अलिकरि विवेक ।।२।।

तव कियो तिलक रति राज आनि ।
तव लावत भेट जियडर हिमानी ।।

मनोहरित विछोना रह्योठान ।
तरवर दलांकित ताल जानि ।।३।।

नायकमन भायो कामराज ।
छांडीसवनते दुहूँलाज ।।

अपने अपने मिलि समाज ।
डोलत रससागर चढिजहाज ।।४।।

अति चतुरराज मंत्री ही देख ।
तव दियो राज अपनो विसेख ।।

तव अपनो गोपालदास लेख ।
छांडो कबहूजिन पलनिमेख ।।५।।



# सांची कहो मनमोहन मोसो

राग : वसंत (मंगला समय)
सांची कहो मनमोहन मोसो तो खेलों तुम संग होरी ।
आजु कि रैन कहां रहे मोहन कहां करी बरजोरी ।।१।।
मुख पर पर पीक पीठिपर कंकन हिये हार विन डोरी ।
जियमें और ऊपर कछु और चाल चलत कछु ओरी ।।२।।
मोहि बातवत मोहन नागर कहा मोहि जानत भोरी ।
भोर भये आये हों मोहन बात कहत कछु जोरी ।।३।।
सूरदास प्रभु एसी न कीजे आय मिलो कहा चोरी ।
मनमानें त्यों कत नंदसुत अब आई है होरी ।।४।।



राग अडाना
ताल - चौताल
धमार - संध्या

गावत धमार आई, व्रज की सुकुमार नार ।
चित्र अंकित डफ संवार, तृण टकोर अंगुरी ढार, बजवत रिझवार ग्वार ।।१ ।।
सुन निकसे सुघरराय, अर्भक लीने बुलाय, शंख श्रृंग चंग उपंग, महुवर बंसी सहनार ।
घुंघरू घंट घड़ियाल, कंस ताल कठताल, दंदुभी मृदंग राग, रंग होत नंद द्वार ।।२ ।।
चोवा मृगमद गुलाल, मुख मंडित किये गोपाल, केसर के सुतन पुंज, कंचन कर सीसबार ।
पिचकाई करन लाई, धारा छूटत सुहाई, सहचरी समीप आय, छिरक रही हार हार ।।३ ।।
अति विचित्र बाल मित्र, विहरत मिल युवति यूथ, गावत हें सुर संयुत, होरी के गीत गार ।
'मुरारी दास' प्रबु गोपाल, फगुवा दीनौ संभार, दै असीस उलट चली, रूप माधुरी निहार ।।४ ।।

शब्दार्थ : डफ की मढी हुई खाल के ऊपर रंग बिरंगे चित्र बनाए हैं । तृण टकोर अंगुरी डार - डफ को एक हाथ में पकड़ कर दूसरे हाथ की अँगुली से बजाते हैं । जिस हाथ से पकड़ते हैं उसमें पतली सी एक सींक (लकडी का टूकड़ा) रख कर उससे टकोरा देते रहते हैं, डफ बजाने की चाल का चित्रण किया गया है ।



# दोऊ नवललाल खेलति बसंत

दोऊ नवललाल खेलति बसंत । आनंद कंद गिरिधरनचंद ।।ध्रु०।।
नवल कुंज द्रुम नवल मोर । नवल कुसुम रुम मधुप सोर ।।१।।
नवल लीलाँबर नवल पीतपट नवल अधर मुख बीरीदंत ।
नवरस केसरि नवल अरगजा नवल गुलाल अबीर उडंत ।।२।।
नवल गुपाल नवल ब्रज जुवती नवल परस्पर सुख अनन्त ।
'चत्रभुजदास' दरस दृगलोभी नवल रुप गिरिधरनचंद ।।३।।

# सबकी चोट निशाने पै



सबकी चोट निशाने पै ।
नैना बान छुटें चहुँधांते चन्द्रिका बहरक बाने पै ।
लाखन हू की भीर लगि रही,
मन लोचन परसाने पै ।
जा नागर पर यह ब्रज अट क्यो ।
सो अटक्यो बरसाने पै ।।



# લાલ ગુલાલકી માર રસભરે

**રાગ - નાયકી**

લાલ ગુલાલકી માર રસભરે ખેલત હરિ હોરી ।
રત્ન ખચિત પિચકાઈ સોંધે ભર છિરકત નવલકિશોરી ।।૧।।
લલિતા મોહનકો મુખ માંડયો કંસરસોં પટ બોરી ।
વિચિત્ર વિહારી વિહારિણ પરસ્પર આનંદસિંધુ ઝકોરી ।।૨।।



सौजन्य : अमित अंबालाल

## रसिया को नारि बनावो री

रसिया को नारि बनावो री, रसिया कों ।
वाकों चूनरी सीस उढावोरी ।।१।।
गाल गुलाल दृगन बीच काजर ।
वाकें बेंदी भाल लगावोरी ।।२।।
'कृष्णजीवन' तारी बजाय कें ।
जसुमति निकट नचावोरी ।।३।।

## मृगनैनी नार

मृगनैनी नार नवल रसिया, मृगनैनी ।।१।।
बांह बडाबाजु बंध सोहे, झुमक सारी मेरे मन वसीया ।।२।।
खुब सरस कसबको लेंघा, तेल फूलेल समारी पटिया ।।३।।
श्री विट्ठलप्रभुकी छबी निरखत, तुं गोरी और में रसिया ।।४।।



# सखी नंदलाल आवन नहीं पावे

सखी नंदलाल आवन नहीं पावे ।
भीतर चरन धरन मतदीजे, चाहे जीया ललचावे ।।१।।
अेसेनको विश्वास कहा सखी, कपट की बात बनावे ।।२।।
नागरियां एक हमारे भवन बिना, अनत चहाय जहाँ जावे ।।३।।

# होरी खेल कौ निमंत्रण

लाला तौइये बुलाय गई है नथवारी, लाला तौइये
अरे लाला तौइये, हम्बै लाला तौइये, तौइये बुलाय गई नथवारी, छैला तौइये
भैया तौइये बुलाय...

वा नथवारी कौ नाम न जानूँ रे भैया, वाके बड़े बड़े नयन उमर वारी, छैला तौइये
भैया तौइये...

वा नथवारी कौ लम्बौ है गिरारो भैया, वाकी ऊँची, अटा, बाखर न्यारी ।
भैया तौइये.... लाला....

सास ननद वाकी कोई घर नाँय भैया, वह तौ खूब करैगी खातिरदारी
अरे खातिर दारी, खातिर दारी, 'पुरुषोत्तम' प्रभु की छबि निरखत,
तन, मन, धन करै बलिहारी । छैला तोइये, लाला तौइये... भैया तौइये...



# आज सखी कुंजन फाग उड़ाऊँ ।

राग - बिलावल

आज सखी कुंजन फाग उड़ाऊँ ।
प्रान पीतम अबही मोहि मिली हैं, तो मुख मिसरी भराऊँ ।।
ऐसी सुधर नारि कों ब्रज में, ताकौ नाम धराऊँ ।
'रसिक प्रीतम' पिय मिलौ मयाकर, सब तन ताप नसाऊँ ।।

# ॥ रंगीले री छबीले नयना ॥

राग - धनाश्री  ताल - आदि  समय राजभोग - खेल

रंगीले री छबीले नयना, रसभरे नयना, नाचत मुदित अनेरे ।
खंजरीट मानों महामत्त दोऊ, वैसेहूं थिरत न धेरे ।।१।।
श्याम सेत राते रंगरंजित, मानो चित्र चितेरे ।
'कुंभनदास' प्रभु गोवर्धनधर, श्याम सुभग तन हेरे ।।२।।



સૌજન્ય : પ.ભ. શ્રી ગોરધનદાસભાઈ સોની, અમદાવાદ - ગો. શ્રી રાજેશકુમાર મહારાજશ્રીની આજ્ઞાથી

શ્રી કૃષ્ણના સફેદ નેત્ર રંગ પડવાથી લાલ થઈ ગયા છે. વચમાંની કીકી (પુતલી) શ્યામ (કાળી) છે. જાણે કોઈ ચિત્રકારે સફેદ-લાલ-કાળો રંગ લઈને ચિત્રકારી કરી દીધી છે. જેવી રીતે ચંચલ-ખંજન પક્ષી સ્થિર રહી શકતા નથી. એવી રીતે શ્યામ સુંદર મદ મસ્ત લાલ-લાલ, સુંદર, રસથી ભરેલા નેત્રોને જૂઠ-મૂઠ (અનેરા) નચાવી રહ્યા છે. ચંચલ ચપલ દષ્ટિથી ચારે બાજુ કોઈ અનોખા ઢંગથી જોઈ રહ્યા છે.



# जसोदा नही बरजे अपनो कान्ह

जसोदा नही बरजे अपनो कान्ह । अपनो कान्ह सुंदर सुजान ।।१।।
नीर भरन गई यमुना घाट । नही जानदेत घर रोके बाट ।।२।।
कबेंझगर कहे लावो दान । झपटचीर करे खंचतान ।।३।।
पयपीवत धुटरुवन चलत लाल । यह यमुनातट गयो कोन चाल ।।४।।
तेरीबात सुनत मोहि हाँसीआत । यह पलना झुलत कछु नही खात ।।५।।
गौचारत निरखे तरुन श्याम । सबेछलतफिरत करे ऐसे काम ।।६।।
सकुचाय ग्वालरही मुख विहार । सूर श्याम की लीला अपार ।।७।।



ढफ बाजे नंद बाबा घर के ।
चलोरी सखी मिलि देखन जइये, छेल छिकनिया नागर के ।।१।।
अरु बाजत हैं ढोल दमामा, सुनियत छाप नगारन के ।।२।।
नाचत गावत करत कुलाहल, संग सखा हैं बारबर के ।।३।।
पुरुषोत्तम प्रभु के संग खेलत, झख मारत घर बारन के ।।४।।

ભાવાર્થ : કોઉ ગોપી કાઉ ગોપી સૂઁ કહ રહી હૈ કિ આજ બડ્યૌ સુન્દર દિન હૈ । નંદગાંવ મેં મહરજૂ કે ઘર મેં ઢપ નિગારે ડંકા બજ રહે હૈં ચલૌરી સબ જુર મિલકેં હુરંગા દેખેં ।
કનુઆ બરાબર કે ગ્વાલન કૂઁ સંગ મેં લૈકેં નાચતૌ ગાતૌ હલ્લા મચાતૌ હુરંગા ખેલ રહ્યૌ હૈ । હમ તુમ હૂઁ દેખેં ।
યા પ્રકાર ઘરન કૂઁ ત્યાગ સબ ચલી આઈ ।



# आज हरी खेलन फाग बनी

आज हरी खेलन फाग बनी ।
इत गोरी रोरी भर भोरी उत गोकुल को धनी ।।१।।
चोवा को ढोवा कर राख्यो केसर कीच घनी ।
अबीर गुलाल उड़ावत गावत सारी जात सनी ।।२।।
हाथन बनी कनक पिचकारी ग्वालन छूट धनी ।
नंददास प्रभु संग होरी खेलत मुर मुर जात अनी ।।३।।

ભાવાર્થ : આજ બડ્યૌ સુન્દર દિન હૈ ભગવાન્ સખાં કૂઁ સંગ મેં લૈકેં શ્રી રાધિકાસૂં હોરી મચાય રહે હૈં । ચોવા કો છિરકાઉ હ્વૈ રહ્યૌ હૈ । કેસર કી કીચ મચ રહી હૈ । ગ્વાલ બાલ સોને કી પિચકારી ચલાય રહે હૈં । રોરી અબીર ગુલાલ રંગ કી ધૂમ મચ રહી હૈ જામેં વસ્ત્રહૂ ગોતા લગાય રહે હૈં । જબ આંખિન મેં ભરૈ હૈ તૌ શરીર કૂઁ ઝૂકાય કેં વાકૂઁ નિકાર લેંય હૈં । વ્રજભૂમિ મેં આનન્દ છાય ગયૌ હૈ ।



## खेले पिय राधा होरी

खेले पिय राधा होरी ।
नंद नंदन वृषभान नंदिनी बोलत हो हो होरी ।
कंचन की पिचकारी लीयें अंबीर भर भरें झोरी ।
छूटत मुठ्ठी गुलाल लाल की भरत नयन की कोरी ।
पकरे लाल भई अक फोरन प्रकटी प्रीति की चोरी ।
आँख आज कपोलन मीड़त लाज तृण करी तोरी ।
केसर अगर गुलाल अरगजा सोंधे भरे कभोरी ।
हँसत लसत ओर भरत परस्पर गांठ दुहुन की जोरी ।
बिहंस बिहंस सब लेत बलैया अविचल भूतल जोरी ।
माधोदास प्रभु लाल लाड़िले नवल किशोर किशोरी ।

ભાવાર્થ : શ્રીકૃષ્ણ ભગવાન રાધા સૂં હુરંગા મચાય રહે हैं ઔર લાલા લાડિલી મુખ સૂઁ કહ રહે हैं કિ આજુ હોરી આજી હોરી બરસાનેં આજ હોરી हैं ।
સુવર્ણ કી પિચકારી હાથન મેં है ઔર અંબીર ઝોરી મેં બાંધ રાખ્યૌ है । કમોરિન મેં કેસરિયા રંગ કો પાની ગુલાલ-અરગજા ભર્યૌ है । શ્રી રાધા જૂ પ્યારે કે ઊપર ગુલાલ અંબીર કૂઁ મુઠ્ઠી મેં ભરકેં ફેંકેં है ઔર કૃષ્ણ પ્યારી કે મુખ પૈ વિખેર દેંય हैं । કબહૂ દો આંખન મેં ભર જાય है તૌ ગ્વાલ ગોપી દોનોંન કી ગાંઠ બાંધ દેવેં યાતે આપુસ મેં બડ્યૌ હાસ્ય હોતૌ ભયૌ હુરંગા મેં આનંદ છાય રહ્યૌ है ।



# खेलत मोहन राधा होरी

खेलत मोहन राधा होरी ।
इतही गोपिका जुर जुर आंई उत ग्वाल मंडली चाचरी जोरी ।
पिय प्यारी पर प्यारी पिय पर अबीर गुलाल की झोरी ।
कृष्णदास बल जाय इनपर श्यामा श्याम की बनी है जोरी ।

ભાવાર્થ : શ્રી રાધા વ કૃષ્ણ હોરી ખેલ **રહે હૈં** । ઈતકૂં ગોપી સબ અકઠૌરી ઠાડી હૈ, ઉતકૂ ગ્વાલન કી મંડલી હૈ । રાધા કૃષ્ણ કે ઉપર ઔર કૃષ્ણ રાધા ઉપર ઝોરી ભર-ભર **કેં** અબીર ગુલાલ ઉડાય રહે હૈં । કૃષ્ણદાસજી યા જોડી **કે** ઉત્સવ સૂં પ્રસન્નતા **કૂં** પ્રાપ્ત **વ્હૈ રહે હૈં** ।



# ॥ ઈતમત નિકસે ચોથ કે ચંદા ॥

ઈતમત નિકસે ચોથ કે ચંદા ।
દેખેતે કલંક મોહે લગ જાયે ગો ।।૧।।
દૂસોં ગુલાલ ભરો છૂઓ જન છેલા મોહે ।
તેરો શ્યામ રંગ મોહી ચઢ જાયેગો ।।૨।।
હા હા ખાઉ પૈંયા પડુ નીયરેં ન આવો છેલ ।
કરન ચવાવ ગામ લગ જાયેગો રે ।।૩।।
નાગરીયા લોભી ફાગ સ્વાર્થ કે હી મીત ।
મો મન નિગોડો ભૂલ બસ જાયે ગો ।।૪।।

કોઈ ગોપી ચંદ્રમાને જોઈને કહી રહી છે, ‘‘અરે ઓ ચતુર્થ તિથીવાળા ચંદ્રમા આપ કૃપા કરીને અહીં પ્રગટ થતા નહીં, અગર આપ પ્રગટ થશો તો મને તરત જ લૌકિક દોષ કલંક લાગી જશે. (અષ્ટમીનો ચંદ્રમાં કૃષ્ણ તો મારી આંખોમાં છે. આપ ચોથનો ચંદ્રમાં મારી આંખોની સામે આવી જશો. ત્યારે બંને મળીને બારમો ચંદ્રમાં બની જશે. બારમો ચંદ્રમાં દોષ સૂચક છે.) એટલા માટે કલંક લાગી જશે. (૧) હે લાલન ! આપ દૂર રહો મને અડશો નહીં. આપના અડવાથી આપનો શ્યામ રંગ મારી અંદર આવી જશે. (૨) હું આપને વારંવાર અનુનય-વિનય કરું છું અને વારંવાર ચરણોમાં પડુ છું. આ ગામવાળા આપના સ્પર્શથી કલંકની ચર્ચા એકબીજાના કાનમાં કહેવાનું શરૂ કરી દેશે. (૩) બીજી તો કોઈ વાત નથી મારું (નાગરીદાસ) જે મન છે તે નિગોડા છે જે બીજાનું કહેલું નહી માને તે ફાગ ખેલના લોભમાં આપ શ્રીકૃષ્ણમાં જ રંગાઈ જશે. (૪)



# फगुआ दै मोहन, मतवारे

फगुआ दै मोहन, मतवारे फगुआ दै !
ब्रज की नारी, गावत गारी, तुम द्वै बापन के विचवारे
फगुआ दै....
नंद जी गोरे, यशोदा जी गोरी, तुम कहाँ ते भये हो कारे ।
फगुआ दै ।...
'पुरुषोत्तम' प्रभु की छवि निरखत,
गोप भेष लियो अवतारे ।
फगुआ दे...

# ।। रसिया ।।



**दोहा -** फाग बिना कहा लाग सुख, लाग बिना कहा फाग ।
फाग लगा की ठौर ब्रज, निरखै सो बड़ भाग ।

ब्रज मंगल देश दिखाय रसिया ।
ब्रज मंडल ।
तेरे ब्रज में गाय बहुत हैं । अरे पी, पी, दूध भई हैं पठिया ।
ब्रज मंडल ।
ब्रज मंडल देश...
तेरे ब्रज में गिरि गोवर्धन । कौंहकत मोर फटे छतियाँ ।।
ब्रज मंडल ।
ब्रज मंडल देश...
पुरुषोत्तम प्रभु की छबि निरखता । तेरी बंशी की धुनि मन बसिया ।।
ब्रज मंडल ।
ब्रज मंडल देश...



# ॥ રસિયા – ઠાડો તેરે દ્વાર ॥

ખાતિર કરલૈ નઈ ગુજરિયા, રસિયા ઠાડો તેરે દ્વાર ।।ટેક।।
યે રસિયા તેરે નિત નહીં આવેં, પ્રેમ હોય જબ દર્શન પાવૈ ।
અધરામૃત કો ભોગ લગાવૈ,
કર મહેમાની અબ મત ચૂકે સમય ન વારંવાર ।।રસિયા।।૧।।
હિરદે કી ચૌકી કર હેલી, નેહ કો ચંદન ચાચિ નવેલી ।
દીક્ષા લૈ બન જાઈયો ચેલી,
પુતરિન પલંગ બિછાય પલકકી કરલૈ બંદ કિવાર ।।રસિયા।।૨।।
જો કછુ રસિયા કહૈ સો કરિયો, સાસ નનંદકો ડર મત કરિયો ।
સોલહ કરિ બત્તીસ પહરિયો,
દે દે દાન સૂમ કી સંપત્તિ, જોવન હૈ દિન ચાર ।।રસિયા।।૩।।
સબતે તોડ નેહ કી ડોરી, જમુના પાર ઉતર ચલ ગોરી ।
નિધરક ખેલૌ કરિયૌ હોરી,
શ્યામ રંગ ચઢિજાય જા દિના, હૈ જાય બેડા પાર ।।રસિયા।।૪।।

# || ફાગ - ગોકુલાષ્ટક || - નાગરીદાસ

શ્રીકૃષ્ણનું નિત્ય લીલાધામ ‘વ્યાપી વૈકુંઠ’ કહેવાય છે. એનું સ્થાન બ્રહ્માન્ડના બધા લોકોની ઉપર છે, જ્યારે શ્રીઠાકુરજીની ઈચ્છા ભૂતલ ઉપર લીલા કરવાની થાય છે ત્યારે “વ્યાપી વૈકુંઠ” ગોકુલના રૂપમાં પ્રગટ થાય છે. શ્રીઠાકુરજી ત્યાં પોતાના પરિકરની સાથે પધારે છે. અત: ગોકુલ ગામ શ્રીઠાકુરજીને સૌથી વધુ પ્રિય સ્થળ છે.

ફાગ ગોકુલાષ્ટકમાં જે ફાગનું વર્ણન છે તે પ્રાકૃત ફાગ ન બનીને વસ્તુત: ભગવાન શ્રીકૃષ્ણ અને તેમના પ્રેમ પરિકરવાળાઓના ફાગનું પ્રતીક છે.

जाऊँ कहाँ जित ही निकसों तितही लखिये अति ऊधम भारो ।
गावत गारी ठठोल ठगी, सुत नन्द कौ छन्द भयो है धुतारो ।।
रंगन सों भरि देत है अंगनी, ‘नागरियां’ बस नाँहि हमारो ।
औरहु गाँम सखी बहुते, परि गोकुल गाँव कौ पैड़ों ही न्यारो ।।१।।
छैल छंछदी छली अटक्यो, हटक्यो न परै मग में वट पारौ ।
आयो कहाँ ते जू फागदई, नितलाज कौ है री यह बैरी हमारो ।
होरी के डोलै हुरयारे ये ‘नागरी’, कैसे बचें तुमही धौं विचारो ।
औरहु गाँम सखी बहुतै, परि गोकुल गाँव कौं पैड़ो ही न्यारो ।।२।।
डोलत ग्वारिया फाग भरे, मन में धन जोबन कौ अति गारो ।
नागर साँवरो है तिनके मधि, सोऊ महा-ठगिया बट पारो ।।
कैसें रहे दुरि भौन के कौने, उडाय गुलाल धकेलत द्वारो ।
औरहु गाँम सखी बहुतै, परि गौकुल गाँव कौं पैड़ों ही न्यारो ।।३।।
ठाड़ो ही देखिये री ठग सौ, मग ते न टरै, करदे जु बिगारो ।
खोलि बधून के घूँघट को, लपटावत है मुख कुंकम गारो ।।
‘नागिर’ कापै पुकारियें जाय, सब कौ मन प्राँण है नन्द दुलारौ ।
औरहु गाँम सखी बहुतै, परि गोकुल गाँव को पैड़ों ही न्यारो ।।४।।
लाय रहे टक घूंघट की दिसि, लोभ की आँखनि नन्द दुलारौ ।
जात छली मुख सों मुख छुवाय, उडाय गुलाल कौ करि अंधियारो ।
हारन सों उरुझाय दै हार री, होत है ‘नागरिया’ री अबारो ।
औरहु गाँम सखी बहुतै, परि गोकुल गाँव को पैड़ों ही न्यारो ।।५।।
आय अचानक मीड़त है मुखरोरी, कहा अबलान कौ चारौ ।
खोलत है अँगिया की तनी, उर लावत केसर कौ करि गारौ ।।
“नागरि” ऐसौ बयो नन्द राय कें, अहा ! बड़ेन कौ पुण्य निहारो ।
और हू गाँम सखी बहुतै, परि गोकुल गाँव को पैड़ों ही न्यारो ।।६।।
आंखनि माँझ गुलाल दै ‘नागर’ हेरत है हिय हार ढरारो ।
लाज की बात कही न परै, मुख कैसे कहूं वह नाम उघारो ।।
बाट ते बैरी टरै न कहूँ नित या मग आयवो अरू जायवो हमारौ ।
औरहू गाँम सखी बहुतै, परि गोकुल गाँम कौ पैड़ों ही न्यारो ।।७।।
गावत और धमारि धमारि अरु ग्वारन में मुख धुँध धमारो ।
लेत है नाम बुरे उघरे, ब्रज माँच्यो है फाग कौ दंगल भारो ।।
धूर और छार की मार बढ़ी, नही सूझत नागरि व्है अंधियारो ।
औरहू गाँम सखी बहुतै, परि गोकुल गाँम कौ पैड़ों ही न्यारो ।।८।।



## ।।ગારી।। – રસખાન

मोहन हो हो हो होरी ।
कान्हि हमारे आँगन गारी, दै आयो सो कोरी ।।१।।
अब क्यों दुरि बैठे जसुदा ढिंग, निकसो कुँज बिहारी ।
उमंगि उमंगि आई गोकुल की, वे सब भई धनवारी ।।२।।
तबहि लला ललकार निकारे, रूप सुधा की प्यासी ।
लपटि गई घन श्याम लाल सों, चमकि चमकि चपला सी ।।३।।
काजर दै भजि, भरि, भरुआ के, हँसि हँसि ब्रज की नारी ।
कहें 'रसखान' एक गारी पै, सौ आदर बलिहारी ।।४।।

હોરી માં એક 'ગારી' સો (૧૦૦) આદર (સન્માન)ની બરાબર છે. પરમ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ ભક્ત પઠાન રસખાનની દષ્ટિમાં શ્રીઠાકુરજી વ્રજની 'ગારી' ખાઈને પણ પ્રસન્ન થાય છે.

## ।।ગારી।। – રામદાસ

भेरू बाजे, भरुआ नाचें आगे गधैया दौरे जू ।
ता पाछें सब गोप के लरिका, हो, हो होरी बोलें जू ।
कमर हलावें बाहं मरोरें, अधर न कौ रस लेबें जू ।
नैन नचावें, बिगुल बजावें, मुख पर गुलचा देवें जू ।
भरुआ जी कौ मूँड़ मुडायो, निलजनी पट खोले जू ।
'रामदास' प्रभु या होरी में, ढोल ढोलकी बोलें जू ।

રામદાસજી શ્રીનાથજીના પહેલા મુખિયાજી હતા. રામદાસજીની ગુફા આજે પણ શ્રીગિરિરાજજીમાં છે.

નોંધ : ફાલ્ગુનનો અર્થ છે કે ફાગનમાં બધુ જ ફલ રૂપ છે. ભગવાન શ્રીકૃષ્ણને 'ગારી' સાંભળાવવી એ પણ ફલ રૂપ છે. એટલે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોએ ભગવદ્ રસમાં વિભોર થઈને ભગવદ્ ગુણગાન કરવા જોઈએ.

# ।।ગોરી ગૂજરી ।।

કરવત વ્રજમાં એ હથિયાર હોય છે જેનાથી લાકડું કાપવામાં આવે છે. અત: જ્યાં જ્યાં ‘‘ગોરી ગૂજરી’’ પગ મૂકે છે તે જગ્યા લાલ થઈ જાય છે. એની કેટલીક યુક્તિ આ પ્રમાણે છે કે, માનીલ્યો કે કાચને કરવતથી કાપીને તેની અંદર લાલી (લાલરંગ) ભરી દીધો હોય. તે જગ્યા લાલ લાલ જોવામાં આવે છે.

ગોરી ગૂજરી : શ્રીવ્રજભૂમિ મહિમા પ્રગટ કરવાને માટે શ્રીકૃષ્ણચંદ્રની ઈચ્છાથી કોઈ એક તે સમયના યૂથની સખી શ્રી વ્રજમાં જન્મ પ્રગટ કર્યો. ગૂજરી થઈ પરમ સુન્દરી એવી કે કોઈનાથી ભરી દષ્ટિએ તેના રૂપની સરાહના ના થાય. તે નિત્ય ભોજન સામગ્રી પોતાના ઘરેથી ચોરી છુપીથી (ગોપ્ય) લઈ જાય. વનમાં ગોવર્ધનની તળેટીમાં જ્યાં સાક્ષાત જ્યાં શ્રીઠાકુરજી ભોજન કરે એવા ઘણા દિવસો થયા. એક સમય તેના ધણી (ભરથાર) એ જાણ્યું કે આ કોઈ પુરુષની પાસે લઈ જાય છે. ત્યારે તે તલવાર લઈને પાછળ-પાછળ, દૂર-દૂરથી તેની સાથે ચાલ્યો. ત્યાં સઘન વૃક્ષ છે તેની પાછળ જઈને ઊભો રહ્યો. ત્યાં શ્રીઠાકુરજી ભોજન કરી ને ઉઠીને ભાગ્યા. જ્યાં તેના સાંભળવામાં નૂપુરનો અવાજ આવ્યો અને મહા સુગંધનો અનુભવ થયો. પીતામ્બર ને ફરકતો જોયો, તેથી વધારે (અધિક) દર્શન ના થયા અને તે મૂર્છિત થઈને જમીન ઉપર પડયો. પછી સાવધાન થઈ પ્રેમાવેશ સહિત ‘ગોરી ગૂજરી’ના પગમાં પડ્યો. તે દિવસથી આ વાત પ્રસિદ્ધ થઈ. એવી કે જ્યારે ઘરની બહાર ‘ગોરી ગૂજરી’ નીકળે ત્યારે ગામના છોકરાઓ એની પાસે આવીને ખિજવવા માટે એવું કહી જાય કે, ‘‘એરી વહ દેખિ ગોપાલ આયે’’, ત્યારે તે ફરી ઘૂંઘટ ઉઘાડીને જુએ. ત્યારે છોકરાઓ તાલી પાડીને હસી પડે.

આના પદ પણ વ્રજમાં લોકોએ ઘણા બનાવ્યા હતા. પરંતુ એક ‘‘સિરોમનીજી’’ એ બનાવ્યું જેનો શ્રીઠાકુરજીએ બહુ જ અંગીકાર કર્યો, તેથી અધિક પ્રસિદ્ધ થયો.

गोरी गूजरी, मन मोहन की यारी ।
सब ब्रज के टोकत रहें, ताते निकसे घूँघट मारि ।
जब कोऊ झूँठे कहें, वे आये मदन मुरारि ।
रहिन सके इत उत तके दुरि, देखे बदन उघारि ।।
गोरी गूजरी...।।
तन सुख की सारी लसे, कंचन सो तन पाई ।
मानो दामिनी की देह सों, रही जोन्ह लपटाई ।।
गोरी गूजरी...।।



धरत पगनि लाली फिरै, भरै ढरै रति जाई ।
काच करौंती जल रंग्यो, कछु यह जुगति ठहराई ।
गुरू नितम्ब मधि पातरो, उरोज भार अधिकाई ।
लग्यो लंक मन लालकौ, वाकी लचकनि लचक्यों जाई ।
बरन बरन पट पलट ही, नूतन नूतन रंग ।
जबहि तबहि निकसे फिरै, वह हरि ही दिखावे अंग ।।
छुटी अलक नैना बड़े ओप्यो सो मुख चन्द ।
अरुण अधर मुसकात से, दिये भाल सिंदूर कौ बिंद ।।
लगन लगी नन्द लाल सों, करे निबाहन काज ।
चढयो चाक चित चतुरि कौ, बाके प्रेमहि आयो राज ।।
लाल लखे लालच बढ़यो, उत सास त्रास पियराई ।
यह संजोगनि बिहरनी, ताते अरुझी बीच सुहाई ।।
नर नारी एकत्र भये मिलि मिलि करत चबाब ।
‘सिरोमनि’ प्रभु दोऊ सुने, ताते बढ़े चौगुनो चाव ।।

# ॥ હોરી અને વ્રજની બોલી ॥

''वचनंत् गाली, बोलंत् हेला ।''
अर्थात् : बात बात में गारी । बात बात में हेला ।

બોલીના બધા (હર) શબ્દની ઉપર ઉટપટાંગ ગાલીગલોચ કરવી અને એટલું મોટેથી બોલવું કે જાણે કોઈ મોટો ઝઘડો ના થયો હોય. એટલો મોટો હેલો પાડીને બોલવું (દરરેક વાતમાં).

**''જગ હોરી બ્રજ હોરા, કૈસા યે દેશ નિગોડા ।''**
ચૈત મેં ચિંતા લગી તેરે ભૈયા કુ,
વૈશાખ બર ઢુંઢન તેરો બાપ યહાં આયો હૈ ।
જેઠ મેં જુગાડ લગ્યો તેરો પુરો મેરે સંગ,
અષાઢ કી આશાન મેં મન લલચાયો હૈ ।
શ્રાવણ મેં યાદ તેરી ખૂબ આવે મોય,
ભાદોં કી રાતન નેં મોકું ડરપાયો હૈ ।
કુવ્વાર (આશો) મેં પેચ લગગુ લગે ગલી ગરારે બહોત,
કાર્તિક મેં તેને યા ફંદકો છુડાયો હૈ ।
અઘન (માગશીર) મેં અધમરી સી સીસકતી રહી દિનરાત,
